હરિ:ૐ



# ...મળાયું, પણ ભળાયું નહિ

પૂજ્ય શ્રીમોટા

હરિ:ૐ

હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિ:ૐ ॥

# ...મળાયું, પણ ભળાયું નહિ

• સંપાદક •

ડૉ. રમેશ મ. ભટ્ટ

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

❑

| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૯૫ | ૨૦૦૦ | ત્રીજી | ૨૦૦૭ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૯૫ | ૨૦૦૦ | ચોથી | ૨૦૧૩ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૬+૨૬૦=૨૭૬

❑ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવ્યા બાદ જીવનને ઊંડાણપૂર્વક સમજનાર, પોતાના વિચારોમાં સ્પષ્ટ, સમજદારીપૂર્વકના નિર્ણયો વડે સમાજને ઘણા ઘણા ઉપયોગી થનાર, જેઓ અંત્રોલીના મોરારજી દેસાઈ તરીકે લોકોમાં લાડથી ઓળખાતા તેવા ગામ અંત્રોલી, તા. પલસાણા, જિ. સુરતના વતની

**સદ્‌ગત શ્રી રમણભાઈ હરિભાઈ દેસાઈ**

અને તેમનાં ધર્મપત્ની

**સદ્‌ગત શ્રીમતી શાંતાબહેન રમણભાઈ દેસાઈ**

અને હાલમાં અમેરિકા સ્થિત તેમના સુપુત્ર

**શ્રી નલિનકાંત રમણભાઈ દેસાઈ**

અને તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી હેમાબહેન નલિનકાંત દેસાઈને**

**'...મળાયું પણ, ભળાયું નહિ'** ની આ ચોથી આવૃત્તિનું પ્રકાશન આદરપૂર્વક અમો સમર્પણ કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૭૫મો સાક્ષાત્કારદિન
તા. ૨૦-૪-૨૦૧૩, રામનવમી
સં. ૨૦૬૯

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

(પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંસ્મરણોનું આ પુસ્તક પ્રગટ કરતાં આનંદ અનુભવું છું. ૧૯૬૧ થી ૧૯૭૬ દરમિયાન તેઓશ્રીનાં સાહિત્યના માધ્યમથી મને તેઓશ્રીના આંતરરૂપની જે આછીપાતળી ઝાંખી થઈ અને એ ઝાંખીના પરિણામે મને પણ મારાં અંતઃકરણોની સ્થિતિ તથા ગતિવિધિની જે ઓળખાણ પડી, એનો આછો આલેખ પણ જો આ પુસ્તકમાં ઊતરી શક્યો હોય તો મને એનો સંતોષ છે.

૧૯૬૧ થી ૧૯૬૫ દરમિયાન અનેક મહાન વિભૂતિઓના સંપર્કમાં આવવાનું બનેલું, એમાં શ્રીમાતાજી, શ્રીઆનંદમયીમા મુખ્ય હતાં. આથી, વત્સલતાના તરસ્યા હૈયામાં ભીનાશ આવેલી. આચાર્ય રજનીશજી, સ્વામી ચિન્મયાનંદજીના નિકટ સંપર્કમાં આવવાનું પણ બનેલું. કેટલાક મસ્ત મહાત્માઓ પૈકી અમદાવાદના જગદીશ મંદિરના મહંત નૃસિંહદાસજી મહારાજ પ્રત્યે મને આકર્ષણ હતું. એમનું વહાલ પણ હું પામેલો છું. એ ગાળામાં એક તાંત્રિક અને બીજા કેટલાક મહારાજોનો સંપર્ક થયેલો, પણ એ સુખદ ન હતો. મારાં અંતઃકરણને કોઈ અનુકૂળ ના પડ્યું અને મારી મથામણનું ક્યાંય સમાધાન ના થયું. એ બધાંમાંથી પસાર થતાં મને પૂજ્ય શ્રીમોટાનો સાથ સારો ફાવ્યો અને ફળ્યો.

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૭૬માં દેહત્યાગ કર્યો એ પછી પૂજ્ય દાદા ભગવાન સાથે સંબંધ અને ઘરોબો થયો. એમણે પૂજ્ય શ્રીમોટા પાસે રહેલાના હૃદયભાવને પ્રમાણેલો. પૂજ્ય શ્રીમોટાએ જેમને યાદ કરીને ૧૯૭૦માં વાતો કરેલી એમાં પૂજ્ય દાસાનુદાસજીનો પરોક્ષ પરિચય હતો. એ ૧૯૮૯થી ગાઢ બન્યો. પૂજ્ય દાસાનુદાસજીને - જેમને

સહુ 'બાપજી'ની સંજ્ઞાથી સંબોધે છે - પૂજ્ય શ્રીમોટા પ્રત્યે ઊંડો અનુરાગ છે. એમનો સમાગમ મોટાના સ્મરણને - હરિસ્મરણને - તીવ્ર બનાવનારો બની રહ્યો છે.

પૂજ્ય શ્રીમોટાને લીધે બીજા કેટલાક મહાત્માઓનો સમાગમ પણ થયો હતો. ભાદરણના શાંતિ આશ્રમના સ્વામી કૃષ્ણાનંદજી, કાયાવરોહણના શ્રી કૃપાલ્વાનંદજી, માઉન્ટ આબુના સ્વામી ઈશ્વરાનંદગિરિ જેવા મહાત્માઓએ પણ મારા પ્રત્યે જે ભાવ દર્શાવ્યો છે, એ પૂજ્ય શ્રીમોટાને લીધે જ બનેલું.

આમ, ૧૯૬૧થી આજ સુધી શ્રીમોટાનું સ્મરણ અને તેઓશ્રીનું ગૂઢ 'હોવાપણું' મને ઘડ્યા જ કરે છે. એમાંથી માત્ર દોઢ દાયકાની કથા આ પુસ્તકમાં ખૂબ સંકોચ સાથે રજૂ કરી છે. આ સંસ્મરણ પ્રસંગો દ્વારા પૂજ્ય શ્રીમોટાના સૂક્ષ્મરૂપની સહેજ પણ ઝાંખી થશે તો હું કૃતાર્થ થઈશ. અંગત વાત રજૂ કરતાં અતિશયોક્તિ કે ઊલટી રજૂઆત ના થાય એની કાળજી રાખી છે, છતાં પણ અહંકાર વરતાય તેની ક્ષમા ચાહું છું.

આ પ્રકારનું પુસ્તક લખવાનું પૂજ્ય શ્રીમોટાનાં ઘણાં સ્વજનો છેલ્લાં દસ વર્ષથી કહેતાં હતાં. એમાં સુરતના ડૉ. અનિલભાઈ પટેલ અને અમદાવાદના મારા નિકટવર્તી મિત્ર શ્રી સતીશભાઈ શાહના પ્રેમાગ્રહનો વિજય થયો અને આ પુસ્તક લખાયું. આ પુસ્તક હરિઃૐ આશ્રમ, સુરતમાં પાંચ દિવસ દરમિયાન લખાયું અને એ હસ્તપ્રત અરુણાએ તથા સતીશભાઈએ વાંચી સંતોષ વ્યક્ત કર્યો એથી એને પ્રકાશિત કરવાની હિંમત કરી.

પૂજ્ય શ્રીમોટા સાથેના મારા પરિચય વિશે મારા સાહિત્યકાર મિત્રો જાણે છે, પણ એ પરિચયનો મર્મ માત્ર ત્રણેક મિત્રો પામ્યા છે. એમાં શ્રી રાધેશ્યામ શર્મા, શ્રી વિનોદ ભટ્ટ અને શ્રી નિરંજન ત્રિવેદીનું સહજ સ્મરણ થાય છે. અલબત્ત, મારા મુરબ્બી સાહિત્યકારોમાં સ્વ.

અનંતરાય રાવળ, સ્વ. ઈશ્વર પેટલીકર, સ્વ. કિશનસિંહ ચાવડા પૂજ્ય શ્રીમોટાને 'મળાયા'નો મર્મ જાણતા હતા. મારા વિદ્યાર્થીઓમાં માત્ર એક વિદ્યાર્થી શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન' આ હકીકત સમજ્યા છે. એમણે આ સંસ્મરણ પુસ્તકના મર્મને એક ગઝલમાં રજૂ કર્યો છે. એ કૃતિ આ પુસ્તકના સામેના પૃષ્ઠ પર પ્રગટ કરીને હું ગૌરવ અનુભવું છું. ગુજરાતી સાહિત્યના મર્મજ્ઞ વિદ્વાન વિવેચક અને અતિઆધુનિક સર્જક શ્રી રાધેશ્યામ શર્માએ આ પુસ્તક વિશે લખ્યું, એમાં એમની મારા પ્રત્યેની ચાહના ઉપરાંત, પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનું એમનું આકર્ષણ પણ છે. આ પ્રકાશન સાથે આ સૌ મિત્રોનું પ્રેમભર્યું સ્મરણ જોડું છું.

સાહિત્ય મુદ્રણાલયના સ્થાપક મારા મિત્ર સ્વ. વિષ્ણુભાઈ પંડ્યા તથા સ્વ. ભગવતીબહેનનું સ્મરણ આ પ્રકાશન સાથે સ્વાભાવિક રહે છે. એમના પુત્રો શ્રી શ્રેયસભાઈ, યજ્ઞેશભાઈ અને પુત્રી હિમાદ્રીબહેન એમના પિતાનો સંસ્કારવારસો જાળવી રહ્યાં છે એનો મને આનંદ છે. આ પ્રકાશનમાં એમનો મૂલ્યવાન સહયોગ અવિસ્મરણીય રહેશે.

પૂજ્ય શ્રીમોટાના ચાહકો તથા અન્ય અધ્યાત્મરસિકો આ પુસ્તકને આવકારશે એવી શ્રદ્ધા સાથે વિરમું છું.

*રમેશ મ. ભટ્ટ*

॥ હરિ:ૐ ॥

*પૂજ્ય*
*શ્રી*
*મોટાને...*

હવે છે એ સમય અટકળ મળાયું, પણ ભળાયું નહિ,
નડ્યા કૈં આવરણ હરપળ મળાયું, પણ ભળાયું નહિ.

હવે શોધું છું સરનામું જીવન આ થઈ ગયું લાંબું,
છે લખવો એટલો કાગળ...મળાયું, પણ ભળાયું નહિ.

સતત ખખડાવી તેં સાંકળ તેં તેડાવ્યો લખી કાગળ,
હતા મારા જ કૈં અંજળ મળાયું, પણ ભળાયું નહિ.

અમે કાંઠે ઊભા રહીને રચ્યો જે ખેલ એ જોયો,
અને તું વહી ગયો ખળખળ મળાયું, પણ ભળાયું નહિ.

હવે તારા સ્મરણથી જાતને અજવાળવી મોટા,
રહ્યો અફસોસ કે હરપળ મળાયું, પણ ભળાયું નહિ.

**- *રાજેશ વ્યાસ 'મિસ્કીન'***

# નિવેદન
## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથે નિમિત્ત સંબંધે સદ્‌ગત શ્રી રમેશભાઈ ભટ્ટ જોડાયા અને શ્રીસદ્‌ગુરુકૃપા વડે તેઓ પૂજ્યશ્રીના સાહિત્યને સમાજ સમક્ષ રજૂ કરવાના યંત્ર બન્યા. હરિઃૐ આશ્રમ, નડિયાદ અને સુરતના નેજા હેઠળ પૂજ્યશ્રીનું વિપુલ સાહિત્ય, ટેપવાણી, પત્રવ્યવહાર, પદ્ય રચનાઓને પુસ્તક સ્વરૂપે પ્રકાશન માટે સંપાદક બનવાનું સદ્‌ભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું.

**'...મળાયું, પણ ભળાયું નહિ'** પુસ્તકમાં તેમની પ્રાથમિક ભૂમિકાનું વર્ણન છે. સંસારી વ્યક્તિ સંતપુરુષોને સમજી શકતી નથી, તેઓની ટીકામાં રાચતી હોય છે, તેવી ભૂમિકામાં શ્રી રમેશભાઈ પણ હતા. પોતાની આ અવસ્થાનું વર્ણન તેમણે આ પુસ્તકમાં કર્યું છે. સમાજમાં સંતપુરુષો માટે અન્યથા ભાવ ધરાવનાર આત્મીયજનોને આ પુસ્તકનો અભ્યાસ કરવા યોગ્ય છે. સરળ જીવનના વટેમાર્ગુઓને આ પુસ્તકમાં રસ પડશે. મહાપુરુષોને સમજવામાં મદદરૂપ બનશે એવી શ્રદ્ધા સાથે આ પ્રકાશન કરી રહ્યા છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૭૫મો સાક્ષાત્કારદિન **ટ્રસ્ટીમંડળ,**
તા. ૨૦-૪-૨૦૧૩, રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત
સં. ૨૦૬૯

# આમુખ

*ભગવત્તાના પરમ પર્યાય*
*શ્રીમોટા પ્રીત્યર્થે.....*

'...મળાયું, પણ ભળાયું નહિ' ગ્રંથમાં સન્મિત્ર રમેશભાઈનો શબ્દ-પુરુષાર્થ પૂજ્ય શ્રીમોટા સાથેના અપૂર્ણ પણ સુવર્ણ મિલનયોગની આરતભરી કથા છે. સમર્પણ અને અભીપ્સાની સાથે સાધકની અંતરંગ વ્યથા પણ છે.

'મળાયું'માં સંતોષ છે, હર્ષ છે, પણ તે અધૂરો છે, કેમ કે 'ભળાયું નહિ.' અહીં 'ભળાયું નહિ'ના અફસોસને કેવા તાત્પર્યની ધાર નીકળી છે ? લેખક સચ્ચાઈથી કબૂલે છે કે, 'મારાથી ભળાયું નથી. ભળી જવામાં 'પોતાપણા'નો ખ્યાલ સુધ્ધાં ના રહે... દહીં જામી જાય છે ત્યારે દૂધ પોતાના ગુણધર્મને દહીંમાં ભેળવી દે છે - એ રીતે ભળાયું નથી તો ગળાવાની તો વાત જ ક્યાં ? ગળી જવું એટલે તો મોટારૂપ બની રહેવું. વળી ખૂબી પણ એ છે, કે આમ ભળાયું નથી, એનું ઊંડું દર્દ પણ સાલતું નથી.' (પૃ. ૨૧૫)

હવે સૂક્ષ્મ દૃષ્ટિએ જોવાય તો 'ભળાયું નહિ' એ દૂધ દહીંમાં ભળી જાય એ રીતે ભલે ભળાયું ના હોય, પરંતુ શોધક-લેખકને જે અધ્યાત્મમાં અતિ આવશ્યક છે, તેવું કશુંક અકશુંક જરૂર ભળાયું છે, કળાયું છે. આમ, ભળાવા-કળાવાની દર્શનપ્રક્રિયા લેખકના આંતરિક ગહન ચલનવલનમાં શરીર થનાર સહસંવેદકોને જાગૃતિનું, સાવધાનીનું પ્રવાસપાથેય પૂરું પાડી શકે.

ભળાયું નહિ અને ના ભળાયાનું 'ઊંડું દર્દ પણ સાલતું નથી.' - એટલું તો નિખાલસ લેખકને અવશ્ય ભળાયું-ભળાણું છે. ભગવાનના વાણોતર હરિઃૐ શ્રીમોટા અને મોટાના હરિઃૐ વાણોતરવત્ લેખકની નિર્વ્યાજ નિષ્પક્ષતાનો એક નમૂનો પૃ.૧૨૫ ઉપર વાંચવા મળશે. જેમાં રમેશભાઈએ શ્રીમોટાના નામ સાથે (મારા) 'નામની ખ્યાતિ

વધે'નો ખુલ્લો એકરાર કર્યો છે. 'ભળાયું નહિ'માં આ લેખક વાણોતરનું નડતર છે. અહંકાર, દર્પ, ગૌરવ ઇત્યાદિ. મોટા સમક્ષ પણ તેઓ કહી આવ્યા, એમાં પાછો નૈતિક હિંમતનો દેખાડો હોય કે ના હોય પણ મોટાએ તુરંત લાલબત્તી ધરી 'અહંકાર વધતો હોય તો કામ ના કરવાનું' - પણ સૂચવેલું. (પ્રભુપ્રેમનો મિસ્કીન રંગરેજ જ આવું સ્પષ્ટ કથન કરી શકે.)

આત્માની અંધાર રાત્રિ (drak night of the soul) માં આત્મતપન પણ સાધકને આવે જ. સુરત, નડિયાદના એકાંત મૌનમંદિરવાસમાં લેખકે શરૂશરૂમાં વેદના સંઘર્ષ વેઢ્યો, મોટાના મસમોટાં બહુવિધ પ્રકાશનોનાં સંપાદન-સંકલનો તેઓશ્રીની પ્રેમપ્રેરણા અને સતેજ ટકોરથી પાર પાડ્યાં એમાં શ્રીમોટા એમના એક પત્રમાં કહે છે એનો મહિમા છે : આપણે તો જે કંઈ કરીએ તે દિલનો ભાવ રેડીને તે પ્રભુપ્રીત્યર્થે કરવાનું હોય. (પૃ.૨૫૦) અહીં 'પ્રભુપ્રીત્યર્થ'ને સ્થાને 'શ્રીમોટા પ્રીત્યર્થે' કહેવું યોગ્ય ઠરે, કેમ કે લેખકને મન મોટા, પ્રભુ અને પ્રભુતત્ત્વના પરમ પર્યાય છે. આની પાછળ મોટાની શપથબદ્ધ કૃપા-કરુણાનો સૂક્ષ્મ સંકેત કેવો છે તે જુઓ : જ્યાં સુધી મારાં સ્વજન 'સ્વરૂપ' સાથે એકરૂપ નહિ થાય ત્યાં લગી મારે અનેક જન્મો લેવા પડે તોપણ તે ગનીમત છે : (પૃ. ૨૦૯)

આવા અનુકંપાપૂર્ણ સદ્‌ગુરુ લાડકા, બોલકા શિષ્યને જ્યારે સૂચક રીતે 'સાહેબ, તમારો ટેકો આપશો ?' અથવા 'મને બેઠો કરશો ?' અથવા તો 'તમે અમારું કામ કરતા નથી' એવો મીઠો ઠપકો આપે ત્યારે વારેવારે 'ગદ્‌ગદ' થઈ 'ચોધાર આંસુ'એ અથવા ક્યારેક 'ધ્રૂસકે ધ્રૂસકે' અને 'પોકે પોકે' રડી પડતા ભાવનાર્દ્ર લેખકથી લૂખો પ્રતિઘોષ અપાય ? પ્રસ્તુત પુસ્તક સાધક - લેખકના ભક્તિસ્નિગ્ધ 'હૃદયપ્રદેશની અલૌકિક અનુભૂતિનો આલેખ' અને ગુરુશિષ્યના હૃદયસંવાદનું ઉપનિષદ પણ બની જાય છે. લેખનમાં રચનાની પ્રકારગત સભાનતા

સિવાય બૌદ્ધિક અભિગમની પ્રધાનતા અહીં બહુ જોવા નહિ મળે. આમ છતાં લેખકના શ્રીમાતાજી સાથેના પાંડિચેરીકાળમાં શ્રીઅરવિંદની કાંસ્ય પ્રતિમામાં કોઈ પ્રકાશ-કિરણ 'ભળાયું' ન હતું એ એમની અમૂઢ અભદ્રિક અતન્દ્ર દશા દર્શાવે છે. તો બીજી બાજુ શ્રીમોટામાં શ્રીમાતાજી ભળાયાં એ હકીકત છે ! એય હકીકતની હકીકત છે, કે મોટાએ તેને રમેશભાઈનું 'પ્રોજેક્શન' મનાવ્યું હતું ! સાધુ, સંતો, મહાત્માઓના કહેવાતા ચમત્કારોને મોટા 'મોહજાળ' કે 'મૃગજળ' લેખે છે. (પૃ. ૧૩૯)

લેખકની દૃઢ પ્રતીતિ મોટામાં 'મારા પ્રગટ પરમાત્મા'રૂપે વ્યક્ત થઈ છે. ભલે પછી શ્રીમોટા 'મારી હાહુના', 'સાલા' જેવું ઉઘાડું ઉચ્ચારી ગમે તેને ગમે ત્યારે ચોપડાવતા હોય ! પ્રથમ પરિચયમાં પોતાના વિશેનો પરિચય કહો કે પરચો મોટાએ લેખકને નહોતો દીધો ? 'દાતા જડ છે, મૂર્ખ છે અને ગધેડો છે.' (પૃ.૧૮) મોટાનો પ્રથમ પ્રવેશ શબ્દરૂપે અને પછી અક્ષરરૂપે લેખકમાં એવો થયો જે વિકસિત થઈ વિરાટમાં પરિણમ્યો !

શ્રીમોટામાં ચૂનીલાલ ભાવસારની પ્રથમ નજરે ગ્રામ્ય ગણાય એવી આખાબોલી ગદ્યાળુતા હતી તો એક કવિની, સંમાર્જિત વાણી સાથેની કલ્પન પ્રવણતા પણ હતી :

**દીવાની કેવી જિજ્ઞાસા મસ્તીખોર પૂરેપૂરી,**
**આંધળી દોટ શી મૂકે, છતાં પોતે ન આંધળી.**

(પૃ.૧૪૨)

'કૃપા'ના સંપાદનકાળે રમેશ ભટ્ટ અનુષ્ટુપ છંદમાં પત્ર લખે તો મોટા પણ સામે અનુષ્ટુપમાં જ ઉત્તર વાળે,

**મને ઊંચે ચઢાવીને નાહક મૂર્ખને તમે,**
**મોટું માન જરા ના દો, પ્રાર્થના એવી મારી છે.**

(પૃ. ૧૭૩)

મોટું માન જરા ના માગે, એવી પ્રાર્થના કરે એનું નામ જ મોટા ! વખત આવ્યે પ્રિય શિષ્યની અગવડ પેષી ઈશ્વર પેટલીકર જેવા પ્રખ્યાત લેખક-સુધારકને મોટા સુણાવી પણ દે : 'એ તો કહે, પણ તમારો વિવેક ક્યાં ગયો ? સાહેબ, કલમને ગોદે ગીતા પર લેખો લખવાથી શું વળે ? આપણા આચરણમાં ઊતરવું જોઈએ.' (પૃ.૨૦૧) પોતાનાં અંતેવાસીઓ પણ ગળાનું દર્દ વહેંચી લેવા કગરે ત્યારે સત્તર જાતના અસાધ્ય રોગો પર ફેંટો બાંધીને બેઠેલા અવધૂત મોટા એમની સાચુકલી 'હૈયે તે હોઠે' જેવી ગરવી ગિરામાં તતડી ઊઠી બોલી જતા – 'શું મારા હાળાં...!' (પૃ. ૧૯૭)

કોઈને ત્યાં ભોજન મફતમાં ના લેતા, મતલબ કે એમની લોકકલ્યાણાર્થે અહોરાત ટહેલ રહેતી. 'રોટલા ખાવા બોલાવીને દક્ષિણા આપવાનું' તે વગર પરદે ધરાર કહી દેતા ! આમ, ઘણા બધા વ્યાધિનું શરીર-મોટાનું મોટું – સંગ્રહસ્થાન પણ કંકુની એલર્જી હોવાનો અણસારો તે ચોખ્ખો આપી શકતા.

પ્રસ્તુત પુસ્તકમાં લેખકનો હૃદયસ્થ લાડકો શબ્દ છે 'મર્મ'. મોટાની દૈહિક ક્રિયાઓ, એમની વાણી (મૌખિક અને લેખિત) અને પ્રવર્તનાના અર્થનું બુદ્ધિગમ્ય તારતમ્ય કાઢી શકાય પણ મર્મનું ઉદ્ઘાટન ઓછા જ કરી શકે. આખા સંદર્ભમાં લેખકે યોજેલો 'શબ્દ-સંકેતલીલા' સાર્થક છે, સૂચક છે.

મુસ્લિમોમાં 'બિસ્મિલ્લા હિરર્રહમા નિર્રહીમ' પ્રચલિત છે. મતલબ કે 'અલ્લાતાલાથી આરંભ કરું છું.' જે એકનિષ્ઠ છે તે આમ જ કહે પણ તે સિવાયના 'આરંભ કરું છું અલ્લાથી' એવું જુદું બોલે. આવી જ રીતે લેખકનું આ વિધાન પસંદ પડી ગયું. 'મોટાને આપણે યાદ કરીએ છીએ તે કરતાં મોટા આપણને યાદ આવે છે.' (પૃ. ૧૭૨) (આપણે વળી યાદ કરનારા કોણ ? મોટા એની મેળે જ યાદ આવી જાય.)

લેખકને મોટાનાં કેવાં કેવાં પ્રસંગદશ્યો ચલચિત્રવત્ યાદ આવે... સાહિત્ય પરિષદના એક મંત્રી તરીકે લેખકને મોટું દાન કરવા છતાં

પોતાનું જ નામ ગુપ્ત રાખનાર દાતા લેખે, લેખકના નિવાસે બાળવત્ બારણાં પાછળ ગુપાઈ 'હોઉ' કરતાક સૌ. અરુણાબહેનને ડરાવતા અને પછી 'અમે તો સંતાયેલા જ છીએ, અમને ખોળવા જ પડે' કહેતા મોટા, અદમ્ય કામોત્તેજનાનું શંકા-સમાધાન આપતા મોટા, 'અમારા બાહ્યવર્તનનું તો કશું જ ઠેકાણું નથી' એમ મિસ્ટિક મર્મીની છટા પ્રકટ કરતા મોટા, શ્રીમાતાજી, મા આનંદમયી, નરસિંહદાસજી મહારાજ, દાદા ભગવાન જેવાંઓની આભાપ્રભાના પરિપ્રેક્ષ્યમાં શ્રીમોટાની કેવી કેવી સ્વરૂપછટા - જાણે ભવ્ય અવધૂતી દત્તાત્રયની જટા ! લેખક આજીવન અને આમરણ ક્યાંથી ભૂલી શકે ?

પુસ્તકોથી જે વિભૂતિમત્તાનો પાર ના પામી શકાય એનો આવી પ્રસ્તાવનાથી શો શુક્કરવાર વળે !

રમેશભાઈના શબ્દ 'તપ' માટે શ્રીમોટાએ લખ્યું છે, કે 'તેમની ભૂમિકાને પકવવા અને જીવતી થવા કાજેની ખેતી છે' તેમ આ પ્રસ્તાવના લખવાનો સંયોગ પણ લેખકના સ્નેહાગ્રહ મારફત મોટાને અને મિત્રને કાંઈક (હા, કાંઈક જ) પામવા કાજેની 'ખેતી' જ મનાય ! બાકી તો રમેશભાઈની ઓથે અને બીજા કવિમિત્ર મિસ્કીન-(રાજેશ વ્યાસ)ની સાથે 'તટસ્થ રહી શ્રીમોટા અંગે વિમાસું છે.

**અમે કાંઠે ઊભા રહીને રચ્યો જે ખેલ એ જોયો,**
**અને તું વહી ગયો ખળખળ મળાયું, પણ ભળાયું નહિ.**

◆

**હવે તારા સ્મરણથી જાતને અજવાળવી મોટા,**
**રહ્યો અફસોસ કે હરપળ મળાયું, પણ ભળાયું નહિ.**

- ***રાધેશ્યામ શર્મા***

૨૪ ફેબ્રુઆરી, ૧૯૯૫
૨૫, ભુલાભાઈ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૨૨

# અનુક્રમ


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ભૂમિકા-૧ | ૧ |
| ૨. | ભૂમિકા-૨ | ૬ |
| ૩. | નામ ગુપ્ત રાખનારા દાતા | ૧૩ |
| ૪. | જોયા, પણ જાણ્યા નહિ | ૨૨ |
| ૫. | '...મળાયું, પણ ભળાયું નહિ' | ૨૯ |
| ૬. | 'મોટા યાદ કરે છે' | ૪૨ |
| ૭. | 'શરત' | ૫૦ |
| ૮. | પ્રભુ પધાર્યા | ૫૩ |
| ૯. | અક્ષરદેહની ભેટ | ૬૭ |
| ૧૦. | કલાધર મોટા | ૭૧ |
| ૧૧. | 'પ્રભુપ્રેમના રંગરેજ' | ૮૬ |
| ૧૨. | ચમત્કારો વિશે | ૧૦૧ |
| ૧૩. | 'મોટા'નું 'જીવન' અને 'કાર્ય' | ૧૧૨ |
| ૧૪. | 'જિજ્ઞાસા'નું અવતરણ | ૧૩૬ |
| ૧૫. | મોટા સાથે ડુમસમાં | ૧૪૬ |
| ૧૬. | 'કૃપા'-કથા | ૧૬૩ |
| ૧૭. | મોટાની સાધનાકથા | ૧૭૬ |
| ૧૮. | 'હવે સંગે સંગે' | ૧૮૩ |
| ૧૯. | સખા, સદ્ગુરુ અને પ્રભુ | ૧૯૬ |
| | પરિશિષ્ટ-૧ | ૨૦૨ |
| | પરિશિષ્ટ-૨ | ૨૩૯ |


◆

# ...મળાયું, પણ ભળાયું નહિ

❑

ડૉ. રમેશ મ. ભટ્ટ

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

॥ હરિઃૐ ॥

# ભૂમિકા : ૧

મોટા એટલે કોણ ?

મોટા એટલે શું ?

કયા શબ્દોથી વર્ણવી શકાય ? કયા શબ્દસંકેતથી એમને ઓળખી કે ઓળખાવી શકાય ? કયા રૂપથી એમને સ્પષ્ટરેખ દર્શાવી શકાય ?

મોટા એટલે એક મિસ્કીન = ગરીબ - સાધુ ? સંત ? મરમી ? મહાત્મા ? યોગી ? જ્ઞાની ? અવધૂત ? સમાજકલ્યાણક ? કયા શબ્દસંકેતમાં એમને ઓળખાવાય ?

એમની ઓળખાણ માટે દરેક શબ્દ એક ચોક્કસ અર્થની મર્યાદાવાળો છે. આપણે પોતે સંસ્કારોની પરંપરાથી સ્વીકારેલા અર્થમાં એમને ઓળખી કે ઓળખાવી ના શકીએ. આમેય એમણે જ કહ્યું છે કે ‘અમને કોઈ લેબલ ના આપશો. સંતના લેબલ ના મારશો. અમે તો કશું જ નથી.’

આ હકીકત છે. તેઓશ્રી ‘કશું જ નથી. એથી જ એ બધું છે, પણ આ બધું એટલે શું ?

આપણે તો મોટાને આપણી વચ્ચે હરતાં ફરતાં, આપણી સાથે રહેતા, આપણી વાતોમાં રસ લઈને આપણારૂપ બનતા, આપણી સાથે બેસીને જમતા, આપણને ગમતી અને આપણે કરીએ છીએ એવી વાતો કરતા, આપણા સંસારવહેવારમાં આપણા કરતાંય વધારે રસ લેતા નિહાળ્યા છે.

આ મોટા છે કોણ ?

કોઈ પણ રીતે મોટાને પૂરેપૂરા પામી શકાય નહિ અને જો કશાથી એમની સહેજ પણ ઝાંખી કે પ્રતીતિ અપાય તો એ પૂરતી હોય નહિ. મોટા સમજાય નહિ, મોટાને સમજાવાય નહિ. તેઓશ્રી જ કહેતા હતા કે 'બુદ્ધિ વિષયાનુસારી છે. આથી, એ અત્યંત મર્યાદિત છે. તર્ક, દલીલ, શંકાઓથી અશુદ્ધ બનેલી છે. આથી, બુદ્ધિ વડે મોટાને સમજવાનું છોડી દો.'

મોટાને એમના કોઈ પણ કાર્ય કે ચેષ્ટાથી પણ મૂલવી ના શકાય, કેમ કે તેઓશ્રીની ચેષ્ટાઓ કે તેઓશ્રીએ પ્રેરેલી બાહ્ય પ્રવૃત્તિનો હેતુ અત્યંત સૂક્ષ્મ, દૂરગામી અને વ્યક્તિ તેમ જ સમૂહના જીવનના ઊંડાણને સ્પર્શ કરીને એનું પરિવર્તન કરનારો હોય છે. આથી, મોટાને માટે શું લખવું ? - એ જ એક મોટો પ્રશ્ન છે.

જે કોઈ રીતે આપણાથી વ્યક્ત કરાય એ મોટાનો પૂરો પરિચય નથી, કેમ કે મોટા, એકમાત્ર વ્યક્તિરૂપ કે વ્યક્તરૂપ જ રહ્યા નથી.

૧૯૨૨માં અમદાવાદમાં સાબરમતી નદીને કિનારે એક વિસ્મયકારી અવધૂત પૂજ્ય બાળયોગીજી કોઈ પણ પ્રકારના પૂર્વ પરિચય વિના નડિયાદમાં હરિજન સેવામાં તલ્લીન બનેલા ચૂનીલાલ ભગતને બોલાવવા માટે પોકારો પાડતા હતા. એ ગાળામાં ચૂનીલાલ ભગતને મન સાધુસમાજ એ સમાજ ઉપરના આર્થિક બોજ સમાન હતો. આથી, આ હકીકતનું એમને પણ વિસ્મય થયું હતું. આમ છતાં કોઈક ગૂઢ આકર્ષણના બળથી ચૂનીલાલ ભગત એમની પાસે ગયેલા અને આ પછીની ઘટના, પરંપરાથી, દિવ્ય જીવનના અનુભવ માટે ઘોર, ગૂઢ અને કપરી

છતાં ગુપ્ત સાધનાથી ૧૯૩૯માં બનારસમાં ચૂનીલાલ ભગતમાં જે પરમ તત્ત્વ પરમાત્મારૂપ પ્રગટ થયું એ અગોચર દષ્ટિએ ના નીરખાય, બુદ્ધિથી ના કળાય, કોઈ પણ ધોરણથી ના મપાય એવું એ રૂપ તે 'મોટા' છે.

જે ચેતન સર્વમાં અને સર્વત્ર છે. છતાં જે તે બધું જ ચેતનમાં રહેલું છે એને પ્રભુ કે ભગવાન જેવી સંજ્ઞાથી આપણે ઓળખીએ છીએ. એ વિચારનો, સમજનો, જાણ્યાનો વિષય નથી. અનુભવ એ જ એનું પ્રમાણ છે. જે ચેતન પૃથ્વીના કણકણમાં, વનસ્પતિથી માંડીને વિશાળ વટવૃક્ષમાં, બીજથી માંડીને ફળમાં, કીટસૃષ્ટિમાં અમીબાથી આરંભીને પૃથ્વી ઉપર વસતી બધી જ જાતની પશુ-પંખીસૃષ્ટિમાં, જળચર પ્રાણીઓમાં, ઉપરાંત, તેજ, વાયુ અને આકાશતત્ત્વમાં, એ ત્રણેય તત્ત્વોમાંની અનેક સૂક્ષ્મ દેહોની સૃષ્ટિમાં, તારકમંડળથી સૂર્યમંડળ તથા અનેક ગ્રહોની સૃષ્ટિમાં જે ચેતન પ્રસરેલું છે - એ ચેતનના નિરંતર અનુભવી એટલે મોટા.

૧૯૨૨થી અઢાર વર્ષ લગી, સંસારમાં પ્રાપ્ત કર્મોને પૂરેપૂરી નિષ્ઠાથી, પ્રમાણિકતાથી પણ પ્રભુપ્રીત્યર્થે-એટલે કે ભક્તિથી આચરતાં આચરતાં, જે પ્રભુરૂપ અનુભવવા કરેલી સાધનાને પરિણામે દેહરૂપમાં પ્રગટેલા પરમાત્માનો અનુભવ એટલે મોટા. તેઓશ્રી અનુભવથી 'I am omnipresent' કહે છે- એ I = એ સર્વત્ર વિદ્યમાન 'હું' તે જ 'મોટા'.

મોટા એટલે શરીર નહિ. **'જીવન દર્શન'**માં એક પત્રમાં એમણે લખ્યું છે, કે 'તમે જે લાગણી આ જીવ પરત્વે રાખો છો, તે 'મોટા'ને નામે ઓળખાનારી વ્યક્તિ પરત્વે નહિ, પરંતુ તેનામાં

જે ચેતનભાવ પ્રગટેલો છે, તે ભાવ પરત્વે અને તે ભાવના આવિર્ભાવ પરત્વે તે લાગણી રાખો છો.' ('જીવન દર્શન' આવૃત્તિ ૧, પૃ. ૧૪૪) આથી, મોટા એટલે 'જીવતુંજાગતું ચેતન.' ચેતન તો 'છે' જ. દરેકમાં છે, પરંતુ મોટાએ એ સર્વમાં રહેલા ચેતનને જાગૃત કરીને, જીવમાત્રને ચેતન પ્રત્યે-ચેતનના હોવાપણા પ્રત્યે સભાન કરવાનું જીવંત સામર્થ્ય પ્રાપ્ત કરેલું છે.

મોટા એટલે સંપૂર્ણ, અજેય અને અખંડ પરમ પુરુષનો જીવનમાં અનુભવ. એ દ્વંદ્વ, ગુણ, ભાવ, સ્થળ તથા કાળમાં હોવા સાથે અનુભવથી દ્વંદ્વાતીત, ગુણાતીત, ભાવાતીત, સ્થળાતીત અને કાળાતીત અનુભવસ્થિતિમાં પ્રવર્તમાન છે.

મોટા દેહરૂપે હોવા છતાં દેહાતીત અનુભવસ્થિતિમાં જ હતા. પોતે 'હરિરૂપ'ના સંપૂર્ણ અનુભવી હોવા છતાં દેહ હોવાથી નિમિત્તો સાથે સક્રિય હતા. એ નિમિત્તો પણ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણરૂપે હતાં. એમનો દેહ હરિલીલાનું પ્રગટ રૂપ હતું.

આજે હવે એ દેહ નથી, છતાં તેઓશ્રીનું હોવાપણું અનેક રીતે અનુભવાય છે. એમનું 'હોવાપણું' એટલે એમના સ્મરણમાત્રથી આપણા દિલમાં જાગતા ઉન્નત ભાવો, આપણી દૃષ્ટિએ પરખાતા આપણા પ્રાકૃતિક સ્વભાવગત દોષો, એ દોષો નિવારવા માટે આપણામાં સળવળતી વૃત્તિ, આપણામાં જાગતી ભાવનાઓ, આપણામાં ઉદ્‌ભવતો સદ્‌ભાવ, પરિસ્થિતિ કે સંજોગ પ્રમાણે આપણામાં જાગતી ગુણશક્તિ વગરે વગેરે અનેક સ્ફુરણો એટલે મોટાની હાજરી. એ જ એમનું હોવાપણું. મોટાના હોવાપણાની આવી પ્રતીતિ માટે જરૂરી છે વિધેયાત્મક દૃષ્ટિ.

મોટા એટલે પ્રેમ. કોઈ પણ નિમિત્તે, એમની સાથે સંપર્કમાં આવનારને એમનો પ્રેમ અનુભવાય જ. એ પ્રેમ આપણા જીવનનો પોષક, સંવર્ધક અને રક્ષક છે. એ પ્રેમ નિરપેક્ષ છે. આપણે ચાહીએ કે ના ચાહીએ પણ એમનો પ્રેમ સતત સભરતામાં જ રહે છે. આપણી એમના પ્રત્યેની જો ચાહના જાગતી રહે તો એમના પ્રત્યેની તીવ્રતા અને રૂપાંતરકારક શક્તિનું પ્રમાણ મળે જ મળે.

ઉપરના શબ્દો એ કશી સાહિત્યિક શબ્દશૈલીની છટાથી લખાયા નથી. ઉપરની હકીકત સંપૂર્ણ અનુભવની નથી પણ આંશિક અનુભૂતિ સાથે પૂરી પ્રતીતિના આધારે લખાઈ છે. મોટાએ પોતાની સાધનાકથા લખી છે. પોતાના આંતરિક અનુભવજીવનને જે હજારો ગઝલોમાં તથા અનુષ્ટુપ કડીઓમાં વ્યક્ત કર્યું છે, એમાં ઉપરની હકીકતોનું આધારભૂત પ્રમાણ છે.

એમના સો જેટલા પ્રગટ થયેલા ગદ્યપદ્ય ગ્રંથો તથા હજી બીજું કેટલુંક અપ્રગટ લખાણ-એ મોટાનો અક્ષરદેહ છે. આ અક્ષરદેહ મોટાના બાહ્યાંતર રૂપનાં દર્શન માટે સૂક્ષ્મ સાધન છે. મોટાએ પોતાનો અક્ષરદેહ પ્રગટ થવા દઈને માનવમાત્ર ઉપર પ્રેમ વરસાવ્યો છે.

મોટાની આવી સતત વરસતી પ્રેમવર્ષામાં ભીંજાવા હું પણ ભાગ્યશાળી બન્યો છું. આજે-૧૯૯૫માં છેલ્લા ત્રણ દાયકાથી પ્રેમનો છંટકાવ માણી રહ્યો છું. એની ઝાંખીનું નિવેદન તેઓશ્રીનાં ચરણમાં કરવાનું શરૂ કરતાં પહેલાં, આટલું નિવેદન ભૂમિકારૂપે રજૂ કર્યું છે.

•

# ભૂમિકા : ૨

અમુક વર્ષમાં કે અમુક દિવસે હું મોટાને મળ્યો એમ કહેવા કરતાં 'મોટા મને મળ્યા' એમ કહેવું વધારે યોગ્ય છે. મોટા મને ક્યારે મળ્યા ? કયા રૂપે મળ્યા ? તે ક્ષણે મેં કેવું અનુભવેલું ? એ બધું સ્મરણપટ ઉપર આવે છે. એ રજૂ કરતાં પહેલાંની અંગત અસ્વસ્થતા ભૂમિકારૂપે આલેખવી યોગ્ય જણાતાં રજૂ કરું છું.

સત્તર વર્ષની ઉંમરે જીવનમાં ભારે ગૂંચવણો, પ્રશ્નો, સમસ્યાઓ અને અકળામણો અનુભવાતી હતી. ગાંધીજી, વિનોબાજી જેવાના ગ્રંથોના વાંચનમાંથી ભગવાનનું નામ જપવાનું મન થયું હતું. જપનો પ્રયોગ છૂટક છૂટક કરતો છતાંય શાંતિ મળતી જ ન હતી. જીવનમાં સુખી થવાનાં સ્વપ્નાં હતાં, પણ સુખી થવાય એવી કોઈ દિશા જડતી ન હતી. ગીતાનું વચન 'અશાન્તસ્ય કુતઃ સુખમ્ ?'-મને સમાધાન આપતું હતું. એટલે શાંતિ અનુભવવી એવું લક્ષ્ય નક્કી કર્યું હતું. મારી આસપાસ અશાંતિ, ક્લેશ, સંતાપ, ત્રાસનું વાતાવરણ અનુભવાતું હતું. મોટે ભાગે ટંટા, પ્રપંચ, મારામારી થયા કરતી હતી. આ બધાંથી હું ભય પામતો હતો.

એ ગાળામાં કેટલાક સાધુસંતોનો પરિચય પણ થયો હતો. એ પહેલાં કિશોરાવસ્થામાં મહાભારતની કથા સાંભળેલી, પણ કથાકારના વહેવારોમાં સ્વાર્થ અને કંકાસ જોયા હતા. એ જ ગાળામાં અમારી પોળમાં સીતારામ મહારાજ અને પુનિત મહારાજનાં ભજનો થતાં. એ હું રસપૂર્વક ગાતો અને એમનાં આખ્યાનો પણ તલ્લીન બનીને સાંભળતો. પુનિત મહારાજનું

એક આખ્યાન તો આજેય યાદ છે. એમાં ભગવાનના બાળભક્તને શાળામાં લોટી ભરીને દૂધ લઈ જવાનીયે સ્થિતિ ન હતી ત્યારે એ બાળભક્તે ભગવાનને પોકાર પાડતાં ગાયેલું ભજન પુનિત મહારાજના કંઠે સાંભળેલું. એનો આર્તભાવ હજીય પડઘાય છે : ‘ગોપાલ મારા ભૈયા રે, તમે દોડી આવો...’

આ ભજન સાંભળતાં એ વખતે મારી આંખમાંથી આંસુ વહેતાં.

એ પછીનું એક ભજન મને એ વખતે ખૂબ ગમતું :-

***‘અજ્ઞાની એ તો આંધળો રે, જુએ સઘળાં શું વેર જો,***
***પથરો પડ્યો એની માતને ! સીયારામ રે, સીયારામ રે.’***

પુનિત મહારાજના એ વખતના આદર્શ વહેવારની મારા કિશોરમાનસ ઉપર પ્રેરક છાપ પડેલી, પરંતુ શાંતિની શોધમાં જેમને જેમને મળવાનું થયેલું એથી નિરાશ થયેલો, કેમ કે શાંતિની વાતો કરનારાઓ અશાંતિમાં જ હતા.

યૌવનના આરંભકાળમાં નૈતિક જીવનનો આદર્શ હતો, પણ નીતિમય રહેવું કેટલું કઠણ છે એ સમજાતું હતું. કામવૃત્તિનો આવેગ અનુભવાતો હતો. એનો સંયમ કેમ થાય એ સમજાતું ન હતું. એ ગાળામાં રાયપુર દરવાજાની બહારના કામનાથ મહાદેવમાં હું પૂજા માટે જતો હતો. ત્યાં ગોદડિયા મહારાજ પધારેલા એવું મેં સાંભળેલું, પરંતુ જે મહારાજોનો થોડોક પરિચય થયેલો એનાથી મારું મન પૂર્વગ્રહવાળું બનેલું. એ પછી થોડાક દિવસમાં જ ગોદડિયા મહારાજ વિશે વિચિત્ર વાતો સાંભળી, આથી, એમની પાસે જવાયું નહિ. જોકે એવી વાતો મહારાજની અવધૂત દશાનાં દર્શનરૂપ હતી, પણ એ વખતે હું સમજી શકેલો

નહિ. ગોદડિયા મહારાજે મોટાને સાધનાકાળમાં માર્ગદર્શન આપેલું હતું.

કૉલેજમાં પ્રવેશ મેળવ્યા પછી મારે સખત સંઘર્ષ અનુભવવાનો આવ્યો. મારામાં અશાંતિ વધી ગઈ. કોઈનાં વ્યાખ્યાનો કે ઉપદેશ મારામાં શાંતિ પ્રેરી શકતાં ન હતાં. ગાંધી, વિનોબા, દાદા ધર્માધિકારી, કાકા કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, કેદારનાથ, બર્ટ્રાન્ડ રસલ, લીન યૂટાંગ, રોમા રોલાં, રસ્કિન વગેરેનાં લખાણો વાંચું એટલો સમય શાંતિ રહેતી હતી. આ ઉપરાંત, સાહિત્યનો અભ્યાસી રહીને વિદ્વાન બનું એ માટે પ્રોફેસર બનવાનું લક્ષ્ય હતું. ઇન્ટરનું વર્ષ મારા માટે કટોકટીનું હતું. મૅટ્રિકમાં પાસ થયા પછી અરુણા સાથે મારો વિવાહ તો થયેલો હતો. અરુણાનું મને ખૂબ આકર્ષણ રહેતું હતું. ઇન્ટરમાં તો પરણી જવાનો વિચાર આવતો હતો. અભ્યાસ પૂરો કર્યા વિના પરણવાથી ઊભી થનારી જવાબદારીના વિચારો પણ સામે હતા. વૃત્તિના વેગના સમાધાન સામે કારકિર્દીનો ભોગ અપાય એ પણ પરવડે એવું ન હતું. આવો એક વિચિત્ર સંઘર્ષ હતો. પારિવારિક આંતરક્લેશને લીધે પણ મનમાં ખૂબ ઘમસાણ ચાલતું હતું. એવી ક્ષણ આવી પહોંચેલી કે મરવું કે મારી નાખવું-મારું અંગ કંપતું હતું. કૉલેજના ગ્રંથાલયમાં માથું પકડીને બેઠો હતો. મારી આ સ્થિતિને વ્યક્ત કરી શકું, રસ્તો મેળવી શકું એવો મારે કોઈ મિત્ર ન હતો, કોઈ સાથી ન હતો. ખરાબ સોબતના ભયથી ઝાઝા મિત્રો કરતો નહિ. આથી, મારી મૂંઝવણ મારામાં ઘોળાતી હતી. હું ખુરશી ઉપરથી વેગબંધ ઊઠ્યો. એ વખતે ટેબલ ઉપરનું એક સામયિક નીચે પડી ગયું. એ ઉપાડીને

હું ટેબલ ઉપર મૂકતો હતો ત્યારે એના પૂંઠા ઉપર એક વાક્ય વંચાયું :- 'તમે એકલા છો એમ કદી ના માનશો. પ્રભુ, તમારો હંમેશનો મિત્ર છે અને એ હંમેશાં તમારી સંગાથે છે.' આ મતલબનું વાક્ય પોંડિચેરી શ્રીઅરવિંદ આશ્રમ તરફથી કવિ સુંદરમ્ સંપાદિત 'દક્ષિણા'ના પૂંઠા ઉપર વાંચ્યું. એ ક્ષણે આ વાક્યે મારા અંતર ઉપર જબ્બર અસર કરી. 'શ્રીમાતાજી'નાં આ વચને મારા અંતરમાં કોઈ એવી શ્રદ્ધા પ્રગટાવી કે મારો ઘાતક નિર્ણય અલોપ થઈ ગયો.

ત્યારથી હું અમદાવાદમાં ચાલતા 'સેન્ટર'માં શનિવારના કાર્યક્રમમાં જતો થયેલો. એ જ અરસામાં મારા કાકાના મિત્ર, ભાનુભાઈ પંડ્યા અને ખંડવાવાલા કેશવાનંદ દાદાજીના ચમત્કારોની વાતો કરતા. એ ગાળામાં મેં શ્રીમાતાજી, સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસના ગ્રંથો વાંચવા માંડેલા. મને ચમત્કારો સાંભળવા ગમતા, પણ એમાં રમમાણ રહેવાનું મન ક્યારેય થાય નહિ, કેમ કે એવી વાતો કરનારાના જીવન-વહેવારમાં કશો આદર્શ મને દેખાતો નહિ. આમ છતાં રામકૃષ્ણ પરમહંસના 'કથામૃત' તથા શારદાનંદે લખેલું અને રોમા રોલાંએ લખેલું એમનું ચરિત્ર મને ખૂબ ગમેલું. રામકૃષ્ણની અનુભૂતિઓ માટે મને ક્યારેય શંકા ગઈ ન હતી. મને એ ખૂબ ગમ્યા કરતું.

આ જ અરસામાં મારાં કાકી, મથુરીબહેન ખરે પાસે સંગીત શીખતાં હતાં. એમની મારફત 'મોટા' શબ્દ પહેલી વાર મારા કાને પડ્યો, પણ એમના વિશેની વાત સ્વપ્ન સાથે સંકળાયેલી એટલે મેં ખાસ ધ્યાન ના આપ્યું. મારું મનહૃદય પોંડિચેરી

શ્રીઅરવિંદ આશ્રમનાં શ્રીમાતાજી પ્રત્યે વળેલું. મેં શ્રીમાતાજીનાં અને શ્રીઅરવિંદનાં પુસ્તકો વાંચવા માંડેલાં. શ્રીમાતાજીની છબી મારા માટે સાકાર બની ગઈ હતી. મને એમની વાણીથી શાંતિ મળતી હતી. શ્રીઅરવિંદની વાતો મને સમજાતી ન હતી. શ્રીમાતાજીની વાણી પૂરી તો નહિ સમજાયેલી, પરંતુ એમનું સ્મરણ આહ્‌લાદ આપતું હતું. શ્રીઅરવિંદ તો પોંડિચેરીમાં હયાત નથી, પણ શ્રીમાતાજી હયાત છે. એમનાં દર્શન પણ દૂરથી જ કરાય છે-એમ જાણેલું. આવી વિભૂતિની નજીક જઈને આપણી વાતો કરીને સમાધાન કેવી રીતે મેળવાય એ પ્રશ્ન તો રહેતો જ હતો. શ્રીમાતાજીને પ્રત્યક્ષ જોવા-મળવાની ઈચ્છા રહ્યા કરતી હતી.

એ અગાઉ ૧૯૫૮માં હું બી.એ.ના છેલ્લાં વર્ષમાં હતો. અંબાજીનાં દર્શને ગયેલા ત્યારે ત્યાં સુરતના શ્રી અનિરુદ્ધ સ્માર્તનો પરિચય થયેલો. 'મંગલમ્'ના ઉપનામથી એ કાવ્યો રચતા. સુંદરમ્, ઉમાશંકર, રાજેન્દ્ર, પિનાકીન વગેરે સાથે એમનો પરિચય હતો. મારા સાહિત્યરસે અને અભ્યાસે અમને નિકટ આણ્યા. ઉપરાંત, એ શ્રીઅરવિંદ અને શ્રીમાતાજી પ્રત્યે ભક્તિભાવવાળા હતા. એથી પણ એમના સહવાસથી મારા મનને સારું લાગતું. એ જ વર્ષમાં હું એમને ત્યાં સુરત આવેલો. સુરતમાં ફરવાની જગ્યા તરીકે રાંદેર પાસે તાજેતરમાં થયેલા હરિઃૐ આશ્રમમાં એ મને લઈ આવ્યા. હરિઃૐ આશ્રમની રમણીયતા જોતાં જ અને આશ્રમમાંની શાંતિ અનુભવતાં મને કશોક જુદા જ પ્રકારનો અનુભવ થયેલો. આશ્રમમાં એક મકાનમાં ભોંયરું હતું. એમાં બેસીને ભગવાનનું નામ લેવાની

વ્યવસ્થા છે, એ મેં પહેલી જ વાર જોયું. આશ્રમના એક ભાઈએ-ઝીણાભાઈએ-એમ કહ્યું કે 'મોટા આજે નથી. આવતી કાલે એ આવવાના છે.'

આમ, બરાબર એક વર્ષ પછી 'મોટા' શબ્દ મેં બીજી વખત સાંભળ્યો. 'મોટા' શબ્દથી મને જરાય કૌતુક ના થયું. એમણે આ આશ્રમ સ્થાપ્યો છે, એટલી જ માહિતી મને હતી.

બી.એ. પાસ થયા પછી તરત જ અરુણા સાથે મારાં લગ્ન થયાં. અરુણાનો સહયોગ મારા જીવન માટે, મારા હૃદયની ભાવનાની ખિલવણી માટે પૂરક બનતો હતો એનો મારા દિલમાં ઘણો આનંદ હતો. દાંપત્યમાં વફાદારીના શપથ લીધેલાં. છતાં મન-પ્રાણ ઊલટ-સૂલટ દિશામાં લઈ જતા હતા. આ એક આંતરિક મથામણ હતી. આવું બધું કેમ થતું હશે ? એ પણ એક પ્રશ્ન રહ્યા કરતો હતો. આ પ્રશ્ન પણ ક્યારેક આંતરિક અશાંતિનું કારણ બનતો હતો. હું, અરુણાને મારાં બધાં જ કાર્યથી, ભાવનાથી વાકેફ રાખતો હતો. એ મારી સાથે 'શ્રીઅરવિંદ કેંદ્ર' ઉપર દર શનિવારે આવે. એમ.એ.ના બે વર્ષ દરમિયાન એક પુત્રી અને પુત્રવાળો વસ્તાર થયો. એમ.એ. થઈને પ્રોફેસર થવું હતું. નોકરી હાથ ઉપર ન હતી એ પહેલાં પરિવાર વિસ્તર્યો એનોય સંઘર્ષ અનુભવાતો હતો. હવે જે કંઈ થાય એ બધું શ્રીમાતાજીને કહી દેતો અને અંદર થોડીક શાંતિ અનુભવતો હતો. આ ભધું કામચલાઉ સમાધાન હતું. શ્રીમાતાજીના 'પ્રેયર્સ ઍન્ડ મેડિટેશન'નો હું પાઠ કરતો હોઉં એમ વાંચતો અને શ્રીઅરવિંદની રચેલી નૂતના ગાયત્રીનો અનુકૂળતાએ જપ પણ કરતો. પાસે શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીની છબી રાખતો.

૧૯૬૧માં અમદાવાદ સેન્ટરમાં એક શનિવારે પ્રાર્થના-ધ્યાન પછી એક પુસ્તક પડેલું જોયું. એની પીઠ ઉપર 'હરિઃૐ' શબ્દ મારી નજરે પડ્યો. પીળા પૂંઠાનું પુસ્તક **'જીવન પરાગ'** હતું. બસ, આ બે શબ્દો સિવાય પુસ્તકના બે પૂંઠા વચ્ચે શું છે એ જોવા-વાંચવાનું મન થયું ન હતું.

•

# ૩. નામ ગુપ્ત રાખનાર દાતા

૧૯૬૧ના જૂન માસમાં અમદાવાદની એચ. કે આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના પાર્ટ ટાઈમ અધ્યાપક તરીકે મને નિયુક્તિ મળી. આચાર્ય શ્રી યશવંતભાઈ શુક્લ જેવા વિદ્વાનની દોરવણી હેઠળ અધ્યાપક તરીકે ખ્યાતિ મેળવવાની ઝંખના જાગી. કૉલેજમાં ભણાવાતા જુદા જુદા વિષયના અધ્યાપકો તેમના વિષયના જાણીતા વિદ્વાનો હતા, વિખ્યાત લેખકો હતા. કૉલેજમાં સાહિત્યકારો, વિવેચકો હતા. મારા અરમાનો સાકાર કરવાની મને ધગશ હતી. સાહિત્યસર્જન, વિવેચનકાર્ય દ્વારા કીર્તિ મેળવવાની ઝંખના હતી. એ માટે મહેનત કરવાની તમન્ના પણ હતી.

ગુજરાતી સાહિત્ય પરિષદનું કાર્યાલય એચ. કે. કૉલેજમાં હતું. એ જ વર્ષના ઑક્ટોબર માસમાં એની કાર્યવાહક સમિતિએ સાહિત્ય પરિષદના કાર્યાલય-મંત્રી તરીકે સેવા આપવાની મારી પાસે સંમતિ માગી. સમગ્ર ગુજરાતના સાહિત્યકારો સાથે સીધા સંપર્કમાં આવવાની આવી તકને મેં વધાવી લીધી. કાર્યાલયના સંચાલનનો મને જરાય અનુભવ ન હતો. એજન્ડા (કાર્યસૂચિ) કે સભાની મિનિટ્સ (કાર્યનોંધ) એટલે શું ? એ પણ હું જાણતો ન હતો, પરંતુ કામ માટે ધગશ હોવાથી બધું શીખી ગયો. શ્રી યશવંતભાઈ શુક્લ સતત માર્ગદર્શન આપતા હતા.

કૉલેજના અધ્યાપક તરીકેના પહેલા વર્ષમાં અધ્યાપન, અધ્યયન અને ગુજરાતી સાહિત્ય પરિષદના વહીવટની જવાબદારી બજાવવામાં આખો દિવસ પસાર થઈ જતો. એ

વર્ષના કૉલેજના પ્રથમ વર્ષે-એ વખતે પ્રીવિયસમાં-એક વિદ્યાર્થિનીએ મને ખૂબ સ્નેહાદર અને સંકોચથી 'દૂર-સુદૂરનાં ગીતો' નામનું પુસ્તક ભેટ આપીને કહ્યું, 'આ ગીતો મારા પિતાએ રચ્યાં છે.'

શ્રી પ્રતાપ ઉપાધ્યાયની એ દીકરીનું નામ જયશ્રી હતું. જયશ્રીએ પછી કહ્યું, 'મારાં લગ્ન થવાનાં છે. અમારા ગુરુ પૂજ્ય શ્રીમોટા અમારાં લગ્ન કરાવવાનાં છે.' આ રીતે 'મોટા'નું નામરૂપ ત્રીજી વખત મારા કાનમાં પ્રવેશ્યું, પરંતુ એ નામ પ્રત્યે કૌતુક કે આકર્ષણ થયું જ ન હતું.

પરંતુ એ જ અરસામાં ગુજરાતી સાહિત્ય પરિષદને પચીસ હજાર રૂપિયાના દાનની દરખાસ્ત કરતો એક મુસદ્દો લઈને શ્રી ઈંદ્રવદન શૅરદલાલ આવ્યા. જયશ્રીનાં લગ્ન એમની સાથે મોટાએ કરાવેલાં એની જાણ મને પછીથી થયેલી. પચીસ હજાર રૂપિયાના દાનની દરખાસ્તનો પત્ર મારી પાસે આવ્યો અને એ પત્રની પહેલી જ પંક્તિ વાંચતાં, એ વખતે મેં જે અનુભવેલું એનું સ્મરણ હજીય તાજું છે.

પોતાનું નામ ગુપ્ત રાખવા ઈચ્છતા એક દાતા, શ્રીઅરવિંદ પ્રત્યેની પોતાની ભક્તિને વ્યક્ત કરવા મૌલિક ભક્તિપ્રધાન સાહિત્યની રચના કરનાર સાહિત્યકારને મૂળ રકમના વ્યાજમાંથી 'શ્રીઅરવિંદ સુવર્ણચંદ્રક' અર્પણ કરવા પચીસ હજાર રૂપિયાનું દાન આપવાની દરખાસ્ત કરે છે.

કોઈ પણ પ્રકારની સાહિત્યિક છટા વિનાના તેમ જ ચોખ્ખા વહેવારને વ્યક્ત કરતા દરખાસ્તના શબ્દોએ મને કેવી અસર કરી એ આશ્ચર્યજનક છે. શ્રીઅરવિંદ-શ્રીમાતાજી એ મારા માટે

જીવનપ્રેરક બનેલાં હતાં. શ્રીઅરવિંદના ભક્ત તરફથી પચીસ હજાર રૂપિયા જેટલી માતબર રકમનું દાન અપાય છે, એ મારા દિલમાં ભાવ જગાડનારું હતું. આ દરખાસ્તની વિશિષ્ટતા એ હતી કે આટલી મોટી રકમના દાતા, નામ ગુપ્ત રાખવા માગતા હતા. એ વખતે મારા માટે આ એક મોટી આશ્ચર્યજનક હકીકત હતી. નાની સરખી રકમનું દાન કરનાર વ્યક્તિ પણ પોતાના નામની પ્રસિદ્ધિ થાય એવો તીવ્ર આગ્રહ રાખે છે, એ મેં બધે જ જોયેલું-અનુભવેલું છે. દાન આપીને જ 'નામ' કમાવાય એવા વેપારી-સંસ્કાર મારા ચિત્ત ઉપર હતા જ. શાળા-કૉલેજોમાં અપાતાં દાનની નાનીમોટી રકમો સામે પણ દાતાના નામ ચિતરાવાતા હતા. જ્યારે શ્રીઅરવિંદનું નામ સુવર્ણચંદ્રક સાથે જોડે છે એટલું જ નહિ, પણ પોતાના તરફથી અપાયેલી આટલી મોટી રકમના દાતા તરીકે પોતાનું નામ ગુપ્ત રાખવા ઈચ્છે છે, એ બાબત કોઈનેય માટે દિલમાં આદરભાવ-અહોભાવ જન્માવનારી છે. એ દરખાસ્તનો પત્ર ઈંદ્રવદનભાઈ, હરિઃૐ આશ્રમ, નડિયાદથી લાવ્યા હતા અને પત્રવહેવારનું સરનામું હરિઃૐ આશ્રમ, નડિયાદનું હતું.

મેં, શ્રીઅરવિંદ પ્રત્યેના ભાવથી પ્રેરાઈને તથા શ્રીઅરવિંદ પ્રત્યે ભક્તિભાવ ધરાવનાર આ દાતાના આદર-સન્માનના ભાવને લીધે હરિઃૐ આશ્રમમાં એક પત્ર લખ્યો અને આવી મોટી રકમના દાનથી આશ્ચર્ય અનુભવાયાની વાત લખી અને વિનંતી કરી કે 'આવા દાતા પોતાનું નામ ગુપ્ત રાખવા ઈચ્છે છે એથી એમના પ્રત્યેનું માન અનેકગણું વધી જાય છે. એમનું નામ જાહેર નહિ કરાય, પરંતુ મને અંગત રીતે એમનું નામ જાણવાની

વૃત્તિ રહ્યા કરે છે, તો એમનું નામ જણાવવા વિનંતી છે.' આ પત્રનો જવાબ તરત જ આવ્યો : 'એમને પોતાનું નામ ગુપ્ત જ રાખવું છે. એ કોઈનેય પોતાનું નામ જણાવવા ઈચ્છતા નથી- એમ દાતાએ લખાવ્યું છે-તો આપ માફ કરશો.' આ જવાબ મને રુચ્યો નહિ-પસંદ ના પડ્યો.

મેં સામો બીજો પત્ર લખ્યો કે 'અંગત રીતે નામ જાણવાની ઈચ્છા હોવાથી લખેલું. નામ ગુપ્ત રાખવાની આવી દાતાની માન્યતા પાછળ મને જડતા લાગે છે.' મને એમ હતું કે આવી ટકોરથી મને દાતાનું નામ જાણવા મળશે.

આના જવાબરૂપે સીધું જ મારા નામ ઉપર એક કવર આવ્યું. 'હરિઃૐ આશ્રમ, નડિયાદ'થી આ કવર આવેલું. કવર ઉપર સિક્કો હતો. મેં કવર ખોલ્યું તો એમાં સંબોધન કે લખનારની સહી વિનાની ભૂરા કાગળની એક ચિઠ્ઠી હતી. અગાઉ આવેલા પત્રના જવાબવાળા કાગળમાં જે અક્ષરો હતા, પણ લખાણ અત્યંત વિચિત્ર હતું, આશ્ચર્યપ્રેરક હતું, કૌતુક પ્રેરક હતું. એ ચિઠ્ઠીમાં લખ્યું હતું કે,

*'દાતા જડ છે, મૂર્ખ છે અને ગધેડો છે.'*

માત્ર એક જ લીટીની ચિઠ્ઠીમાંના આ શબ્દોએ મને હચમચાવી દીધો. આવા વિચિત્ર લખાણ સામે થોડીક ચીડ પણ ચડી. છતાં એ ચિઠ્ઠી મેં ફાઈલ ઉપર રાખી લીધી. રોજ હું એ ચિઠ્ઠી જોતો હતો.

મેં વર્ષો પછી, જ્યારે મોટાના હસ્તાક્ષર જોયા ત્યારે મેં જાણ્યું કે, આ ચિઠ્ઠી મોટાએ જાતે લખી હતી. આજે વિચારું છું તો 'મોટા' એ શબ્દરૂપે મારા કાનમાં પ્રવેશ્યા હતા, પણ મેં કશું

આકર્ષણ અનુભવ્યું ન હતું. એ પછી જે અક્ષરરૂપ મારી નજરે ચડ્યું એથી કૌતુક થયું, પણ મારી માન્યતા ફળી નહિ એથી એ કૌતુક શમી ગયું. એ શબ્દો 'મોટા'ના નામ વિનાના હતા-મને પહોંચેલું એ અક્ષરરૂપ-મારા નામના સંબોધન વિનાનું હતું. એ મારા નામરૂપને સંબોધન ન હતું અને લખનારની સહી-નામ-સંજ્ઞા વિનાનું હતું.

એના શબ્દોમાં દાતાએ પોતાની ઓળખ આપી હતી. એ ખરું ઓળખપત્ર હતું, પણ એ વખતે મારાથી એ ઊકલ્યું ન હતું. આજે એ તાત્પર્ય ઉકેલું છું ત્યારે મોટા પ્રત્યે મારું હૃદય અકળ ભાવ અનુભવે છે.

નામ ગુપ્ત રાખવા ઈચ્છનાર અનામી છે. એ કોઈ નામની સંજ્ઞામાં કે રૂપના કોઈ આકારમાં વ્યક્ત થયેલા નથી. આટલા શબ્દો લખ્યા પછી પણ લખનાર તરીકે પોતાનું નામ નથી લખ્યું-એય એમની ગુપ્તતાની ખૂબી છે. 'મોટા' એક એવા અનુભવનું નામરૂપ છે કે નામી હોવા છતાં અનામી છે અને જેનું રૂપ હોવા છતાં અરૂપી છે. આમ, ફોટા કે આકારમાં પ્રગટ લાગે છે. છતાં એ ગુપ્ત અને ગૂઢ છે. એ સ્વયં અનુભવથી ચેતનરૂપ છે-પ્રભુરૂપ છે. એથી એ ગુપ્ત છે. ગૂઢ છે. એમણે જ **'જીવન અનુભવ ગીત'**માંની એક ગઝલમાં લખ્યું છે કે,

*'પ્રભુ જે ગૂઢ છૂપો છે, બધાંનાંમાં વસેલો છે,*
*છુપાયેલા પ્રભુને તે પ્રગટ કરવા હૃદય જીવીએ.'*

જીવમાત્રના હૃદયમાં છુપાયેલા પ્રભુને પ્રગટ કરવા હૃદયમાં 'પોતાના' હૃદયથી 'મોટા' જીવતા છે. આપણામાં જાગૃતિ પ્રેરીને એમના 'જાગતાપણા'ની ઝાંખી એ કરાવી આપે છે. આથી જ એમણે પેલી નાનકડી ચિઠ્ઠીમાં પોતાનું નામ ના લખ્યું.

મોટાનું આ અક્ષરરૂપ મેં પહેલવહેલું જોયેલું પણ એનું દર્શન વર્ષો પછી થયું છે. આજે મોટાના એ ઓળખપત્રનો મર્મ સમજાય છે. એમણે એમ લખ્યું ન હતું કે 'હું જડ છું.'-પોતાની ઓળખાણ 'દાતા' તરીકે આપી છે. પોતે શેના દાતા છે ? અનંત જ્ઞાન, અનંત સામર્થ્ય, અખૂટ સમૃદ્ધિ, અવિરત વહેતો પ્રેમ વગેરેના એ દાતા છે. આ દાતાનું પહેલું લક્ષણ 'જડતા' છે. મોટાનો આ લાક્ષણિક આધ્યાત્મિક શબ્દ છે. પોતાનામાં પ્રગટેલ પ્રભુરૂપ અન્ય જીવમાં છુપાયેલા પ્રભુ પ્રગટાવવા સમર્થ હોવા છતાં એ પ્રક્રિયા માટે નિમિત્તની, ઝંખનાની, પ્રેમની, પુરુષાર્થની જરૂર છે. દાતા હોવા છતાં એકપક્ષી એ રહી શકતા નથી. એને તો બધું જ આપવું છે, પણ એના દાનને ઝીલનારું પાત્ર કોઈ નથી. આ અર્થમાં એ 'જડ' છે. આથી તો તેઓ વારંવાર કહેતા કે 'તમે હલાવશો તો અમે હાલીશું.' તમે 'મોટા'ને હૃદયમાં પ્રેમભાવથી 'જીવતો' કરશો તો તમને અનુભવ થયા વિના નહિ રહે. બીજો શબ્દ 'મૂર્ખ' છે. 'જીવ' પોતાની માન્યતાઓ, સમજણો, ખ્યાલો પ્રમાણે જ 'મોટા' બધું કર્યા કરે એવી 'જીવ'ની સમજણની અપેક્ષાએ 'મૂર્ખ' છે. વળી, આપણાં અંતઃકરણો અવળાં હોવા છતાં એમનો પરમ પ્રેમભાવ વહ્યા કરે છે, છતાં 'જીવ' ફરિયાદ કર્યા કરે છે ત્યારે એવા 'જીવ' સાથેના નૈમિત્તિક સંબંધમાં પોતે પોતાને 'મૂર્ખ' તરીકે ઓળખાવી અટકે છે.

'ગધેડો' એ તો અત્યંત માર્મિક છતાં હૃદય દ્રવે એવું પ્રતીક છે. પરમાત્માનુભવી મોટાને સ્થૂળ-સૂક્ષ્મ-કારણ-એવાં અનેક નિમિત્તો છે. એમાં જે માનવજીવો છે એમની સાથેના એમના નૈમિત્તિક સંબંધથી, એમના કલ્યાણની બધી જ જવાબદારી પૂરી

નિષ્ઠાથી એ વહન કરે છે. છતાં માનવજીવ પોતાના વિષય-વિકારોથી, નકારાત્મક વલણોથી, વિરોધીવૃત્તિથી તદ્દન બેજવાબદારીભર્યા વર્તનથી પોતાનું શ્રેય કરવા સક્રિય એવા આ 'મોટા'ને ડફણાં મારતા હોય છે ! આવા અનુભવના મર્મને વ્યક્ત કરવા તેઓશ્રીએ 'ગધેડો' પ્રતીકશબ્દ વાપર્યો છે.

ગુજરાતી સાહિત્ય પરિષદને આવા દાતા તરફથી મળતી દરખાસ્તનો સ્વીકાર કરતાં પહેલાં એમણે દાનની જે શરતો લખી મોકલાવી હતી એ અંગે ચર્ચા કરવા સાહિત્ય પરિષદની કાર્યવાહક સમિતિના સભ્યોમાંથી શ્રી ઉમાશંકર જોશી, શ્રી ઝીણાભાઈ દેસાઈ, શ્રી યશવંત શુક્લ વગેરે નડિયાદના હરિઃૐ આશ્રમમાં ગયા હતા. ત્યાં જઈને આવ્યા પછી શ્રી ઉમાંશકર જોશીએ મને કહેલું કે 'મોટા, એક મળવા જેવી વ્યક્તિ છે.' ઉમાશંકરનો આ સંકેત-એમનું આ સૂચન પણ મેં ગણકાર્યું નહિ.

ફરીથી ક્યારેક જ્યારે પાંચેક જેટલા સાહિત્યકારો નડિયાદના હરિઃૐ આશ્રમે મોટાને મળવા ગયા ત્યારે એકાંત સ્થળે આવેલ રમણીય અને શાંત આશ્રમની પ્રવૃત્તિ વિશે મોટાને કોઈકે પૂછેલું. એ વખતે મોટાએ છપાવી રાખેલી 'મોટા મહારાજના આશ્રમની પ્રવૃત્તિઓ' દર્શાવતી આઠ આનાની કિંમતની પુસ્તિકા દરેકને આપેલી અને પછીથી દાનયોજનાની શરતો અંગે ચર્ચા કરેલી. ચર્ચા પૂરી થતાં આશ્રમમાંથી વિદાય લેતાં સાહિત્યકારો ઊભા થયા. મોટાએ આપેલી આશ્રમની માહિતીવાળી પુસ્તિકા સાથે લીધી.

એટલે મોટાએ કહ્યું, 'સાહેબ, આ ચોપડીની કિંમત આઠ આના રાખી છે, એ આપતા જાઓ. માફ કરજો હોં. અમે કોઈને

કશું જ મફત આપતા નથી. એની આવકથી આશ્રમના નિભાવમાં રાહત રહે છે.'

કિંમત માગી એટલે સાહેબ, ચોપડી પાછી મૂકી ના દેતા. આપે આશ્રમની માહિતી પૂછેલી એટલે અમે આપી છે. આપ સૌ સાહિત્ય પરિષદનું કામ લઈને આવેલા હતા. આથી, આપણે એ વાતને પહેલું મહત્ત્વ આપ્યું. તો આ ચોપડી લેતા જાઓ અને કિંમત આપતા જાઓ.'

મોટાની આ વાત સાંભળીને બધા જ સાહિત્યકારો ખૂબ હસેલા. કિંમત ચૂકવી સાહિત્યકારો ચોપડી ખરીદી લાવ્યા !

આ પ્રસંગ કહેનાર મુરબ્બી સાહિત્યકારને મોટાનો આ વહેવાર વિચિત્ર લાગેલો છતાં એ લાક્ષણિક હતો એમ કહેલું.

બીજી એક વિચિત્રતા પ્રત્યે બધાનું ધ્યાન ખેંચાયેલું એની વાત પણ મને કરેલી. આશ્રમના વડની એક વડવાઈ ઉપર પાટિયું લટકતું હતું. એના ઉપર લખેલું કે :-

'આવે તેને એક સલામ.

જાય તેને સો સલામ.

અને ના આવે એને હજાર સલામ.'

'ભલે પધાર્યા' અને 'મુલાકાત બદલ આભાર' જેવા ઔપચારિક શબ્દોને બદલે આવા શબ્દોથી સૌને અચરજ થયેલું. મેં પણ આ સાંભળ્યું ત્યારે વિચિત્ર લાગેલું.

એ પછીના એક મહિના દરમિયાન ભગિની નિવેદિતા પારિતોષિક તથા શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળાના પ્રકાશન માટે બીજાં બે દાનો હરિઃૐ આશ્રમ તરફથી મળ્યાં. ઉપરના બંને ચંદ્રકો આપવા અંગેની કાર્યવાહી તો બે વર્ષને અંતે કરવાની

હતી અને એ માટે તો કમિટી પણ નિમાઈ ગઈ હતી. હરિઃૐ આશ્રમના પ્રતિનિધિ તરીકે જાણીતા વિવેચક શ્રી અનંતરાય રાવળનું નામ હતું. રાવળ સાહેબ સાથે મારે સારો પરિચય હતો, પરંતુ એમણે ક્યારેય હરિઃૐ આશ્રમ કે મોટા વિશે કહેલું નહિ. શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળાના પ્રકાશન માટે અમે બાળસાહિત્યના લેખકોને ઠરાવની નકલ મોકલાવીને બાળકોમાં ગુણ અને ભાવ ખીલે એવાં પુસ્તકની હસ્તપ્રત મોકલાવવા જણાવેલું, પરંતુ એક વર્ષ લગી કોઈ પણ લેખકે પુસ્તક લખીને મોકલાવેલું નહિ. એ દરમિયાન હરિઃૐ આશ્રમમાંથી શરૂઆતમાં હેમંતકુમાર નીલકંઠની સહીથી અને પછી નંદુભાઈની સહીથી પત્રો આવતા અને પૂછપરછ થતી. શ્રી નંદુભાઈને એકલાને એકાદ વખત જોયેલા અને મળેલો.

•

# ૪. જોયા, પણ જાણ્યા નહિ

આશરે ૧૯૬૩નું વર્ષ હશે. હરિઃૐ આશ્રમ તરફથી મળેલ શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળાનું પુસ્તક સાહિત્ય પરિષદ તરફથી પ્રકાશિત કરી શકાયું ન હતું. બાળસાહિત્યના લેખકો પૈકી કોઈએ હસ્તપ્રત મોકલાવી ન હતી. જોકે આમ થવાને લીધે અંગત રીતે મને કશું જ અયોગ્ય લાગતું ન હતું. હરિઃૐ આશ્રમમાંથી આવતા પત્રોનો હું ઑફિસિયલ જવાબ આપ્યા કરતો હતો. એ જ વર્ષમાં ઉનાળાની રજાની એક બપોરે હું ઘરે સૂતો હતો ત્યારે અમારી પોળમાં આવેલ કોઠની પોળ-પાંચ હાટડીમાં રહેતા શ્રી ચંદુભાઈ ભાવસારને ત્યાંથી સંદેશો આવ્યો કે 'ચંદુભાઈને ઘરે મોટા આવ્યા છે. તમને મળવા બોલાવે છે.'

આજે આ શબ્દોનું સ્મરણ મારા દિલમાં અનોખાં સ્પંદન જગવે છે, પરંતુ એ વખતે મેં એ સંદેશાને અવગણ્યો અને હું તો સૂતો જ રહ્યો, પણ ઊંઘ એક વખત ઊડી ગઈ તે ફરીથી ના આવી. થોડીક વાર પછી નંદુભાઈની ચિઠ્ઠી સાથે એક છોકરો આવ્યો અને એમાં 'થોડીક વાર માટે મોટાને મળી જવા વિનંતી હતી.' શી ખબર કે મને આ 'બોલાવો' આકર્ષતો ન હતો. મારો પ્રમાદ હતો કે ઉપેક્ષા એ હું સમજી શકતો ન હતો, પરંતુ અરુણાએ મને કહ્યું, 'બે બે વખત તમને બોલાવવા મોકલે છે અને તમે જતા નથી એ ઠીક નહિ. જઈને મળી આવોને !' ચિઠ્ઠીની અસરથી નહિ પરંતુ અરુણાના કહેવાથી જ હું પરવારીને ચંદુભાઈને ઘરે ગયો. ચંદુભાઈના ચોકવાળા ઘરના પહેલે માળે મોટા હતા. હું ચોક પાસેની સીડી ઉપર પગ મૂકું છું ત્યાં મારા કાને શબ્દો

સંભળાયા, 'મારે બહેનો માટે કામ કરવું છે અને એની યોજના માટે લાખ રૂપિયાની જરૂર છે.' અવાજ સમુદ્રના ઊછળતાં મોજાં જેવો હતો. કોઈક અનોખો ધ્વનિ મારા કાનમાં પડઘાયો. હું મેડા ઉપર પહોંચ્યો. પલંગમાં માત્ર લુંગી પહેરીને સૂતેલી વ્યક્તિ, મારા ડૉક્ટર મિત્ર અજિતભાઈ પટેલ સાથે વાત કરતી હતી- એમના એ શબ્દો મેં સાંભળેલા. હું એમના તરફ ધ્યાન આપ્યા વિના થોડેક દૂર બેસીને લખી રહેલા નંદુભાઈ પાસે ગયો. એમણે મને બોલાવ્યો, આવકાર્યો.

એ વખતનું મારું વલણ મને આજેય યાદ છે. પેલા સાંભળેલા શબ્દોમાં લાખ રૂપિયાની વાત આવતાં મને દૃઢ સમજાયું કે આ જ પેલા હરિઃ ૐ આશ્રમના મહારાજ જણાય છે. એ પણ બીજા મહારાજોની જેમ રૂપિયા જ ભેગા કરવામાં મંડ્યા છે. જે મહારાજોનો મને અનુભવ હતો એ જ પરંપરાવાળા આ મહારાજ છે. એ વખતે થોડુંક વાંચ્યા-લખ્યાનો, થોડીક પ્રતિષ્ઠા મેળવ્યાનો અને અધ્યાપક તરીકે વિદ્યાર્થી પ્રિય થયેલો એનો અહંકાર પણ ભારે હતો. વળી, કોઈ માનવીને હાથ જોડીને માથું નમાવીને પગે લાગવાનું તો બિલકુલ પસંદ નહિ.

હું, નંદુભાઈ પાસે ગયો કે તરત જ એ ઊભા થયા અને મને કહ્યું, 'આવો, હું, મોટાને તમારી ઓળખાણ કરાવું. એ તમને જ યાદ કરતા હતા.' એમ કહીને નંદુભાઈએ મોટાને કહ્યું, 'આ જ પેલા રમેશભાઈ-સાહિત્ય પરિષદનું મંત્રીકાર્ય કરે છે.' મારી અકડાઈનો પાર ન હતો. બે હાથ જોડીને વિવેક વ્યક્ત કરું એ પહેલાં જ મારા આશ્ચર્ય વચ્ચે મોટાએ એમનો હાથ લંબાવ્યો

અને મારો હાથ માગ્યો. એમણે એમના હાથ સાથે મારો હાથ મેળવ્યો અને પાસે બેસું એ પહેલાં જ મોટા બોલ્યા, 'સાહેબ, તમે અમારું કામ નથી કરતા !'

મેં જવાબ આપ્યો, 'અમારાથી થાય એટલું અમે કરીએ છીએ.' 'એમ નહિ, મંત્રી તરીકે તમારે જાતે અંગત રસ લેવો જોઈએ. તમે બાળસાહિત્યના કેટલા લેખકોને મળ્યા ?' મેં કહ્યું, 'એમ વ્યક્તિગત રીતે મળવાનું અને હસ્તપ્રત માગવાનું શક્ય નથી. અમે તો સરક્યુલર મોકલાવ્યો છે. કોઈ હસ્તપ્રત મોકલાવશે તો જે કમિટી નિમાશે, એ તપાસીને નિર્ણય લેશે, એ પ્રમાણે મારે તો કરવાનું.'

હું અમારી કાર્યપદ્ધતિ સમજાવ્યા કરતો હતો. હું અનુભવી શકેલો કે મોટા મારી કાર્યપદ્ધતિને દિશા આપવા ઇચ્છતા હતા. એમાં ઠપકો આપતા હોય એવું મને લાગતું ન હતું. એમ છતાં હું જાણે ઘવાતો હોઉં એમ પણ થતું હતું. મને થતું હતું કે અહીંથી હવે મને જવા દે તો સારું.

એમણે કહ્યું, 'આ પદ્ધતિથી કામ કરશો તો કામ ક્યારે થશે ? સંસ્થાનું કામ એ આપણું જ કામ છે એમ માનીને રસ લો તો કામ થશે.'

મેં વાત ટૂંકાવતા કહ્યું, 'તો આપ કહો એ રીતે હું પ્રયત્ન કરું.' ત્યારે મોટાએ કહ્યું, 'તમે બાળસાહિત્યના લેખક સોમાભાઈ ભાવસારનું નામ જાણો છો ?'

'હા, હું એમને ઓળખું છું. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયમાં કામ કરે છે.'

મોટાએ કહ્યું, 'તમ એમને રૂબરૂ મળો. એમને વિનંતી કરો

એટલે એકાદ પુસ્તક તૈયાર હશે તો આપશે અથવા તૈયાર કરી આપશે.'

મેં આ કામ કરવાની હા પાડી. પછી ડૉ. અજિતભાઈ સાથે થોડીક વાતચીત કરીને મોટાને જય જય કરીને હું મારા ઘરે ગયો.

મોટા સાથે આટલી વાતચીત થયેલી છતાં એમનું પહેલું વાક્ય મારા હૃદયસોંસરું ઊતરી ગયેલું - 'સાહેબ, તમે અમારું કામ કરતા નથી !'

મોટાનું કામ એટલે કયું કામ ? ભગવાન પરત્વેની અભિમુખતા. જે કંઈ કર્મ મળ્યું હોય એ પ્રભુપ્રીત્યર્થે આચરાય તે. મતલબ કે જે કંઈ કર્મ આપણાથી થાય એ આપણે કરતા નથી, પણ ભગવાનની શક્તિથી થયે જાય છે એવી જાગૃત સભાનતા રખાય એ પ્રભુપ્રીત્યર્થ કાર્ય. આજે મોટાનાં એ વચનને સાંભળ્યે બત્રીસ વર્ષ થયાં છે, છતાંય એ વાણી એટલી જ ભાવભરી અને તાજી છે. હજીય મારાથી મોટાએ પ્રેરેલું-મોટાને અભિપ્રેત એ કાર્ય પૂરેપૂરું થઈ શકતું નથી. મોટાનું કામ એટલે આપણા જીવનનો વિકાસ. જીવનનો વિકાસ એટલે જીવદશાના રાગદ્વેષાદિ મોળા પાડવાના આપણા અંતરના પુરુષાર્થ અને મથામણ. ઘણી વાર આવું બધું યાદ આવે છે અને પાછા હતા ત્યાં ને ત્યાં જ રહી જવાય છે ! મોટાનું કામ મોટું છે. આમેય મોટાનું કામ ક્યારેય નાનું નથી. ક્યારેક નાનું જણાતું કામ એના હાર્દમાં ઘણું જ મોટું હોય છે !

એ વખતે બીજા જ દિવસે હું, સોમભાઈ ભાવસારને મળવા ગયો. મને ખબર જ ન હતી કે મોટાના એ સગા ભાઈ હતા. મેં

એમને સાહિત્ય પરિષદ માટે પુસ્તક લખી આપવાની વિનંતી કરી કે તરત જ એ તો ભભૂકી ઊઠ્યા ! સાહિત્યકારો અને સાહિત્ય પરિષદના હોદ્દેદારો અને એની વહીવટી પદ્ધતિની એમને જે પ્રકારની જાણકારી હશે એને આધારે એમણે બધો રોષ મારા ઉપર ઠાલવ્યો. શાંત રહેવાનો ધ્યેય રાખેલો એટલે હું કશું બોલ્યો નહિ, પણ અંદરથી તો ચણચણતો હતો. મેં પછી કહ્યું, 'મને તો આપને વિનંતી કરવા મોટાએ સૂચવ્યું છે.' મારા મનમાં એમ હતું કે આ સાંભળીને તેઓ શાંત થશે, પણ એ તો વધુ ઉગ્ર થયા. 'મોટા કહે એટલે મારે લખી આપવું એવું કોણે કહ્યું ?'

મેં આ બધો હેવાલ હરિઃૐ આશ્રમમાં નંદુભાઈને લખી જણાવ્યો. બધો પત્રવહેવાર એમનાથી થતો હતો. એમણે મને સરસ રીતે જવાબ આપ્યો અને હવે હસ્તપ્રત મેળવવા પ્રયત્ન થશે એમ જણાવી, મારાથી થયેલા પ્રયત્ન બદલ આભાર વ્યક્ત કર્યો અને પત્રમાં છેલ્લે મોટા તમને યાદ કરે છે એમ લખ્યું હતું. જોકે એ વાક્ય એ વખત તદ્દન ઔપચારિક લાગતું હતું.

એ ગાળામાં પોંડિચેરીમાં સુંદરમ્ સાથે અને હરિઃૐ આશ્રમમાં નંદુભાઈ સાથે પત્રવહેવાર ચાલતો હતો. સુંદરમ્ સાથે જુદી જુદી અનુભૂતિઓની વાતો લખતો હતો અને નંદુભાઈ સાથે આશ્રમ તરફથી પોતાનું નામ ગુપ્ત રાખવા ઇચ્છતા દાતા તરફથી મળેલાં દાન અંગે થતાં કામનો હેવાલ આપવા માટે પત્રવહેવાર થતો હતો.

૧૯૬૬નું વર્ષ નોંધપાત્ર વર્ષ હતું. એ વખતે સાહિત્ય પરિષદનું સંમેલન સુરતમાં મળવાનું હતું. શ્રીઅરવિંદ સુવર્ણ-ચંદ્રક તથા ભગિની નિવેદિતા ચંદ્રકનું પ્રદાન એ સંમેલનની છેલ્લી

જાહેર સભામાં થવાનું હતું. ૨૮મી ડિસેમ્બરનો એ દિવસ હતો. સંમેલનના આ સમારંભમાં મોટા, હાજરી આપવાના હતા. સંમેલનના એક મહિના પહેલાં મને એકાએક વિચાર આવ્યો કે સુરતના હરિઃૐ આશ્રમમાં પ્રયોગ ખાતર ત્રણેક દિવસ મૌનએકાંતના ઓરડામાં બેસવું અને શ્રીમાતાજીનું ધ્યાન-પ્રાર્થના અને નૂતના ગાયત્રીના જપ કરવા. મારા જીવનમાં શાંતિ અનુભવવા માટે મારે કોઈ ગુરુ માનવા જોઈએ એવો વિચાર મને નહિ આવેલો, પરંતુ શ્રીઅરવિંદનો ફોટો ગુરુ જેવો લાગતો હતો અને એમનો તથા શ્રીમાતાજીનો ફોટો મને ગમતો હતો. મેં, નંદુભાઈને પત્રથી પુછાવ્યું કે 'સાહિત્ય પરિષદનું સંમેલન પૂરું થાય તે દિવસે સાંજે હું, હરિઃૐ આશ્રમે આવું અને ત્રણ દિવસ મૌનએકાંતમાં બેસું એવી વ્યવસ્થા બની શકશે ?' નંદુભાઈનો પત્ર આવ્યો કે 'કર્ણિક સાહેબનું મૌન નોંધાયેલું હતું જ, પરંતુ એ ત્રણ દિવસ મોડા આવવાના છે, એથી તમને એ ત્રણ દિવસ ફાળવી શકાશે. તમે સાહિત્ય પરિષદના સંમેલનમાંથી અમારી સાથે જ ગાડીમાં આશ્રમે આવશો તો અનુકૂળતા રહેશે.' મને આવો અનુકૂળ સંયોગ મળ્યો, એથી ખુશી ઊપજી. પણ મારી માન્યતાઓ વિશે મારે નંદુભાઈને સ્પષ્ટતા કરી લેવી જોઈએ એમ માનીને મેં જણાવ્યું કે 'હું કોઈ જીવતી વ્યક્તિને ગુરુ માનતો નથી, માની શકું એમ પણ નથી. એવું હોવાથી હું કોઈ ગુરુમંત્ર પણ સ્વીકારી શકું એમ નથી. જો આશ્રમના મૌન માટે અમુક જ માનવું કે કરવું એવો જ કડક નિયમ હોય તો ફરીથી વિચારું. હું, શ્રીમાતાજી પ્રત્યે પૂજ્યભાવ ધરાવું છું. એમને મેં જોયાં નથી, મળ્યો નથી છતાં કોઈ કટોકટીની પળે એમના શબ્દોએ મને શાંત

કરેલો, એથી એમની યાદ મને રહ્યા કરે છે.' આ મતલબની જાણ કરી. એના જવાબરૂપે નંદુભાઈએ લખેલું કે અહીં તમને યોગ્ય લાગે તેમ કરવાની પૂરતી સ્વતંત્રતા છે.

નંદુભાઈના દરેક પત્રમાં છેલ્લું વાક્ય એ હોય જ કે 'પૂજ્યશ્રીએ તમને યાદ કર્યા છે.'

•

# ૫. '...મળાયું, પણ ભળાયું નહિ'

તા. ૨૮મી ડિસેમ્બરના દિવસે સાંજે સંમેલનની જાહેર બેઠક હતી. બે દિવસથી સંમેલનની કાર્યવાહીનો સમય લંબાયે જતો હતો. એ દિવસે સભા નિશ્ચિત સમયે શરૂ થાય એવી શક્યતા ન હતી. નંદુભાઈએ મને પત્રમાં 'નિશ્ચિત સમય કરતાં દસ-પંદર મિનિટ વહેલા સભાસ્થાને આવી પહોંચશે' એમ જણાવેલું. સભામંડપમાં સાહિત્યકારો, સાહિત્યપ્રેમીઓ તથા સાહિત્યરસિકો પૂરતા પ્રમાણમાં હાજર ન હતા. સ્ટેજ ઉપર ખુરશીઓ ગોઠવાયેલી હતી, પરંતુ હોદ્દેદારો આવ્યા ન હતા. એ વાતાવરણમાં એક એમ્બેસેડર ગાડી આવી પહોંચી. માથા ઉપર ફેંટો વીંટેલ, ખભા ઉપર ખેસ નાખેલ અને દક્ષિણ ભારતમાં પહેરાય એવી કિનારવાળી ખાદીની લુંગી પહેરેલ ઉઘાડા શરીરવાળી વ્યક્તિ ગાડીની આગળની બેઠકનું બારણું ખૂલતાં જ નીચે ઊતરી. દોઢ વર્ષ પહેલાં સૂતેલી સ્થિતિમાં જોયેલ મોટાને પહેલી જ વાર ઊભા રહેલા જોયા. કમર ઉપર મોટો પટ્ટો બાંધેલો હતો. કરોડરજ્જુના મણકા ખસી ગયા હતા એમ જાણવા મળેલું. અત્યંત વિચિત્ર પોષાકમાં પણ આ વ્યક્તિ એ વખતે મને સોહામણી લાગી. એમના માટે નિશ્ચિત કરાયેલ બેઠકમાં એમને બેસાડ્યા. એમની પાછળ ગોઠવેલી બે ખુરશીમાંથી એક ખુરશીમાં નંદુભાઈ બેઠા. મંડપમાં જૂજ વ્યક્તિઓ અને સ્ટેજ ઉપર તો કોઈ જ નહિ છતાં ક્ષોભરહિત સ્થિતિમાં મોટાને બેઠેલા જોયા. મોટા આવી પહોંચ્યા છે એવી ખબર પ્રસરતાં બધા ઝડપથી ગોઠવાઈ ગયા. થોડીક વારમાં જ સભામંડપ પણ ભરાઈ ગયો. નિશ્ચિત

સમય કરતાં લગભગ અડધો કલાક મોડું થયેલું. બે પ્રવચનો થયાં હશે ત્યાં જ મોટાએ પાછા વળીને નંદુભાઈને જણાવ્યું કે 'આપણો આશ્રમે જવાનો સમય થઈ ગયો છે.' એથી સાહિત્યકાર વક્તાનું પ્રવચન પૂરું થતાં જ મોટા તો ઝડપથી ખુરશીમાંથી ઊભા થઈ ગયા. જરાપણ ક્ષોભ પામ્યા વિના બે હાથ જોડીને ખુરશીઓમાં ગોઠવાયેલા વિદ્વાનોને કહ્યું, 'માફ કરજો સાહેબો, અમારો સમય પૂરો થયો છે. એથી અમે રજા લઈએ છીએ.'

મોટાના આ વહેવારે સૌને આશ્ચર્યમાં ડુબાડેલા. હું પણ મારી બેગ તૈયાર રાખીને બેઠેલો. મેં મારો આશ્રમ રોકાણનો કાર્યક્રમ યશવંતભાઈને જણાવી રાખેલો.

કોઈકે કહ્યું, 'મોટા, થોડીક વાર થોભો. આપને પુષ્પહાર અર્પણ કરી લઈએ.'

મોટાએ કહ્યું, 'એ બધું પહોંચી ગયું. આપની કાર્યવાહી આપ ચાલુ રાખો.'

એમ કહીને ખુરશી ખસેડીને મોટા સ્ટેજ ઉપરના પાછળના રસ્તે આગળ ચાલ્યા. ત્યાં ઊતરવાના બે પગથિયાં હતાં. મોટા થોભ્યા અને મારા તરફ નજર કરીને બોલ્યા, 'સાહેબ, તમારો ટેકો મને આપશો ?'

હું સહેજ નમ્યો. મોટાએ મને ડોક ઉપર વીંટતો હાથ મૂક્યો અને ધીમેથી બે પગથિયાં ઊતરી ગયા.

બે ડગલાં આગળ ગયા ત્યાં એક યુવાન પોતાની પાસેની હસ્તાક્ષર સંગ્રહની ડાયરી ખોલીને મોટા પાસે હસ્તાક્ષર કરાવવા પેન ખોલીને ઊભો રહ્યો. મોટાએ પૂછ્યું,

'ભાઈ, હસ્તાક્ષર લઈને તું શું કરીશ ?'

'મોટા માણસોના હસ્તાક્ષરો-એમની સહી સંઘરવાનો મારો શોખ છે.

'આવા હેતુ વિનાના શોખ તો ઘેલછા કહેવાય !'

મને એમ થયું કે સહી કરી આપવી એ તો એક ગૌરવ છે. સાહિત્યકારો કંઈક મોટું કાર્ય આચરતા હોય એવા ભાવથી સંદેશો લખી આપીને સહી કરી આપતા હોય છે અને આવા કાર્યનું ગૌરવ અનુભવતા હોય છે. મોટાની વાત મને જરા વિચિત્ર લાગતી હતી.

આમ છતાં પેલા યુવાને વધારે વિનંતી અને આજીજીભર્યો આગ્રહ ચાલુ રાખ્યો ત્યારે મોટાએ કહ્યું, 'પાંચ રૂપિયા આપે તો લખી આપું. અમારા રોટલા નીકળે !'

આ સાંભળીને મારા અચરજનો પાર ના રહ્યો. પેલો યુવાન તો સહી લીધા વિના વિદાય થઈ ગયો. મોટા, ગાડીમાં ડ્રાઈવરની બાજુની બેઠક ઉપર ગોઠવાયા અને મને એમની બાજુમાં બેસવા જણાવ્યું. પાછળની બેઠક ખાલી હતી. માત્ર નંદુભાઈ જ હતા. મેં પણ કશી આનાકાની કે વિવેક ના કર્યો. થોડીક સંકડાશ અનુભવાતી હતી અને હું થોડોક સંકોચ પણ અનુભવતો હતો. મોટાએ મારા ખભા ફરતો હાથ વીંટ્યો. આશ્રમ થોડો દૂર હતો. ગાડી ઊપડતાં જ મોટાએ મને પૂછ્યું, 'તમે કૉલેજમાં શું ભણાવો છો ?'

મોટાના આ એક જ પ્રશ્નથી મારું પ્રવચન ચાલુ થયું. મેં કેટલું વાંચ્યું છે, હું કયાં પુસ્તકો શીખવું છું, કેવી રીતે શીખવું છું, પુસ્તકનું તાત્પર્ય શું હોય, એ કેવી રીતે સમજાવું છું, ગાંધીજીના 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' અને 'આત્મકથા' મેં

શીખવી છે. કવિતામાં શબ્દની શક્તિ, રસ વગેરે શું-આ બધું જ મેં તો કહ્યે રાખ્યું. મોટાના સામું જોઉં, મોટા મારા સામું જુએ અને હું બોલ્યા જ કરતો હતો. મને એમ હતું કે મારામાં જે કંઈ છે એનો પ્રભાવ હું પાડું. ખરેખર તો મારામાં વિદ્વત્તા ન હતી, પણ એનો ડોળ હતો, દંભ હતો. પણ એ વખતે તો એ જ રીત મને યોગ્ય લાગતી હતી. આશ્રમ સુધી આવતાં મેં જ બોલ્યે રાખ્યું હતું. ડિસેમ્બર મહિનો હોવાથી અંધારું વહેલું થયેલું. સાંજે સાતેક વાગતાં અમે આશ્રમે આવી ગયા.

અમારા માટે જમવાનું રાખેલું. અમે હાથ, પગ, મોં ધોઈને રસોડામાં જમવા માટે ગયા. મારે તથા મોટાને જ જમવાનું હતું. નંદુભાઈ જમવાના ન હતા. બંને જણે 'સહનાવવતુ'ની પ્રાર્થના કરી અને જમવાનું શરૂ કર્યું. જમવામાં બાજરીના જાડા રોટલા, શાક અને દૂધ હતાં. મોટાએ મને પૂછ્યું, 'સાહેબ, અમારા ગરીબ લોકનું ખાવાનું ફાવશેને ?'

મોટાના શબ્દો એવા પ્રેમથી સભર હતા કે જે આજ સુધી વીસરાતા નથી. એ ભાવ પણ હજી હૃદયમાં અનુભવાય છે. એ પછી એમણે પોતાના માટેની દૂધની વાડકીમાં દૂધની મલાઈ જામેલી એ મારી થાળીમાંના રોટલા ઉપર લેવા કહ્યું. રોટલા ઉપર ઘી ન હતું. બાજરીના રોટલા ઉપર મલાઈ લઈને મેં રોટલો ક્યારેય ખાધેલો નહિ, પણ એ સાંજના વાળુની મીઠાશ હજીય વીસરાઈ નથી. એમ થયા કરતું હતું કે આ વ્યક્તિ કોણ છે ? બધાં એમને પગે લાગે છે.

એ પછી મૌનએકાંતમાં જવાની પૂર્વતૈયારી રૂપે એક ફૉર્મ ઉપર સહી કરવાની કહી. મેં એ ફૉર્મ વાંચ્યું. એમાં એવું હતું કે

અંદર કંઈ થાય તો જવાબદારી કોઈની નથી. હું ગભરાયો પણ ખરો. પછી કપડાં ઉપર નંબર લગાવાયા અને મૌનએકાંતનો કાર્યક્રમ સમજાવાયો. બીજે દિવસે મંગળવાર હતો. એ વખતે મૌનએકાંતનું એક સપ્તાહ પૂરું થતું હતું. મૌનએકાંતમાં રહેનારનાં નિવેદનો મને વાંચવા અપાયા એથી મારો ગભરાટ ઘટ્યો. બીજે દિવસે સવારે છ વાગ્યે મૌનઓરડામાં જવાનું હતું. એથી ચાર વાગ્યે ઊઠીને તૈયાર થવાનું. રાત્રે આઠ વાગ્યે સૂઈ જવાનું. હું પણ આશ્રમની એ વ્યવસ્થામાં ગોઠવાયો.

બીજે દિવસે વહેલી સવારે છ વાગ્યે પ્રાર્થના અને પ્રવચન હતાં. પ્રાર્થના પૂરી થયા પછી મોટાએ પ્રવચન કર્યું. મોટાનું આ પ્રવચન શબ્દની શક્તિ વિશે હતું. મોટાનો પ્રત્યેક શબ્દ મારા હૈયાને કોરતો હતો, સાથે ઊંડો પશ્ચાત્તાપ પ્રેરતો હતો. ગઈ કાલે સાંજે એમની સાથેની વાતચીતમાંની મારી ડંફાસો, ફાંકો, હોશિયારીનો દેખાવ, અહંકાર વગેરેનું મને ભાન થવા લાગ્યું. મોટાનું જ્ઞાન મને આંજતું ન હતું, પણ હું જે આજસુધી જાણતો નથી, એવી વાત એ કહી રહ્યા હતા. પ્રવચન પૂરું થતાં એમને પગે લાગ્યા વિના જ આશ્રમના સેવક ભીખુભાઈ સાથે મૌનઓરડા તરફ ગયો અને મૌનઓરડામાં જઈને ભીખુભાઈએ બુલંદ અવાજે 'હરિઃૐ'નો પોકાર કર્યો. હું 'હરિઃૐ' બોલ્યો નહિ. મેં નક્કી કરેલું કે મારે કોઈ મંત્ર જોઈતો નથી. મારે કોઈને ગુરુ માનવા નથી. ઓરડામાં થોડું અંધારું હતું. વીજળીની વ્યવસ્થા હતી, પણ વીજળીના બલ્બનું અજવાળું આછું હતું. પાટલાની સામેના સ્ટૂલ ઉપર મોટાનો ફોટો હતો. એ ફોટાને અઢેલીને મેં શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીનો ફોટો મૂક્યો અને 'પ્રેયર્સ ઍન્ડ મેડિટેશન'

વાંચવા માંડ્યું. એ થોડોક સમય વાંચ્યા પછી નૂતના ગાયત્રીનો જપ શરૂ કર્યો. 'આનંદમયિ ચૈતન્યમયિ સત્યમયિ પરમે'નું ગાન કર્યું. પછી ધ્યાન કર્યું. કેટલી બધી બાબતો કર્યા કરી તોય માંડ એક જ કલાક થયો હતો ! ઘડિયાળનો કાંટો જ ખસતો ના હોય એમ લાગતું હતું. ત્રણ દિવસ કેવી રીતે પસાર થશે ?-એનો વિચાર આવતાં જ મને ધ્રાસકો પડ્યો. મને એમ થયું કે કે આમાં ક્યાં પુરાયા ? આ બધું બહાર બેઠાં બેઠાં પણ ક્યાં થતું ન હતું ? અહીં અંદર અંધારા એકાંતમાં બેસીને હું શેનો પ્રયોગ કરવા માગતો હતો ? અંધારા-એકાંતમાં રહી શકાય-એનો પ્રયોગ કરવા ધારતો હતો ? તો એમાં હું નિષ્ફળ ગયો છું. ઘરે બધાંને કહીને આવ્યો છું અને નીકળીને જઉં તો મારી નાલેશી થાય. એટલે પડ્યા રહો. મારે હવે ક્યારેય આવો પ્રયોગ કરવો નથી. થોડીક વાર આંટા મારું અને થોડીક વાર હીંચકે ઝૂલું અને વારેવારે ઘડિયાળના કાંટા સામે જોઉં. કાંટો તો જાણે ખસતો જ ન હતો. મને થયું કે બહાર તો સમય પાણી કરતાંય વેગથી વહે છે અને અહીં શું થયું છે ? ત્રણ દિવસ તો નહિ જ પસાર થાય. આજે હમણાં જમવાનું આવે ત્યારે ચિઠ્ઠી લખીને બહાર નીકળી જઈએ. આમ નક્કી કર્યું. જમીને થાળી મૂકતાં ચિઠ્ઠી લખવાની તૈયારી કરી ત્યારે એમ વિચાર આવ્યો કે દસ તો વાગ્યા છે. બપોરની ચા સુધીનો સમય પસાર કરીએ. જોઈએ શું થાય છે.

જમ્યા પછીનો સમય પસાર કરવા માટે એમ સૂચવેલું કે ભજન ગાવાં- પણ 'ડલ' ના બનવું. આથી, મેં આશ્રમ ભજનાવલિમાંનાં મારાં પ્રિય ભજનો, 'મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજે રે' તથા 'પ્રેમળજ્યોતિ તારો દાખવી મુજ જીવનપથ

ઉજાળ.' અને નરસિંહ મહેતાનાં રચેલાં બીજાં પદો ગાયાં. પણ કેટલી વાર ? બપોરના બાર વાગતાં તો જાણે મારા બાર વાગી ગયા અને ગભરામણ થવા લાગી. અંદર ભીંસ અનુભવાતી હતી. આવી એકલતા ક્યારેય અનુભવી ન હતી. મને થયું કે ભગવાનની વાત છોડો, આપણે બહાર નીકળી જઈએ અને બેલ મારવા બટન પાસે આંગળી લઈ ગયો ત્યાં પાછો વિચાર પલટાયો. આજનો દિવસ પસાર થવા દો. પાટલા ઉપર બેસીને ધ્યાન-પ્રાર્થના કરું. હીંચકે બેસીને ભજનો ગાવું. ખાવાનું, ચા વગેરે મૂકતાં-લઈ લઉં. પણ 'હરિઃૐ' ના બોલું. કેટલી સજ્જડ ગ્રંથિ હતી ! કેટલી સજ્જડ ગાંઠ હતી ! આ ગાંઠની જ પીડા હતી, પણ એનું ભાન ન હતું. પહેલી રાત આવી ગભરામણ-ભયમાં થોડીક જ ઊંઘ સાથે પસાર થઈ. બીજા દિવસે સવારે નીકળી જવાનો દૃઢ નિશ્ચય કર્યો, પણ વળી પાછું ચિઠ્ઠી લખતાં પહેલાં વિચાર પલટાઈ ગયો.

બીજા દિવસે સવારે એક ચિઠ્ઠી આવી. એમાં લખ્યું હતું કે 'આપને વાંધો ના હોય તો પુસ્તકોના કબાટમાં મોટાનું લખેલું **'જીવન દર્શન'** પુસ્તક છે. એ વાંચશો એમ મોટાએ લખાવ્યું છે.' કબાટ ખોલ્યું તો ઘણાં પુસ્તકો હતાં. 'જીવન દર્શન' પુસ્તક કાઢ્યું, પણ લેખક તરીકે એમનું નામ તો ક્યાંય ન હતું. સંપાદકોનાં નામ હતાં. એના 'લેખકના બે બોલ' વાંચ્યા. ગઈ કાલે પ્રવચન આપતા જે અવાજ હતો એવો અવાજ વંચાતા શબ્દોમાંથી મને સંભળાવા લાગ્યો અને 'જીવન દર્શન' વાંચવાનું શરૂ કર્યું. એક પછી એક પાનાં વંચાતા હતા-એમ કહું એના કરતાં એ વંચાતા શબ્દો સંભળાતા હતા એવું ભાસતું હતું. પુસ્તક બંધ કરવાનું

ગમતું ન હતું. એ પછી જેમ જેમ મોટાના જીવનપ્રસંગો, પૂજ્ય બાળયોગીનો, પૂજ્ય ઉપાસનીબાબાનો, પૂજ્ય કેશવાનંદજીનો પરિચય પમાતો ગયો તેમ તેમ આહ્‌લાદ વધવા લાગ્યો. મોટાની કપરી સાધના તપશ્ચર્યા વાંચી અને આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. પશ્ચાત્તાપ થયો, 'અરે ! આવા મહાન આત્માની મેં કેટલી અવગણના કરેલી ? આ તો જબરા તપસ્વી છે ! મેં એમના ફોટા સામેય નજર ના કરી ? કેવો અહંકારી, કેવો ઘમંડી !' આમ, પુસ્તક વાંચતાં વાંચતાં થયા કરતું હતું. આખો દિવસ પુસ્તક જ વાંચ્યા કર્યું. મેં આજસુધી વાંચેલાં પુસ્તકોમાં આના જેટલું રસભર્યું પુસ્તક બીજું ક્યારેય વાંચ્યું ન હતું. મેં મનોમન મોટાની ખૂબ માફી માગી. પરમ દિવસે સવારે ૧લી જાન્યુઆરીના દિવસે બહાર નીકળીને એમનાં ચરણમાં માથું ઢાળીને માફી માગીશ. 'મારી અવગણનાની, મારી અવહેલનાની મને ક્ષમા આાપો.' ગઈ કાલે બહાર નીકળી ના ગયો એ કેટલું સારું થયું ! તરત જ મનને સૂઝ્યું કે હું તો બહાર નીકળી જવાના નિશ્ચયમાં હતો, પણ નિર્ણયની પળે કઈ શક્તિ મારા નિશ્ચયને પલટી દેતી હતી ? થોડુંક થોડુંક મન ખૂલતું હતું.

બીજા દિવસની રાતનો મારો અનુભવ અદ્‌ભુત હતો. મોટાના સંપર્કથી, સંબંધથી મૌનમાં તેમ જ બહાર અનેક પ્રકારના અનુભવો થયા છે, એ બધા આ પુસ્તકમાં પ્રગટ કરવા યોગ્ય નથી ધાર્યું, કેમ કે એ અનુભવથી જે મૂળભૂત પરિણામ આવવું જોઈએ એ પામ્યો નથી. એથી એવા અનુભવો તદ્દન સાચા હોવા છતાં એના હેતુને ફલિત ના કરે ત્યાં સુધી ના લખવા-એમ નક્કી રાખ્યું છે, પરંતુ આ અનુભવ રજૂ કરવો યોગ્ય લાગે છે. એનો

જીવનમાં ઊંડો સંસ્કાર પડ્યો છે. મધરાત સુધી હું ઘેરી ઊંઘમાં હતો. પછી ઊંઘ ચાલી ગઈ, પણ આંખ તો મીંચેલી જ હતી. એટલે તંદ્રાની સ્થિતિ હોય એમ લાગતું હતું. એવામાં એકાએક પવનનો સુસવાટો આવ્યો અને એ પવન મારા કાનમાં ભરાયો અને બીજી જ ક્ષણે બીજી બાજુના કાનમાંથી એ પવન પસાર થયો. મારા બંને કાનમાંથી પવનના સુસવાટા સામાસામે પસાર થતા હતા. મારી આંખ ખૂલી શકતી ન હતી. મને બેઠા થઈ જવાનું મન પણ થતું ન હતું. આ શું થાય છે એ સમજાતું ન હતું. પછી એ પવન મારા માથામાં ગોળ ચક્કર ઘૂમવા લાગ્યો. આમ છતાં માથામાં ભાર લાગતો ન હતો. આમ, સતત ચાલ્યા કર્યું. થોડોક સમય મને એવું લાગ્યું કે આ એકાંતને લીધે મારા જ્ઞાનતંતુઓમાં કશીક ગરબડ તો નહિ થઈ હોયને ? મને કશુંક થઈ તો નહિ જાયને ? આવા વિચારથી ભય પણ લાગવા માંડ્યો તો બીજી બાજુથી મોટાના 'જીવન દર્શન'માંના પ્રસંગોના સ્મરણથી થતું હતું કે એમાં કશું જ ગભરાવાની જરૂર નથી. આપણે તો પથારીમાં સૂતા છીએ. પવનને પણ આવવાની જગા નથી. આ કદાચ ભ્રમણા હશે. આવા વિચારો આવતા હતા. સાથે સાથે સૂ-સૂ-સૂનો લય કાનમાં અને માથામાં જામી ગયેલો અનુભવાતો હતો. મારાથી એકાએક આંખ ખૂલી ગઈ. ઘડિયાળ સામે જોયું. સાડા ત્રણ થયા હતા અને મારા મોંમાંથી લયબદ્ધ 'હરિઃૐ' શબ્દ નીકળવાનો શરૂ થયો. તરત જ પેલા સુસવાટા બંધ થયા અને જે લય કાનમાં સંભળાતો હતો, માથામાં ફરતો હતો એ મોંએથી બોલવાનો શરૂ થયો. એ શબ્દ અટકે જ નહિ. મેં 'હરિઃૐ' બોલવાનું બંધ કરવાનો પ્રયત્ન પણ કર્યો, પણ એ તો અટકે જ

નહિ. મૌનઓરડામાં સાફસૂફી કરતાં બીજી ક્રિયાઓ કરતાં, 'હરિઃૐ', 'હરિઃૐ' બોલાયે જ જતું હતું.

ત્રીજો દિવસ ગાવામાં, નાચવા-કૂદવામાં અને 'જીવન દર્શન' પુસ્તકના બાકી રહેલા ભાગના વાંચનના અલૌકિક આનંદમાં કેવી રીતે ઝડપથી પસાર થયો એની ખબર પણ ના રહી. પહેલા દિવસની મિનિટે મિનિટની મંથરગતિમાં આટલો બધો વેગ કેવી રીતે આવ્યો ? સમયની ગતિની આ વિચિત્રતા મને વિસ્મય પમાડતી હતી.

એ દિવસે સાંજે નંદુભાઈની ચિઠ્ઠી મળી કે, 'કર્ણિક સાહેબ આવી ગયા છે. કાલ સવારે તમને બહાર કાઢીશું. આ સાથેનો કાગળ નિવેદન લખવા આપને મોકલ્યો છે.' નિવેદન લખતાં મારું હૃદય ભરાઈ આવ્યું. આ ઓરડામાંથી નીકળવું ગમતું ન હતું. ત્રણ દિવસમાં આ શો ફેરફાર થયો ? એ મને સમજાયું ન હતું. નિવેદન લખી દીધું.

તા. ૧લી જાન્યુઆરી, ૧૯૬૭ની સવારે છ વાગ્યે હું ત્રણ દિવસના મારા પહેલા મૌનએકાંતમાંથી બહાર નીકળ્યો. મોટા પાસે ગયો. હાલ મોટાનો ફોટો મૂકેલો પલંગ છે ત્યાં મોટા સૂતા હતા. ઠંડીને લીધે માત્ર મોં જ દેખાય એટલો ભાગ ખુલ્લો હતો. બાકીના શરીર ઉપર ઓઢેલું હતું. વીજળીના દીવાનું અજવાળું પણ ઓછું હતું. મેં મોટાના પગ પકડી લીધા અને માથું પગે અડાડ્યું. હૃદય ગદ્‌ગદ થયું હતું. એમણે મને પૂછ્યું, 'ભઈલા, અંદર આનંદ આવ્યોને ?' હું કશું જ બોલી ના શક્યો. એમની પાસે બેસીને મેં એમના મોં સામે જોયું. હું ભારે વિસ્મયમાં ડૂબી ગયો. મોટાનો ચહેરો જ ના દેખાયો. શ્રીમાતાજીનો જ ચહેરો

સ્પષ્ટ દેખાવા લાગ્યો. હું ખુલ્લી આંખે ધારી ધારીને જોતો હતો. હું ભ્રાંતિમાં તો નથીને એની ખાતરી કર્યા કરતો હતો.

ત્યાં જ મોટા બોલ્યા, 'તમે આ જે જોયું એમાં કશું જ આશ્ચર્ય પામવા જેવું નથી. તમે જેમના પ્રત્યે પૂજ્યભાવ ધરાવો છો એમની છબી તમારા સબકોન્શ્યસમાં સ્થપાયેલી છે. એનું પ્રોજેક્શન તમને અહીં દેખાયું છે. તમે તમારામાંનું જુઓ છો. બીજું કશું નથી !'

ઘેર ગયા પછી 'હરિઃૐ, હરિઃૐ' બોલાયા જતું હતું. અરુણાને આશ્ચર્ય થયેલું. આ વળી બીજું શું ? 'આનંદમયી' અને 'શ્રીઅરવિંદ'નું રટણ ચાલતું હતું-એમાંથી આ શું થયું ? હું પણ કશું સમજાવી શક્યો ન હતો. મૌનએકાંત ઓરડામાંથી મને આવી ભેટ મળી હતી.

મોટાને મળ્યા પછી, મૌનમંદિરમાં એમની ચેતનાનો સ્પર્શ અનુભવ્યા પછી કોણ જાણે શાથી એમને મળવા જવાની ઇચ્છા થતી ન હતી. જોકે આખા દિવસના કામકાજમાં એવો સમય પણ રહેતો ન હતો. 'હરિઃૐ' બોલાતું હતું. એ શબ્દ મને ખૂબ ગમવા લાગેલો. 'મોટાજી' અને 'માતાજી' એક જ રૂપ છે એમ પણ મેં ઠસાવેલું. 'હરિઃૐ' શબ્દ મળવાથી શ્રીમાતાજી પ્રત્યેના ભાવમાં જરા પણ ઓટ આવી ન હતી. 'હરિઃૐ' બોલવાથી મનને સારું લાગતું હતું, પરંતુ જે શાંતિનો અનુભવ ઝંખતો હતો એવી શાંતિ મળતી ન હતી. ઘણી વાર આશ્રમજીવન સ્વીકારી લેવાનું મન થયા કરતું હતું, પરંતુ પત્ની અને પરિવારની ગૂંચ ઊકલે એવી ન હતી. એથી ક્યાં જવાય ? મન વારેવારે નાસતું હતું પણ વહેવારજીવનની નક્કરતા પગને જકડી રાખતી હતી.

મોટાને મળાયું ખરું, પરંતુ એમની સાથે કશી વાતો ના થઈ. કશું સમાધાન ના પમાયું. એમને મળાયું, પણ ભળાયું નહિ.

●

એ જ વર્ષમાં પોંડિચેરીના શ્રીઅરવિંદ આશ્રમમાં દસેક દિવસ રહેવા જવાનું યોજ્યું. શ્રીમાતાજીનાં પ્રત્યક્ષ દર્શન કરવાની ઇચ્છા હતી. આથી, એપ્રિલ માસના દર્શન દિવસ પહેલાં, પોંડિચેરી પહોંચ્યાં. અમારા રહેવાની જોગવાઈ હતી. પોંડિચેરીમાં દર્શન દિવસે માતાજી બાલ્કનીમાં આવે એ વખતે હજારો માણસો સ્વયંશિસ્તથી બાલ્કની તરફ મીટ માંડીને ઊભા રહે. હું અને અરુણા સાથે જ હતાં. અરુણા મારી સાથે જ રહે એ જ મને હંમેશાં રુચિકર રહેતું. મારી એવી ભાવના પણ ખરી જ. અમે બંનેએ શ્રીમાતીજીનાં બાલ્કની દર્શન કર્યાં.

અમારી ઇચ્છા શ્રીમાતાજીને રૂબરૂ મળવાની હતી. એ વખતે શ્રીમાતાજી કોઈને રૂબરૂ દર્શન આપતાં ન હતાં એમ જાણવા મળેલું. આમ છતાં અમે બંનેએ અમારા ફોટા પડાવીને શ્રીમાતાજીને દર્શન માટેની અમારી ઇચ્છા વ્યક્ત કરતી પ્રાર્થના સાથે મોકલ્યા. અમારા આશ્ચર્ય વચ્ચે બીજે જ દિવસે દર્શનની સંમતિ મળી ગઈ. શ્રીમાતાજીના ખંડમાં અમે પ્રવેશ કર્યો. તેઓ ખુરશી ઉપર બેઠાં હતાં. એમના મધુર સ્મિત સાથે અમને આવકાર્યાં. મારે અંગ્રેજીમાં કશુંક પૂછવું હતું એની તૈયારી કરી હતી, પરંતુ એમનાં નેત્રોમાંથી વહી આવતી પ્રેમધારામાં હું ભીંજાઈ ગયો. અમે એમના ખોળામાં માથું મૂક્યું અને હૈયું ખાલી થઈ ગયું. હૃદય ખાલી થયું અને હૃદય ભરાયું. આ પણ એક અલૌકિક અનુભવ હતો.

અમે માત્ર પોંડિચેરી સિવાય ક્યાંય ના જવું એવો નિશ્ચય કરેલો. જેથી, એનું વાતાવરણ માણી શકાય. ત્યાં અચાનક મને મોટાની યાદ આવી. મેં અરુણાને કહ્યું કે આપણે બીજે ક્યાંય જવું હોય તો કુંભકોણમ્ જઈએ. ત્યાં મોટાનો હરિઃૐ આશ્રમ છે એવી મને જાણ છે. મેં તપાસ કરી પણ કશી જ માહિતી મળી નહિ. એથી અમે પોંડિચેરીમાં જ રહ્યાં.

શ્રીઅરવિંદના યોગમાર્ગ વિશે સાંભળ્યું હતું અને એમના પત્રો પણ વાંચ્યા. અતિમનસ, ચેતના અને અવતરણ જેવા શબ્દો હુંય બોલતો થયો હતો, પણ મને કશું સમજાતું નહિ. છતાંય સમજ્યાનો ડોળ તો હતો. આવા શબ્દો અને કેટલાક વાક્યો બોલવાથી પ્રભાવ પાડવાની વૃત્તિ પણ ખરી. શ્રીમાતાજીનું લખાણ મને સમજાતું ખરું, પરંતુ એનો જીવનમાં અભ્યાસ કરવાનું મુશ્કેલ બનતું. બધું કૃપાથી અને ચમત્કારથી જ પાર પડે એવી ભ્રામક આસ્થામાં ભટક્યા કરતો હતો. બધું શ્રીમાતાજી કૃપાથી કરી દેશે, એવી હવા શ્રીઅરવિંદ આશ્રમમાં હતી.

●

## ૬. 'મોટા યાદ કરે છે !'

જ્યારે મોટાના ઉત્સવો જુદાં જુદાં સ્થળે થતા ત્યારે છાપેલું પોસ્ટકાર્ડ-નિમંત્રણ-મને મળતું, પણ મારાથી એમાં જવાતું નહિ. ખરી વાત તો એ હતી કે જવાનું મન પણ થતું ન હતું. સુરતના સાહિત્ય પરિષદ સંમેલન વખતે મોટાને રૂબરૂ મળ્યો તથા ત્રણ દિવસ મૌનમાં રહીને જે અનુભવ પામ્યો એય વીસરાઈ ગયા જેવો જ બનેલો.

તા. ૧૦-૪-૧૯૬૫ના દિવસે ડભાણમાં મોટાનો રામનવમીનો ઉત્સવ હતો. એનું આમંત્રણ મળેલું. મેં અને અરુણાએ વિચાર્યું કે આપણને વડતાલ જવાનું મન છે તો ડભાણના ઉત્સવમાં આંટો મારીને જઈએ. એટલે અમે ડભાણ ઊતર્યા. એક ઝૂંપડી બનાવેલી એમાં મોટા બેઠા હતા અને પ્રવચન કરતા હતા. પ્રવચનના અવાજમાં સિંહગર્જના સંભળાતી હતી. પહેલી જ વાર જ્યારે મોટાને ચંદુભાઈને ઘેર મળેલો ત્યારે એમના અવાજમાં સમુદ્રની ભરતીનાં મોજાં જેવો અવાજ હતો. આ ઉત્સવ પ્રસંગે એમનો અવાજ જબ્બર નાદવાળો હતો, પરંતુ એ જે બોલતા હતા એમાં વિચારની કશી સુગ્રથિતતા કે સંકલના ન હતી. વચ્ચે ક્યારેક 'મારી હાહુના' અને 'સાલા' શબ્દો પણ આવે. હું એમનું પ્રવચન સાંભળતો હોવા છતાં આવા દોષ જ મને જણાતા હતા અને એમ વિચારતો હતો કે 'આમને પ્રવચન કરતાં નથી આવડતું,' કેમ કે મેં જે પ્રવચનો સાંભળેલાં એનો પ્રભાવ ન્યારો હતો.

૧૯૬૧ થી ૧૯૬૪ દરમિયાન મેં આચાર્ય રજનીશજી અને સ્વામી ચિન્મયાનંદજીનાં ઘણાં પ્રવચનો સાંભળેલાં. એના આધારે

ધર્મપ્રવચનનો એક આદર્શ મારા મનમાં અંકાયેલો હતો. વળી, કૉલેજના વર્ગમાંના મારાં વ્યાખ્યાનોથી વિદ્યાર્થીઓ જે રીતે ખુશ રહેતા એથી હું પણ એક સફળ વક્તા છું એવા મિજાજમાં પણ રહેતો હતો. આથી, મોટાની પ્રવચનશૈલીથી હું બિલકુલ પ્રભાવિત થયો ન હતો. એ વખતે પ્રવચન અને અનુભવવાણી વચ્ચેના તફાવતની સમજ જ ન હતી, પણ સમજણના ફાંકાનું અંધારું હતું. મેં જાતે જ બારણાં બંધ કરેલાં હતાં, આથી, મેં અરુણાને ઈશારાથી થોડીક વાર પછી જવાનું સૂચવેલું.

મોટાનું પ્રવચન પૂરું થતાં ત્યાં એકત્ર થયેલા લોકો લાઇનમાં ઊભા રહીને મોટાને પગે લાગીને રૂપિયા મૂકતા હતા. મોટા એ વખતે રૂપિયા માગતા હતા. રૂપિયા ભેગા કરનાર ઘણા મહારાજોનો સંપર્ક મને થયેલો. એથી રૂપિયા માગનાર પ્રત્યે મને પૂર્વગ્રહ હતો. રૂપિયા માગવાની મોટાની આવી રીત એ વખતે પણ ન્યારી લાગેલી પણ મનમતિએ એની યથાર્થતા સ્વીકારી નહિ. એથી અમે બંને મંડપની બહાર જવા તૈયાર થયાં ત્યાં જ મોટાનો અવાજ આવ્યો કે 'કોઈ પ્રસાદ લીધા વિના જશો નહિ.' આ અવાજમાં મને ઔપચારિકતા લાગી એટલે મેં ધ્યાન ઉપર ના લીધું. અમે બંને દરવાજા સુધી પહોંચ્યાં એ દરમિયાન મોટા એકસરખું એ વાક્ય બોલ્યા જ કરતા હતા. એની અવગણના કરવાના ખ્યાલથી નહિ પરંતુ અમે જમવા રોકાઈએ તો વડતાલ સમયસર નહિ જવાય એથી અમે દરવાજા બહાર નીકળતાં હતાં ત્યાં એક ભાઈએ બે હાથ જોડીને અમને કહ્યું, 'મોટાનું કહ્યું માનીને પણ પ્રસાદ લઈને જાઓ. જલદી કામ પૂરું થશે.' મેં એમને કહેલું કે 'અમારે વડતાલ સ્વામીનારાયણ મંદિરમાં જવું

છે.' તો એમણે કહ્યું, 'તમને ત્યાં પહોંચાડવાની હું વ્યવસ્થા કરીશ.'

આથી, વિવેક ખાતર અમે પાછા ફર્યા. આપણાથી મફત જમાય નહિ. આથી, અમે મોટાને વંદન કરીને પાંચ રૂપિયા મૂકવાનું નક્કી કર્યું. મોટાને બે વર્ષ ઉપર મળેલો એટલે એ કંઈ મને ઓળખે નહિ, પણ નંદુભાઈ મને ઓળખતા હતા. સુરત મૌનમાંથી નીકળીને ભાવવિભોર બનતાં મોટાનાં ચરણમાં માથું મૂકેલું, પણ આ વખતે માથું નમાવીને પ્રણામ કરવાનો ઉમળકો ન હતો. લાઇનમાં મારો વારો આવ્યો ત્યારે નંદુભાઈએ મોટાને યાદ અપાવ્યું કે, 'સાહિત્ય પરિષદવાળા રમેશભાઈ છે.' મેં હાથ જોડ્યા. એમણે સહેજ વળીને હાથ લંબાવીને મારો ખભો પકડ્યો કે તરત જ મારું માથું એમના પગમાં નમ્યું. એમણે મારા બરડામાં જોરથી ધબ્બો માર્યો. પછી બે હાથ વચ્ચે મારો હાથ પકડી બોલ્યા કે 'દોસ્તી રાખજો.' હું પાંચ રૂપિયા મૂકીને મંડપમાં આવ્યો.

મોટાના આ સ્પર્શથી મારા શરીરમાં એક પ્રકારનું કંપન થયું હતું. છતાં એનું મહત્ત્વ મેં સ્વીકાર્યું નહિ, કેમ કે મહારાજો વિશેની મારી ગ્રંથિ મજબૂત હતી. એક મહારાજ તો મને એમનો શિષ્ય બનાવવા મારી પાછળ પડી ગયેલા. અનેક પ્રલોભનો આપતા હતા. હું અંજાઈ પણ ગયો હતો, પરંતુ એમની નજીક રહેવાથી એમનાં વહેવારવર્તન જોતાં હું તો મુંઝાઈ ગયેલો અને એમની પકડમાંથી છૂટી ગયેલો. આ સંસ્કારથી હું બધા મહારાજોના વહેવારો મૂલવતો.

**'જીવન દર્શન'**માં મોટાની સાધના, તપ, દિવ્ય જીવનના અનુભવ વાંચેલા. એનું આકર્ષણ થયેલું પણ બધું જ વીસરાઈ ગયું હતું. આથી, મોટાની આ વખતની ચેષ્ટાનું મહત્ત્વ પણ મારા મનમાં ના વસ્યું.

પ્રસાદ લેવા પંગતમાં બેસી ગયા. લાડુનું જમણ હતું. એ વખતે પણ એવો વિચાર આવ્યો કે મોટા તો પોતાને 'ગરીબ', 'ગરીબ' કહેતા હતા તો ગરીબના ઉત્સવની ઉજવણી આવી વૈભવી હોય ? બેસવા માટે ઝૂંપડી હોય અને ખાવા માટે મિષ્ટાન્ન હોય ? આવા શંકાપ્રશ્નો મનમાં થયા. મોટા માટે ખુરશી-ટેબલ હતાં. બરાબર મારી સામેની હરોળમાં ખુરશી-ટેબલ હતાં. મોટા ત્યાં આવીને બેઠા અને એમની થાળી પીરસાઈને આવી. પ્રાર્થના પૂરી થતાં જ મોટા મોટેથી બોલ્યા, 'ભાઈ, મારે ખાવા તો આ રોટલા છે, લાડવા તો તમારા માટે છે.' હાથમાં રોટલો ઊંચો કરીને બરાબર મારી જ સામે નજર નોંધીને એ આમ બોલ્યા હતા ત્યારે મેં આશ્ચર્ય અનુભવ્યું, પણ બીજી જ ક્ષણે એમ થયું કે, 'આવું તાલમેલિયું ઘણી વાર બને છે !' હું જમતાં જમતાં મોટાની સામે જોતો. એમની ખાવાની રીત નિહાળતો હતો. મેં એમની સામે જોયું ત્યારે એ આંગળીઓ ચાટતા હતા. મને આ રીત શિષ્ટાચારની બહાર લાગી. આવા બધા ખ્યાલોના આવરણથી હું એમની નજીક જઈ શકતો ન હતો. એ વખતે એનું કશું જ ભાન ન હતું.

અમદાવાદથી નડિયાદ તો દૂર ગણાય, પણ ડભાણ તો નડિયાદનું પડોશગામ. છતાં નડિયાદના હરિઃૐ આશ્રમને જોવા જવાની ઉત્સુકતા પણ એ દિવસે થઈ ન હતી.

૧૯૬૬ની સાલમાં નડિયાદની સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટમાં મને એમ.એ.નાં વ્યાખ્યાનો આપવાનું નિમંત્રણ મળ્યું. આથી, દર રવિવારે સવારે નડિયાદ જવાનું થતું. કૉલેજનું કામ પતાવી હું તરત જ પાછો અમદાવાદ આવી જતો.

એક દિવસ નડિયાદ કૉલેજની એક વિદ્યાર્થિનીએ મારી પાસે આવીને કહ્યું, 'હરિઃૐ'. મેં પણ 'હરિઃૐ' કહ્યું. એ મારા કયા પરિચયમાં છે એમ પૂછ્યું ત્યારે એણે કહ્યું કે 'હું 'હરિઃૐ' આશ્રમમાં જઉં છું. આશ્રમમાં મોટા છે. મેં તમારા વિશે વાત કરી ત્યારે મોટાએ કહ્યું કે સાહેબને કહેજો કે મોટા તમને યાદ કરે છે !

મેં પણ એ બહેનને કહ્યું કે 'તમે હવે એમને મળો ત્યારે કહેજો કે હું એમને યાદ કરું છું.'

મારું આ કથન તદ્દન ઔપચારિક હતું.

મેં હરિઃૐ આશ્રમમાં જઈને મોટાને મળવાનીય ઔપચારિકતા એટલા માટે ટાળેલી કે એ પાછા એમણે સાહિત્ય પરિષદે આપેલા દાન અંગેની કાર્યવાહીની પૂછપરછ કરશે. જોકે હકીકત એ હતી કે પહેલવહેલો હું એમને મળેલો ત્યારે 'તમે અમારું કામ કરતા નથી !'-એમ કહેલું એ અંગેની કોઈ પણ બાબત એ પછીના નંદુભાઈના પત્રમાં પણ ક્યારેય આવતી ન હતી. નંદુભાઈના પત્રો અવારનવાર આવતા અને સાહિત્ય પરિષદના કાર્યાલયમાંથી હું એનો જવાબ પણ આપતો હતો.

છતાં કોણ જાણે મન કેવું વિચારતું હતું ! બીજા રવિવારે પણ એ બહેને મને એ જ પ્રમાણે યાદ પાઠવી અને મેં પણ એવો લૂખો જવાબ વાળ્યો. આમ બે વર્ષ વહી ગયાં.

એ પછીના તા. ૨૨-૯-૧૯૬૭ને શુક્રવારે અમદાવાદના ટાઉન હૉલમાં મોટાનો ઉત્સવ હતો. એ દિવસે કૉલેજનું કામ ચાલુ હતું. મેં અરુણાને કહેલું કે એ બંને બાળકો-સોનલ-હિરેનને લઈને ટાઉન હૉલ આવે. હું કૉલેજમાંથી વચગાળાના કલાકની રજા લઈને આવી પહોંચીશ.

આ રીતે અમે ટાઉન હૉલ ઉપર ભેગાં મળ્યાં, હૉલના ઉપરના ભાગમાં અમે બેઠક લીધી. આ ઉત્સવમાં પણ અમે મોટાનું પ્રવચન શરૂ થયું ત્યારે જ પહોંચેલાં. આ વખતે મને મોટાનું રૂપ અનોખું ભાસ્યું. ખૂબ જ સોહામણા લાગતા હતા. એમના પ્રત્યે મને આકર્ષણ અને વહાલ અનુભવાતું હતું. એમણે પ્રવચનમાં કહ્યું કે ‘મારે સમાજ બેઠો કરવો છે. માટે તમારા બધાંની મદદ જોઈએ છે. હું તમારા આધારે છું. માટે, તમે બધાં આજે મને દિલના ઉમળકાથી આપજો. મોટાને સોનાનાં દાગીના પણ આપજો, પણ આમ કરવામાં તમે મોટા ઉપર કશો ઉપકાર કરતા નથી. સમાજને ખાતર ત્યાગ કરવો એ તો આપણું ઋણ અદા કરવાનો ધર્મ છે. આ કાળનો આ સાચો ધર્મ છે. માટે, બધાં આપજો. ઉત્સવ પૂરો થાય એટલે ધોતિયું ખંખેરીને ઊભા થઈ ના જશો...’

હું મોટાના શબ્દો સાથે તદ્રૂપ હતો. એ વખતે મોટાની વાણીનો મર્મ મને સમજાતો ન હતો, પણ મને એમની વાત ગમતી હતી. ત્યાં જ મોટાનો અવાજ અને વાત બદલાઈ.

‘આ વાત બધાં બરાબર સમજી લેજો. મારો કોઈ શિષ્ય નથી કે હું કોઈનો ગુરુ નથી. મારે કોઈ ચેલા મૂંડવાના નથી... હું તો મારા નટવરને બધાંમાં, બધે જ થનગન થનગન નાચતો નિહાળી રહ્યો છું. મારો વહાલો, બધે જ રહેલો છે.’

આ વાણી સાંભળતાં મોટામાં મેં યોગેશ્વર કૃષ્ણનાં દર્શન કર્યાં. જરાય ભ્રમણા ન હતી. મોટાની જ આકૃતિ હતી. છતાં એમના ઊંચા થતા હાથ, આમતેમ ફરતી દૃષ્ટિ, આખા સમૂહને પોતાનામાં સમાવી લેતી વિશાળતા હું નિહાળતો હતો અને એમના શબ્દોનો રણકાર મારા હૃદયના ઊંડાણ સુધી પહોંચતો હતો. મારી આંખમાંથી એ વખતે ચોધાર આંસુ વહ્યે જતાં હતાં.

ત્યાં જ મોટા બોલેલા, 'તમારે ત્યાં મને રોટલા ખાવા બોલાવો અને દક્ષિણા આપો અને અપાવો ભાઈ, મોટા તો સમાજનું કામ લઈને બેઠા છે. તમારા ટેકા વિના એ કામ કેવી રીતે પૂરું થશે ? માટે, તમે રોટલા ખાવા બોલાવો.

આ શબ્દો મોટા વારંવાર બોલતા હતા. પ્રવચન પૂરું કરતાં 'હરિઃૐ' બોલ્યા. મોટાનું આ પ્રવચન ન હતું. દરેકની સાથેની વ્યક્તિગત અંગત વાત હતી. મેં મોટા સાથે આટલી ક્ષણો અંગતતા માણેલી. મેં રૂમાલથી આંખો લૂછી. પછી મારી બાજુમાં બેઠેલા મારા પુત્ર હિરેને મને કહ્યું, 'પપ્પા, મોટાને આપણા ઘરે બોલાવોને !' મેં એને કહ્યું, 'આપણે બોલાવીએ તો ખરા, પણ રૂપિયા આપવા પડે. એ તો વધારે રૂપિયા માગે તો ક્યાંથી આપીએ ?'

ત્યારે એણે કહ્યું, 'મારી જનોઈમાં મને મળ્યા છે, એ આપી દેજોને !'

મેં એની માગણી સ્વીકારી અને લાઇનમાં ઊભા રહીને મોટા પાસે પહોંચ્યા અને મોટાને કહ્યું, 'આપ અમારે ત્યાં પધારો.' તરત જ મોટાએ કહ્યું, 'ભાઈને વાત કરીને તારીખ નક્કી કરી લો.'

હું, નંદુભાઈ પાસે ગયો. નંદુભાઈએ નોંધ કરી લીધી. એ અરસામાં મેં 'સમર્પણ' માસિકમાં શ્રી રતિલાલ મહેતાએ 'મુક્તાત્મા મોટા' વિશે એક પરિચયાત્મક લેખ લખેલો એ વાંચ્યો હતો. એ લેખની વધુ નકલો કરાવીને મોટાનો પરિચય બહુજનને કરાવવાની ઇચ્છા હતી, પણ એ શક્ય ના બન્યું.

હવે, મોટા અમારે ત્યાં આવશે. એ વિચાર મને આનંદ આપતો હતો.

●

## ૭. ‘શરત’

ઉત્સવના બીજા દિવસે મોટા કોઈકને ત્યાં હતા. હું અને અરુણા ત્યાં પહોંચ્યાં, પણ મારા મનમાં દક્ષિણાની રકમ આપવાની મૂંઝવણ હતી, કેમ કે રકમ નક્કી કરી ન હતી. એટલે મેં નંદુભાઈને જણાવ્યું કે ‘હું દક્ષિણામાં ચારસો રૂપિયાથી વધુ નહિ આપી શકું. નડિયાદમાં એમ.એ.ના વર્ગનો પુરસ્કાર હું આપી દઈશ.

નંદુભાઈ મને મોટા પાસે લઈ ગયા, મારી આ લાગણી જણાવી. મોટાએ એટલી રકમ સ્વીકારી લેવાની સંમતિ આપી. પછી મેં નંદુભાઈને કહ્યું,

‘આપ સવારમાં આવો છો એટલે મેં એમ વિચાર્યું છે કે, સવારમાં હું મોટા સાથે કેટલીક વાત કરવા ઈચ્છું છું. મારા પ્રશ્નોનું સમાધાન ઈચ્છું છું. તો હું દર્શન માટે મારા પરિચિતોને બપોરે બોલાવું તો વાંધો નથીને ? અને મેં હળવાશથી કહ્યું કે ‘હું શિક્ષક છું. મોટાએ પણ શિક્ષક તરીકે કામ કરેલું છે. મારે એમની પાસેથી થોડુંક શીખવું છે. મારા તરફથી દક્ષિણા એ ફી જ સમજું છું !’ નંદુભાઈએ મારી રમૂજ માણેલી.

નંદુભાઈએ આવવાની તારીખ જણાવી અને લખ્યું કે ‘તમે ચારસો રૂપિયા આપવાનું કર્યું એથી રાજી થયા છીએ, પરંતુ મોટાએ લખાવ્યું છે કે આપના વર્તુળમાંથી બીજી રકમ ઉઘરાવીને રૂ. ૧૦૦૦/- કરી આપજો.’

આથી, હું મૂંઝાયો. પત્રમાં લખ્યું હતું ‘ત્રણેક દિવસ પછી મણિનગરમાં અમુક વ્યક્તિને ઘરે અમે છીએ તો તમને અનુકૂળતા હોય તો મળજો.’

હું મળવા ગયો અને મારી મૂંઝવણ જણાવી.

‘હું કોઈની પાસેથી રકમની માગણી કરી શકીશ નહિ, કેમ કે આમાં વહેવાર હોય છે. માનો કે કોઈ મને રકમ આપે તો એ વ્યક્તિ કોઈ બીજા ફાળા માટે માગવા આવે તો મારે એમાં રકમ આપવી પડે. એ મને પોષાય નહિ. માટે, આ એક નવી વાત મને શરત જેવી લાગે છે. તો એ વાત માંડી વાળો તો સારું.’

મારી આ સફાઈ પાછળ બીજા પાસે રકમ માગવાનો મને સંકોચ હતો. મને એમ થયું કે હું મોટાને મળવા બીજાઓને નિમંત્રણ આપું અને એમની પાસે એ પોતે માગે એ જ યોગ્ય છે. આથી, બીજા છસો રૂપિયા મેળવવાની જવાબદારીમાંથી હું ઊગરી જઉં.

ત્યારે મોટાએ મને કહ્યું, ‘તમારે પ્રયત્ન કરવાનો. વળી કહેવાનું કે હું મારા માટે નથી માગતો. મોટાએ કહ્યું છે માટે માગું છું અને તમારે એમ કહેવું હોય તોય કહેજો કે આમાં બદલાનો વહેવાર સમજ્યા વિના આપજો. જેટલું આપવું હોય એટલું આપજો. આમ કહેવાથી જે મળે એ આપણે મેળવવું. એનો ભાર ના રાખશો.’

અરુણાએ મોટા માટેની રસોઈ અંગે જાણકારી મેળવી લીધી અને મોટા પધારે ત્યારે શું કરવું ? એમ સત્કારના વિચારમાં અમે લાગ્યાં. મોટા માટે પાટ કઈ દિશામાં, કેવી રીતે રાખવી, એ નક્કી કર્યું. શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીના બે મોટા ફોટા ઓરડાની પાછળની બારીઓમાં ગોઠવવા એમ નક્કી કર્યું. મોટાને શ્વાસનું દર્દ છે, આથી, અગરબત્તી ના કરવી એવી સૂચના હોવાથી વિચાર કરવાનો ન હતો.

મેં અમારા ઘરે મોટાના આગમનની જાણ કરતું નિમંત્રણ કાર્ડ છપાવવાનો વિચાર કર્યો. મારા મિત્ર વિષ્ણુભાઈ પંડ્યાનું 'સાહિત્ય મુદ્રણાલય' હતું. એમણે કાર્ડ છાપી આપવાનું સ્વીકાર્યું. પછી વિષ્ણુભાઈને મેં મારી મૂંઝવણ કહી, 'મોટાએ તો મને છસો રૂપિયા ઉઘરાવી લાવવાનું સૂચવ્યું છે. હું કોને કોને આ અંગે કહું એ બાબતમાં મૂંઝાયો છું. મારી પાસે બીજા કામ અંગેનો ફાળો માગે તો મને મુશ્કેલી પડે.'

વિષ્ણુભાઈએ કહ્યું, 'કોઈની પાસે માગવાની જરૂર નથી. આ છસો રૂપિયા લઈ લો. મારા તરફથી ભેટ આપજો.' વિષ્ણુભાઈના સાથ-સહકારથી આશ્ચર્ય અને હાશ અનુભવ્યાં.

સવારે કોઈને બોલાવવા ન હતા, પણ વિષ્ણુભાઈનો તો મારા કરતાંય વિશેષ ફાળો હતો. વળી, એ તો મારા નિકટના મિત્ર હતા. તેમને મેં કહ્યું, 'તમે સવારે આવજો અને સાથે જમજો.'

એ પ્રમાણે હું જે શાળામાં પહેલાં નોકરી કરતો હતો એના આચાર્યને આવવાનું વિવેક ખાતર નિમંત્રણ આપેલું.

આ રીતે મોટાના અમારે ઘરે 'રોટલા ખાવા' માટેના આગમનની તૈયારી કરેલી.

•

# ૮. પ્રભુ પધાર્યા

તા. ૨૪-૧૧-૧૯૬૭ની નિશ્ચિત કરેલી તારીખે વહેલી સવારે મોટા પધાર્યા. અમે મેડા ઉપર રહેતા હતા. એમને ખુરશીમાં બેસાડીને ઊંચકી મેડા ઉપર ચડાવ્યા. સીડી સાંકડી હોવાથી ચડાવનારને તકલીફ પડતી હતી.

મોટા તો બે હાથ જોડી વંદન કરતાં કરતાં અમારા ઘરમાં પધાર્યા. અમારા સૌના આનંદનો પાર ન હતો. હું, અરુણા, સોનલ-હિરેન તથા અમને ઉછેરીને મોટા કરનાર અમારાં ઘરડાં ડાહીબા તેમ જ મારાં સાસુ-સસરા અને સાળી કનક. એટલાં જણ ઘરમાં હતાં. એક પછી એક બધાં મોટાને મળ્યાં. પગે પડ્યાં. બધાંની ઓળખાણ મેં આપી. પછી મોટા તો કમરપટ્ટો કાઢીને પથારીમાં સૂતા અને છાપું લઈ વાંચવા લાગ્યા. નંદુભાઈ રૂમના એક ખૂણામાં ગોઠવાયા. હું એમની પાસે બેઠો. એમણે મોટાને થયેલા રોગોની વાત કરી. દમ ચડે છે એ પણ કહ્યું. છતાં સૂતાં સૂતાં કલાકો સુધી મોટા બોલી શકે છે એ હકીકત જણાવી.

મેં નંદુભાઈને પૂછ્યું કે 'મોટા છાપું ક્યારે વાંચી લેશે ? મારે એમને કેટલુંક પૂછવું છે.'

'તમે તમારે પાસે જઈને પૂછોને, મોટા સામેથી તમને નહિ કહે.'

મેં કહ્યું, 'તમે એમને કહો.'

નંદુભાઈએ મોટાને કહ્યું કે 'આ ભાઈને તમારી સાથે વાત કરવી છે.'

મોટાએ આ સાંભળીને છાપું વાળીને બાજુ ઉપર મૂક્યું અને બોલાવીને કહ્યું, 'મને બેઠો કરશો ?'

મેં એમને બંને ખભાની નીચે હાથ મૂકીને ખેંચીને બેઠા કર્યા.

મોટાએ સાહિત્ય પરિષદના સુરત-સંમેલનમાંથી નીકળતાં મને પૂછેલું, 'મને ટેકો આપશો ?' અને આ વખતે ઘરમાં પૂછ્યું, 'મને બેઠો કરશો ?' એ પ્રશ્નનો મર્મ મને એ વખતે સમજાયો ન હતો. ઘણાં વર્ષો પછી એનો મર્મ સમજાયો.

મોટાને આપણા ટેકાની શી જરૂર ? આપણે એમને બેઠા કરનાર કોણ ? આમ છતાં પ્રભુરૂપે પ્રગટેલ મોટા જ્યારે આમ પૂછે છે ત્યારે એનો અર્થ એ થાય છે, કે પ્રભુનું કાર્ય થઈ શકે એટલા માટે આપણે તત્પર બનીએ. એ તત્પરતા એ જ ટેકો છે ! પ્રભુ સ્વયં આપણા હૃદયના ઊંડાણમાં છે. એ સૂતેલા છે. પ્રભુ ઊંઘતા નથી, પણ સૂતેલા છે. પ્રભુના અસ્તિત્વની-હોવાપણાની સભાનતાથી એ બેઠા થાય એમ આપણે કરવાનું છે.

મોટાએ એમના પ્રવચનમાં કહેલું કે 'હું તો તમારા બધાંના આધારે છું.' એનું તાત્પર્ય પણ આવું જ છે. આપણાં બધાં જ અંતઃકરણોનો આધાર જે છે - હૃદયનું ઊંડાણ છે ત્યાં પ્રભુ રહેલા છે. મોટામાં પ્રગટ થયેલ પ્રભુએ આપણી જ ભાષામાં સરળ રીતે વાત કરી છે, પણ આપણાથી એનું હાર્દ યથાસમય પમાતું નથી. આ હકીકત પણ મને ઘણી જ મોડી સમજાઈ હતી.

મોટા, પલંગમાં બેઠા થયા. હું નીચે એમના પગ પાસે બેઠો. હું એમની સામે જોતો હતો. મોટા બંને હાથના ટેકાથી બેસીને મારી નજરમાં નજર પરોવતા હતા. મેં પહેલો પ્રશ્ન પૂછ્યો-ચેતના એટલે શું ? ચેતનાનું રૂપાંતર થાય તો શું થાય ? મેં શ્રીઅરવિંદનું લખાણ વાંચ્યું છે, પણ કેટલાક શબ્દો સમજાયા નથી તો સમજાવશો ?

‘ભાઈ, આવું બધું જાણવાની શી જરૂર છે ? ખરેખર તો આપણને અંતરમાં થતી મૂંઝવણ ઊકલતી ના હોય તો એના વિશે પૂછવું હોય તો પૂછો અને મને સમજાય એટલું સમજાવું. તમે તો શ્રીઅરવિંદનાં પુસ્તકો વાંચ્યાં હોય. પ્રોફેસર છો એટલે વિદ્વત્તાભર્યા પ્રશ્નો પણ પૂછો. એના કરતાં તમને પોતાને મૂંઝવતી કોઈ વાત હોય તો પૂછો.’

મોટાની આ વાત સાંભળીને મને થયેલું કે મોટા, મારા પ્રશ્નને ટાળે છે, પણ પછીથી સમજાયું કે માત્ર બૌદ્ધિક રીતે જાણવાથી આંતરિક શાંતિ કેવી રીતે મળે છે ? આવી ચર્ચા આપણા જીવનને સીધી ક્યાં સ્પર્શે છે ? છતાં મોટાએ જે પ્રેમભાવથી મને કહ્યું હતું એથી હું નિરાશ થયો ન હતો.

પાછલાં સોળ વર્ષથી મને મૂંઝવતો પ્રશ્ન આંતરિક અશાંતિનો અને કામવૃત્તિવેગનો-વિષયના રસનો હતો.

અન્ય સ્ત્રીને જોતાં ઘણી વાર જાગતા વિષયરસને કેવી રીતે જોગવાય ? એવા પ્રશ્નો મેં અગાઉ ઘણાને પૂછેલા.

કેટલાક મહાત્માઓ કહેતા હતા કે ‘સ્ત્રી મેં અપની મા-બહન દેખો.’

પણ આમ બોલવા જેટલું આચરણ સહેલું લાગતું ન હતું. એથી વિશેષ એવો ભાવ જ ધારણ થતો ન હતો. વળી, એવો ભાવ ધારણ કરવાનું મન પણ થતું ન હતું. આથી, મને આ મથામણનો ઉકેલ જડતો ન હતો.

મેં યુક્તિપૂર્વક મોટાને આ રીતે પ્રશ્ન પૂછ્યો, ‘આપ કોઈ આકર્ષક સ્ત્રીને જુઓ, એ આપની પાસે આવે અને આપ એને સ્પર્શ કરો તો આપને કેવી લાગણી થાય ?’

મોટાએ અત્યંત સાહજિકતાથી કહ્યું, 'તમને થાય છે તેવી જ.'

આ ઉત્તરથી હું તો હેબતાઈ ગયો. આ ઉત્તરમાં સંપૂર્ણ સચ્ચાઈ હતી એ હું એ વખતે તો કહી જ કેવી રીતે શકું ? આ બાબત તો છેક ૧૯૭૪માં સમજાઈ. આઠ વર્ષ પછી. **'જીવન સ્પંદન'**માં તેઓશ્રીએ પોતાનાં સ્વજનોની વૃત્તિના આવેગો સાથેના તાદાત્મ્યનું વર્ણન કર્યું છે. એમાં સ્વજનના જેવું જ પોતે અનુભવે છે એમ લખ્યું છે. સ્વજનના ભોગવવામાં લાલસાયુક્ત તદ્રૂપતા છે, જ્યારે મોટાના અનુભવમાં એ જ ભોગના સાક્ષીત્વને લીધે સંપૂર્ણ રીતે એ વૃત્તિ શાંત બનીને પસાર થઈ જાય છે. કોઈ પણ પ્રકારનો સંસ્કાર પણ હોતો નથી. આથી, અનુભવીને કશાનું બંધન થતું નથી.

જ્યારે મોટાએ મને આ 'તમને થાય છે તેવી જ લાગણી થાય છે' એમ કહેલું ત્યારે મારી વૃત્તિ સાથે તેઓશ્રીનું તાદાત્મ્ય હતું. પણ મારી સમજમાં ક્યાંથી ઊતરે ?

એટલે મેં તરત જ સામો પ્રશ્ન કર્યો, 'તો પછી અમારામાં અને તમારામાં ફેર શો રહ્યો ?'

'હા. એ વાત ખરી. તમને સમજાવું. તમે વૃત્તિના ગુલામ છો. અમે એના સ્વામી છીએ. વળ ચડાવેલું દોરડું તમે જોયું છેને ? એ કેટલું બધું મજબૂત હોય છે ? અને એ દોરડું બળેલું હોય અને એના વળ દેખાતા હોય તો એ વળની-દોરડાની તાકાત કેટલી ?'

મેં કહ્યું, 'બિલકુલ નહિ.'

'બસ. તમારામાં અને અમારામાં આટલો જ ફેર. તમારામાં

વૃત્તિ સજ્જડ જોર મારતી હોય અને અમારામાં વૃત્તિ કશી પણ અસર પાડ્યા વિના પસાર થઈ જાય.'

'તો મારામાંથી એ જોશ ઓછું થાય ?'

'થાય. પણ હું તમને એની ખાસ વાત સમજાવું. આ તો સ્થૂળ કામાદિ છે. કામ, ક્રોધ, લોભ, મોહ–આ બધા સંકળાયેલા છે. આ બધી વૃત્તિઓ આપણામાં છે. આવી વૃત્તિઓ સ્વરૂપ અને પ્રકારભેદથી ઊર્ધ્વજીવનમાં સૂક્ષ્મ બને છે. પછી તો સૂક્ષ્મતમ બને છે ત્યારે એના ઉપર વિજય મેળવવો દોહ્યલો હોય છે. આ સ્થૂળ કામવૃત્તિ છે. વળી, શરીર હોય ત્યાં સુધી વૃત્તિઓ રહે છે, પરંતુ જીવનનો ઉચ્ચ હેતુ સ્પષ્ટ થાય અને એ માર્ગનો રસ વધતો જાય તથા એ મુજબ જીવવાનો પુરુષાર્થ થાય પછી એ બધી વૃત્તિઓ મોળી પડે, પણ કોઈ કહે કે એ વૃત્તિ મરી જાય તો એ વાત ખોટી. માત્ર એની તાકાત ઘટે.'

મેં પૂછ્યું, 'પણ આ વૃત્તિ આમ તો યોગ્ય તો ના જ ગણાયને ?'

'બધા જ પ્રકારની વૃત્તિઓ શક્તિરૂપ છે. કશું અમસ્તું નથી. દરેકનું મહત્ત્વ છે. માટે, કામવૃત્તિને કે કોઈ પણ વૃત્તિને ખરાબ ગણીને તિરસ્કાર કરવાથી તો એ જ વૃત્તિનો સંસ્કાર દૃઢ બને. વળી, કામવૃત્તિને સમસ્યા તરીકે પણ ના લેખવી. આ બધું કુદરતી છે. આપણા અનેક પ્રકારના સંસ્કારોનું પરિણામ છે. આપણા જીવનમાં આનો પણ ઉપયોગ છે. બધું એના સ્થાને યોગ્ય પ્રમાણમાં હોય તો બધું બરાબર છે.'

મોટાએ સમજાવેલી વાતથી મારું મન સમાધાન પામતું હતું.

'અન્ય સ્ત્રી પ્રત્યે વિકારવૃત્તિ અનુભવાય એ શું યોગ્ય ગણાય ?'

'આપણામાં જે કંઈ જાગે છે એ આપણા જ ચિત્તમાં કોઈક કોઈક સમયે અજ્ઞાત રીતે પડેલા સંસ્કારોનું પરિણામ છે. એમાં કોઈ પણ બીજી વ્યક્તિ એ નિમિત્ત બનેલી હોય છે. પાંચછ બહેનો સાથે બેઠી હોય, એમાં આપણી મા, બહેન, પત્ની, માસી બીજાં કોઈ હોય તો આપણને બધી જ સ્ત્રીઓ માટે વિષય-વિકાર જાગે છે ' નથી જાગતો. તો સ્ત્રીને જોવાથી જ વિષયવૃત્તિ જાગે છે એવું નથી. આથી, જ્યારે પણ આવો સંસ્કાર જાગે ત્યારે એને આપણાથી ભોગવાય નહિ તેમ જ એને ટેકો પણ ના અપાય. ભગવાનના શરણે જઈ, એને નિવેદન કરી તટસ્થ રહીને એને પસાર થવા દેવો. આ કામ સાધનાથી બની શકે. માત્ર એવો વિચાર કરવાથી બની ના શકે.

પરણેલાં સ્ત્રી-પુરુષ વચ્ચે વિષયભોગની છૂટ છે, પણ એમાંય મર્યાદા છે. બંને જણાંએ જીવનનો વિચાર કરીને ગોઠવવું જોઈએ. આમેય ભાઈ, પતિપત્નીએ પણ બેફામપણે અને ભાન ભૂલીને ભોગ ભોગવવા એ મનુષ્યત્વનું લક્ષણ નથી. છતાં આ વૃત્તિનું સમજ્યા વિના દમન કરવું એ પણ જોખમ છે.'

કામવૃત્તિની સમસ્યાનું રૂપ મોટાની વાતથી એકદમ સ્પષ્ટ થયું. એમના જ બોલેલા શબ્દ બરાબર યાદ ના જ હોય એથી એમના કથનને મારા શબ્દમાં રજૂ કર્યું છે.

'મોટા, મને આપની સમજાવવાની રીતથી સંતોષ થયો.'

'હવે બીજું પૂછવું હોય તો પૂછો.'

'મારો બીજો પ્રશ્ન એ છે, કે હું શાંતિ ચાહું છું, પણ શાંતિ

અનુભવાતી નથી. બહારથી હું શાંત રહું, ક્રોધ ના કરું, પણ મહીંથી બળ્યા કરતો હોઉં છું. અંદર ને અંદર ચીડ ચડ્યા કરે છે. અંદરથી શાંત કેવી રીતે થવાય ?'

'જો આપણને અશાંતિમાં રહેવું પસંદ ના પડતું હોય, આપણામાંની અશાંતિ આપણને ડંખતી હોય તો એ અશાંતિનું કારણ આપણામાં જ છે એ આપણે શોધવું જોઈએ.'

મોટાની આ વાતનો મર્મ મારી સમજમાં ના ઊતર્યો. મેં તો તરત જ કહ્યું, 'હું તો શાંત જ રહેવા માગું છું, પણ બીજાઓના વહેવારો મને અશાંત કરે છે. ખોટી ખોટી રીતે ક્લેશ-ટંટા થાય છે. એમાં આપણે કારણભૂત કેવી રીતે ગણાઈએ ?'

'જેને અશાંતિ, ક્લેશ, સંતાપ થતાં હોય એણે જ એનું કારણ શોધવાનુંને ? બીજાઓનો વિચાર  કરવાનો હોતો નથી.'

આવી વાતો ચાલતી હતી એ દરમિયાન મારા મિત્ર વિષ્ણુભાઈ પંડ્યા આવ્યા અને મને બહાર બોલાવ્યો અને કહ્યું કે 'મારું સ્કૂટર લપસી પડતાં હું પડી ગયો અને થોડુંક છોલાયું છે અને કપડાં બગડ્યાં છે એટલે પછીથી આવું છું.'

મેં કહ્યું કે તમે મોટાને મળીને તરત જ જાઓ, પછી જમવાના સમયે આવજો.'

વિષ્ણુભાઈ હાથ-મોં ધોઈને લૂછીને મોટા પાસે આવ્યા. મેં ઓળખાણ આપીને કહ્યું કે 'મારે આપવાની રકમ કરતાંય વધારે રકમ આ ભાઈએ આપી છે.'

મોટાએ વિષ્ણુભાઈનો હાથ પોતાના બે હાથ વચ્ચે લઈને દાબ્યો અને બોલ્યા, થેંક્યુ, થેંક્યુ, સાહેબ. તમારી ઘણી મહેરબાની. બેસો.'

મેં કહ્યું કે ‘એમનું સ્કૂટર લપસી જતાં એ પડી ગયા છે. તે પરવારીને આવે છે !’

‘ભઈલા, ખાસ વાગ્યું નથીને ! ભલે, જઈ આવો. જલદી આવજો.’

વિષ્ણુભાઈ સાથે હું બારણા સુધી ગયો. બહાર લઈ જઈને વિષ્ણુભાઈએ મને કહ્યું, ‘આ કોઈ સિદ્ધ મહાપુરુષ લાગે છે.’

મેં પૂછ્યું, ‘તમને કેવી રીતે ખબર પડી ?’

‘એમણે મારો હાથ પકડ્યો કે તરત જ મારા શરીરમાં અનોખા પ્રકારની શક્તિનો સંચાર થતો હોય એમ અનુભવાયું અને શરીર જ મારું ના હોય એવું  લાગ્યું. અદ્ભુત માણસ છે. હું તરત જ આવું છું. એમની સાથે જ જમીશ.’

મને વિષ્ણુભાઈના વિધાનથી આશ્ચર્ય થયું. મેં તો મોટાને પકડીને બેઠા કરેલા તોપણ મને તો કશું જ અનુભવાયું ન હતું.

હું વળી પાછો મોટા પાસે ગયો અને આગળ વાત ચલાવું એ પહેલાં એમણે મને, અરુણાને બોલાવવા કહ્યું. અરુણા આવી. અમે બંને એમની પડખે પલંગમાં બેઠાં. મોટા વચમાં હતા. અમે બંને આજુબાજુ બેઠાં. મોટાએ અમને બંનેને કહ્યું, ‘તમે બંને મારી એક વાત માનજો. જીવનમાં શાંતિ થઈ જશે.’

પછી કહે, ‘આપણે કોઈ પણ વ્યક્તિ વિશે-સંબંધી, સગું કે બીજું કોઈ પણ હોય તેના વિશે નકારાત્મક વાતો ના કરવી. કોઈનાય દોષોની ટીકાઓ ના કરવી.’

‘આ રીતે અમારાથી વર્તવાનું બની શકશે ?’

‘શાંતિ અનુભવવી હશે તો કરવું જ જોઈએને ?’

‘પણ બીજા વિશે વાત કરતાં મોટા ભાગે નકારાત્મક વાત થાય છે.’

‘એટલે જ કહું છું. બીજાઓની વાતોનો આપણે વિચાર ના કરવો. આપણે આ રીતે કરવું છે એમ નક્કી કરો.’ પછી અરુણાની સામે જોઈને કહે, ‘આ ભાઈ જો નકારાત્મક વાત કાઢે તો તમારે યાદ કરાવવું કે મોટાએ કહ્યું છે એ યાદ કરો.’ અને મને કહે કે ‘તમારે એ જ પ્રમાણે આમને કહેવાનું.’

નકારાત્મક વાતો ના કરવાનો નિશ્ચય કરવો સહેલો હતો, પણ એ રીતે આચરણ થશે કે કેમ એની શંકા હતી, પણ મેં એ વ્યક્ત ના કરી. અમે તો એ મુજબ જ વર્તવાનું નક્કી કરી લીધું. મોટાએ કહ્યું, ‘આટલું કહ્યું કરવાથી તો પચાસ ટકા શાંતિ એમ ને એમ થઈ જશે. તમારું મન શાંત થઈ જશે.’

મોટાના આ કથનમાં અમારે પરસ્પરને મોટાની યાદ આપવાની હતી એ ભાગ મહત્ત્વનો હતો. આજે એ સમજાય છે કે નકારાત્મક વહેણમાં તણાતા રોકવાની શક્તિ મોટાની યાદને લીધે પ્રગટતી હતી. ‘મોટાએ આપણને કહ્યું છે’ એવું તો અમારી વચ્ચેની વાતમાં વારંવાર આવ્યા કરે. મોટાનું આ રીતનું સ્મરણ કેટલું ક્રિયાકારી અને પરિણામદાયી છે, એ તો અનુભવ્યે જ સમજાયું.

ફરીથી મોટા સૂતા. હું જે શાળામાં નોકરી કરતો હતો એના પ્રિન્સિપાલને મેં બોલાવેલા. મને પહેલી નોકરી આપેલી એનું ઋણ હતું. એ પ્રિન્સિપાલ આવ્યા ત્યારે મોટા છાપું વાંચતા હતા. એટલે મોં પણ દેખાતું ન હતું. મેં પ્રિન્સિપાલને કહ્યું, ‘આવો સાહેબ, તમારી ઓળખાણ કરાવું.’ પણ એ તો ઊઠ્યા નહિ અને

હાથથી ના કહેતા બેસી જ રહ્યા. થોડીક વાર પછી મોટા છાપામાં જ મોં રાખીને બોલ્યા, 'નંદુભાઈ, ચાંદીના ભાવો અત્યારે નીચે છે એટલે ચાંદી ખરીદી રાખવા જેવી ખરી.' નંદુભાઈએ 'હા જી' એમ કહ્યું. આ સાંભળીને પ્રિન્સિપાલ ઊઠ્યા અને મારા ઘરમાંથી બહાર નીકળ્યા. હું એમને વળાવવા ગયો. એમણે મને કહ્યું, 'ચાંદીના ભાવમાં રસ લેનાર તે સાધુ-સંત હોય ? તમે સાચવજો.' એમ કહીને એ ચાલ્યા ગયા.

વિષ્ણુભાઈને તથા આ સાહેબને ઊલટસૂલટ છાપ પડી હતી. પછી હું મોટા પાસે આવ્યો ત્યારે એમણે છાપું વાળીને બાજુ ઉપર મૂકી દીધું.

મારાં ઘરડાં ડાહીબાનો મેં પરિચય મોટાને કરાવેલો. મેં કહેલું કે 'હું નવ વર્ષનો હતો ત્યારે મારી મા ગુજરી ગયેલી. મારા બાપુજીનાં આ મામી થાય. એમણે અમને ઉછેરીને મોટા કર્યા છે. મારાં આ બા મારા ઉપર બહુ પ્રેમ રાખે છે. મને ક્યારેય લડી નથી. અત્યારેય હું કહું અને જે કરું એમાં એ રાજી રહે છે.'

મારી બાએ મોટા વિશે મને પૂછી રાખેલું. એટલે મને બાએ બોલાવીને ધીમેથી કહેલું કે 'તું મને એમની જોડે જમવાનું કહીશ નહિ. હું તો સઉધર જોડે ખાઉં નહિ. તેં કહેલુંને કે આ તો ભાવસારની નાતના છે ! મારાથી એમના ભેગા ના ખવાય.'

આથી, મેં મારી બાને આગ્રહ નહિ કરેલો. મારી બાને પૈસા આપી રાખેલા, પણ એણે મોટાને પૈસા પણ ના આપ્યા, પરંતુ બીજી વખત મોટા અમારે ત્યાં આવ્યા ત્યારે બાએ જાતે જ પગે લાગીને પાંચ રૂપિયા આપેલા અને એમની પાસે બેસીને જમેલી. એનામાં આ ફેરફારની મને બહુ નવાઈ લાગી ન હતી,

કારણ કે એ મને ગમતું કરતી, પણ જ્યારે એની મેળે એણે મને કહ્યું કે 'પરભુ છે આ તો.' મોટા માટે એને આકર્ષણ જાગ્યું એની એ વખતે મેં નોંધ પણ ના લીધી. આથી, એ આકર્ષણનું મૂળ ક્યાં છે એ તો વિચારું જ શાનો ?

એ દિવસે બપોરથી મેં જેમને નિમંત્રણ આપેલાં એ બધાં આવ્યાં. કેટલાકે મેલી વિદ્યા વિશે પ્રશ્નો પૂછ્યા. કેટલાકે બીજા-ત્રીજા પ્રશ્નો પૂછ્યા. એમ વાતો ચાલી. મોટા બધાને જવાબો આપતા હતા. હું પાસે બેઠો બેઠો બીજાઓને પૂછવા પ્રેરતો હતો અને મોટા જવાબ આપે તે વખતે એમની સામે જોતો હતો.

ઘરમાં ઉત્સાહ, ઉમંગ અને આનંદનું વાતાવરણ હતું.

આમ કરતાં મોટાને જવાનો સમય થયો. નંદુભાઈ તૈયાર થઈ ગયા.

બધાં એમને પગે લાગીને નીચે ઊતર્યાં. મોટા ઊભા થયા. અરુણા-બાળકો બધાં પગે લાગ્યાં.

મારા હૃદયમાં કશીક અકળ લાગણી થયા કરતી હતી. વિદાયની-વિયોગની તીવ્ર વેદના પણ થતી હતી. કોઈક જન્મોજન્મનો સાથી આ જન્મે મને મળ્યાનો અપાર હર્ષ થતો હતો તથા એમનાથી છૂટા પડવું પણ ગમતું ન હતું. મારી આંખોમાં આંસુ ઊભરાયાં. મોટાએ અમારા સામું જોઈને કહ્યું,

'અમને વિદાય આપો.'

હું એમના પગ પકડીને બેસી ગયો. ધ્રૂસકે ધ્રૂસકે રડ્યો. હું તમને કેવી રીતે વિદાય આપું ? આપ કોણ છો ? કયા રૂપે મારા જીવનમાં આવ્યા છો ? કયા સંબંધે આવો ભાવ જાગે છે ? એવું દિલમાં થયા જ કર્યું. આવો ભાવ તે સાક્ષાત્ ભગવાન માટે જ

થાય. મેં ક્યારેય આવી ઊર્મિ અનુભવી ન હતી.

મને થયું કે હું જેમની શોધ કરતો હતો એ જ મને મળ્યા છે. મોટા ઊભા હતા. મેં કહ્યું, 'પ્રભુ, બેસો. હવે મને તમારી સાથે જ રાખો.

આજે આ માર્મિક વાણીને યાદ કરું છું ત્યારે પણ મારી આંખો અશ્રુધારા વહાવી એમનાં ચરણને પખાળે છે. મોટા તો સૌ કોઈને 'પ્રભુ' કહીને સંબોધતા હતા. સ્વયં પ્રભુ હતા–સર્વમાં પોતાના જ વિસ્તારને અનુભવતા હતા.

પછી મેં મોટાને કહ્યું, 'મને સંસારમાં રુચતું નથી. મને તમારા ભેગો રાખો.'

મોટાએ સામે પૂછ્યું, 'શા માટે મારી સાથે રહેવું છે ?'

'પ્રભુના રસ્તે ચઢાવો એટલા માટે. પ્રભુને પામવા છે !'

હું એ વખતે ઊર્મિના આવેશમાં બોલેલો. વિચારપૂર્વકનું સ્વસ્થતાવાળું મારું આ વિધાન ન હતું. મારા મનમાં ઘણા વખતથી ઘરને ત્યજી દેવાના, આશ્રમજીવન જીવવાના ભણકારા વાગતા હતા. એમાં પરિસ્થિતિમાંથી પેદા થતી વિષમતામાંથી ભાગી છૂટવાનું છૂપું વલણ હતું. વૃત્તિ પણ ખરી. એ સાથે એવા સ્થાને હોઈએ તો લોકો આપણને પગે પડે, આપણે ભગવાનના નામે પૂજાતા થઈએ એવી લાલસા પણ હતી.

મોટાએ મને પૂછ્યું, 'આ પત્ની, પુત્ર, પુત્રી વિશે શું વિચાર્યું છે ?'

મેં જવાબ આપેલો, 'એમની ગોઠવણ થઈ રહેશે.'

'તમે વિચાર્યું છે કે એ બધાં તમને ક્યાંથી મળ્યાં છે ?'

'એ પ્રભુએ આપેલાં છે.' અને ખરેખર પ્રેમાળ પત્ની મળેલી

અને વહાલસોયાં બે બાળકો જન્મેલાં ત્યારે મેં પ્રભુનો ઉપકાર માનેલો. સંસાર હવે પૂરો થયો એમ સમજી લીધેલું.

'આ પ્રભુનાં દીધેલાં છે એમ તમે ખરેખર માનો છો ? સમજીને બોલો છો ?'

મેં 'હા' કહી ત્યારે મોટા બોલ્યા, 'જે પ્રભુનાં દીધેલાંને સંભાળી શકતો નથી એ પ્રભુને કેવી રીતે સંભાળી શકશે ? જે મળેલાં છે એમના પ્રત્યે પ્રભુભાવ જીવતો રહ્યા કરે, એ 'મારાં'નથી પણ પ્રભુનાં દીધેલાં છે એવી જાગૃતિ રહી શકે-એ જ ધર્મ છે. માટે ઘરમાં રહીને આવો ભાવ જાગ્રત કરો. ક્યાંય આશ્રમમાં રહેવા જવાની જરૂર નથી. મળેલું કર્તવ્ય ધર્મ સમજીને બરાબર બજાવો. પ્રભુને પામવાનો એ પણ માર્ગ છે.'

મોટાએ કહેલી વાતથી મારા પગ જાણે જમીન ઉપર સ્થિર થઈ ગયા. અત્યાર સુધી હું ભ્રમણામાં ભમતો હતો, કલ્પનામાં ઊડતો હતો. એમની વાતથી મને ઘર, કુટુંબ અને જવાબદારીનું રહસ્ય સમજાઈ ગયું. મોટાની વાત મને તદ્દન સાચી લાગી.

ભર્યાભર્યા હૃદયથી અને આંસુ છલકતી આંખે અમે સૌએ તેમને વિદાય આપી ત્યારે મોટા પણ ગદ્‌ગદ બની ગયેલા.

અમે મેડા ઉપર પાછા આવ્યાં ત્યારે આખો ઓરડો ચંદનની સુવાસથી મહેકી ઊઠ્યો હતો. કોણે અગરબત્તી જલાવી એની શોધ કરવા બીજા ઓરડાઓમાં હું ફરી આવ્યો પણ ક્યાંય અગરબત્તી ન હતી.

પછી સમજાયું કે મોટા સુવાસરૂપે એમની હાજરી મૂકતા ગયા.

એમના વિદાય થયા પછી અમે બધાં એમના વિશે જ વાતો

કરતા રહ્યા. આખી રાત આનંદભરી નિદ્રામાં પસાર થઈ. જીવનનો થાક-ભાર હળવો થઈ ગયાનો અનુભવ થતો હતો.

એ પછીના દિવસો દરમિયાન મોટા, અમદાવાદમાં હતા. અમે રોજ બપોર પછી મોટા જ્યાં હોય ત્યાં જતાં હતાં. મોટા, ઘરના બધા સભ્યોને નામ દઈ બોલાવતા. એમનાથી છૂટા પડતાં કહેતાં કે 'દોસ્તી રાખજો.'

•

# ૯. અક્ષરદેહની ભેટ

'મારે સમાજને બેઠો કરવો છે', મોટાનો એવો અવાજ ઝડપથી પ્રસાર પામતો હતો. મોટાએ જુદી જુદી સ્પર્ધાઓ માટે હજારો રૂપિયાની ટહેલ નાખી હતી. વધુ રકમ ટૂંકા ગાળામાં મળી જાય એ માટે મોટાની સિત્તેરમી જન્મજયંતી નિમિત્તે એક સુવેનીઅર-સ્મૃતિગ્રંથ પ્રગટ થાય તો એમાં જાહેર ખબરો મારફત વધુ રકમ એકત્ર કરી શકાય, પણ લોકો પાસેથી મેળવેલી રકમમાંથી પોતાનો સ્મૃતિગ્રંથ છપાય કે પ્રગટ થાય એ માટે મોટાએ આનાકાની કરી, પરંતુ એ ગ્રંથની છપામણીનો ખર્ચ પણ મેળવી શકાશે એમ દરખાસ્ત આવી ત્યારે મોટાએ સ્મૃતિગ્રંથ પ્રકાશનની સંમતિ આપી. અમદાવાદમાં મોટા, ગમે ત્યાં હોય ત્યાં હું અને અરુણા તો જઈએ જ અને મોટા મને એમની નજીક બેસાડે અને સત્સંગની વાતો પ્રેરે. હું મારી જિજ્ઞાસા મુજબ પૂછું. મને દિલમાં જલદી પ્રતીતિ થઈ હતી કે આ વ્યક્તિ કોઈ અનોખી છે. એમની પાસે બેસવાથી ઊર્ધ્વભાવો જાગ્રત થતા હતા. ઉત્સાહ-ઉમંગ વરતાતા હતા. શાંતિ અનુભવાતી હતી. આ બધા ભગવાનનાં જ લક્ષણો છે. પ્રભુનું વ્યક્તરૂપ આવું જ હોય.

મોટાએ સમાજોત્થાનનાં કાર્યમાં વેગ આણ્યો એટલે જાણીતા સાહિત્યકાર ઈશ્વર પેટલીકર એમને મળવા આવેલા અને એમણે જ આવા સૂવેનીઅર પ્રકાશનનો વિચાર આપ્યો હતો. ઈશ્વર પેટલીકર બહુ નિખાલસ સાહિત્યકાર હતા. એ સમાજસુધારક હતા. સામાજિક પ્રશ્નો સાથે એમનો સીધો સંબંધ રહેતો હતો. હું, મોટા પાસે હતો ત્યારે એ મળવા આવ્યા હતા.

ઈશ્વર પેટલીકરે મોટાને હસતાં હસતાં કહ્યું, 'મોટા, મારો અહીં મેળ બેસે એવો નથી. હું તો ઈશ્વરમાં માનતો નથી.'

મોટાએ હસીને કહ્યું, 'તમે સાચા છો, પેટલીકર સાહેબ, તમે ઈશ્વરને નથી માનતા એ ચોખ્ખું જાણો છો, પણ આ બધાં શેમાં માને છે એનીય એમને ખબર નથી. તમારે ઈશ્વરને માનવાની જરૂર પણ નથી. તમે જ 'ઈશ્વર' છોને !'

મોટાના આ વિધેયાત્મક-સાચા અને માર્મિક વચનથી હું મોટા ઉપર વારી ગયેલો.

સૂવેનીઅર પ્રગટ કરવાનું નક્કી થયું અને મને એના સંપાદનમાં મદદરૂપ થવા પૂછ્યું. મને થયું કે સૂવેનીઅરમાં વળી શું સંપાદન કરવાનું હોય ! મોટાનો, હરિઃૐ આશ્રમનો અને પ્રવૃત્તિનો પરિચય આપવાનો અને બાકીનાં પાનાં જાહેર ખબરનાં હોય ! એમાં વળી સંપાદન કેવું ? મેં તો 'હા' કહી, પણ આ સૂવેનીઅરનો મૂળ વિચાર આપનાર ઈશ્વર પેટલીકર હતા. આથી, એમને મુખ્ય સંપાદક તરીકે સ્થાન આપવું એમ નક્કી થયેલું.

આ કામ શરૂ કરતાં પહેલાં મારે મોટાનાં પુસ્તકો વાંચવા જોઈએ એમ મને થયું. મેં નંદુભાઈને વાત કરી. આથી, જે પુસ્તકો પ્રાપ્ત હતાં એ બધાં આશ્રમમાંથી મંગાવાયાં અને મને અપાયાં. મારે એ પુસ્તકોની કિંમત ચૂકવીને લેવાં-એમ મેં વિચારેલું. મારે એ પુસ્તકો પાછા ના આપવા એમ મેં જણાવ્યું ત્યારે મોટાએ કહ્યું કે 'તમારે અમારાં કામ માટે લેવાનાં છે, માટે તમે રાખજો.' મેં કહ્યું, 'મારે એમાં લીટીઓ દોરવી પડે-નોંધ કરવી પડે. માટે પુસ્તક બગડે.'

મોટાએ કહ્યું કે 'તમારે જ એ રાખવાનાં છે.' પછી મને નડિયાદ, હરિઃૐ આશ્રમમાં આવવા કહ્યું. નજીકના રવિવારે પહેલી જ વાર હું નડિયાદના હરિઃૐ આશ્રમમાં ગયો. ત્યાં નંદુભાઈએ સરનામાંઓની ફાઈલ આપી. મોટાના પરિચયમાં આવેલ વ્યક્તિઓ પાસેથી મોટા વિશે લખાણ લેવા વિનંતીપત્રો મારે લખવાના હતા. કેટલીક જાણીતી વ્યક્તિઓનાં નામ હતાં. એમાં કેટલાક સાહિત્યકારોનાં નામ પણ હતાં. એ કામ સોંપાયું. બધું કામ સમજીને મોટા પાસે જઈને મેં રજા માગી.

મોટાએ કહ્યું, 'ભાઈ પાસેથી તમારે આવવા-જવાનું રેલવે ભાડું તથા બસ-રિક્ષાનું ભાડું લઈ લો અને વાઉચર ઉપર સહી કરી દો.'

મેં ભાડાના પૈસા લેવાનો ઈન્કાર કર્યો. મેં કહ્યું, 'મોટા, આ તો સેવા છે. મારાથી એના પૈસા કેવી રીતે લેવાય ?'

'તમારી વાત સાચી, પણ તમને આશ્રમના કામ માટે ખાસ બોલાવ્યા છે. અમે બોલાવેલા છે. તમારી મેળે નથી આવ્યા. આથી, તમને વાહનખર્ચ આપવો એ અમારો વહેવાર છે.' છતાં મેં પૈસા લેવાની ના પાડી. પછી મોટાએ નંદુભાઈને કહ્યું, 'રમેશભાઈને મોટાનાં જે પુસ્તકો આપ્યાં છે, એમાં ખૂટતાં પુસ્તકો મૌનમાંથી મંગાવીને આપી દો.'

આ રીતે મોટાનું દરેક પુસ્તક મારી પાસે આવી ગયું. એ વખતે ૨૬ પુસ્તકો હતાં.

નંદુભાઈએ મને કહ્યું, 'મોટા, પોતાના પુસ્તકની એક પણ નકલ કોઈનેય મફત કે ભેટ ના આપે. તમે પહેલા જ છો કે એમનાં બધાં જ પુસ્તકો તમને ભેટરૂપે મળે છે.'

આટલું સાંભળી મારું હૈયું આનંદ પામ્યું હતું. હું મારી જાતને સદ્ભાગી માનતો હતો.

થોડાંક પુસ્તકો અને ફાઈલો લઈને હું આશ્રમમાંથી નીકળી બસ સ્ટૅન્ડ ઉપર બસની રાહ જોતો ઊભો રહ્યો.

આશ્રમમાં કામ કરતો છોકરો પૂનમ સાઈકલ ઉપર મારી પાસે આવ્યો અને છાપું વીંટેલું એક પૅકેટ આપ્યું અને કહ્યું કે 'મોટાએ આપ્યું છે. તમારે માટે છે. ઘેર જઈને ખોલજો.'

ઘેર જઈને એ પૅકેટ ખોલ્યું. એક સરસ મજાની રેશમી ચાદર હતી. મોટાની આ ભેટ આજેય મારી પાસે પ્રથમ ભેટની યાદરૂપે સચવાયેલી છે.

•

# ૧૦. કલાધર મોટા

મોટાના સ્મૃતિગ્રંથની યોજનાનો આરંભ થયો ત્યારથી જ મોટાએ જે અનોખી રીતે અમારું ઘડતર કરવા માંડ્યું એની કથા પણ ન્યારી છે.

એ ગાળામાં ગુજરાતના ઉચ્ચ અધિકારીઓનો મોટા સાથે પરિચય થવા માંડ્યો. ગુજરાતના મુખ્ય સચિવ શ્રી લલિતચંદ્ર દલાલ, મુખ્ય ઍન્જિનિયર કાંતિભાઈ કાંટાવાલા, ડેપ્યુટી ઍન્જિનિયર શ્રી બી. સી. શાહ, શ્રી ગુલાબરાય મંકોડી, શ્રી હેમંતકુમાર મિસ્ત્રી વગેરે ઉચ્ચ અધિકારીઓ હતા. બીજી બાજુ બૅંકોના ઉચ્ચ અધિકારીઓ હતા. ત્રીજી બાજુથી કેટલાક સાહિત્યકારો સાથેનો સંસર્ગ પણ વધેલો. ઈશ્વર પેટલીકર સાથે પીતાંબર પટેલ પણ હતા. યશવંત શુક્લ, અનંતરાય રાવળ જેવા વિદ્વાનો પણ આવતા. સરદાર પટેલ યુનિવર્સિટીના ઈશ્વરભાઈ પટેલ તો ખરા. દરેક જણ મોટાને પોતપોતાની રીતે જોતા, માનતા, પ્રમાણતા.

મોટાએ એકાએક મારે ત્યાં બીજી વખત આવવાનું નક્કી કર્યું. પછી નંદુભાઈ પાસે લખાવ્યું કે 'આ વખતે તમે કોઈને આમંત્રણ આપશો નહિ એમ પૂજ્યશ્રીએ લખાવ્યું છે. કોઈને જાણ પણ ના કરશો.' મોટાના આગમનનો એ દિવસ પણ મારે માટે રજાનો ન હતો. એટલે મારે કૉલેજમાં રજા મૂકવી પડે. બે દિવસ પહેલાં મોટા, અમદાવાદમાં હતા. હું એમને મળ્યો. એમણે કહ્યું, 'તમારે અમારા આવવાને લીધે કૉલેજમાં રજા નહિ મૂકવાની. એ આપણી ફરજ છે. એ ના ચુકાય. તમે કૉલેજથી આવો પછી આપણે બપોરે બેસીશું.

વહેલી સવારે મોટા આવ્યા અને થોડીક વારમાં સમયસર હું કૉલેજ જવા નીકળી ગયો. મોટા, મને કૉલેજમાં સતત યાદ આવ્યા કરે. એક બાજુથી હું ઉત્સાહથી વર્ગો લઉં ત્યાં પણ એમની યાદ ઝબક્યા કરે. પૂરો સમય ફરજ બજાવીને હું ઘરે જઉં.

બપોરે સાહિત્ય પરિષદના કામ માટે એકાદ કલાક કૉલેજ જવાનું રહેતું, પણ સાથી કાર્યકરોને કામ સોંપીને જઉં તો ચાલતું.

આથી, બપોરે મોટા, આરામ કરીને ઊઠતા ત્યારે એમની સાથે બેસતો. સ્મૃતિગ્રંથનો આકાર હજી ઊઠ્યો ન હતો. મોટા સાથે અમે ઘરનાં બેસતાં. મોટાએ સવારે શું કહ્યું, શું કર્યું એ હું પૂછતો. અરુણા બધી વાતો કહે.

મોટા બીજી વખત આવ્યા ત્યારે એમને દક્ષિણામાં કેટલા રૂપિયા આપીશું એમ અમે વિચારતા હતા. મોટાએ અમને કહ્યું, 'મારે તમારી પાસેથી પૈસા લેવાના નથી.' આટલું સાંભળતાં જ મારું હૈયું ભરાઈ આવ્યું. મને થયું કે મોટાની પધરામણીની શરત ક્યાં ગઈ ? પછી અરુણાને બેસાડીને કહે, 'તું મને રમેશની દક્ષિણા આપીશ ? હંમેશ માટે નહિ. એક વર્ષમાંથી વૅકેશન મારા માટે તું એને આપીશ ? અમારી વચ્ચે લગ્ન થયાં છે !' મોટાની આવી માર્મિક વાત તત્કાળ તો ના સમજાઈ. મારે આ કામ કરવાનું છે. આથી, આખું વૅકેશન એમાં જ પસાર થશે એટલે મોટાએ આમ કહ્યું હશે ? અરુણાએ મોટાને ઉમળકાથી સંમતિ આપી. એટલે મોટા ગદ્‌ગદ થઈ ગયા.

પછી મોટાએ મને કહ્યું, 'તમારે બે વાત ખાસ ધ્યાનમાં રાખવાની. મારા તમારે ત્યાં આવવાના લીધે કે તમારે આશ્રમમાં

મને મળવા ક્યારેય આવવાનું હોય એ માટે કૉલેજમાં રજા નહિ રાખવાની. આપણને મળેલી ફરજ ચૂકીએ તો એ ધર્મ ના ગણાય. બીજું, મારા વિશે કૉલેજમાં કશી જ વાત નહિ કરવાની.'

કૉલેજનો સમય સવારનો હતો. આથી, બપોરનો સમય મને મળતો હતો. થોડીક જવાબદારી સાહિત્ય પરિષદના મંત્રી તરીકે હતી. પણ એ કામ માટે બીજી એક પગારદાર વ્યક્તિની નિમણૂક કરેલી તેથી એને કામ સમજાવવા જેટલું જ ધ્યાન રાખવાનું હતું. આમ છતાં એમાંથી સૌથી વહેલા છૂટા થવાય એ માટેની મેં તજવીજ કરી દીધી હતી. મેં સાહિત્ય પરિષદના ચૂંટાયેલા હોદ્દેદારોને મને આ જવાબદારીમાંથી મુક્ત કરી દેવાની જાણ પણ કરી દીધી હતી. મને એમ થતું હતું કે સાહિત્ય પરિષદનું મંત્રીકાર્ય શરૂ કરતાં જ જે દાતાના અક્ષરોનું મને દર્શન થયેલું એ દાતા મને મળી ગયા છે. સાહિત્ય પરિષદે મને જે આપવું જોઈએ એ આપ્યું છે. ગુજરાતી સાહિત્ય પરિષદનો એ રીતે હું આજેય ઉપકાર માનું છું. એ ટેબલ ઉપર કામ કરવાનું ના મળ્યું હોત તો મોટા ક્યારે મળત ? પોતાનું નામ ગુપ્ત રાખવા ઇચ્છતા આ દાતાએ ગૂઢ રીતે અને ગુપ્ત રહીને મને જે આપ્યું છે એને હું વર્ણવી શકતો નથી. મને અને માનવજાતને એ દાતાએ જે બક્ષ્યું છે એનું મૂલ્યાંકન કોણ કરે ?

મોટાએ મને જે બે વાત ધ્યાનમાં રાખવાની કહી હતી એ વાતનું મારાથી ૧૯૯૧ સુધી નિવૃત્ત થયો ત્યાં સુધી પાલન થયું હતું, પણ એવું સતત બનતું કે કૉલેજમાં લગભગ બેત્રણ દિવસે કૉલેજના આચાર્ય યશવંતભાઈ શુક્લને મળું ત્યારે સૌથી પહેલાં એ અવશ્ય પૂછે કે 'મોટા, આજકાલ ક્યાં છે ?' હું એનો અહેવાલ

ટૂંકમાં આપું. આથી વિશેષ એ કશું પૂછે નહિ. મોટાના સ્મૃતિગ્રંથની તૈયારી ધમધોકાર ચાલતી હતી. જાહેર ખબરો લાવવાનું કામ ઘણા લોકો કરતા હતા. મારી સાથે કાંટાવાલા સાહેબ, ઇંદ્રવદન શૅરદલાલ પણ કેંદ્રમાં હતા. વર્તમાનપત્રો માટે પણ લેખ તૈયાર કરવાના હતા. સ્મૃતિગ્રંથના સંપાદન નિમિત્તે મારે દરેક સાથે પરિચયમાં આવવાનું થતું. આથી, મને મારા સ્વભાવને સમજવાનું અને બીજાના સ્વભાવને અનુકૂળ થવાનું શીખવાનું મળતું. ત્રણચાર મહિનામાં આ કામ પાર ઉતારવાનું હતું.

સ્મૃતિગ્રંથનું છાપકામ સાહિત્ય મુદ્રણાલયમાં શ્રી વિષ્ણુભાઈ, ઓછી કિંમતે છાપી આપવાના હતા. એ જ ગાળામાં વિષ્ણુભાઈ બૅંકની તથા બીજી લોનથી મોટું પ્રિન્ટિંગ મશીન ખરીદી લાવેલા. મોટાએ એનું ઉદ્‌ઘાટન કરવાનું સ્વીકારેલું. વિષ્ણુભાઈનાં પત્ની ભગવતીબહેન શાળામાં શિક્ષિકા હતાં. વિષ્ણુભાઈ ભારે જહેમતથી છાપવાનું કામ કરતા હતા. સાહિત્ય મુદ્રણાલયમાં મોટા પધાર્યા ત્યારે વિષ્ણુભાઈ અને ભગવતીબહેને મોટાનું ગુલાબનાં પુષ્પોના હારથી ઉષ્માભર્યું સ્વાગત કરેલું.

આ ઉદ્‌ઘાટન પ્રસંગે મોટાએ અરુણાને પાસે બોલાવીને કહ્યું, ‘લે આ સોનાની વીંટી. તું પહેરી લે.’ અરુણાએ કહ્યું, ‘મોટા, તમે જ પહેરાવોને !’

મોટાએ જાતે એ વીંટી પહેરાવી ત્યારે અરુણાએ કહ્યું કે ‘મારી આંગળી ના છોડશો.’

ત્યારે મોટાએ હસીને કહ્યું, ‘અમે તો એક વખત આંગળી પકડી પછી ક્યારેય છોડતા જ નથી.’

એ વર્ષના વૅકેશન દરમિયાન રોજ રાત્રે મોટાનાં પુસ્તકો વાંચતો, નોંધ કરતો, જરૂરી ઉતારા કરતો. એમના જીવન વિશે વિસ્તૃત લેખ તૈયાર કરવાને બદલે એમના શબ્દોમાં એમની જીવનકથા એમનાં પુસ્તકોમાં જ્યાં જ્યાં હતી ત્યાંથી ઉતારી અને એને યોગ્ય ક્રમમાં ગોઠવી. ઉતારીને ગોઠવવાનું કામ એક વખત તો રાતના જાગરણથી થયું હતું. મારાથી ઘરમાં થતું આ કામ જોઈને મારી સાથે રહેતા મારાં સાસુ-સસરાને ફિકર થતી કે હું ક્યાંક બીમાર પડી જઈશ, પણ વચગાળે બેત્રણ કલાક ઊંઘ મળતાં હું તદ્દન હળવો બની જતો.

મોટાનાં પુસ્તકો જેમ જેમ વંચાતાં ગયાં એમ એમ હું મોટામય બનતો હોઉં એમ અનુભવતો હતો. મોટાનાં પુસ્તકના શબ્દો વંચાય એ સાથે જ શબ્દોનો અવાજ જાણે મારા કાનમાં રણકતો હતો. પુસ્તકમાંના એમના કથન પાછળનો ભાવ મારા હૈયાને સ્પર્શતો હતો અને અવનવા ભાવ-ઉમંગ, ઉમળકો, પ્રેમ છલકાતાં હતાં. ઘણી જગાએ તો મારી આંતરિક મૂંઝવણ અને ગૂંચના ઉકેલ મળી જતા હતા. ક્યારેક વાંચતાં વાંચતાં પણ હરિઃૐ, હરિઃૐ બોલાયે જતું હતું. મોટાના પત્રસાહિત્યના તેર પુસ્તકો પૂરતું કામ તો પૂરું થયું. એમની જીવનકથાના પ્રસંગો ઉતારીને ગોઠવીને પેટલીકરને બતાવ્યા. એ બહુ રાજી થયા. એમણે કહ્યું કે આજ કરવાની જરૂર છે, પણ મને તમારા જેવા મોટાના ભક્તોની બીક લાગતી હતી. આમાં કોઈએ લખેલા ચમત્કારો ના આવે એ ખાસ જોવાનું છે. મોટાના કેટલાક ભક્તો ચમત્કારોની ઘણી વાતો મારી પાસે કરે છે.

મેં પેટલીકરને કહ્યું, ‘હું મોટાનો ભક્ત નથી.’ મોટાએ સમજાવેલી ભક્ત અને ભક્તિની વ્યાખ્યા મોટાનાં પુસ્તકોમાં

તાજી જ વાંચેલી. એક વખત મોટાએ ગરજીને કહેલું કે 'હું કોઈનો ગુરુ નથી, મારો કોઈ શિષ્ય નથી.' એ વેણ કાળજે કોતરાઈ ગયું હતું. મેં પેટલીકરને કહ્યું, 'આજે બપોરે કાંટાવાલા સાહેબને ત્યાં પધારજો. મોટા ત્યાં છે. આપણે એમને આ બતાવીને મંજૂર કરાવીશું.

પેટલીકર અને હું મોટાને મળ્યા. મોટાએ મારા લખેલા કાગળ ઉપર નજર ફેરવી. પેટલીકર જોઈ ગયેલા એટલે એમણે કહ્યું કે 'મોટા, આમ તો બધું સારું છે.'

મેં મોટાને કહ્યું, 'પેટલીકર કહેતા હતા કે તમે-મોટાના ભક્તો અતિશયોક્તિ કરો કે ચમત્કારો લખો એની મને શંકા રહે છે. મેં એમને કહ્યું કે હું મોટાનો ભક્ત નથી. આપ જ કહો, આ વાત બરાબર છેને ?'

મોટાએ કહ્યું, 'રમેશભાઈ તદ્દન સાચું કહે છે !' આ પછી આખો સ્મૃતિગ્રંથ છપાઈ રહ્યો ત્યાં સુધી પેટલીકરે કશું જ તપાસ્યું નહિ.

સ્મૃતિગ્રંથમાં મોટા વિશે લખાણ મેળવવા મેં કેટલાકને પત્રો લખેલા. સોપાન, કરસનદાસ માણેક, કિશનસિંહ ચાવડા વગેરે સાહિત્યકારોને પત્રો લખેલા. નગીનદાસ પારેખ, મધુસૂદન પારેખ જેવા વિદ્વાનો પાસે મોટાનાં કેટલાંક પુસ્તકો વિશે વિવેચનો લખાવ્યાં. કેટલાકને મારે રૂબરૂ પણ મળવાનું હતું. આ બધાંનાં લખાણો તથા રૂબરૂ મુલાકાત થઈ. એમની પાસેથી મને મોટાનાં વિવિધ ભાવરૂપોનાં દર્શન થયાં. એ બધામાં પૂ. ચાચાજી-ગુરુદયાલ મલ્લિકની મુલાકાત આજ સુધી વીસરાઈ નથી. મલ્લિકજીને સૌ કોઈ 'ચાચાજી'ના હુલામણા નામથી ઓળખતા. હું, મલ્લિકજીને

હરિજન આશ્રમમાં મળવા ગયો હતો. એ પહેલાં મેં એમને પત્ર લખેલો. એનો એમણે જવાબ આપેલો કે 'મારી સ્મૃતિનું દેવાળું નીકળી ગયું છે અને બુદ્ધિનું પણ દેવાળું નીકળે એવી ભગવાનને પ્રાર્થના કરું છું.' એમને અગાઉ હું મળેલો. મેં એમનાં પ્રેમભર્યાં પ્રવચનો સાંભળેલાં. ટાગોર રવીન્દ્રનાથનાં 'ગીતાંજલિ-ચિંતન'ની એમની લેખમાળામાંથી કેટલાક અંશોનો ગુજરાતી અનુવાદ પણ મેં કરેલો.

મોટા વિશે જાણવા હું એમને મળવા આવ્યો છું એમ જણાવ્યું કે તરત જ એ મને ભેટી પડ્યા અને ચુંબન કર્યાં. આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. 'ભટ્ટજી, મોટા વિશે શી વાત કહું ? માનવદેહમાં ભગવાન સાક્ષાત્ થયા છે.' મલ્લિકજીની આ અવસ્થાથી મારું હૃદય પણ ભરાઈ ગયું. મને થયું કે નારદજી, કૃષ્ણનાં સાક્ષાત્ દર્શન માટે ફરતા હતા ત્યારે ગોપીઓના વિરહમાં, કૃષ્ણ માટે ઝૂરતા ગોવાળોમાં, નંદ-યશોદાની વ્યાકુળ આંખોમાં કૃષ્ણનાં ભાવરૂપનાં દર્શન નારદને થયેલાં એમ મલ્લિકજીને હું મળ્યો ત્યાં જ મને મોટાનાં દર્શન જુદી રીતે થયાં. મલ્લિકજી મારા માટે આદુંના રસમાં મધ મેળવીને લાવ્યા. 'ભટ્ટજી, તમે મોટાની વાત લઈને આવ્યા અને હું રાજી થયો છું. તો તમે શરબત પીવો.' મેં ચાચાજીને કહ્યું : 'આપ મોટા વિશે જે બોલ્યા તે લખી આપોને !'

મલ્લિકજીએ મોટા વિશે લખી આપેલું એ લખાણ અમે સ્મૃતિગ્રંથના ત્રીજા વિભાગના પહેલા જ પાના ઉપર ચોકઠું બનાવીને છાપ્યું હતું. એ લખાણ આ પ્રમાણે હતું :

પરમ પૂજ્ય ઔર પ્રિય મોટા કે આશીર્વાદરૂપી પ્રેમ સે મૈં પિછલે ત્રીસ વર્ષો સે ધન્ય ઔર ધનવાન હુઆ હૂં. પ્રભુસ્મરણ

મેં કિતની શાંતિ ઔર શક્તિ હૈ વહ, ઈસકા એક સુંદર ઔર વિશ્વાસજનક પ્રતીક હૈ. એક વક્ત થા જબ મૈં ભી ઉનકી અનેક આધ્યાત્મિક સિદ્ધિઓ કો ચમત્કાર સમઝા કરતા થા ઔર ઉનકે ગુણ ભી ગાતા થા. મગર અબ મૈં સબકુછ સચમુચ હી ભૂલ ગયા હૂં. કંઈ વર્ષોં સે જબ ભી મૈં ઉનકા સ્મરણ કરતાં હૂં યા ઉનકે ચરણસ્પર્શ કરતા હૂં તબ તુરંત દિલ આનંદ સે વિભોર હોકર પુકાર ઊઠતા હૈ.

Verily, Verily thou art made in the image of God. કારણ ઉનકો દેખતે હી મનુષ્ય કો ફિર યાદ આ જાતા હૈ-ભલે વહ ઈસે બારબાર ભૂલ ક્યોંહિ ન જાય કિ યહ ઈશ્વર કા એક અંશ ઔર આકાર હૈ ! પૂજ્ય શ્રીમોટા કો મેરા નમ્રતા ઔર પ્રેમપૂર્વક પ્રણામ હો !

આ જ દિવસો દરમિયાન એક વખત ચીમનભાઈ મહાજનને ત્યાં મોટા હતા ત્યારે મલ્લિકજી આવેલા. મોટા નીકળવાની તૈયારીમાં ઊભા થયા હતા. મોટાએ ‘આવો, આવો, ચાચાજી’ એમ બોલીને આવકાર્યા. ચાચાજીએ ઘરમાં પ્રવેશતાં જ મોટાનાં ચરણમાં દંડવત્ થઈને માથું મૂકી દીધું. મોટા બે હાથ જોડીને ઊભા હતા. એકાદ મિનિટ પછી મોટા બોલ્યા, ‘ચાચાજી, ઊઠો. મારી કેડો ભાંગી ગઈ ના હોત તો હું તમારાં ચરણ પખાળી દેત !’

મેં જોયું કે ચાચાજીના આંસુથી મોટાનાં ચરણ ભીંજાયેલાં હતાં. ચાચાજી નાના બાળકની જેમ નાચતા-કૂદતા હતા.

ચાચાજી કૅન્સરની બીમારીમાં સપડાયા હતા. સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયેલા. મોટાએ ચાચાજી પાસે જવાનું

નક્કી કરેલું. આ વાત ચાચાજીએ જાણી એટલે એમની સેવામાં હાજર રહેલાઓને કહ્યું, 'મોટાને અહીં લવાતા હશે ? એ કોણ છે એ તમે જાણો છો ? આખી પૃથ્વી ઉપર આવો વિરલો તે એક જ હોય ! એમને અહીં ના લવાય !'

મોટા માટે ચાચાજીનો આવો ભાવ હતો. આ હકીકત મેં બીજા પાસેથી જાણેલી. પછી જાણવા મળેલું કે મોટા, ચાચાજી પાસે ગયેલા. એમના પલંગ પાસે બેસીને 'હરિઃૐ'ની ધૂન બોલેલા. પછી ચાચાજીનો દેહ છૂટી ગયો હતો.

જોકે મોટા, અમારા ઘેર આવ્યા ત્યારથી જ મને પ્રતીતિ તો થઈ જ ગયેલી કે આ જ ભગવાનનું રૂપ છે, પણ એ રૂપ સમજની કક્ષાએ ઊતર્યું ન હતું. પ્રતીતિ અનુભૂતિની કક્ષા સુધી પણ પહોંચી ન હતી. હું જે અનુભવતો હતો એ સમજાવી શકાતું ન હતું. છતાં જે અનુભવાતું હતું એમાં કશું જ ભ્રામક પણ ન હતું.

સ્મૃતિગ્રંથના સંપાદનકાર્ય દરમિયાન હું અનેક રીતે ઘડાયો. મારી અણઆવડતો, મારી નિર્બળતાઓ, મારી મર્યાદાઓનું મને ભાન થયું. મારી સમજણમાં રહેલી અસ્પષ્ટતાઓ, ગૂંચો પણ ઓળખાવા લાગી હતી. મને થતું હતું કે સંપાદન સ્મૃતિગ્રંથનું થતું હોય એમ ભલે લાગે, પણ હું કશુંક બીજું જ સંપાદન કરી રહ્યો છું.

એક દિવસ મોટા અમારે ત્યાં આવેલા અને હું કૉલેજ જવા નીકળ્યો. અમારા નિવાસની નજીકના કંપાઉંડમાંથી હું 'હરિઃૐ હરિઃૐ' બોલતો પસાર થતો હતો ત્યાં જ હૃદયમાં કશુંક ઊછળવા લાગ્યું. ના સમજાય કે સમજાવાય એવું એ થતું હતું. મને લાગતું હતું કે હમણાં પોક મૂકીને રડી દેવાશે, પણ મારાથી જોરથી

હરિઃૐ બૂમ પડાઈ ગઈ કે તરત જ મને મારા દંભ, આડંબર, ડોળનું બિહામણું સ્વરૂપ દેખાયું. મારી આસપાસ વીંટળાયેલો છદ્મ જણાયો. ખૂબ પશ્ચાત્તાપ થવા લાગ્યો. મારા સ્વભાવરૂપે મજબૂત બનીને તદ્દન સાચી જ ભાસતી આ દંભડોળની દીવાલ ધડાધડ તૂટતી હતી. હું હળવાશ અનુભવતો હતો.

આવું બન્યા પછી મોટાની કોઈ પણ વાત સમજવા માટેની દૃષ્ટિ ખૂલી ગઈ હોય એમ લાગવા માંડ્યું.

આખો દિવસ વાંચન-લેખન અને પ્રેસનું કામ ચાલ્યા જ કરે. અપાર ઉત્સાહ, ઉમંગ રહ્યા કરે. લગભગ બધું જ કામ રૂડી પેરે પાર ઊતરવાના દિવસો નજીક આવતા હતા. કામ પાર ઉતારવાનો અંતિમ તબક્કો હતો. એ દરમિયાનમાં સાહિત્ય મુદ્રણાલયવાળા વિષ્ણુભાઈનાં પત્નીનું ઑપરેશન કરાવવાનું નક્કી થયું. વિષ્ણુભાઈ, ભગવતીબહેનને લઈને સવારે મોટા પાસે આવ્યા અને કહ્યું કે 'સર્જન એમનો મિત્ર છે. એણે તાત્કાલિક ઑપરેશનની સલાહ આપી છે. માટે હાલ જ એને દાખલ કરવા જઉં છું.'

મોટાએ કહ્યું કે 'એવી તે શી ઉતાવળ છે ? મહિના પછી કરાવવાથી કશું બગડી નહિ જાય.'

વિષ્ણુભાઈએ કહ્યું, 'બધું નક્કી જ કરી દીધું છે, આપના આશીર્વાદથી પાર પડી જશે.'

મોટાએ કહ્યું, 'ભલે ભાઈ.'

મેં બહાર નીકળીને વિષ્ણુભાઈને કહ્યું, 'વિષ્ણુભાઈ, આ કામ મુલતવી રાખો. મોટાનું સૂચન માર્મિક છે.' ભગવતીબહેન પણ ઑપરેશન માટે મક્કમ હતાં. એમનું ઑપરેશન થયું, પણ

ઑપરેશન પછી એ જ રાતથી ભગવતીબહેનની તબિયત બગડવા માંડી. સ્મૃતિગ્રંથનું કામ પ્રેસમાં ધમધોકાર ચાલતું હતું. વિષ્ણુભાઈ પણ એ જ કામમાં પૂરતું ધ્યાન આપતા હતા. ત્યાં જ ભગવતીબહેનની તબિયત વધારે બગડી. મોટાને આ હકીકતની જાણ કરી. મોટાએ સૂચવ્યું કે 'બહેનને જનરલ હૉસ્પિટલમાં ખસેડી દો.'

કેસ સુધરશે એવી આશાથી વિષ્ણુભાઈના એ સર્જનમિત્ર રજા આપતા ન હતા. મોટાએ વારંવાર આ વાત કહી. ઈંદ્રવદન શૅરદલાલે હિંમત કરીને ભગવતીબહેનને વાડીલાલ હૉસ્પિટલમાં ખસેડ્યાં. વિષ્ણુભાઈનાં મનહૃદય ઉપર ઘણો ભાર હતો. વાડીલાલ હૉસ્પિટલમાં સારવાર આપવા છતાં ભગવતીબહેનની સ્થિતિ કથળતી હતી. અમે બધાં ચિંતિત હતાં. એ દિવસો દરમિયાન મોટા, અમદાવાદમાં જ રહેતા હતા.

એક બાજુ મોટાની સિત્તેરમી જન્મજયંતીની ઉજવણીની તૈયારીઓ ચાલતી હતી, બીજી બાજુ સ્મૃતિગ્રંથ પૂરો કરવાની-સમયસર પ્રગટ કરવાની તાકીદ હતી. એમાં આ એક મોટું વિઘ્ન ઊભું થયું.

મોટાએ એક દિવસ ચાર વાગ્યે ભગવતીબહેનને વાડીલાલ હૉસ્પિટલમાં મળવા જવાનું નક્કી કર્યું. ભગવતીબહેનને આની જાણ કરતાં જ અણધારી ચમક એમની આંખોમાં આવી હતી. સાંજે મોટાનું સ્વાગત કરવા ગુલાબનાં ફૂલો મંગાવી રાખ્યાં હતાં. એ તો બેઠાં થઈ શકે એવી સ્થિતિ જ ન હતી. ડૉક્ટરોએ કેસને ગંભીર કહી દીધો હતો. મોટા લિફ્ટમાં ઉપર આવ્યા, રૂમમાં દાખલ થયા અને ભગવતીબહેનની સામે ઊભા. મોટાને જોવા

ભગવતીબહેને આંખો ખોલી અને સ્મિત કર્યું. પગે લાગ્યાં અને મોટાના હાથમાં ગુલાબનાં ફૂલ મૂક્યાં. મોટા પાસેની ખુરસીમાં બેઠા અને એ ફૂલો ભગવતીબહેનના ઓશીકા પાસે મૂકીને વાંકા વળી પ્રણામ કર્યાં.

લિફ્ટમાં નીચે ઊતરતાં મેં મોટાને ભગવતીબહેનના માથા પાસે નમીને પ્રણામ કરવાનું કારણ પૂછ્યું. મોટાએ કહ્યું, ‘કાળ ભગવાનને નમસ્કાર કરીને પ્રાર્થના કરી.’

‘તો તો બહેન બચી જવાનાં.’

‘વિષ્ણુભાઈની અને એમની પ્રાર્થનાની મદદ મળે તો કાળ ભગવાનની કૃપા પણ મળે.’

હું ,વિષ્ણુભાઈને આની જાણ કરીશ એમ મેં કહ્યું એટલે મોટાએ કહ્યું, ‘કોઈથી કાંઈ થશે નહિ. તમારે કોઈને કંઈ જ કહેવાનું નથી. બને તો તમે પ્રાર્થના કરજો.’

ભગવતીબહેન સાજાં થઈ જાય એવી પ્રાર્થના હું કરતો હતો. બીજે દિવસે સવારે ભગવતીબહેન પાસે અમે ગયા ત્યારે પલંગમાં બેસીને એ ટ્રાન્ઝીસ્ટર ઉપર ગીતો સાંભળતાં હતાં. હસીને અમારી સાથે વાતો કરી એટલે એમને નવું જીવન મળ્યાની આશા બંધાઈ. ભગવતીબહેનને એમના ઘરે લાવી દીધાં. ધીમે ધીમે સાજાં થશે એવી આશા બંધાઈ હતી. વિષ્ણુભાઈ કામના દબાણને લીધે ઘેર પણ પૂરતો સમય આપી શકતા ન હતા. ફાગણ માસની પૂનમ નિમિત્તે એમનો મોટો પુત્ર શ્રેયસ અંબાજી દર્શન માટે ગયો હતો. યજ્ઞેશ-હિમાદ્રી નાનાં હતાં. અનંત ચૌદશના દિવસે અણધાર્યું ભગવતીબહેનનું અવસાન થયું. વિષ્ણુભાઈનું ઘર ભાંગી પડ્યું. દુઃખનો પહાડ તૂટતો હોય એવું જ લાગતું હતું.

હું એમના પરિવારની પરિસ્થિતિથી પરિચિત હતો. મને એવી દહેશત લાગી કે વિષ્ણુભાઈને એમ થશે કે મોટાનાં કામમાં આટલો બધો ખૂંપેલો તોય પ્રભુએ ભગવતીને ના બચાવી ? અને એમની શ્રદ્ધાનું મૂળ ઊખડી જશે ! વિષ્ણુભાઈનું કલ્પાંત જોઈ શકાતું ન હતું.

પણ સમય પસાર થતો ગયો તેમ તેમ મારા આશ્ચર્ય વચ્ચે વિષ્ણુભાઈની મોટા પ્રત્યેની શ્રદ્ધાનું બળ વધવા લાગ્યું એટલું જ નહિ, પણ સ્મૃતિગ્રંથની છપામણીનો ખર્ચ પણ એમણે ના લીધો અને ભગવતીબહેનની સ્મૃતિમાં 'પૂજ્ય શ્રીમોટા : માનાંજલિ-ભાવાંજલિ'ની હજાર વધુ નકલો છાપીને હરિઃૐ આશ્રમને ભેટ આપી, એ પછીના દર વર્ષે મોટાનું એક દળદાર પુસ્તક છાપીને હરિઃૐ આશ્રમને ભેટ આપવાની પ્રથા એમણે શરૂ કરી. એ પ્રથા એમનાં સંતાનો શ્રેયસભાઈ અને યજ્ઞેશભાઈએ આજે પણ જાળવી રાખી છે.

વિષ્ણુભાઈ કહેતા કે મોટાનો પ્રેમ અને શક્તિ ગજબનાં છે. મને દુઃખ અને મુશ્કેલીમાં અંદરથી એટલી હામ અને ટટારી અનુભવાતાં કે એની મને પણ ખબર નથી પડી !

મોટાએ સ્મૃતિગ્રંથના નિવેદનમાં વિષ્ણુભાઈનાં ખમીર અને હિંમતની કદર કરી છે.

વિષ્ણુભાઈના વેપાર-ધંધાને, એમના અંગત જીવનને અને એમના પુત્રના લગ્નપ્રસંગને તથા બીજા પ્રસંગોને મોટાએ ખૂબ રસ લઈને ઉજાળ્યા છે એનું તો એક મોટું પ્રકરણ બને એટલી બધી ઘટનાઓ છે. એ બધામાં મોટાની શક્તિ, પ્રેમ, કુનેહ, વહેવારદક્ષતા વગેરે પ્રગટેલાં જોવાં મળેલાં.

આમ, સ્મૃતિગ્રંથ લગભગ તૈયાર થવા આવેલો. એનું કામ શરૂ કર્યું ત્યારે ધારેલું કે થોડીક જાહેરાતો અને થોડાંક પાનાંનું લખાણ આવશે અને કામ જલદી પૂરું થશે, પણ સંપાદનનું કામ શરૂ થયું પછી એનો વ્યાપ, એનું ઊંડાણ, એનું કલેવર બદલાતું ચાલ્યું. બધું કામ પૂરું થવા આવતાં સમજાયું કે આ તો કોઈક અગોચર શક્તિના અમે સૌ માત્ર વાહન જ બનેલા.

સંપાદનનું કામ શરૂ કર્યું ત્યારે કશીક ભૂલ થવાની બીકથી હું વારંવાર મોટાને પૂછવા જતો. એક દિવસ મોટાએ મને કહ્યું, 'તમને બધું જ કામ સોંપ્યું છે. વફાદારી અને પ્રમાણિકતાથી-નિષ્ઠાથી કરવા મથો. મને હવે પૂછશો નહિ. ભૂલ થાય તો ગભરાશો નહિ. ચિંતા પણ ના કરશો. કામ કરે છે એનાથી કશીક ભૂલ પણ થાય. આપણે બેદરકાર ના રહેવું એટલી કાળજી રાખવી.'

મેં એવો શિરસ્તો રાખેલો કે અન્ય વ્યક્તિનું લખાણ હોય એના નામ આગળ 'શ્રી' લખવું અને લખાણ છપાય એટલે એની છૂટી ત્રણ નકલો લેખકને અગાઉથી પોસ્ટ મારફત મોકલાવી દેવી. એ રીતે સ્મૃતિગ્રંથ પ્રગટ થાય એના કટિંગ્સ મોકલવાનું ચાલુ હતું.

આમાં એક અમુક હોદ્દાથી-પદવીથી ઓળખાતી જાણીતી વ્યક્તિના નામ આગળ એમણે લખી મોકલેલો હોદ્દો ના છાપતાં માત્ર 'શ્રી' જ છાપ્યું. એમને છૂટી નકલ મળતાં એ તો છંછેડાયા અને મારી સામે સખત વાંધો રજૂ કરતો કાનૂની ભાષાનો કાગળ મોકલ્યો. હું તો ગભરાયો. હવે શું થશે ? સ્મૃતિગ્રંથનું પ્રકાશન તૈયાર થવાની અણી ઉપર હતું. સ્મૃતિગ્રંથના વિમોચનની તારીખ

નજીક આવતી હતી. મેં આ હકીકતની જાણ મોટાને કરી. મેં એમને મારી ભૂલ બદલ માફી માગતો અને દિલગીરી વ્યક્ત કરતો પત્ર લખ્યો હતો. મોટાએ મને કહ્યું, 'કશો વાંધો નહિ. તમે તમારે ગભરાયા વિના કામ કરો.'

એ દરમિયાન એ ભાઈ મોટાને મળવા આવ્યા. મોટાએ એમને કહ્યું, 'સાહેબ, આ છોકરાની ભૂલથી આપના હોદ્દાની ઓળખાણ અપાઈ નથી, પણ એ ભૂલ સુધારવા અમે સ્મૃતિગ્રંથ પ્રગટ કરવાનું રોકીએ છીએ અને સુધારેલી કાપલીને છપાવી અને ચોંટાડીને એ ગ્રંથ પ્રગટ કરીશું.'

એ ભાઈએ અત્યંત નમ્રતાથી કહ્યું, 'ના, ના, મોટા, એવું તો હોતું હશે ? કશો વાંધો નહિ.'

'પણ સાહેબ, તમારા વાંધાપત્રથી એ તો મૂંઝાઈ ગયા છે.'

'મારો પત્ર પાછો આપી દેજો.' એમ એ ભાઈએ કહ્યું અને બધું થાળે પડી ગયું.

પોતાનાં કામમાં પરોવાયેલાનો મોટા કેવી કુનેહથી બચાવ કરે છે ! કામ કરનારને જવાબદાર બનાવીને એનામાં આત્મવિશ્વાસ પ્રેરે છે અને યોગ્ય કાર્યપદ્ધતિની સમજ પરોક્ષ રીતે આપે છે એનું મને એ વખતે દર્શન થયું.

•

## ૧૧. 'પ્રભુપ્રેમના રંગરેજ'

મોટાની સિત્તેરમી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે પ્રગટ થનાર સ્મૃતિગ્રંથ સમયસર તૈયાર થઈ શક્યો. આ ગ્રંથ તૈયાર કરવામાં અનેક વ્યક્તિઓ સહભાગી બની હતી. ટાઈપ સેટિંગથી માંડીને બાઈન્ડિંગ કરવા સુધીની પ્રક્રિયામાં અનેક કર્મચારીઓ હતા. સ્મૃતિગ્રંથમાં લખાણ આપનારાઓ, એના માટેની જાહેર ખબર લાવી આપનારાઓ, એ નિમિત્તે નાણાં એકત્ર કરનારાઓ વગેરે ઘણા લોકોને ગણાવી શકાય. શ્રી કાંતિભાઈ કાંટાવાળા, શ્રી ઈંદ્રવદન શૅરદલાલ વગેરે મુખ્ય હતા.

સ્મૃતિગ્રંથના નિર્માણ દરમિયાન અમારા બધામાં કોઈ અનોખો ઉત્સાહ, ઉમંગ, ખંત, ચીવટ પ્રગટ્યાં કરેલાં હતાં. અમને પણ એની ખબર ન હતી કે અમારામાં આટલી બધી શક્તિનો સંચાર કેવી રીતે થાય છે-ચોવીસ કલાક એક જ પ્રકારના કામની ધૂન અમારા મન ઉપર સવાર થયેલી હતી.

ગ્રંથ તૈયાર થયો પછી મોટાએ હરિઃૐ આશ્રમવતી નિવેદન લખ્યું. એમાં એમણે લખ્યું કે 'ભાઈશ્રી ઈંદ્રવદન શૅરદલાલ અને ભાઈશ્રી રમેશભાઈ ભટ્ટે તો આ કર્મને પોતાનું ગણીને જે ભાવે અને જે રીતે શ્રીપ્રભુકૃપાથી દિલમાં દિલથી અપનાવ્યું છે, તે તો જાણે તે બંનેએ કોઈક એવી ગૂઢ શક્તિના આકર્ષણના બળે તેઓ કાર્યમાં એવા તો આરૂઢ અને સંલગ્ન બન્યા હતા કે ના પૂછો વાત. આ બિલકુલ અતિશયોક્તિ વિનાની હકીકત છે. તેનો આભાર માત્ર શબ્દોથી માની શકાય એવું નથી.'

એ પછી તેઓશ્રીએ અનુષ્ટુપમાં ચાર પંક્તિઓ લખી.

*'પોતાના ભક્તનું કર્મ શૂરો આટોપવા તું શો !*
*શા કેટકેટલા હાથ મને તે કાજ બક્ષતો !*
*જેમણે જેમણે બક્ષ્યાં, પ્રતિષ્ઠા, કીર્તિ, લક્ષ્મી સૌ*
*તેમને તેમને પાદે વંદું ભાવથી દિલ હું.'*

આમાં સ્પષ્ટ હતું કે આ કામ ભાગવતી ચેતનાના પ્રતાપે થયું હતું. બધા જ 'ભગવાનના હાથ' હોય એથી કામ કરનાર બધા જ પ્રભુકાર્ય માટેનું એક સાધન બન્યા હતા.

આ પ્રભુનું કાર્ય હતું એવી પૂરેપૂરી સભાનતા મારાથી એ વખતે રહી ન હતી. વળી, એ ભાવનાથી થઈ રહ્યું છે એ પણ સમજાતું ન હતું. માત્ર એટલો અનુભવ થયા કરતો હતો કે આ કામ કરવા અમારામાં અખૂટ શક્તિ ઊભરાતી હતી અને અપાર ઉમળકો રહ્યા કરતો હતો. મોટાએ ભાવનાનું લક્ષણ દર્શાવતાં લખ્યું છે, કે **'હૃદયની ભાવના કેરો ઉમળકો વ્યક્ત લક્ષણ છે.'**

આથી, સમજાય છે, કે આ કાર્યમાં બધા જ ભાવનાથી કાર્ય કરતા હતા.

આજે સમજાય છે કે એ કાર્ય પૂજ્ય શ્રીમોટા પ્રેરિત એટલે પ્રભુપ્રેરિત હતું. મોટામાં પ્રગટ થયેલ પ્રભુ પોતાનાં નિમિત્તોની પ્રકૃતિમાં પ્રવેશીને પોતાનું લીલાકાર્ય સિદ્ધ કરતા હતા. આ કાર્ય પ્રભુલીલાનું વ્યક્ત દર્શન હતું. પ્રત્યેક વ્યક્તિની પ્રકૃતિ ભિન્ન ભિન્ન હતી. દરેકના સ્વભાવ સંસ્કારો મુજબ વ્યક્ત થનારા હતા. મોટાની પ્રગટ ચેતનાશક્તિએ દરેક વ્યક્તિની પ્રકૃતિને અનુરૂપ અને અનુકૂળ થઈને આ કાર્યમાં પ્રેર્યા હતા. જેની પ્રકૃતિને અને સ્વભાવને જે અનુકૂળ અને ગમતું હોય એ જ એને સોંપાતું હતું. આથી, એ વ્યક્તિ પૂરા ઉત્સાહથી ટૂંકા ગાળામાં એ કામ

પાર ઉતારતી હતી. વળી, આ કાર્યમાં લાગેલા બધા દિલથી કામ કરતા હતા. એમના મનમાં મોટાનું સ્મરણ હતું. આ કર્મમાં જોડાયેલ સંખ્યાબંધ વ્યક્તિઓ કામ કરતાં કરતાં 'હરિઃૐ, હરિઃૐ' નિઃસંકોચ બોલતા હતા. આથી, આ થતા રહેતા કાર્યનો કોઈને ના કળાય એવો સમર્પણયજ્ઞ ચાલતો હતો. આ કાર્યમાં પ્રવૃત્ત થનાર કોઈ પણ વ્યક્તિનો અંગત સ્વાર્થ સધાવાનો ન હતો. આથી, પરમાર્થના આ મહાયજ્ઞમાં કોઈક અકળ શક્તિના ધક્કાથી લોકો પ્રેરાયેલા હતા.

મોટા દ્વારા પ્રેરાયેલા આ ભાગવતીકાર્યનો બીજો એક મહત્ત્વનો અંતર્ગત અંશ હતો. આટલા બધા માણસો આટલો સમય પોતાના અંગત સ્વાર્થના કામમાં લાગેલા હોત તો એ કર્મની ભૂમિકામાં રહેલા જીવદશાના ભાવને લીધે એટલો કાળ નવા જન્મનું કર્મ બાંધી લે. જ્યારે આ સમય દરમિયાન પ્રભુપ્રેરિત આ કાર્યમાં આ બધી વ્યક્તિઓનો જે આટલો સમય વહ્યો એ દરમિયાન ઊર્ધ્વ-દિવ્ય ચેતનાના સંસ્કારો અંતઃકરણો ઉપર પડ્યા કર્યા. આટલા સમયમાં પડેલા આ સંસ્કારો કાળક્રમે જ્યારે ઉદય થશે ત્યારે એ જીવોની ગતિ ઊર્ધ્વ તરફ અવશ્ય થવાની જ. સંસ્કારના ઉદયની શક્તિનો આ નિયમ છે. આ અર્થમાં મોટાએ આ કાર્યને ભગવાનનું કામ કહેલું.

પોતાના અનુભવથી સર્વ જીવોની પ્રકૃતિ સાથે થતી આ રાસલીલા હતી. બધા જ જીવોમાં આ કાર્ય માટે જે રસ હતો, એ સ્થૂળ ક્રિયામાંથી નિષ્પન્ન થતો રસ ન હતો., પરંતુ ભગવાનના રસેશ્વરરૂપના સ્પર્શનો પ્રભાવ હતો. પ્રકૃતિ એના ગુણોથી અને સ્વભાવ એના સંસ્કારથી જીવમાત્રને પ્રાકૃત અને

સંસારરસમાં ખેંચી જાય છે. જ્યારે આ કર્મમાં આરૂઢ થયેલા અમે સૌ પ્રકૃતિ અને સ્વભાવની સહજ-સ્વાભાવિક ગતિથી ઊંચી જ દિશામાં વહેતા હતા. આ પ્રતીતિની સમજ એ વખતે મને પણ ન હતી, પણ આ બધું શું બનેલું એનો ખ્યાલ આજે આવે છે.

આ પ્રતીતિનો આશ્ચર્યજનક પુરાવો તો બીજો હતો. આટલી બધી ભિન્ન ભિન્ન પ્રકૃતિના જીવો પોતપોતાને સોંપાયેલા કામમાં લાગેલા હોવાથી એકબીજા સાથે કાર્યને અંગે સંકળાયેલા પણ હતા. આવા પરસ્પર સંકળાવામાં પણ દરેકના નોખા સ્વભાવ ઘર્ષણ, અથડામણ નિપજાવ્યા વિના રહે જ નહિ. આમ છતાં દરેકમાં સમયસરની સૂઝ અને કુનેહ વરતાતી હતી. ક્યારેક અહંકાર ટકરાતો પણ તરત જ એકબીજા સાથે સંકળાયેલાના ભાવથી થોડાક આંચકા લઈને પણ ગાડી ગતિમાં જ રહેતી હતી. મોટામાંથી વહી આવતા પ્રભુપ્રેમને લીધે જ આ શક્ય હતું. એ પ્રેમ કશું જ બોલી બતાવતો ન હતો. આ પ્રેમ હૈયાની કોઈ પણ કુટિલતા કે નિમ્ન ભાવથી વિજયી પણ થવા દેતો ન હતો. આને સમર્થન આપતો એક પ્રસંગ બનેલો એનું અત્યારે સ્મરણ થાય છે.

સ્મૃતિગ્રંથ પૂરેપૂરો છપાઈ રહ્યા પછી એના પ્રકાશનનો યશ પોતે મેળવી લેવા માટે એક વ્યક્તિએ મોટાની મુલાકાત માગી હતી. અનેક રાજકીય પ્રપંચ અને યુક્તિ માટે જાણીતી આ વ્યક્તિ વિશે એક જણે મોટાને ચેતવ્યા અને સાવધાન કર્યા. એ વ્યક્તિમાં એવી યુક્તિ-પ્રયુક્તિની કળા અને પ્રપંચબુદ્ધિ હતી કે એણે ભલભલાને પોતાની જાળમાં લઈ લીધા હતા.

મોટાને ચેતવનાર પેલા ભાઈને મોટાએ કહ્યું કે 'તમે મારી ચિંતા ના કરશો.' ત્યારે એ ભાઈએ કહ્યું, 'ભલે મોટા, પણ તેમની સાથેની મુલાકાત દરમિયાન મને તમારી પાસે હાજર રહેવા દેશો ?'

'બેસજોને, આપણી વાતો ક્યાં ખાનગી છે ? પણ ભાઈ, એક વાત ધ્યાન રાખજો. અમે તો પથરા જેવા છીએ. અમને જે અડકીને જશે એ ઘસાવાનો છે, અમને પ્રભુકૃપાથી કશું જ નહિ થાય.'

મોટા પાસે આવીને એ ભાઈએ કુનેહથી યોજના મૂકી. મોટા બધી જ વાત પ્રેમથી સાંભળતા હતા. પછી મોટાએ કહ્યું, 'ભાઈ, અમને તમારે ત્યાં રોટલા ખાવા બોલાવો. સંબંધ બાંધો, પછી બધી વાત કરીએ.'

એ ભાઈ બોલ્યા, 'અરે મોટા, રોટલાની શી વાત કરો છો, લાડવા જમાડું. કાલે જ આપ પધારો.'

મોટાએ પોતાની પાસે બેઠેલા ભાઈની સામે જોઈને કહ્યું, 'સાંભળ્યુંને ! આ ભાઈને આપણા માટે કેવો ભાવ છે ! નહિતર પહેલી મુલાકાતે આવો ઉમળકો કોણ બતાવે ?' પછી મોટાએ કહ્યું, 'અમે તમારે ત્યાં આવીશું. મારી સાથે પાંચેક જણ હશે.'

'કશો વાંધો નહિ, હું ગાડી મોકલીશ. તમારી સાથે જેને આવવું હોય તે ભલે આવે !' એમ કહી ત્યાં બેઠેલાં બધાંને મોટા સાથે પોતાને ઘેર આવવાનું આમંત્રણ આપ્યું.

બીજે દિવસે મોટા સાથે બેસીને એ યજમાન પરિવાર ઉપરાંત બીજા સૌએ ભોજન લીધું.

પછી યજમાનભાઈએ કાલની વાત શરૂ કરી. મોટાએ એવા ભાવથી પેલા ભાઈની દરખાસ્તમાં સહેજ જ સુધારો મૂક્યો કે તરત જ એમણે કહ્યું, 'એના કરતાં મોટા, અમે એમ કરીએ...' એમ જણાવીને કશું જ પોતાનું અંગત સાધવાને બદલે, પોતાનો સ્વાર્થ સાધવા જે રકમ આપવાની વાત કરી હતી એ કોઈ પણ પ્રકારની શરત વિના અર્પણ કરી દીધી.

મોટા ગદ્‌ગદ થઈ ગયા. મોટાને ચેતવનાર પેલા ભાઈ સામે જોઈ મોટાએ કહ્યું, 'જોયુંને ભાઈ ! કેવો દિલનો સહકાર આ ભાઈએ આપ્યો ! મારો વહાલો ભગવાન કેવા કેવા જીવોનો ભેટો કરાવે છે અને એનું કામ ઉકેલે છે !

આ એક અદ્‌ભુત પરિવર્તનનું દૃષ્ટાંત હતું. કોઈ પણ વ્યક્તિ ભાગ્યે જ માની શકે એવી આ હકીકત હતી. આવું પરિવર્તન મોટામાં પ્રગટેલા પ્રભુપ્રેમનો પ્રતાપ હતો.

મોટાના આવા પ્રેમતાંતણે અમે બધાં સંકળાયેલાં હતાં. એટલે દરેકના ભિન્ન સ્વભાવ અને દરેકના અહમ્‌ના જુદા જુદા પ્રકારો એકબીજાને સહયોગી અને સહકારી થઈને કામ કરી રહ્યા હતા. મને એ વખતે આવા સુમેળના ભાવભર્યા વહેવારનું દર્શન થતાં આશ્ચર્ય થતું હતું.

મોટા, અનુભવીના પ્રતીક તરીકે મહાદેવના મૂર્તરૂપનું અર્થઘટન આપતા એ યાદ આવે છે. મહાદેવની આસપાસનાં અન્ય પ્રતીકો પણ સ્વભાવે એકબીજાના વિરોધી છે. છતાં પ્રભુની પાસે એ સહયોગી બની ગયા છે. મહાદેવના ગળામાં સાપ ફરે છે. મહાદેવના પુત્ર ગણપતિનું વાહન ઉંદર છે. સાપ ઉંદરનો ભક્ષક છે. છતાં એનો સ્વભાવ મહાદેવ પાસે વર્તાતો નથી.

કાર્તિકેયનું વાહન મોર છે. મોર સાપની આંખ ફોડી નાખે એ એનો સ્વભાવ છે. છતાં એ સહયોગી છે. મહાદેવના ગણોમાં અનેક પ્રકાર છે. મહાદેવની પાસેના નંદિ તથા કાચબાની ગતિ અત્યંત મંદ છે. નંદિ તો મંદમતિ છે. છતાં મહાદેવ એનો સંદેશવાહક તરીકે ઉપયોગ કરે છે. નંદિની ભૂલમાંથી પણ મહાદેવ લોકકલ્યાણ સાધે છે.

પરમાત્માનુભવી મોટામાં આ બધાં જ લક્ષણો વ્યક્ત થતાં હતાં. આપણે મહાદેવના પ્રતીકમાંથી જો આવો ભાવાત્મક અર્થબોધ ગ્રહીએ તો મોટા શિવાવતાર હતા.

'સ્મૃતિગ્રંથ'ના સંપાદન-પ્રકાશન દરમિયાન મને થયેલા અનેક પ્રસંગોમાંથી મને મોટાનાં આવાં દર્શન થયેલાં. અલબત્ત, આ ભાવનાત્મક અર્થબોધ પછીથી થતો હતો, પરંતુ મોટાના પરમ પ્રેમભાવનાં આ પ્રત્યક્ષ દર્શન હતાં.

મોટાની સિત્તેરમી જન્મજયંતીની ઉજવણીનો દિવસ એ મારા જીવનનો એક ધન્ય દિવસ હતો. એ દિવસે આ સ્મૃતિગ્રંથનું વિમોચન થવાનું હતું. આ સ્મૃતિગ્રંથ છપાઈ રહ્યા પછી જાણીતા વિવેચક શ્રી અનંતરાય રાવળે એને પૂરેપૂરો વાંચીને એની સમીક્ષા લખી હતી. આ ગ્રંથને એમણે 'સુસંપાદિત સ્મૃતિગ્રંથ' તરીકે ઓળખાવ્યો હતો. આ સ્મૃતિગ્રંથની સામગ્રીનો પૂરો પરિચય મળે એવા હેતુથી શ્રી અનંતરાય રાવળે લખેલી એ પ્રસ્તાવના અહીં રજૂ કરું છું :

સંપર્કમાં આવેલા શ્રેયાર્થીઓને અઢીથી વધુ દાયકાથી ખાનગીમાં એમના પારમાર્થિક વિકાસમાં પોતાની વિશિષ્ટ રીતે સહાયક બનતા રહેલા અને હવે લોકસંગ્રહાર્થે જાગેલા પુણ્ય

સંકલ્પે પ્રેરેલી પ્રવૃત્તિએ અનાયાસે જાહેર પ્રકાશમાં આણી મૂકેલા સાંપ્રતકાળના એક સાધક-સેવ્ય 'જાગતા નર' જેને એમને ભક્તિ અને આદરના ભાવથી જોનાર વિશાળ પરિવાર 'મોટા' કહે છે. તેમના હીરક મહોત્સવ નિમિત્તે પ્રસિદ્ધ થતા આ સ્મૃતિગ્રંથનો સૌથી મૂલ્યવાન ભાગ તેના પહેલાં વિભાગમાં રજૂ થતી શ્રીમોટાની જીવનરેખા છે.પાછળથી પુસ્તકોરૂપે સંગ્રહાયેલાં એમનાં પત્રો અને લખાણોમાં સંબોધ્ય વ્યક્તિઓને પ્રતીતિજનક દૃષ્ટાંત આપવા, તેમની આસ્થા દૃઢાવવા અથવા તેમનો સાધના પુરુષાર્થ ઉત્કટ બનાવવા ઉત્તેજવા એમણે પોતાના જે કેટલાક અનુભવો વર્ણવ્યા છે, તે બધા સમયાનુક્રમમાં ગોઠવી ના છૂટકે અને જરૂર પૂરતાં જ ટૂંકાં સંધાનવાક્યો યોજી, પ્રથમ પુરુષ એકવચનમાં એમની જ વાણીમાં ત્યાં રજૂ કરાઈ તેનાથી એમની પ્રમાણભૂત જીવની ઊપસાવાઈ છે, તે એની વિશિષ્ટતા છે. કપરી ગરીબી અને વહેલી ઉંમરે માથે આવી પડેલા કુટુંબભાર વચ્ચે અભ્યાસમાં આગળ વધી ગાંધીજીની અસહકારની હાકલના ઉત્તરમાં કૉલેજ છોડી ગૂજરાત વિદ્યાપીઠના પહેલા વિદ્યાર્થી બની, ગાંધીજીના શબ્દને માન આપી સ્નાતક પદવીને ઉંબરેથી પાછા વળી જઈ ગાંધીજીની ભાવનાના પહેલા લોકસેવક અને હરિજન સેવક સંઘના પહેલા નિષ્ઠાવાન કાર્યકર અને મંત્રી બન્યા એ શ્રીમોટાના જીવનની ઘટનાઓના બાહ્યપ્રવાહની સાથે જ સમાંતરે ચાલેલા ગુપ્ત સાધક જીવનની તેમાં મળતી હકીકત રોમાંચક છે. સમજણના આરંભકાળથી જ પૂર્વકર્મોના યોગે કેવી અધ્યાત્મ સાધનામાં ઝુકાવી પોતાની કેવી તીવ્ર તમન્ના અને કેવાં આકરાં તપ-તિતિક્ષાથી, નિત્ય 'જાગીને જીવતા' રહેવાથી, તેમ જ સિદ્ધ-

સંતોના અનુગ્રહથી પરમાત્માના સગુણ અને નિર્ગુણ બંને સ્વરૂપનાં સાક્ષાત્કાર અને જીવન્મુક્તતા સુધી પહોંચી ‘ભગત’ અટક અને વિશેષણને તેમણે કેવી સાર્થકતા આપી તેની આ સાધાર કથા જિજ્ઞાસુઓ અને નવસાધકોને પ્રેરક પ્રોત્સાહક નીવડે તેવી છે.

સ્મૃતિગ્રંથનો બીજો વિભાગ આજસુધીમાં ત્રીસેક ગદ્યપદ્ય કૃતિઓમાં મૂર્ત થયેલા શ્રીમોટાના (તેમની કલમની પ્રસાદીના અર્થમાં) અક્ષર જીવનનો સમગ્ર પરિચય આપવા યોજાયો છે. પ્રસ્તાવનાઓ રૂપે અથવા બહાર એ પુસ્તકો માટે લખાયેલા લેખોમાંથી વિવેકપૂર્વક આખો કે થોડો ભાગ ઉતારી તેનું જે સંકલન તેમાં રજૂ થયું છે, તે જીવનમાં કેવાં જુદાં જુદાં ક્ષેત્રનાં કેવાં કેવાં સંભાવિતો પાસેથી તે પુસ્તકોમાંની સામગ્રીને બૌદ્ધિક અનુમતિ અને ઘટતી પ્રશંસા મળી છે, તે બતાવી આપે છે. શ્રીમોટાની કેટલીક કૃતિઓ એમની સાધનાની તે તે કાળની ભૂમિકાનો, કેટલીક તેમની હાલની સ્થિતિનો અને મોટા ભાગની ‘સ્વજનો’ના કલ્યાણ અને વિકાસ માટેની એમની તીવ્ર ઝંખનાનો, એમના અનુભવમૂલક જીવનદર્શન અને પથ્ય માર્ગદર્શનનો, તેમના ગદ્યની વિશિષ્ટતાઓ તથા કેટલીક ખાસ લઢણોનો અને તેમના આશ્ચર્યજનક પદ્યસૌંદર્યનો સુખદ પરિચય કરાવે છે. આ બીજો વિભાગ જિજ્ઞાસુઓને તેમનાં પુસ્તકોના વાંચન ભણી વાળવાનું સત્કાર્ય બજાવશે.

ગ્રંથનો ત્રીજો વિભાગ પહેલાં વિભાગની પૂર્તિ કે પુષ્ટિરૂપ બની રહે છે. એમાં શ્રીમોટાના સંપર્કમાં આવેલ અને પ્રતિષ્ઠિત સજ્જનોનાં એમના વિશેનાં સંસ્મરણો અને અંજલિઓ સંગ્રહાયાં

છે. ભારતીય સંતપરંપરાએ પ્રબોધેલું જીવનનું ઉચ્ચતમ લક્ષ્ય પોતે સર કરી અન્યને તે સર કરવામાં મદદ કરવાનો તથા ગાંધીપરંપરાના લોકસેવક તરીકે વર્ષો સુધી મૂંગા પણ ક્રિયાશીલ હરિજન સેવક તરીકે કામ કરી, હવે વ્યાપક પટ ઉપર સમાજમાં પ્રાણ અને પરાક્રમ પ્રગટાવવાનો એમ જે બેવડો વિરલ પુરુષાર્થ શ્રીમોટા હાલ કરી રહ્યા છે, તેને એમાં ઉચિત માનાંજલિ અપાઈ છે. એવી એમની કૃપા અને એમના પ્રેમનો અનુભવ કરનાર ઘણાંમાંથી કેટલાંકોના હૃદયની એમને માટેની ગદ્ય અને પદ્યમાં લખાયેલી ભાવાર્દ્ર અંજલિઓની થોડીક વાનગી ચોથા વિભાગમાં પીરસાઈ છે.

આ સુસંપાદિત સ્મૃતિગ્રંથ શ્રીમોટાનાં વ્યક્તિત્વ તથા કાર્યની યથાર્થ સમજણ તેના ભાવિક-અભાવિક વાચકોની ગાંઠે બંધાવે એવો બન્યો છે. તેના પ્રકાશનનો સંકલ્પ આટલો મૂર્ત આકાર પામ્યો છે, તો તેનો પૂરતો લાભ લેવાઈ ઉપરનું ઇષ્ટ પરિણામ તે નિપજાવશે જ, એમાં કોઈ શંકા નથી.

મોટાના સિત્તેરમા જન્મદિન નિમિત્તે પ્રગટ થયેલા આ સ્મૃતિગ્રંથના વિમોચનનો કાર્યક્રમ તા. ૮-૯-૧૯૬૮ના રોજ અમદાવાદના ટાઉન હૉલમાં ઊજવાયો. આખો હૉલ ચિક્કાર ભરાયેલો હતો. ઘણા લોકોને તો બેસવાની જગા પણ મળી ન હતી. સ્ટેજ ઉપર મોટાની સાથે સમાજની જુદા જુદા વર્ગની વિશિષ્ટ વ્યક્તિઓ હતી, શેઠશ્રી અરવિંદ નરોત્તમ, જસ્ટીસ પી. એન. ભગવતી, શ્રીમતી ભગવતી, કલાગુરુ રવિશંકર રાવળ, શ્રી ઈશ્વર પેટલીકર વગેરે હતા. સ્મૃતિગ્રંથના સંપાદક તરીકે ઈશ્વર પેટલીકરની બાજુમાં મારે પણ બેસવાનું હતું.

એ સમારંભમાં મોટાના સમાજને બેઠો કરવાના અનોખી શૈલીના કાર્યને બિરદાવવામાં આવ્યું. આ સમારંભ અત્યંત સમતોલ રીતે ગૌરવભર્યો બન્યો હતો.

સ્મૃતિગ્રંથના મુખ્ય સંપાદક તરીકે ઈશ્વર પેટલીકરને પ્રવચન આપવાનું કહ્યું ત્યારે એમણે ઊભા થઈને કહ્યું કે 'સ્મૃતિગ્રંથની યોજનાનો આરંભ કરતાં જ હું એમાં જોડાયેલો, પણ આખા ગ્રંથનું સંપૂર્ણ સંપાદનકાર્ય રમેશભાઈએ કર્યું છે. આથી, એના વિશે તો એ જ કહેશે.'

આઠ વર્ષથી ગુજરાતી સાહિત્યના વ્યાખ્યાતા તરીકે મેળવેલી સફળતાનો કેફ તો હતો જ, વળી, મોટાના આવા અનોખા સ્મૃતિગ્રંથનું સંપાદન કર્યું એનું ગૌરવ હતું. સ્ટેજ ઉપર મહાનુભાવોની ઉપસ્થિતિ હતી અને આખા હૉલમાં ચિક્કાર માનવસમુદાય હતો. એકબે મુદ્દા મનમાં હતા. હું બોલવા માઈક પાસે ગયો અને બાજુ ઉપર નજર કરી મોટા સામે જોયું. મારાથી બે હાથ જોડી માથું નમાવી મોટાને નમસ્કાર કરાયા. મોટા, મારી સામું જ જોયા કરતા હતા.

મેં બોલવાનું શરૂ કર્યું કે તરત જ એક લાક્ષણિક અનુભવમાં હું પ્રવેશ્યો. મારાથી બોલાતા શબ્દો હું સાંભળતો હતો. અવાજમાં જુદા જ પ્રકારની ભાવવાહિતા હતી, પણ ખંડિતતા બિલકુલ ન હતી. એક વાત પૂરી થતાં કશા જ વિચારની ગોઠવણ વિના બીજી વાત આપોઆપ બોલાતી હતી. સ્મૃતિગ્રંથનું સંપાદન કરતાં મારાથી શું શું સંપાદન થયું એની વાત પણ મારાથી કહેવાઈ હતી. પછી મારાથી મોટા સામે જોવાઈ ગયું અને એમના તરફ હાથ લંબાવી હું એમ બોલેલો કે 'આ રંગરેજના છોકરાએ એના

બાપદાદાનો ધંધો ચાલુ રાખ્યો છે. જે એના આકર્ષણની મર્યાદામાં પ્રવેશે છે એને એના અકળ પ્રેમના રંગે રંગી દે છે. રંગનારને એનો રંગ ક્યાં અડી ગયો છે એની ખબર પણ પડતી નથી. આ પરમ પ્રેમીના પ્રેમના અનુભવ માટે તો મૌનમંદિરમાં એક આંટો મારવો જોઈએ. એમના પ્રેમરંગમાં નહિ રંગાવાની જીદ કરીને પણ એમાં પ્રવેશીને બહાર નીકળનાર એ રંગે રંગાયા વિના રહેશે નહિ.' આટલું બોલીને હું મારી જગ્યા ઉપર બેસી ગયો. મને એમ લાગેલું કે હું ઊભો જ થયો ન હતો. મારાથી બોલાયેલું અહીં બેસીને સાંભળતો હતો.

આ અનુભવ-લાગણી અંગત છે, પણ સાચી છે. આ અનુભવે મને મોટા સાથે સાંકળેલો રાખ્યો છે. અલબત્ત, આથી, હું એમના ભાવરૂપમાં ભળી ગયો છું એવું બિલકુલ નથી થયું, પણ એમના સંગમાં ટકી રહેવાયું છે ખરું. એય એમના પરમ પ્રેમતંતુનો પ્રતાપ છે.

મોટાએ એમના એક પત્રમાં સ્પષ્ટ લખ્યું છે, 'ભગવાન કોઈના ગુણદોષ કે પાપપુણ્ય જોતો નથી. જીવમાત્રને ચાહવું એ જ એનો ગુણ છે. અમે પણ ચાહ્યા વિના રહી શકતા નથી.'

બીજે સ્થળે ગઝલની એક પંક્તિમાં લખ્યું છે : **'સ્વજનને ચાહવાકેરી અમારી રીત ન્યારી છે.'** મોટાની ચાહવાની ન્યારી રીત કળાવી મુશ્કેલ છે. એ તો માત્ર અનુભવથી પ્રમાણી શકાય છે. સમારંભની પૂર્ણાહુતિ પછીની ક્ષણે મારા માટે અત્યંત સંકોચજનક અને આશ્ચર્યજનક ઘટના બની. મોટાને ખુરસી ઉપરથી બેઠા કરાયા. મોટા અને અન્ય મહાનુભાવોની વિદાય પછી સ્ટેજ ઉપરથી નીચે ઊતરવાનો મારો ઇરાદો હતો. ત્યાં તો

મોટા સીધા જ મારી પાસે આવ્યા અને હું એમને નમસ્કાર કરું એ પહેલાં તો બે હાથ જોડીને એમણે માથું નમાવ્યું. મારું હૃદય ભરાઈ આવ્યું અને આંખો આંસુથી છલકાઈ ઊઠી અને ક્ષણેકમાં તો મોટા ચાલ્યા ગયા. મને કશું જ ના સમજાયું.

સભાખંડમાં બેઠેલા અનંતરાય રાવળે મારો હાથ દબાવીને મારા ભાવભર્યા પ્રવચન બદલ ધન્યવાદ આપ્યા. મોટાનાં ઘણાં સ્વજનોએ અભિનંદન આપ્યા, પણ હું ઊંડા વિચારમાં ગરકાવ હતો.

બીજે દિવસે મોટાને મળવા ગયેલો. મને કશું પણ ના સમજાય તો જિજ્ઞાસા ખાતર મોટાને પૂછ્યા વિના રહેવાતું નહિ. મારા પ્રશ્નમાં ક્યારેય શંકા ન હતી, પણ મોટાના અનુભવનું હાર્દ સમજવાની ઉત્કંઠા રહેતી હતી. મોટાનો જવાબ એ મારે મન સંપૂર્ણ સમાધાન હતું. ક્યારેક મોટાનો જવાબ સમજાય નહિ તો 'આ સમજવાની મારી પાત્રતા નથી' એમ સ્વીકારી સમાધાન કરી લેતો. આથી, ગઈ કાલે સ્ટેજ ઉપર પ્રવચન વખતે થયેલો અનુભવ મેં મોટાને કહ્યો અને પૂછ્યું કે 'આપે મને વંદન કર્યા એથી ખૂબ જ સંકોચ થયો. મને થયેલો અનુભવ શો હતો ? આપે મને વંદન કેમ કર્યા ?'

મોટાએ કહેલું, 'મેં તમને વંદન કર્યા ન હતા, પણ પ્રભુની કૃપાશક્તિને વંદન કરેલા. તમને પ્રભુકૃપાનો એ અનુભવ થયેલો.'

આનું તાત્પર્ય એ વખતે તો મને પૂરું સમજાયેલું નહિ, પણ પાછળથી એ મને સમજાયેલું કે પ્રવચન શરૂ કરતાં મેં મોટા સામે જોઈને નમસ્કાર કરેલા ત્યારે મારી સામે જોઈને કોઈક ગૂઢ

શક્તિનો સંચાર મારામાં થતાં મારાથી બોલાતા શબ્દોનો હું શ્રોતા-જ્ઞાતા બન્યો હતો. મોટાની પરમાત્મશક્તિના મારા પ્રતિના વહનને લીધે આત્માના ગુણ-સાક્ષીભાવને એટલી ક્ષણો અનુભવી રહ્યો. મોટાએ પોતે 'પોતારૂપ' રહેવા પ્રભુનાં લીલાકાર્યનું અભિવાદન કરેલું. પછીથી મેં એમ દઢાવ્યું કે આ ભાષણ સાંભળનાર જેમને એ ગમેલું એ પણ પ્રભુસ્પર્શની પ્રતીતિ હતી. મેં મારા પોતાને માટેનાં વખાણ છે, એ જેટલી ક્ષણો ધારેલું એ તદ્દન ખોટું હતું.

છેલ્લાં પચીસ વર્ષથી જ્યારે પણ મોટા વિશેના કોઈ પણ પાસા વિશે બોલવાનું થાય છે ત્યારે મોટાને પ્રાર્થના કરીને જ બોલાયું છે. આથી, એ બધી જ વાતો સૌ સાંભળનારને આહ્લાદ આપે છે. આમાં મારી પોતાની કોઈ વિશેષતા નથી. કોરું કોરું-ક્યારેક ઉપલક ઉપલક પણ મોટાને કહીને બોલું છું તોય આવું જ પરિણામ અનુભવું છું. આથી, જે કંઈ એમના અંગે બની રહે છે એ બધું જ એમનાથી પ્રેરાઈ રહેલી શક્તિનો પ્રતાપ છે.

આ દિવસના મારા અનુભવ પછી મને દઢ પ્રતીતિ થઈ કે મોટા એ જ મારા પ્રગટ પરમાત્મા છે. મારામાં જે નિગૂઢ છે અને અપ્રગટ ચેતન છે, એ જીવમાત્રનો આધાર છે, એ માત્ર હું 'જાણું' જ છું. મને એનો લેશમાત્ર અનુભવ નથી. એ જ ચેતન-પરમાત્મા-અનુભવરૂપે મોટામાં પ્રગટ્યા છે. આથી જ મોટા દેહરૂપે મારા મૂર્ત પરમાત્મા છે. અક્ષરદેહ રૂપે મારા ઉપાસ્ય પ્રભુ છે. એમનો પ્રત્યેક શબ્દ પ્રભુનો નાદ છે. એમાંથી અનુભવાતો ઉજાસ એ મારો પથપ્રેરક છે. ભાવના પ્રમાણે જીવનમાં આચરાતું નથી. છતાં એમાં જ -ભાવનામય જીવનમાં જ-રહેવું છે એવી ગોદાટી

પ્રેરનાર એ જ શક્તિ છે. મારામાં કશુંક નૂતન નૂતન જન્માવનાર, એનું સંવર્ધન-સંરક્ષણ કરનાર અને જે કંઈ અંતરાયરૂપની ઝાંખી પામ્યા કરું છું. આ જે કંઈ બન્યા કરે છે એ માટેની મારી કશી જ પાત્રતા નથી એ જાણતો હોવા છતાં એમનો પ્રેમ જ મને ક્યારેક-કદાચ કેટલાક જન્મો પછી એમના રૂપ-આત્મરૂપ-અનુભવમાં સ્થિર કરશે-એવા મને થતા રહેલા અનેક અનુભવના આધારે નીપજેલી શ્રદ્ધા છે.

•

# ૧૨. ચમત્કારો વિશે

ચમત્કારો વિશે મારું માનસ બે પ્રકારનું હતું. કિશોર અવસ્થાથી મેં અનેક ચમત્કારો જોયેલા. રસ્તા ઉપર જાદુગરો જે ખેલ કરતા એ પણ જોવાનું મન થતું. ઘણી વાર ચમત્કારોથી મન 'અહો ! અહો ! થતું, પણ ચમત્કાર કરનાર પ્રત્યે મને ક્યારેય અહોભાવ થતો નહિ. મારાથી અંજાઈ જવાનું પણ બનતું નહિ. એ ચમત્કાર કેવી રીતે થતા હશે એનું આશ્ચર્ય થતું હતું. પણ એનાં કારણો શોધવાનું કૌતુક થતું નહિ.

અમારી પડોશમાં અને આસપાસ જેમને 'માતા આવતા' એવી વ્યક્તિઓ ધૂણતી, ઘૂમતી કે ચીસો પાડતી એ જોવા જતો. એકાદ બે સ્ત્રીઓના હાથમાંથી કંકુ નીકળતું પણ જોતો. નવરાત્રિમાં પોળમાં એક ભાઈ આવતા. એ મોંમાંથી નાડાછડીનું લાંબું દોરડું ખેંચીખેંચીને કાઢી બતાવતા. પહેલાં ખાલી ચાદર ખંખેરીને બતાવીને પછી મોઢે-માથે ઓઢીને મોંમાંથી આખું નારિયેળ કાઢી બતાવતા. આ બધી ઘટનામાંથી હું અદ્‌ભુત રસ માણતો હતો.

કેટલાક સાધુસંતો, ધર્મોપદેશકો કે કથાકારોની આસપાસનો વર્ગ પણ એમના વિશેના ચમત્કારોની વાતો કરતો. એવી વાણીથી હું અભિભૂત થતો નહિ.

શ્રીમાતાજી અને શ્રીઅરવિંદના ચમત્કારો વિશે પણ ઘણી વાતો વહેતી થયેલી. હું, પોંડિચેરી ગયેલો ત્યારે આશ્રમમાં શ્રીઅરવિંદની કાંસાની એક પ્રતિમામાં શ્રીઅરવિંદનાં નેત્રો સજીવ છે અને પ્રકાશ પાથરે છે એવી વાતો થતી હતી. મેં એ પ્રતિમા જોઈ હતી. મને કશો પ્રકાશ દેખાયો ન હતો. અલબત્ત, આશ્રમમાં

શ્રીઅરવિંદની સમાધિ પાસેના સમૂહ ધ્યાનના એક કાર્યક્રમમાં મારું મન તદ્દન વિચાર વિનાની સ્થિતિમાં આવેલું અનુભવેલું, પણ આને મેં વાતાવરણના પ્રભાવ તરીકે ગણેલું. ચમત્કાર તરીકે અહોભાવ થયો ન હતો.

જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ ચમત્કારિક ઘટનાઓ પણ બને છે એનો સ્વીકાર બુદ્ધિથી થયો હતો અને આપણા જીવનમાં ચમત્કારથી સુખ, સંપત્તિ, સાનુકૂળતા રહ્યા કરે એવું વલણ પણ થતું હતું. છતાં એવી ઘટનાની રાહ જોયા કરવાની વૃત્તિ ક્યારેય થઈ નથી. એસ.એસ.સી.ના વર્ષમાં (આજનું અગિયારમું ધોરણ) આવ્યો ત્યારે એક ગુરુએ મને પરીક્ષાનું પેપર અગાઉથી વંચાય એવી સિદ્ધિ મેળવવા કાળીચૌદશની રાત્રે એક મંત્રની અમુક માળા કરવાનું સૂચવ્યું. સ્નાન કરી, નિઃવસ્ત્ર બેસીને, અમુક પ્રકારનો ધૂપ કરીને સેવાપૂજાના ઓરડામાં એ મંત્રની ઉપાસના મેં કરવા માંડેલી. બે કલાક પછી શરીર ગરમ થઈ ગયું. આંખો બળવા લાગી અને પલાંઠી જકડાઈ ગઈ. આથી, હું તો ગભરાઈ ગયો. એટલે મેં એ કામ પડતું મૂક્યું. અડધું પોણું પણ કામ થયું એથી પચાસ ટકા પણ પેપર વંચાશે એવી આશાથી મેં પરીક્ષા પહેલાં ધારણા કરીને એટલા જ પ્રશ્નો તૈયાર કરેલા. પરિણામે હું એસ.એસ.સી.માં કરુણ રીતે નાપાસ થયેલો. ત્યારથી મક્કમ નિરધાર કર્યો કે આના કરતાં મહેનત કરીને ભલે ઓછા માર્કે પાસ થવાય, પણ નિશ્ચિત તો ખરુંને ? આ બનાવથી તત્કાળ સિદ્ધિ મેળવવાની વૃત્તિ મરી પરવારી.

મોટા મળ્યા એની ભૂમિકામાં તેઓશ્રી પ્રત્યેના ગૂઢ આકર્ષણનું નૈમિત્તિક પ્રમાણ છે. સાહિત્ય પરિષદ કાર્યાલયમાં એમનું અક્ષરરૂપ

જોયું. એમને ચંદુભાઈને ત્યાં જોયા અને પછી સુરતના સાહિત્ય સંમેલનમાં મળ્યો. સુરત સંમેલનમાં તથા એ પછીથી મૌનઓરડામાં દાખલ થયા પછી થયેલા અનુભવ મેં હેતુપૂર્વક રજૂ કર્યા નથી. એ અનુભવો નક્કર હોવા છતાં અંગત છે અને એનો બૌદ્ધિક ખુલાસો કરી શકાય એમ નથી. મોટાના શરીરની હયાતી દરમિયાન મેં એવી ઘણી ઘટનાઓ મારી નજરોનજર જોઈ છે તથા મારા મૌનએકાંતગાળા દરમિયાન પણ અતીન્દ્રિય અને આંતરિક તેમ જ બાહ્ય ઘણા અદ્‌ભુત અને અલૌકિક અનુભવો થયા છે. એનો હેતુ ઘણી વાર મને આપોઆપ સમજાયો છે, તો ક્યારેક મોટાને પૂછતાં એનું હાર્દ એમણે કૃપા કરીને સમજાવ્યું છે. એ અનુભવો સાપેક્ષ હોવાથી રજૂ કરવા એ યોગ્ય ધાર્યું નથી.

ચમત્કારિક ઘટનાઓની વાત શરૂઆતમાં મોટા સાથે કરેલી, પણ એમાંથી એમણે એનાં રૅશનલ કારણો સમજાવેલાં. રાંઝણ મંત્રાવવા આવેલી એક બાઈને રાંઝણ મટી ગઈ અને ટટ્ટાર ચાલતી થઈ. 'હરિઃૐ'ના સતત રટણનો એ પ્રતાપ હતો. 'હરિઃૐ'નું રટણ રોગ નિવારવામાં કેવી રીતે સહાયક બને છે, એની વૈજ્ઞાનિક સમજૂતી મોટાએ આપી છે. અલબત્ત, આવા બનાવો પાછળ પ્રભુની કૃપાશક્તિની સહાય જરૂર હોય છે, પણ મોટા જ્યારે જાહેરમાં આવી ઘટનાનો ખુલાસો આપતા ત્યારે કોઈને ભ્રમણામાં પડવાની શક્યતા રહેતી ન હતી.

એક ભાઈને નડિયાદ આશ્રમમાં લીમડાના ઝાડ ઉપરના માંચડા ઉપર રાખેલા. એમને ટી.બી. થયેલો એ મટી ગયો. એ અંગે એક જણના પ્રશ્નના ઉત્તરમાં કહેલું કે 'લીમડાનો ગુણધર્મ જ

ટી.બી.ના જંતુઓને હણી લેવાનો છે.' આમ, ટી.બી. મટવાનું બીજું જે ગૂઢ-શક્તિ કાર્ય હતું, એ કોઈની સમજમાં ના ઊતરે માટે એમણે આવો ખુલાસો કરેલો. જેથી, કોઈ ભ્રાંતિ ના ફેલાય.

મોટાનું **'જીવન દર્શન'** પુસ્તક પ્રથમ વાર મેં વાંચ્યું ત્યારે મોટાના સાધનામય જીવનપ્રવેશની ઘટના જ મને અદ્ભુત લાગી હતી. એમાં એમના જીવનના ઘણા બનાવો ચમત્કારિક હતા, પણ એ બધા જ બનાવો મોટાના જીવનને પ્રભુરૂપે પ્રગટાવવાના સમર્થનરૂપ બનેલા હતા. ચમત્કારોનો હેતુ જીવનને ઊર્ધ્વગતિમાં પ્રેરનારો હોવો જોઈએ એમ મોટા દઢપણે માને છે. આથી, એમના જીવનમાંની ચમત્કારિક ઘટનાઓ સાચા અર્થે ફલિત થતી હતી.

આથી, મોટા ચમત્કાર વિશે સ્પષ્ટ કહેતા કે કોઈ મહાત્માના જીવંત સંપર્કથી કે અનુભવીના કોઈ નિમિત્તથી કોઈની પણ સમજમાં ના ઊતરે એવી કોઈ પણ ઘટના જો આપણા જીવનને પ્રભુપંથે લઈ જવામાં પ્રેરણાત્મક ના બનતી હોય તો એવી ચમત્કારિક ઘટનાનો હેતુ ફલિત થતો નથી. એવા માત્ર અદ્ભુત રસ માણવા ખાતર ચમત્કારોમાં રમમાણ રહેવાય એવી બાબતો વ્યક્તિના કે સમાજના જીવન માટે હિતકારી નથી.

આથી, આ પુસ્તકમાં ક્યારેક જ એવા પ્રસંગનું હેતુપૂર્વક નિરૂપણ કર્યું છે.

મોટાએ મને કહેલું કે 'જીવનમાં ખરેખર ચમત્કાર અનુભવ્યો હોય, જોયો હોય તોપણ એને જાહેરમાં ક્યારે ના કહેવો, કેમ કે એ કહેવામાં ઘણી વાર અતિશયોક્તિ થવાનો સંભવ હોય છે. આથી, એ ખોટી વાતનો પ્રસાર કહેવાય. આથી, સાંભળનારને ખોટી રીતે તમારા પ્રત્યે અહોભાવ થાય અને તમે

જેને લીધે ચમત્કાર અનુભવો એની તમે કુસેવા કરી કહેવાય. ચમત્કાર જો તમારા જીવનમાં ભક્તિ જગવી ના શકે તો એને જરાય મહત્ત્વ ના આપીને વીસરી જવો. એને વાગોળ્યા કરવાથી જીવન દોદળું, નમાલું અને નિર્માલ્ય બની જશે.'

'એ ઉપરાંત, બીજી વાત પણ યાદ રાખજો. બીજા કોઈ જાહેરમાં આવા ચમત્કારોની વાતો કરે તો એ સાચો હોય તોપણ એ બરાબર નથી એમ જ જણાવવું. આથી, આપણાથી ત્યાં હાજર રહેલાને ભ્રમણામાંથી બચાવવાની સેવા કરી ગણાશે.'

મોટાનાં આ વચનો મારાથી આજેય ભુલાયાં નથી.

ઈ.સ. ૧૯૬૮માં મારા જીવનમાં બે સમસ્યાઓ ઊભી થયેલી. એ મોટામાં રહેલી શક્તિના ચમત્કારથી ઊકલી જાય તો સારું એવું વલણ મારામાં એ વખતે જાગેલું. મારા એક મિત્રે એ વલણને ટકાવવા, દૃઢ કરવા ખૂબ પ્રયત્નો કરેલા. એમણે કહેલું કે 'મોટા તો સર્વ સમર્થ છે. એ ધારે તે થઈ શકે. તમે તમારી મુશ્કેલીની એમને વાત કરો અને એને દૂર કરવા વિનંતી કરો.'.

આમાંની પહેલી બાબત આ હતી :- ૧૯૬૨માં મેં પીએચ.ડી.ની ડિગ્રી મેળવવા યુનિવર્સિટીમાં રજિસ્ટ્રેશન કરાવેલું. કોઈએ ના કર્યું હોય એવું અઘરું કામ કરવું એવા આવેશથી 'આનંદશંકર ધ્રુવનું તત્ત્વચિંતન' વિષય રાખેલો, પરંતુ આનંદશંકરના ધર્મવિષયક ગ્રંથો વાંચતા એ ગ્રંથોમાંના સંદર્ભો જોતાં મને થયું કે મેં મારા ગજા બહારની ફાળ ભરી છે. આથી, હું મારું અધ્યયન કરી શકતો ન હતો કે નાલેશીની બીકથી વિષય પણ બદલી શકતો ન હતો. આથી, મને નિરાશા જાગેલી. મેં મોટાને મારી મૂંઝવણ કહી પણ મારી અશક્તિ અને નિરાશાને

છાવરવા એમ કહ્યું કે 'પીએચ.ડી.ની ડિગ્રી મળે તોય શું અને ના મળે તોય શું ? એ મેળવવાથી નોકરીમાં કંઈ બઢતી મળવાની નથી. આર્થિક ફાયદો પણ થવાનો નથી. ઊલટા નામ આગળ 'ડૉક્ટર' લખાય એનું ગુમાન વધવાનું, એના કરતાં આ કામ છોડી દેવું એમ મને તો યોગ્ય લાગે છે.'

મોટાએ કહ્યું, 'તમે પ્રોફેસર તો છો. તમે વિચાર કરી જોયો કે તમે શું બોલો છો ? આ તો નિર્બળતાની ફિલોસોફી છે. આપણાથી લીધેલું કામ પૂરું કર્યા વિના ઝંપાય જ નહિ. આપણે 'ડૉક્ટર' બનીએ અને કહેવડાવીએ-એ વખતે અને એ પછી આપણા મનમાં એનો ફાંકો કે ગર્વ ના રહે એ માટે મથીએ એ સાચું છે. આપણાથી થતું નથી માટે મથવું પણ નહિ અને કામ મૂકી દેવાનો નિર્ણય કરવો એ બરાબર નથી.'

'પણ મને વિષય સમજાતો જ નથી. ભારતીય દર્શનશાસ્ત્રો અને પાશ્ચાત્ય તત્ત્વવિચારનો મને લેશપણ પરિચય નથી. વળી, એની પરિભાષાની પકડ નથી. આથી, એ કામ ક્યારેય પાર ઊતરે એવું નથી લાગતું. બધા મને કહે છે, કે આ ઘણું અઘરું કામ છે.'

'વિષય સમજાતો ના હોય તો એના નિષ્ણાત પાસે જઈને શીખો. પ્રો. એ. જી. ભટ્ટ સાહેબની પાસે બેસીને શાસ્ત્રો સમજો. તે વિષયના બીજા વિદ્વાનોને મળો, પણ મહેનત કરો. તમારો થીસિસ જરૂર સારો થશે. આનંદશંકરભાઈ માટે મારા દિલમાં ઊંચું માન છે અને એમની વિદ્વત્તાની કદર છે.'

મને થતું હતું કે મોટા ચમત્કારોથી આ થીસિસનું કામ પાર પાડી આપે. જાણે એ બોલે અને હું ઉતારું એવું થાય તો કેવું ! આવી વૃત્તિ ક્ષણિક થઈ ગઈ, પણ મોટાએ તો મને મહેનત કરવા

પ્રેર્યો. મોટાએ કહેલું કે 'થીસિસ જરૂર સારો થશે.' આથી, મારામાંથી નિરાશાની અને કામ મૂકી દેવાની પલાયનવૃત્તિ નીકળી ગઈ.

મેં આનંદશંકરનું 'આપણો ધર્મ' વાંચવાનું શરૂ કર્યું. અત્યંત વિદ્વત્તાભર્યા એ લેખો પૂરેપૂરા ઊકલતા જ ન હતા. ઘણી વાર માત્ર એના શબ્દો જ વંચાય. ગુજરાતીના અધ્યાપક તરીકે હું ગુજરાતીમાં લખાયેલો આ ગ્રંથ કેમ ઉકેલી શકતો નથી એવો પ્રશ્ન પણ થતો હતો.

૧૯૬૬માં ત્રણ દિવસનું મૌનએકાંત સુરતના આશ્રમમાં લીધેલું. એ પછી મૌનએકાંતમાં જવાની ઈચ્છા થતી ન હતી, પણ થીસિસ લેખનનું કામ ચમત્કારિક રીતે પાર ઊતરતું હોય તો મૌનમાં બેસવાનો વિચાર તો કર્યો. મેં મોટાને કહ્યું કે 'થીસિસ માટે મને મૌનમાં બેસવાનો વિચાર આવે છે, પણ નિશ્ચય થતો નથી, કેમ કે મને બીક લાગે છે. પહેલાં ત્રણ દિવસ બેઠેલો તોય આમ થાય છે.'

'મૌનમાં શેની બીક હોય ?'

'અંધારાની-બારણાં ખુલ્લાં હોય તો બીક ના લાગે !'

મોટાએ કહ્યું, 'અંધારુ એ બીકનું કારણ જ નથી. તમે બુદ્ધિથી વિચારો તો સમજાશે કે અંધારાને લીધે તો આપણા જ્ઞાનતંતુઓ શાંત પડે છે. આથી, રાત્રે જ આપણે ઊંઘી જઈએ છીએ. જો અંધારાથી બીક લાગતી હોય તો કોઈ રાત્રે ઊંઘે જ નહિ.'

મોટાની આ વાત માનસશાસ્ત્રીય રીતે પણ સ્વીકાર્ય હતી. મારી સમજમાં આ વાત આવી ન હતી. આ દલીલ મારા ગળે ઊતરી ગઈ તોયે મેં કહ્યું,

'અંદર એકલતા ખૂબ લાગે !'

'અલ્યા ભાઈ, આપણને આપણી જ બીક લાગતી હોય તો આપણે કોના આધારે જીવવાના ? ભણેલા બુદ્ધિશાળી માણસ તરીકે વિચાર તો કરો.'

મોટાએ આપેલી આ સમજૂતીથી મેં નિશ્ચય કર્યો. હું નડિયાદના આશ્રમમાં ચૌદ દિવસના મૌનએકાંતમાં બેઠો. એમાં બીજું ઘણું બધું બન્યું પણ ખાસ તો એ બન્યું કે આનંદશંકરના લેખો પહેલી વાર સમજાયા અને મારાથી તૈયાર થનારા થીસિસની ડિઝાઈન ગોઠવાઈ ગઈ. મારામાં આત્મવિશ્વાસ દૃઢ થયો કે મારાથી આ કામ પૂરું થઈ શકશે.

મારાથી તૈયાર થયેલા આ કામની જાણ મારા માર્ગદર્શક શ્રી યશવંતભાઈને કરી અને આનંદશંકરના સાહિત્યના મર્મજ્ઞ અભ્યાસી શ્રી રસિકલાલ પરીખને કહી. આ વિદ્વાનોએ મારી આ વાતને એ વખતે ધ્યાન ઉપર લીધેલી નહિ. શ્રી નગીનદાસ પારેખે તો મને કહ્યું કે 'રામનારાયણ પાઠકે 'આપણો ધર્મ'ની લખેલી પ્રસ્તાવનાથી વિશેષ તમે કહી શકો એમ હોવ તો બરાબર છે.'

આવા વિષય ઉપર મારાથી કંઈ પણ થઈ શકશે, એવો વિશ્વાસ કોઈની આંખમાં જણાયો નહિ.

આમ છતાં મોટાના શબ્દો 'થીસિસ જરૂર સારો થશે' મારી આસ્થાને ડગાવતા ન હતા, પણ આત્મવિશ્વાસને મજબૂત કરતા હતા.

વચગાળાનો સમય અનેક સંયોગોમાં વહી ગયો અને આ થીસિસ ખૂબ મહેનત પછી મોટાના દેહત્યાગ પછીનાં ચાર વર્ષ બાદ તૈયાર થઈ શક્યો. એમાં બધાં જ પ્રકરણો અનેક વખત

લખાયાં. બધી જ વખતનું લેખનકાર્ય નડિયાદ આશ્રમના મૌનએકાંત ઓરડાઓમાં જ થયું.

૧૯૮૩માં એ મહાનિબંધનું ગ્રંથરૂપ મોટાનાં ચરણમાં સમર્પણ કરીને એમનું ઋણ વિશેષભાવે હૃદયમાં સ્થિર કર્યું.

મારે માટે આ ચમત્કારિક પરિણામ હતું. છતાં એની પાછળની મોટાની ઘડતરરીતિ મારા માટે બુદ્ધિગ્રાહ્ય હતી.

બીજી બાબત મારાં પત્ની અરુણાના સ્વાસ્થ્ય અંગેની હતી. એના શરીરમાં જુદી જુદી ગંભીર બીમારીઓ આવતી અને લાંબા સમય સુધી એ મટે પણ નહિ. ૧૯૬૮માં બે ગંભીર રોગ થયેલા. મારી ચિંતાનો પાર ન હતો. મારા એક વિદ્વાન અધ્યાપક મિત્રે અરુણાની જન્મકુંડળી પોતાને બતાવવા સૂચવ્યું. મને જ્યોતિષી-આગાહી ઉપર ભરોસો નહિ. છતાં લાચાર અને નિરાશ સ્થિતિમાં એની કુંડળી બતાવી તો મિત્રે ગંભીરતાથી આવતાં જોખમો સમજાવ્યાં અને શસ્ત્રક્રિયા ટાળવા ખાસ સૂચના આપી. પછી એમણે ભલામણ કરી કે 'તમે મોટાના સંપર્કમાં આવ્યા છો. એ તો મુક્તાત્મા છે. એમનો સંકલ્પ થાય તો બધું પલટાઈ જાય.' એ ગાળામાં મોટાનું શરીર જુદા જુદા રોગોથી ઘેરાતું જતું હતું. મોટાએ અન્ય વ્યક્તિઓના રોગો પોતાના ઉપર લીધેલા એથી આમ હતું એમ સૌ કોઈ કહેતા હતા. મારો સ્વાર્થ તીવ્ર હતો. મને ભાવિની ભયાનક કલ્પનાઓ આવતી હતી. ઘણી વાર ધ્રૂજી ઊઠતો હતો. બે નાનાં બાળકોની સ્થિતિ કેવી થાય એનો વિચાર આવતો હતો. એક દિવસ કૉલેજમાં આ વિચારોએ મને ભરડો લીધો હતો અને હું મોટેથી રડી પડીશ એમ થયું હતું.

એ જ દિવસે બપોરે અમે બંને નડિયાદ આશ્રમે મોટાને મળવા ગયાં. મોટાને આ અંગે વાત કરતા હું રડી પડ્યો ! મેં

કહ્યું, 'મોટા, કશું અઘટિત બને તો મારી જિંદગી રોળાઈ જશે.' મોટા તો શાંતિથી મારી વાતો સાંભળ્યા કરતા હતા. મેં કહ્યું, 'મોટા, આપ કંઈ કરો.'

ત્યારે મોટાએ કહ્યું, 'ગભરાઈશ નહિ. જ્યોતિષી ભગવાન નથી. સૌથી મહાન અને સમર્થ ભગવાન છે. એ બધું સારું જ કરશે. આમ રડવાથી કશું પરિણામ નહિ આવે. બીજાં પચીસ વર્ષ પછી પણ અઘટિત બને તો તે વખતે પણ તું આમ જ રડવાનો છે. આથી, આ શોકભાવ ઘટે એનું મૂળ શોધીને નિવારણ કરવાનું કરવું. અરુણાની પ્રેમથી ચાકરી કરવી.'

પછી અરુણાને હિંમત આપતાં કહ્યું, 'તું તો બિલકુલ ગભરાઈશ નહિ. બહુ દર્દ થાય ત્યારે યાદ કરવું કે મોટાને કેટલા બધા રોગ છે ! આપણને કંઈ ખાસ થયું નથી !'

આ રીતે મોટાએ અરુણાને પ્રભુના સ્મરણનો આબાદ કીમિયો સૂચવી દીધો અને કહ્યું, 'બધું મટી જશે અને એવો સારો સમય આવશે કે તારું શરીર ટકોરાબંધ થઈ જશે.'

એ પછીનાં ત્રણ વર્ષો દરમિયાન મોટાએ જુદી જુદી ઉપચાર પદ્ધતિઓ સૂચવીને દવાઓ લેવરાવી. દોઢ વર્ષ લગી તો આયુર્વેદિક ઉપચાર તેઓશ્રીની ભલામણથી એક સુપ્રસિદ્ધ વૈદરાજે વિના મૂલ્યે કર્યો.

અને ત્રણ વર્ષ પછી યોગ્ય સમયે મોટાએ અરુણાનું ઑપરેશન કરાવવાની ભલામણ કરી અને ઑપરેશન કરવાની પળે જ જાણીતા સર્જન સૌદામિનીબહેન મહેતાએ પેટ ઉપરના કાપ મૂકવાની દિશા કેવી રીતે બદલી એનું આશ્ચર્ય વ્યક્ત કરેલું. હૉસ્પિટલમાં દાખલ થતાં જ રૂમમાં અમે બંનેએ 'હરિઃૐ,

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ' એમ ચાર વખત સાંભળ્યું. ત્યારે ત્યાં કોઈ હાજર ન હતું. એ તો 'મોટા' અમારી સાથે રહ્યાની પ્રતીતિ જ આપી હતી !

મોટા બોલેલા કે 'માણસ મહાન નથી, ભગવાન જ મહાન છે. આ વિજય ભગવાનનો છે.' હું આ જ બાબતને દૃઢ રીતે સ્વીકારું છું. ભગવાનનો મને અનુભવ નથી, પણ ભગવાનનો અનુભવ પામેલાને મેં જોયા છે, માણ્યા છે અને એની પ્રતીતિ પામ્યો છું. આથી, મોટાની ભાષાને માત્ર મારી ભાષામાં મૂકીને એમ જ કહું કે મોટાનો વિજય થયો છે. બીજા અન્ય જ્યોતિષાદિ શાસ્ત્રો પાછળ પડી ગયાં છે !

ચમત્કારોની રાહ ભલે ના જોઈએ, ચમત્કારો પાછળ ઘેલા ના બનીએ, એવા બનાવોને વાગોળીએ નહિ, છતાં જ્યારે બુદ્ધિની સમજણની પરની ઘટના બને છે ત્યારે પ્રભુશક્તિના સામર્થ્યને ઓળખીએ પણ નહિ એવા અંધ ના બનીએ, એને સ્વીકારીએ નહિ એવા ઘમંડી ના બનીએ, એટલું તો મને આવશ્યક લાગે છે.

પરમાત્માનુભવી મોટા સાથેના અનુસંધાનથી આપણી મર્યાદિત શક્તિ બહારનાં પરિણામો નીપજી શકે છે, એનો સ્વીકાર તો થાય જ છે.

•

## ૧૩. 'મોટા'નું 'જીવન' અને 'કાર્ય'

મોટા, અમદાવાદમાં હોય ત્યારે તથા નડિયાદ આશ્રમમાં કે ક્યારેક વડોદરામાં જેને ત્યાં હોય તેમનું આમંત્રણ હોય, તો તેમના ઘરે મોટા સાથે વધુ સમય ગાળવાનું હું ભાગ્યે જ ચૂકતો. મોટે ભાગે મારી સાથે અરુણા હોય જ. બાળકો પણ રજા હોય તો આવે. બેત્રણ મહિને એકાદ વખત મોટા અમારે ઘરે પણ આવવાનું ગોઠવે.

મોટાની પ્રત્યેક ચેષ્ટા, એમની વાણી, વાતચીતનો દરેક શબ્દ મારે મન અર્થગર્ભ રહ્યા જ કરતો. મોટા બીજાઓ સાથે વાતચીત કરે એમાંથી પણ પ્રભુભાવલક્ષી અર્થ મારા મનમાં ઊગી જ આવે.

બે નાનકડા પ્રસંગ યાદ આવે છે.

એક વખત મોટા અમારે ઘરે આવેલા ત્યારે સોનલ-હિરેનને બોલાવીને કહ્યું, 'આપણે સંતાકૂકડી રમીએ. તમારે મને શોધવાનો નહિ. હું આ બારણા પાછળ સંતાઈ જઉં છું. તમારે રસોડામાં જઈને અરુણાને પૂછવાનું કે 'મોટા ક્યાં છે ? ઘરમાં તો છે નહિ. ક્યાં સંતાયા છે ? તું શોધી બતાવને !'

આમ કહીને મોટા એક રૂમના બારણા પાછળ ઊભા રહે. પછી રસોઈ કરતાં અરુણા એ રૂમમાં જાય ત્યારે એ ઝબકી જાય એ રીતે 'હાઉ' કરીને દેખા દે ! અને અમે બધાં હસી પડીએ.

પછી હિરેનને કહે, 'તારે અરુણાને પજવવી. આ ખાવાનું કરી આપ, તે કરી આપ, એમ કહ્યા કરવું.'

અને પછી અરુણાને બૂમ પાડીને કહે કે 'તારે હિરેનને ગુરુ માનવાનો છે. એ કહે એમ કરવું.'

પછી મોટા કહે કે 'અમે તો સંતાયેલા જ છીએ. અમને તો ખોળવા જ પડે અને જ્યારે પ્રગટી જઈએ ત્યારે તમે ચમકી પણ જાઓ. સંતાકૂકડીની રમત આવી છે.'

હું, મોટાના આ વચનનો મર્મ બરાબર સમજી જતો. જમવા બેસતી વખતે અરુણા પીરસે ત્યારે મોટા ઘણો વિનોદ કરે. કહે, 'અમને તો ગમે તેટલું આપો તોય ધરાતા નથી, પણ અમને જોઈએ એ કોઈ પીરસતું જ નથીને !'

અરુણાએ એક વખત પૂછેલું, 'મોટા, હવે તમારે માટે શું લાવું ?'

મોટા કહે, 'મારે તો તમારું દિલ જોઈએ છે ! આપીશ ?'

દિલનો નિરપેક્ષ ભાવ આજસુધી પણ અપાયો નથી એમ અમારે કબૂલ કરવું જોઈએ. છતાં મોટાનો ભાવ આપણને મળ્યા જ કર્યો છે.

બીજો એક પ્રસંગ નડિયાદ આશ્રમમાં બનેલો. એક બહેન મોટા માટે ઢેબરાં, સુખડી વગેરે બનાવીને ડબ્બામાં મૂકીને એના ઉપર રૂમાલ બાંધીને લાવ્યાં હતાં. મોટાએ એમાંથી સામગ્રી ખાલી કરાવીને ડબ્બો તથા રૂમાલ પાછા આપ્યાં ત્યારે બહેન બોલ્યાં, 'એય રહેવા દેવાં હતાંને !' ત્યારે મોટાએ કહ્યું, 'અમારે તો અંદરની વસ્તુનો ખપ છે. બહારનું બધું તમે સંભાર્યા કરો.'

કેટલી માર્મિક વાત મોટાએ કરી હતી ! આવી બીજી ઘણી વાતો છે.

એક સાંજે નડિયાદ આશ્રમમાં ગયેલો. 'પૂજ્ય શ્રીમોટા : માનાંજલિ-ભાવાંજલિ'માં મોટાના જીવનઅંશોનું સંપાદન કરેલું હતું. મને એમ થયા કરતું હતું કે મોટાનું બૃહદ જીવનચરિત્ર

તૈયાર થાય ત્યારે એ તૈયાર કરવાનો લાભ મને મળે તો મારાથી એક મોટું સારું કામ બની શકે, પણ મોટાના જીવનચરિત્રનું સ્વરૂપ કેવું હોઈ શકે ?-એ પ્રશ્ન મૂંઝવતો હતો. આર.આર. શેઠની કંપની તરફથી પ્રકાશિત થયેલો ગ્રંથ 'રમણ મહર્ષિ : જીવન અને કાર્ય' વાંચ્યો હતો. એની રજૂઆત પણ ધ્યાનથી જોઈ હતી, પણ મોટાની જીવનકથા બે પ્રવાહમાં વહેતી મને લાગેલી. એક પ્રવાહ ગરીબ સ્થિતિમાં કુટુંબનિર્વાહ અને દેશસેવા અને બીજો પ્રવાહ જુદા જુદા ઓલિયાઓના માર્ગદર્શન હેઠળની સાધનાની કથા. આ બંને પ્રવાહો જુદા ન હતા. સમાંતર પણ ન હતા, પણ સમરેખ બનતા હોય એવા હતા.

મોટાને હું તેઓશ્રીના જીવન વિશે લખવાની વાત કરું એ પહેલાં જ સાંજે જમી રહ્યા પછી ખુરશીમાં બેઠાં બેઠાં જ મોટા બોલ્યા, 'અમારા જીવનની કથા કોઈથી લખી શકાય નહિ, કેમ કે જીવન શું છે એ પહેલાં સમજવું પડે. વળી, અમારું આંતરિક જીવન કોણ જોઈ-જાણી શકે ? તો અમારા કયા જીવનની કથા લખાય ? અમારા બાહ્ય વર્તનનું તો કશું જ ઠામઠેકાણું નથી.' આથી, જીવનચરિત્ર લખવાની વાત ત્યાં જ અટકી.

મોટા સાથેના સહવાસને દોઢેક જ વર્ષ જ થયું હતું. આમ છતાં તેઓશ્રી સાથે અત્યંત ઘરોબો થયો હતો. એમાં તો એમની જ ખૂબી હતી.

મોટાનો સમાગમ થયા કરે એવા ઉપાય પણ હું શોધ્યા કરતો હતો.

એમનું બધું જ પત્રસાહિત્ય તો હું વાંચી ગયો હતો. સાચે જ 'માત્ર વાંચી' જ ગયો હતો. એ મને અત્યંત રુચિકર અને

પ્રેરક પણ બનેલું જ, પરંતુ એના તાત્પર્યની શોધ માટેનો ભાવ જાગેલો ન હતો. એમના એક નાનકડા પુસ્તક **'હરિજન સંતો'** વિશે કોઈએ કશું જ લખ્યું ન હતું. જેથી, નવેન્દુ ભટ્ટાચાર્યના નામે 'સ્મૃતિગ્રંથ' માટે મેં એક લેખ લખેલો. એમના સમગ્ર પત્રસાહિત્યનું શક્ય તેટલું અવગાહન કરવાના પ્રયત્નરૂપે મેં એક મોટો લેખ સ્મૃતિગ્રંથ માટે લખેલો. ઉપરાંત, 'સમાજને બેઠો કરવાના' લક્ષ્યવાળી મોટાએ પ્રેરેલી દાનયોજનાના હેતુ અને વિશેષતા તેમ જ વિશિષ્ટતા દર્શાવતો એક લેખ 'સ્મૃતિગ્રંથ'માં પ્રગટ થયેલો. એના લેખક તરીકે 'અપૂર્વ દત્ત' નામ પ્રગટ કરેલું. 'હરિજન સંતો' અને 'સ્નેહસિંધુનું આમંત્રણ'નો લેખક કોણ છે એ મેં પાછળથી મોટાને જણાવેલું ત્યારે એમણે ખૂબ રાજીપો દર્શાવ્યો હતો. મોટાના પત્રસાહિત્યનો તથા તેઓશ્રી પ્રેરિત કાર્યનો પ્રાથમિક પરિચય મળી રહે એવા હેતુથી 'જીવનદ્રષ્ટાનો અનુભવયોગ' એ નામે એક પુસ્તિકામાં એ બંને લેખ પ્રગટ કર્યા.

મેં આ બંને લેખવાળી પુસ્તિકાની પ્રસ્તાવના લખવા મોટાને વિનંતી કરી. મોટાએ તરત જ લખી આપી. એ પ્રસ્તાવના વાંચીને મારું તો હૈયું ભરાઈ આવ્યું. મોટાના ખોળામાં માથું મૂકી નમસ્કાર કર્યા. એ પ્રસ્તાવના તો મોટાના આશીર્વચન હતા. મારે એ પ્રસ્તાવનાને પાત્ર બનવાનું હતું. મને થયું કે પુસ્તકમાં આવું છપાશે તો મારી જવાબદારી વધશે. એટલે એ લખાણ મારી પાસે સાચવી રાખવું, એમ નક્કી કર્યું. મેં મોટાને વિનંતી કરી કે 'ચોપડીમાં છપાય એવું બીજું લખી આપોને !' મોટાએ તો તરત જ બીજી વખત લખી આપ્યું.

બીજી વખતના લખાણમાં થોડો જ ફેર હતો. બીજી વખતનું લખાણ એ પુસ્તિકા સાથે મૂક્યું.

મોટાએ લખેલું લખાણ જ્યારે મેં ધ્યાનપૂર્વક વાંચ્યું ત્યારે જ હું સમજી શક્યો કે મોટાના લખાણનું હાર્દ મારાથી પમાયું છે, એ મોટામાં પ્રગટેલી ચેતનાશક્તિના સ્પર્શનું પરિણામ છે. મારી બુદ્ધિશક્તિનો જરાય પ્રભાવ નથી. મારી મતિમાં પ્રકાશ પ્રેરનાર એ જ શક્તિ હતી. છતાં હું તો ફુગ્ગાની જેમ ફૂલ્યો સમાતો ન હતો. એ વખતે તો મારો દર્પ સમાતો ન હતો.

એ પુસ્તિકા એ જ વર્ષમાં ખપી ગઈ. આજે પચીસ વર્ષ પછી એ પુસ્તિકા આ પુસ્તકના પરિશિષ્ટરૂપે ફરીથી છાપી છે.

આ હકીકત ઘણી મોડી સમજાયેલી. દર્પ, અહંકાર તો વધતો હતો. મોટા એને સરખો કરતા હતા એય સમજાયું ન હતું. અહમ્‌નો અંધકાર પોતાનું પણ સાચું જોવા સમજવા દેતો નથી, એ આજે સમજાય છે.

મોટાના નામ સાથે મારા નામની ખ્યાતિ વધે એવી વૃત્તિ દૃઢ થતી હતી. અમદાવાદમાંથી પ્રગટ થતા જીવનસાહિત્યને સ્પર્શતા સૌથી જૂના માસિક **'નવચેતન'**માં દર મહિને કોઈક વ્યક્તિની મુલાકાત પ્રગટ થતી હતી. મેં એના તંત્રી ચાંપશીભાઈને ઉદ્દેશીને મોટાની મુલાકાત છાપવા વિનંતી કરી અને એ મુલાકાત હું લખી આપું તો એ 'નવચેતન'માં છપાશે ? એમ પૂછ્યું. ચાંપશીભાઈએ સંમતિ આપી.

મેં મોટાને કહ્યું, 'મારે 'નવચેતન' માટે તમારી મુલાકાત લઈને પ્રશ્નો પૂછવા છે ! આપ એના જવાબો આપશો ?'

'આવડશે એવા જવાબ આપીશું. તમે તો પ્રોફેસર રહ્યા. અઘરા સવાલ પૂછો તો હું જવાબ ના પણ આપી શકું !' એમ કહીને મોટાએ વિનોદ કર્યો.

'નવચેતન' માટે મોટાની મુલાકાત લેવા માટે નડિયાદ જવાનો દિવસ નક્કી થયો. કૉલેજમાંથી કામ પરવારીને બપોરે હું પૅડ લઈને નડિયાદ પહોંચ્યો. મોટાએ 'આવો, રમેશભાઈ સાહેબ' એમ કહી આવકાર આપ્યો. મારામાંથી તો ખુશીનો ફુવારો ઊડ્યો. પછી મોટાએ નંદુભાઈને કહ્યું, 'ભાઈ, આ પ્રોફેસર મને પ્રશ્નો પૂછવાના છે. મારે બહુ ધ્યાન રાખવું પડશે. મારી તો કશી તૈયારી નથી.'

મેં કહ્યું, 'તમારે વળી શેની તૈયારી કરવાની હોય !'

મોટાએ પૂછ્યું, 'તમે તૈયારી કરીને આવ્યા છો ?'

મેં કહ્યું, 'આમ તો મેં પ્રશ્નો તૈયાર રાખ્યા છે, પણ આપની વાત નોંધતાં વચ્ચે પૂછવા જેવું લાગશે તો પુછાશે.'

મોટાને મળવા આવનાર કેટલીક વ્યક્તિઓ ત્યાં બેઠેલી. એમની સામું જોઈને મોટા બોલ્યા, 'લો, સાંભળો સાહેબે પ્રશ્નપત્ર તો તૈયાર રાખ્યું છે ! પાછા મને વચ્ચે પણ પૂછશે ખરા, ભાઈ, આજ આપણી કસોટી છે !'

મોટાની માર્મિક વાણીથી હું હરખાતો હતો, પરંતુ મારો અહંકાર ગાઢ અંધકારના કિલ્લામાં મક્કમ બનીને બેઠેલો હતો, એ આજે સ્પષ્ટ દેખાય છે. મોટા, એ અહમ્‌ને ખીલવી રહ્યા હતા. મને એમની કળા એ વખતે બિલકુલ સમજાયેલી નહિ.

એટલામાં ડભાણથી રાવજીભાઈ પટેલ આવ્યા. મોટાએ કહ્યું, 'રાવજીકાકા, પ્રોફેસર સાહેબ આવી ગયા છે. આજે આપણી કસોટી છે. રાવજીકાકા, સાહેબના સવાલના જવાબ આપવામાં મૂંઝાઉં તો તમે વહારે આવજો.' રાવજીકાકા પણ મોટા પાસે ખીલતા, એ કહે, હોવે મોટા.'

પછી મોટાએ મને કહ્યું, 'અમારો આ રાવજીકાકો તો ગમે તેવા ભારેમાં ભારે પ્રશ્નોના જવાબ પરખાવી દે એવો છે-ખરુંને રાવજીકાકા ? અને સાહેબ, એમના જવાબોથી અમને પણ આનંદ આવે છે.

રાવજીભાઈએ કહ્યું, 'ખરું મોટા.'

'હેં રાવજીકાકા, તમે પેલા એક ભાઈને કેવો જવાબ આપેલો ?'

'મોટા, મોટા તો સમાજમાં ગુણ અને ભાવ વધારવાનું કામ કરે છે એમ મેં એ ભાઈને કહેલું ત્યારે એમણે મને પૂછેલું પણ કે તમે શું કરો છો ? ત્યારે મેં તો પરખાવી દીધું કે હું પણ ગૂણ અને ભાવનું જ ધ્યાન રાખું છું. મારી પાસે તો તમાકુની ગૂણ છે અને એનો ભાવ છે. આથી, ગૂણ-ભાવ વધે એનું ધ્યાન રાખું છું.'

મોટા તો છાતી ઉપર બંને હાથ મૂકી એટલું બધું ઊછળીને હસ્યા અને બોલ્યા, 'ઓ મારા રાવજીકાકા !' ત્યાં બેઠેલા અમે બધા ખૂબ હસ્યા.

મને એમ થયા કરતું હતું કે મોટા અને રાવજીભાઈની વાતો બંધ થાય તો જ મોટા સાથેની મુલાકાત લેવાનું કામ શરૂ થઈ શકે.

ત્યાં તો અમદાવાદથી કાંટાવાળા સાહેબ આવ્યા. મોટાએ એમને ઉમળકાથી આવકાર્યા. કાંટાવાળા સાહેબ સાથે 'સ્મૃતિગ્રંથ'ના પ્રકાશનકાર્યને લીધે મારે નિકટનો પરિચય થયો હતો. એ પણ ત્યાં બધાને મળ્યા. મારી સામું જોઈ કાંટાવાળા સાહેબે પૂછ્યું, 'તમે ક્યારે આવ્યા ?'

મોટાએ તરત જ કહ્યું, 'ક્યારનાય આવ્યા છે. પ્રોફેસર સાહેબ આજે તો સવાલો લઈને આવ્યા છે. મને સવાલો પૂછવાના છે.'

કાંટાવાળા બોલ્યા, 'મારે કામને લીધે આગળ જવાનું છે. નહિતર હું પણ સાંભળવા બેસત.'

મેં કાંટાવાળા સાહેબને ગર્વથી કહેલું કે 'સાહેબ, આ મુલાકાત 'નવચેતન'માં છપાવાની છે, એટલે આપને એ વાંચવા મળશે.' મોટાએ મને કહ્યું અને ઉમેર્યું કે 'એની થોડીક વધારે નકલો મળે તો આપજો !

મેં કહેલું કે 'પાંચ નકલો તો નિયમથી મળે છે. હું વધારાની નકલ માગીશ તો મને આપશે. વળી મોટા, આ મુલાકાત છપાશે એનો પુરસ્કાર પણ મને મળવાનો.'

'એ તો સારું કહેવાય ! ફાયદાની વાત.' કાંટાવાળા વિદાય થયા એટલે બીજા કોઈક આવ્યા. મોટા તો બધાને આવકારે અને કહ્યા કરે, 'મારે આજે મુલાકાત આપવાની છે !' પણ મને પ્રશ્નો પૂછવાની તક જ ના આપે. સમય ઝડપથી પસાર થતો હતો. બધા વિદાય થયા. ત્યાં જમવા બેસવાનો સમય થયો.

મોટા કહે, 'જમ્યા પછી આપણે વાત કરીશું.'

મને થયું કે સમય થોડોક જ બચશે, પણ મારાથી બીજું શું થઈ શકે એમ હતું ?

અમે જમતા હતા ત્યારે મોટા, અલકમલકની વાતો કરતાં બધાંને આનંદ આપતા હતા. ભોજનથી પરવાર્યા છતાં મોટા ખુરશી ઉપરથી ઊભા થતા ન હતા. હું મારી પાસેનું પૅડ અને

પેન લઈને પાછો તૈયાર થયો. એક કલાકમાં કામ ના પતે તો મારે પાછા જવાનું મોડું થઈ જશે.

પછી મોટા ઊઠીને મને કહે, 'તમારો ટેકો આપો. પલંગ સુધી લઈ જાઓ.'

અમે બંને મોટાના પલંગ પાસે ગયા. મોટા, પલંગ ઉપર બેઠા. હું નીચે બેઠો. મેં કહ્યું, 'આપણે શરૂ કરીશું ?'

મોટા બોલ્યા, 'એમ કરો સાહેબ, તમે સાંજે સમય થાય એટલે ઘેર જાઓ અને મને પૂછવાના સવાલના જવાબ મેળવવા માટે તમારી પાસે મારાં પુસ્તકો છે એ ખોલજો. એટલે તમને જવાબ મળી જશે. એટલે તમારું કામ પૂરું થશે.'

આ સાંભળીને હું તો આભો જ બની ગયો. આટલાં બધાં પુસ્તકોમાં અમુક વિષય ઉપરનો ચોક્કસ જવાબ કયા પુસ્તકમાં હશે ? મોટા તો મારી આંખ સામે જોયા કરતા હતા. આટલા ગાળામાં મોટા સાથેના સંપર્કથી જે અનુભવો થયા એય વીસરાઈ ગયેલા.

હું તો ઘેર પહોંચ્યો ત્યાં સુધી મોટાને પૂછવાના પ્રશ્નોની શોધની રીતના જ વિચારો કર્યા કરતો હતો. મને એમણે મુલાકાત માટે બોલાવ્યો પણ પ્રશ્નો પૂછવાની તક જ ના આપી, એ કેવું ?

ઘણાં વર્ષે એ સમજાયું કે એમણે ખરેખર મને-મારા અહંકારીરૂપને-મુલાકાત આપી હતી-એને પૂરતો જવાબ આપ્યો હતો, પણ એ વખતે એ જવાબ ઉકેલી શકાયો ન હતો, સાંભળી શકાયો ન હતો, સમજી ના શકાય એવી મૂઢ મતિ હતી. અહંકારનાં બધાં જ પડળો ખોલી ખોલી ખોતરાયાં હતાં, પણ હું વિમુખ હતો. ઘરે આવીને હું ખુરશી ઉપર બેઠો. બીજે દિવસે 'નવચેતન'માં મુલાકાતનું મૅટર આપવાનું હતું.

પછી ટેબલ ઉપર મોટાનાં પુસ્તકો ગોઠવીને તૈયારી કરી. કાગળ ઉપર પ્રશ્ન લખીને, હાથ લાગે એ પુસ્તક લીધું અને પાનાં ઊથલાવતાં જ્યાં અટકું ત્યાં જ એ સવાલનો જવાબ હતો. હું એ ઉતારી લેતો. એ રીતે બધા જ પ્રશ્નોના ઉત્તરો એમનાં પુસ્તકોમાંથી એક જ કલાકમાં મળી ગયા અને મેં ઉતારી લીધા અને બીજે દિવસે એ મૅટર 'નવચેતન'ના તંત્રી ચાંપશીકાકાને મોકલાવી આપ્યું.

'નવચેતન'ના મે, ૧૯૬૯ના અંકમાં એ મુલાકાત પ્રગટ થઈ. એના પ્રશ્નોત્તર લોકોને ખૂબ રુચ્યા. એ વખતે 'ગુજરાત સમાચાર' દૈનિકમાં 'અંતરની કેડીએ' નામનું સાપ્તાહિક કૉલમ શ્રી કિશનસિંહ ચાવડા લખતા હતા. એમણે આ મુલાકાત 'ગુજરાત સમાચાર'માં પોતાની સંપાદકીય નોંધ સાથે છાપી.

આ મુલાકાતના પ્રશ્નોત્તરની ભૂમિકાની રહસ્યમયતા માત્ર હું અને મોટા જ જાણતા હતા. પછી મોટા, મુંબઈ ગયેલા ત્યારે શ્રી રતિલાલ મહેતાને આ વાત કરી હતી. શ્રી રતિલાલે મને પત્રથી જણાવેલું.

આવી મહત્ત્વની ઘટના પણ અહમ્‌ના અંધકારમાં ક્યાંય દટાઈ ગયેલી !

એ આખી મુલાકાત શ્રી કિશનસિંહ ચાવડાની નોંધ સાથે અહીં ઉતારું છું. આ મુલાકાતનું પુનર્મુદ્રણ તા. ૪-૫-૧૯૬૯ તથા તા. ૧૧-૫-૧૯૬૯ના 'ગુજરાત સમાચાર'માં થયું હતું.

ooo

*[હમણાં જ એચ. કે. આટ્ર્સ કૉલેજના ગુજરાતીના અધ્યાપક ભાઈ રમેશ ભટ્ટે મોટાની એક મુલાકાત લીધી હતી અને કેટલાક સામાન્ય છતાં અસામાન્ય પ્રશ્નો પૂછ્યા હતા. તેના જવાબો લોકસમાજના વ્યાપક સ્તરોમાં વંચાય એ હેતુથી અહીં આપવાનું યોગ્ય ધાર્યું છે. આજે લોકો સાધુસંતોનાં આશીર્વાદ અને દર્શન માટે જે ધખારા અને દોડાદોડ કરે છે અને આત્મપુરુષાર્થનું નામ દેતાં નથી એવાં આ અપંગ પરિસ્થિતિ અને સંજોગમાં, વ્યક્તિને અને વ્યક્તિના મનહૃદયને સંકોરવાની મોટાની આત્મનિષ્ઠ વાણીનો પ્રસાદ આપણે પામીએ. ]*

***પ્રશ્ન :*** *સમાજોન્નતિ શી રીતે શક્ય બને ?*

***ઉત્તર :*** *સારોયે સમાજ ઉન્નતિના સર્વોચ્ચ શિખરે પહોંચી જાય એ શક્ય નથી. વ્યક્તિ ચડી શકે-ચડે પણ છે. સમાજ તો વ્યક્તિ પ્રત્યે મીટ માંડતો હોય છે અને વ્યક્તિથી દોરવાતો હોય છે. સમાજ પોતાની પ્રાણશક્તિ વ્યક્તિઓ દ્વારા જ વધતી અનુભવતો હોય છે. સમાજ વ્યક્તિઓનો જ બનેલો છે. એટલે વ્યક્તિ જેટલું ઊંચે ચડવા મથે અને વધુ ને વધુ વ્યક્તિઓ ઉચ્ચ જીવન પ્રગટાવવામાં રસ લઈને એ પરત્વે જેટલી નિષ્ઠા પ્રગટાવે એટલા પ્રમાણમાં સમાજ પણ ઊંચો આવે.*

***પ્રશ્ન :*** *જીવનવિકાસમાં પરિસ્થિતિઓ અને પ્રસંગો કેવો અને કેટલો ભાગ ભજવે છે ?*

***ઉત્તર :*** *જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં માનવીના અભ્યુદયની શક્યતા રહેલી છે. કશાથી ભાગી છૂટવાની જરૂર નથી. પરિસ્થિતિઓ અને પ્રસંગો તો ભાતભાતના આવે અને જાય, પણ એ પરિસ્થિતિઓ તથા પ્રસંગોમાં આપણે કેવા રહીએ*

છીએ અને કેવી રીતે જીવીએ છીએ એના ઉપર જ આપણા જીવનવિકાસનો આધાર રહેલો છે. જીવનની કોઈ પણ પરિસ્થિતિ કે જીવનનો કોઈ પણ પ્રસંગ માનવીમાં નવી સમજણ ઉગાડવાની તથા મળેલી સમજણને દૃઢ કરવાની શક્યતા ધરાવે છે. એટલે એમનો એ પ્રકારે ઉપયોગ કરવાના સંનિષ્ઠ પ્રયાસોમાં જ માનવીની યોગકુશળતા રહી છે. માનવજીવનની પ્રત્યેક પરિસ્થિતિ કે માનવજીવનનો પ્રત્યેક પ્રસંગ માનવીને પોતાના આત્માની તેજસ્વિતાનો અનુભવ કરાવવા માટેની એક 'તક' છે. એટલે એને પ્રભુકૃપા લેખીને જ્ઞાનભક્તિપૂર્વક એનો સ્વકલ્યાણાર્થે જ સ્વીકાર કરવાનો છે. કશું જ નકામું નથી. પ્રસંગો કે પરિસ્થિતિઓ સિવાય જીવનમાં આપણે બીજા શેનાથી ઘડાઈ શકવાના છીએ ? એટલે પરિસ્થિતિઓ તથા પ્રસંગોમાં તો ગુરુ બિરાજેલા છે, એવી ભાવના સેવનારો માનવી એથી આવરાઈ જતો નથી તો પછી સંતાપ તો ક્યાંથી જ પામે ? પરિસ્થિતિઓ અને પ્રસંગો તો જીવનને ઘાટ આપનારાં છે. એ સારાંય હોય અને નરસાંય હોય, પણ આપણે તો એ બેઉમાં પ્રભુભાવના જ દૃઢાવવાની હોય.

**પ્રશ્ન :** ધનસંચયનો હેતુ શો ?

**ઉત્તર :** સતત ધનની જ ગણતરી ના કર્યા કરવી એ જેટલું સારું છે એટલું જ સારું ધનનો અયોગ્ય ઉપયોગ ના થાય એ જોવું એ છે. ધનસંગ્રહની હૂંફના વિચારને કદી પોતાના મનમાં પ્રવેશવા ના દેવો. તમે સામો પ્રશ્ન કરશો, તો પછી ધન પાસે રાખવું જ શા સારુ ? ધન પોતાની પાસે હોય તો એનો વિચાર આવેને ?' પણ એ માન્યતા બરાબર નથી. જેમ આપણને આપણો દેહ તથા

આપણી ઈંદ્રિયો આદિ આપણામાં રહેલાં તત્ત્વો વિકસાવવાની ભૂમિકા માટે મળેલાં છે અને એ ભૂમિકા પૂરતાં તો જેમ એ વાસ્તવિક અને જરૂરનાં છે એવું જ ધનનું સમજવું. પાસે ધન ના હોય અને માણસ પોતે પોતાને ગરીબ સમજે એમાં શી નવાઈ? પણ ધન હોવા છતાં જે માણસ ગરીબ જેવો નમ્ર રહે અને એ રીતે વર્તે એ જ ધનને લાયક લેખાય અને એવો માનવી ધનનો સદુપયોગ કરી શકે.

પરિસ્થિતિમાં ભળી જવું, ગળી જવું અને પાછું તેને તાબે થઈને જીવવું, લોકોના જીવનનો આ દેખીતો ક્રમ છે. સાધકને એવું જીવન ના પાલવે. એણે તો જીવનના એકેએક પ્રસંગમાંથી નોખા તરી રહીને તેમાંથી વિકાસક પ્રેરણા પામવાનું અને આગળ ધપ્યે જવાનું રહે છે. જીવન પરત્વેનો તેનો આશાવાદ શક્તિપ્રેરક બની રહેવો જોઈએ.

ધનવાનોના ધને જગતમાં ઘણો અનર્થ સર્જ્યો છે. અણઘડ લોકો એ શક્તિને આજે સંગ્રહીને બેઠા છે. એના સદુપયોગની કલા તેઓ જાણતા નથી. તેઓ તો ભોગવિલાસમાં ડૂબેલા છે. ધન એ તો એક સમર્થ શક્તિ છે. એનું પાસે હોવાપણું ખોટું નથી, પણ ધનને દિવ્ય સાધન તરીકે વાપરવાની કલા તથા એના ઉપયોગની જ્ઞાનપૂર્વકની સમજણ આપણને હૃદયથી પૂરાં સમજાયાં નથી. તેથી, આ બધો ગૂંચવાડો ઊભો થયો છે. જે જીવનમાં ભાવનાનું મૂલ્ય ના હોય, ભાવનાનો મર્મ જે જીવનને સમજાયો ના હોય એવું જીવન શા ખપનું ? જો જીવનની સાચી સમજણ અને દૃષ્ટિ ના હોય તો ધનસંગ્રહ શા ઉપયોગનો ? જીવનવિકાસ અર્થે જ એનો ઉપયોગ થવો જોઈએ. ધનથી જો

જીવન ઘડાતું ના હોય પણ જકડાતું જતું હોય તો એ ધન આપણા કોઈ પ્રિયમાં પ્રિય સ્વજનના શબ સમું છે. ધનનું ખોટું મહત્ત્વ જીવનમાં વિકૃતિ લાવે છે.

**પ્રશ્ન :** જીવનમાં શ્રદ્ધાનું મહત્ત્વ કેટલું ? એનાં લક્ષણો શાં ?

**ઉત્તર :** જીવનસાધનાને આવશ્યક એવા પુરુષાર્થમાં શ્રદ્ધા આપણને ટકાવી રાખે છે. ધ્રુવતારાની પેઠે એ આપણને યોગ્ય દિશાસૂચન કરીને વિમુખ થતા અટકાવે છે. છેવટે આપણા સત્ત્વને સંપૂર્ણતઃ જાગ્રત કરે છે અને પરિપૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરાવી દિવ્ય જ્ઞાનજ્યોતિનાં દર્શન કરાવે છે. આપણે જે કશામાં પ્રવેશ કર્યો હોય એથી વિપરીત વિચારતાં મન અટકવા માંડશે અને એ રીતે દ્વિધાપણું ઓછું થતું જશે. મનમાં નિરાશા કે પરાજયની ભાવનાને એથી સ્થાન નહિ હોય. 'પલ મેં તોલા પલ મેં માસા' જેવી સ્થિતિ નહિ હોય. જેમ જેમ શ્રદ્ધા વધે તેમ તેમ માનવીમાં દૃઢતા આવતી જાય છે. શ્રદ્ધાના આરંભમાં જ કંઈ શ્રદ્ધા જામી જતી નથી, પણ ક્રમશઃ એવી વૃદ્ધિ પામતી જાય છે.

**પ્રશ્ન :** ઊર્ધ્વજીવનની સાધનામાં પ્રભુકૃપા તથા પુરુષાર્થ કેટલો ભાગ ભજવી શકે છે ?

**ઉત્તર :** પ્રભુકૃપા વાંછનારનું જીવન પણ પુરુષાર્થી તો હોવું જ જોઈએ. પ્રભુકૃપા પામવા માટે જે આવશ્યક શરતો પૂરી પાડવાની રહે છે, તે સ્થિતિ મેળવવા માટે પણ પુરુષાર્થ તો કરવો જ રહ્યો. પ્રભુકૃપામાં માનનાર જીવની અહંતા પ્રતિદિન નિર્મૂળ થતી જાય, તે પોતાના કર્યા કારવ્યામાં રાચે નહિ, જેમાં ને તેમાં એ પ્રભુને જ જુએ અને વિચારે. પુરુષાર્થી જો સાચી દાનતથી અને પ્રેમભક્તિથી સાધના કરતો હશે તો એનું અભિમાન અને

એની અહંતા જરૂર ગળતાં જવાનાં છે. પુરુષાર્થ પણ શાને કાજે છે ? જેનાં મનાદિકરણો શ્રીહરિની ભાવનામાં મળી જઈને તેમાં ગળી જાય એ જ સાચો સાધક. સાચા સાધકનું અભિમાન જો વધતું જાય તો શું એને ખબર નહિ પડે ? અને ખબર પડશે તો શું એ અભિમાન પોષ્યા કરશે ? સાધક જેમ જેમ સાધનામાં આગળ વધતો જાય છે તેમ તેમ તેના વિવેકની આકલનશક્તિમાં પણ સૂક્ષ્મતા પ્રગટતી જતી હોય છે. સાધનામાં આગળ જતાં જો સૂક્ષ્મતા-નિમ્ન પ્રકૃતિનાં આક્રમણોમાં-પ્રગટે છે તો સાધકના ઊર્ધ્વપણામાં-કરણોમાં-પણ એવી સૂક્ષ્મતા પ્રગટતી જતી હોય છે. એટલે પ્રારંભિક સાધક જેમ પોતાના અભિમાનને કદી પોષશે નહિ તેમ આગળ જતાં એ જ સાધક એવા સૂક્ષ્મતમ આક્રમણો થતાં પોતાનામાં જાગેલી વિવેકશક્તિની સહાયથી એ આક્રમણો નિવારવા જ પ્રભુકૃપાથી મથ્યા કરશે એ અનુભવસિદ્ધ હકીકત છે.

**પ્રશ્ન :** ચમત્કારિક સંતપુરુષો સહજ રીતે ગમે તે વ્યક્તિના જીવનને ઉન્નત બનાવી શકે ?

**ઉત્તર :** ના ભાઈ ! ના.

**પ્રશ્ન :** તો પછી જનસમાજની એવી માન્યતા અંગે આપ શું કહેશો ?

**ઉત્તર :** સાચી વાત તો એ છે, કે જનસમાજ સંતોનાં જીવનના ચમત્કારોને જાણેઅજાણે ઘણું મહત્ત્વ આપે છે. ચમત્કાર તો ઠેર ઠેર જોવા મળે છે. માનવીનું શરીર ચમત્કારોથી ભરેલું છે. સૂર્ય, ચંદ્ર, તારા, આકાશ, પૃથ્વી એ સર્વ ચમત્કારો જ છે, પણ જે ચમત્કારમાં તમે માનતા હોવ એ ચમત્કારથી જો તમારા જીવનની

*વિચારસરણી અને ભાવના જીવનધર્મને તારનાર કે ઊંચે લાવનાર ના બની શકે છતાં એવો માનવી જીવનમાં એવી રીતે ઊડતો હોય તો એની એ પ્રકારની માન્યતામાં ક્યાંક ભ્રમણા છે એમ જરૂર જાણવું. જ્ઞાન, ભક્તિ, યોગ કે ધ્યાન એ ઘાણીએ જોડાયેલા બળદની આંખે બાંધવામાં આવતા ચામડાના ડાબલા જેવાં નથી. એ સર્વ તો છે નવજીવન પ્રેરનાર. સામાન્ય માનવી જે કરી શકતો નથી એ સહજપણે કરી શકવાની પ્રેરણા અને શક્તિ પ્રભુકૃપાથી એવું નવજીવન પામેલા માનવીને મળે છે. એવા માનવીના જીવનમાં પ્રભુકૃપા પામવા માટેની યોગ્યતાનાં કોઈક ને કોઈક લક્ષણો તો વ્યક્ત થયા વિના રહેતાં નથી, પણ દીર્ઘાનુભવને અંતે જ એ બધું સમજાય. કોઈને પણ જાણવો કે સમજવો હોય તો એના પ્રત્યે ભક્તિ ધરાવનારું હૈયું હોવું આવશ્યક છે. એ એક જરૂરી અંગ છે. ભક્તિ એટલે ઘેલછા નહિ, પણ જીવનની ભાવના પરત્વે માનવીને અડગ અને નિશ્ચલ રાખનારી કોઈક અમોઘ અને અગમ્ય એવી પ્રેરક અને ગતિવાહક હૃદયશક્તિ. એવી ભાવના કદી સ્થિતિસ્થાપક નથી હોઈ શકતી. જે માનવી પોતાના જીવનમાં આવી પડેલાં કર્મોમાં, પ્રસંગોમાં, સંબંધોમાં અને પરિસ્થિતિઓમાં પોતાનો જે ધર્મ હોય તથા તે વિશેનો જીવનને ઘડવા માટેનો જે યોગ્ય હેતુ હોય એને હૃદયથી સમજીને તથા એ બધું ભારપૂર્વક કર્યા કરીને ભગવાનને ચરણે કૃતકૃત્ય થવા કાજે નદીનાં પૂરની પેઠે ઉત્સાહપૂર્વક સમર્પણ કર્યા કરે છે, એ માનવી જ એકમાત્ર 'સાચા જીવન'ને પામી શકે. જીવનમાં પોતાનાં કર્મોમાં ભાવનાનું અનુશીલન તેમ જ એ કર્મના અનેક પાસાંઓનું યોગ્ય પરિશીલન જેને સ્ફુર્યા કરે છે, એ માનવી*

જ ચેતતો અને જાગૃત રહી શકે છે. એવા ચેતેલા જીવાત્માઓમાં જ સત -અસતને પારખવાની યોગ્ય વિવેકશક્તિ જન્મે છે. એવી વિવેકશક્તિમાં તાટસ્થ્ય, સમતા, સ્થિરતા, શાંતિ, પ્રસન્નચિત્તતા આદિ ભાવનાઓ સમાયેલી હોય છે. વળી, જે માનવી જીવનમાં આવા ગુણવિકાસને મહત્ત્વ આપતો રહીને પ્રભુકૃપાથી સ્વજીવનને વિકસાવવાની તમન્ના સેવતો રહે છે, તેને ગુરુ કે સંત શોધવાની જરૂર નથી જ રહેતી. આ કઠિન (અનેક અર્થમાં કઠિન) કાળમાં કોઈને પણ શોધ્યા સંત કે ગુરુ મળી શકે એમ નથી. એટલે જે માનવી અનુભવે કરીને આવી વિવેકશક્તિ કેળવી શકે તેનામાં કોઈ સાચા સંતની દૃષ્ટિ, વૃત્તિ અને ભાવના આપોઆપ જ આવીને વસે છે. બાકી, જીવનના ધ્યેયને સમજ્યા વિના કે નક્કી કર્યા વિના આમતેમ આથડનારો તો ત્રિશંકુ સમી સ્થિતિમાં જ રહેવાનો.

**પ્રશ્ન :** પણ ભણેલાગણેલાય આજે તો સંતો પાસે આશીર્વાદ માગવા દોડી જાય છે અને એમ કરવાથી જીવનમાં પોતાને કેટલીક સિદ્ધિ મળી જશે એમ માનતા હોય છે. સંતો પોતે પણ છડેચોક એવું કહેતા હોય છે. આ વિશે આપ કંઈ કહેશો ?

**ઉત્તર :** ભાઈ ! આ જગતમાં સંસારવહેવારમાં માનવીઓ પોતાની અનેક પ્રકારની કામનાઓ પરિપૂર્ણ થાય એ કાજે સાધુઓ, સંન્યાસીઓ તથા મહાત્માઓ પાછળ રખડે છે એ ભ્રામક માન્યતાથી આપણે મુક્ત થવું જોઈએ તેમ જ એવા અજ્ઞાનને આપણે કદીય સમર્થવું ના જોઈએ. આપણા સમાજમાં સત્પુરુષ મળવા દુર્લભ છે અને મળે તો તેમને ઓળખવા દુર્લભ છે. ઓળખાય તો તેમને સમજવા દુર્લભ છે. કદાચ તેઓ સમજાય તો

પોતાના જીવનવિકાસને અંગે જ્ઞાનભક્તિપૂર્વક એમનું અનુશીલન પરિશીલન કરવું દુર્લભ છે. એટલે એ બધી ખટપટમાં પડવા કરતાં આપણે પોતપોતાને સમજવાનું અને અનુભવવાનું કરીએ એ જ ઈષ્ટ છે.

આશીર્વાદને કસોટીએ ચડાવવાની લોકોની રીત મને બિલકુલ પસંદ નથી. ભણેલાગણેલા પણ એવી મૂર્ખતામાં સરી પડે એ એક પ્રકારનું અધઃપતન જ છે. સાધુસંતો અને મહાત્માઓ અંગેના આવા ખોટા વિચારો, ખોટાં આંદોલનો અને ખોટા શિરસ્તાઓથી પ્રગતિશીલ થવાને બદલે સમાજ ઊલટો બંધનશીલ થઈ ગયો છે. સામાન્ય લોકો તો બિચારા કશી પણ મહેનત વિના કે કશીય મથામણ વિના પોતાની કામનાઓ સહજમાં પરિપૂર્ણ થઈ જશે એ લોભે કહેવાતા મહાત્માઓ તરફથી એ સામાન્ય જનોને કશું મળતું હોતું નથી, પણ સમાજની એવી વ્યક્તિઓના પરસ્પરના એવા પ્રકારનાં કથનોના પ્રચારથી એમની આસપાસ એ પ્રકારનું એક વાતાવરણ ઊભું થઈ જાય છે. એટલે ખરી રીતે તો એવી મોહજાળમાં ના ફસાવું કે એવાં મૃગજળ પાછળ ના દોડવું એ જ ઈષ્ટ છે. મારા ઉપલા કથિતવ્યમાં કોઈ ખરેખરા મહાત્માની અવગણના કરવાનો હેતુ નથી જ, પણ લોકો ખોટી સમજણથી જે દોડાદોડ કરે છે, એ પરત્વે જ આટલી ચેતવણી આપવી પડે છે. આમાં કોઈને અન્યાય કરવાની મારી રજમાત્ર ભાવના નથી તેમ જ તેથી કોઈને અન્યાય થતો હોય એમ પણ મને મારી દૃષ્ટિએ લાગતું નથી.

ooo

તા. ૩૦-૩-૧૯૬૯માં ચીખોદરામાં મોટાનો રામનવમીનો ઉત્સવ હતો. હું તા. ૨૩-૩-૧૯૬૯થી મૌનમાં હતો. તા. ૩૦મીએ સવારે મૌનમાંથી નીકળી અમે ચીખોદરા પહોંચ્યા.

સાહિત્યગ્રંથોનું પ્રકાશન કરતી ગુજરાતની જાણીતી પેઢી આર. આર. શેઠની કંપનીના એ વખતના વ્યવસ્થાપક શ્રી ધીરુભાઈ મોદી, મોટાના પરિચયમાં આવેલા. એમણે શ્રી ભગતભાઈ શેઠને સૂચવ્યું કે 'ગુજરાતમાં 'મોટા' નામના એક વિશિષ્ટ સંતપુરુષ છે. એમનું જીવન-કાર્ય આપણી પેઢી પ્રકાશિત કરે તો સારું !' શ્રી ભગતભાઈ શેઠે એમના આ પ્રકાશન પેઢીના સ્થાપક સ્વ. ભુરાભાઈ શેઠની સ્મૃતિમાં દર વર્ષે એક દળદાર અને વિશિષ્ટ પુસ્તક પ્રકાશિત કરવાનું શરૂ કરેલું. તેમાંનું પહેલું પુસ્તક 'ભગવાન રમણ મહર્ષિ : જીવન અને કાર્ય' પ્રગટ થયું હતું. બીજું પુસ્તક 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય' પ્રગટ કરવાની દરખાસ્ત કરતો પત્ર નંદુભાઈ ઉપર આવેલો. એ પત્ર ઉત્સવ પૂરો થયા પછી મોટાના સૂચનથી નંદુભાઈએ મને વંચાવ્યો અને એ અંગે પછી નક્કી થશે એમ કહ્યું.

મેં, ભગવાન રમણ મહર્ષિ વિશેનો ગ્રંથ વાંચેલો હતો. એ ઉપરથી મોટાના વિસ્તૃત જીવનકાર્યનો પરિચય કરાવતું પુસ્તક તૈયાર થાય એવી ઇચ્છા જાગેલી. હવે, એ ઇચ્છા ફળીભૂત થાય એવા સંજોગો ઊભા થયા એથી મને ખુશી થઈ હતી. આ ગ્રંથના મુખ્ય સંપાદક તરીકે જાણીતા સાહિત્યકાર શ્રી ઈશ્વર પેટલીકર આર. આર. શેઠની કંપનીના મુખ્ય લેખક અને સલાહકાર હતા. શ્રી પેટલીકરનાં સલાહસૂચન પ્રમાણે મારે તથા શ્રી રતિલાલ મહેતાએ આ ગ્રંથ તૈયાર કરવો એમ નક્કી થયું હતું.

'મોટા'નું 'જીવન' અને 'કાર્ય' વિશે મને વિચાર આવતાં એની વ્યાપકતા અને વિસ્તારનો ચિતાર નજર સામે આવવા લાગ્યો. આખું પુસ્તક મોટાના જ શબ્દોમાં સંકલિત થાય તો જ ચેતનપુરુષના શબ્દનો સીધો સ્પર્શ એના વાચકો પામી શકે એવી મારી ભાવના હતી.

મોટાનું જીવન એમના શબ્દોમાં સ્મૃતિગ્રંથ માટે તૈયાર કરેલું હતું, એમાં ઘણી પૂર્તિ કરવાની હતી. એ ઉપરાંત, એમનાં ગદ્ય-પદ્ય લખાણમાં એમની અનુભવસમૃદ્ધિ શબ્દરૂપે હતી. એમાં એમનો જીવનસંદેશ હતો. આથી, આ બે વિભાગ તૈયાર કરવાની જવાબદારી મેં સ્વીકારી. શ્રી રતિભાઈ મહેતાએ એ પછીના ખંડો લખવા એમ નક્કી થયું.

આ કામ માટે મૌનએકાંતમાં ૧૪ દિવસ માટે બેસવાનું નક્કી કર્યું. ૧૯૬૯ના મે વૅકેશનમાં સુરતના આશ્રમમાં મૌન માટે મોટાની સાથે નડિયાદથી સુરત આવ્યો. કાગળો અને પેન તથા શાહીના ખડિયા સાથે હું મૌનમાં બેઠો. તરત જ વાંચવા-લખવાનું શરૂ કર્યું.

મે મહિનાના એ દિવસોમાં ગરમી ઘણી હતી. ૧૧૩ ડિગ્રી સુધી ગરમીનો પારો પહોંચ્યો હતો. પરસેવાથી શરીર રેબઝેબ રહેતું હતું. આથી, લખવામાં વિક્ષેપ પણ પડતો હતો. મૌનએકાંતમાં ત્રીજા દિવસે બપોરે એકાએક જ મોટાનો અવાજ સંભળાયો અને બારણું ખોલવા કહ્યું. એ અવાજ સાંભળતાં જ મારું હૃદય આનંદથી છલકાઈ ગયું અને હીંચકા ઉપર એમને બેસવા માટે જગા સરખી કરી, કેમ કે પુસ્તકો અને કાગળો પાથરેલાં હતાં. મોટા, મૌનઓરડામાં આવીને બારણું બંધ કરાવીને

હીંચકે બેઠા અને મને એમની બાજુમાં બેસવા કહ્યું. હું તો એમનાં ચરણ પાસે બેસવા જતો હતો, પણ એમણે બાજુમાં બેસવા કહ્યું, આથી, એમની બાજુમાં બેઠો.

એમણે પૂછ્યું, ‘ગરમી બહુ લાગે છે ?’

મેં કહ્યું, ‘લખતાં લખતાં પરસેવાને લીધે ખલેલ પડે છે, પણ ચાલે છે.’

‘પંખો મુકાવવાની વ્યવસ્થા કરું ?’ મોટાએ પૂછ્યું. હું જાણતો હતો કે આશ્રમમાં ક્યાંય ઈલેક્ટ્રિકનો પંખો ન હતો. મૌનમાં તો હાથથી હલાવીને પવન લઈ શકાય એવા પંખા હતા. વીજળીપંખા ના રાખવાનો નિયમ હતો, કેમ કે આ સ્થળ તપશ્ચર્યા માટે હતું.

આથી, મેં પંખો મુકાવી આપવાના સૂચનનો વિનયપૂર્વક ઈન્કાર કર્યો.

મોટા તો આ સાંભળી ગદ્ગદ થઈ ગયા. પછી બોલ્યા, ‘તપની ભૂમિકાથી થયેલું કામ લાભ આપે. શરીરમાંથી પરસેવો બહાર નીકળી જશે તો શરીર વધારે શુદ્ધ થશે. એ ઉપરાંત, ઘણા ફાયદા છે, પણ બહુ તાપ લાગે તો દર બે કલાકે નાહવું. આથી, તાપ ઓછો લાગશે.’

એ પછી મને પૂછ્યું, ‘મોટાનું જીવન-કાર્ય તમે લખો છો એનો હેતુ શો છે ?’

આ પ્રશ્નથી હું તો વિચારમાં પડી ગયો. આ વિશે તો મેં ક્યારેય વિચાર્યું ન હતું, પણ મનના ઊંડાણમાં રહેલો ભાવ મેં મોટા સમક્ષ વ્યક્ત કર્યો. ‘આપના વિશેના આવા સમૃદ્ધ ગ્રંથના

સંપાદકોમાં મારું નામ જોડાય તો મારી કીર્તિ વધે. લોકોમાં મારું માન વધે. વટ રહે એવો હેતુ તો ખરો.'

'આ કામ તમે અહંકાર વધારવા કરો છો. મોટાના જીવન વિશે લખતાં જો અહંકાર વધવાનો હોય તો આ કામ ના થાય એ વધારે સારું છે.'

મારી કલ્પના બહાર આ વચન મેં સાંભળ્યું. હું તો ડઘાઈ ગયો. મોટાની વાત તદ્દન સાચી હતી, પણ આ કામના આવા હેતુ સિવાય બીજું કશું જ મારા મનમાં ઊગ્યું જ ન હતું. આથી, મેં મોટાને ખુલ્લા દિલે કહ્યું, 'મોટા, આ સિવાય બીજો કયો હેતુ હોઈ શકે એ સમજમાં આવતું નથી. સાહિત્યકારો યશ અને પૈસા માટે જ લખે છે. અમે લખવાના હેતુ તરીકે 'પોતાના આનંદ ખાતર' એમ કહીએ છીએ, પણ એ ઉપલક હોય છે. મને આપની વાત સાચી લાગે છે. છતાં હેતુ સ્પષ્ટ થતો નથી. આપ મને રસ્તો બતાવો.'

'આપણામાં આ માર્ગની સમજ સ્પષ્ટ થાય એવો હેતુ નજર સમક્ષ રાખવા મથજો. પ્રભુકૃપાથી ભગવાનના અનુભવ વિશેની તમારી સમજણ ખૂલતી જશે. મોટાને રાજી કરવા આ કરો છો એવો ભાવ હોય તોપણ તમે આવા હેતુથી આ કામ કરશો તો જ મોટા રાજી થશે.' એમ કહીને મોટા ઊઠીને મૌન ઓરડામાંથી નીકળીને ચાલ્યા ગયા.

મોટાએ મારાથી થનારાં કાર્યની દિશા ખોલી આપી. મોટાએ સૂચવેલો હેતુ મારા ધ્યાનમાં રહે એ માટે પ્રર્થના કરીને ઉતારવાનું-લખવાનું કામ શરૂ કરતો. મોટાના બાહ્યાંતર જીવનની કથાનું લેખન કરતાં એમના જીવનની ગૂઢતાની ઝાંખી મને થયા કરતી

હતી અને મોટા પ્રત્યે દિલમાં અનોખો ભાવ જાગતો કે વારંવાર આંખમાં આંસુ છલકાઈ આવતાં. આ કામ કરતાં કરતાં કોઈનું અનોખું વહાલ હું અનુભવ્યા કરતો હતો. આ પુસ્તક તૈયાર થયા પછી વહેલામાં વહેલું પ્રગટ થશે એ વિચારથી મને ગર્વ થતો ત્યારે એકાએક ઝબકી જવાતું અને મોટાનાં જ ચરણમાં માથું મૂકીને મારા ગર્વને મૂકી દેતો હતો. મોટાનાં ચરણ તો કલ્પનાથી મારી નજર સમક્ષ આણતો હતો.

મોટાના જીવનતત્ત્વ વિચાર અથવા તો સંદેશનું વર્ગીકરણ કરવાના દૃષ્ટિથી એમનાં પુસ્તકો વાંચવાના શરૂ કર્યાં અને એમાંથી જરૂરી નોંધ કરવા માંડી. જેમ જેમ મારાથી વંચાતું જાય તેમ તેમ મોટાનું આંતરિક જીવનદર્શન સ્પષ્ટ થતું જાય. મેં ‘સ્મૃતિગ્રંથ’ના સંપાદન પ્રસંગે પત્રસાહિત્યનાં બધાં જ પુસ્તકો વાંચેલાં, પરંતુ આ વખતના વાંચનથી મોટાના અનુભવ સામર્થ્યની અને એ રીતે જીવમાત્રના આંતરિક વિકાસ માટે થતા રહેલા સૂક્ષ્મ કાર્યની ઝાંખી પણ થતી રહેતી હતી. મારી મતિમાં આધ્યાત્મિક વિષયની સ્પષ્ટતા થયા કરતી હતી. આથી, મારા અંતરમાં ઉત્સાહ પણ ઘણો જ વધ્યા કરતો હતો.

મોટાનું લખાણ ઉતારતાં ઉતારતાં પ્રસંગો તાદૃશ્ય થતા હતા. મોટાના જીવનના તથા સાધનાકાર્યના પ્રસંગો તો ફિલ્મની જેમ મારી નજર સામે આવતા હતા અને એમના સંદેશનો ભાગ વાંચું-ઉતારું ત્યારે મોટાનો જ અવાજ એ વાંચતાં વાંચતાં સંભળાતો હતો. દર્શન અને શ્રવણ એક સાથે થતાં હતાં અને લખવાની પ્રવૃત્તિને લીધે મન એમનામાં જ એકાગ્ર થતું હતું. ક્યારેક ક્યારેક તો તેઓશ્રીએ સમજાવેલી સાધનપદ્ધતિ આપોઆપ પ્રયોગાત્મક

થયે જતી હતી. વાંચતાં વાંચતાં પણ 'હરિઃૐ'નો જપ થઈ શકે છે, એનો મારાથી પ્રયોગ કરી શકાયો હતો.

બે અઠવાડિયાંના મૌનએકાંત દરમિયાન મોટાના જીવન વિશે તથા એમના આધ્યાત્મિક સમજૂતી આપતા સંદેશ વિશેનું મોટા ભાગનું તારણ થઈ શક્યું હતું. જે થોડુંક બાકી રહેલું એ ઘરે બેસીને લખવાનું કર્યું. એનું યથાયોગ્ય સંપાદન બાકી હતું. બીજી બાજુ શ્રી રતિલાલ મહેતાએ પણ પોતાને ફાળે આવેલું કામ પાર ઉતાર્યું હતું. પુસ્તક માટે હસ્તપ્રત જોતાં છાપેલું પુસ્તક ૯૦૦ પાનાં જેટલું થઈ જાય એવી શક્યતા હતી.

આ હસ્તપ્રત લઈને પેટલીકર સાથે સંપાદનકાર્યની ચર્ચા થાય એ પહેલાં બધું જ લખાણ મોટાની નજર હેઠળથી નીકળી જાય એવી અમારી ભાવના હતી. જેથી, આ ગ્રંથની અધિકૃતતા સિદ્ધ થઈ ગણાય. અમારી સંપાદન દૃષ્ટિમાં ક્યાંય ભૂલ હોય તો સુધરી જાય. આ માટે મોટાએ કોઈક એકાંત સ્થળે થોડાક દિવસ સાથે રહેવાનું વિચારી રાખેલું.

•

## ૧૪. 'જિજ્ઞાસા'નું અવતરણ

ઈ.સ. ૧૯૬૯માં 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય'ની હસ્તપ્રતનું કામ પૂરું થયેલું. ૧૯૭૦ના આરંભમાં મોટાએ એમણે લખેલા થોડાક કાગળો આપીને કહ્યું, 'આમાં 'જિજ્ઞાસા' વિશે થોડીક કડીઓ લખી છે. બધું આડુંઅવળું લખ્યું છે. તમે એને યોગ્યક્રમમાં ગોઠવી આપશો ?'

મને થયું કે પચાસેક જેટલી કડીઓ ગોઠવવી એમાં શી મોટી વાત છે ! જોકે આ પ્રકારના સંપાદનનું કામ પહેલી જ વાર કરવાનું હતું. પહેલાં તો બેત્રાણ વખત એ કડીઓ વાંચી ગયો અને પછી એ સમજાય એ રીતે ક્રમમાં ગોઠવવા માટે જુદા જુદા કાગળ ઉપર એ કડીઓ ઉતારી લીધી અને કાગળની કાપલીઓને વિચારની સળંગસૂત્રતા જળવાય એ રીતે ગોઠવવાનું શરૂ કર્યું. મોટાએ જે દિવસે કાગળ આપેલો એ જ રાત્રે આ કામ પૂરું કરીને, નવેસરથી ઉતારીને બીજે દિવસે 'જિજ્ઞાસા'ની કડીઓ મેં મોટાને આપી.

મોટા, એ જોઈ ગયા અને બોલ્યા,

'તમે ઉમળકાથી તરત જ આ ગોઠવ્યું, પણ અમારાં તો કશાં જ ઠેકાણાં નહિ. તમને કાલે આપ્યા પછી બીજી કડીઓ લખાઈ છે.'

મેં કહ્યું, 'હું આમાં યોગ્ય જગાએ એને ગોઠવી દઈશ અને નવેસરથી તૈયાર કરી દઈશ.'

હું 'જિજ્ઞાસા'ની કડીઓ ગોઠવતો હતો અને પ્રેસનકલ તૈયાર કરતો હતો, તેમ તેમ મોટા, જ્યાં હોય ત્યાંથી પોસ્ટકાર્ડમાં,

અંતર્દેશીય પત્રમાં કે ક્યારેક તો જેવા હાથ લાગ્યા તેવા કાગળો ઉપર 'જિજ્ઞાસા' વિશે જે કંઈ લખતા એ ટપાલમાં મને મોકલતા. મોટાની આ રીતથી મને આશ્ચર્ય થતું, પણ ત્યાં જ મોટાનું વચન મને યાદ આવ્યું કે આપણે આ કામ આ વિષયની આપણી સમજ સ્પષ્ટ થાય એવા હેતુથી કરવાનું છે. આથી, વારંવાર એ કડીઓ વાંચતાં, કાપલી ઉપર લખતાં, કાપલીઓ ક્રમમાં ગોઠવતાં અને એ ગોઠવેલી કાપલીઓ ચોખ્ખા અક્ષરે ઉતારતાં જે પુનરાવર્તન થતું એથી મને ધીમે ધીમે એમ સમજાતું ચાલ્યું કે આજ સુધી હું તત્ત્વવિચાર કે અધ્યાત્મ વિશે સમજ્યો છું એમ જે માનતો હતો એ માન્યતામાં નરી ભ્રમણા હતી. હકીકતમાં જે કંઈ ખ્યાલો હતા એ અધૂરા અને અધકચરા હતા. 'જિજ્ઞાસા' વિશેની કડીઓ લખીને મોકલેલ એક અંતર્દેશીય પત્રમાં મોટાએ લખ્યું હતું કે 'તમે આ કામ કરતાં મનથી મનમાં કંટાળશો નહિ. હું તમને ઉપરા ઉપરી કામ સોંપ્યા કરીશ. અમારાં તો કશાં જ ઠામઠેકાણાં નથી.'

આ રીતે મોટાએ 'જિજ્ઞાસા'ના ૪૫૦ શ્લોકો મને મોકલ્યા. આમાંના કેટલાક શ્લોકો મોટા મને લખાવતા ખરા. હવે મારી એમની સાથેની મુલાકાતમાં મોટે ભાગે શ્રુતલેખન થતું. ઘરે આવીને અનુલેખન થતું અને સંપાદન થતાં થતાં એનું પરિશીલન થતું. 'જિજ્ઞાસા'ના ૪૫૦ શ્લોક ગોઠવાઈ ગયા એનું નાનકડું પુસ્તક છપાવવાની તૈયારી ચાલી. મોટાએ મને 'જિજ્ઞાસા'ની પ્રસ્તાવના લખવાનું કહ્યું. મારા આશ્ચર્યનો પાર ના રહ્યો, કેમ કે કોઈ પણ પુસ્તકની પ્રસ્તાવના લખનાર એ વિષયનો જાણકાર હોય તો જ લખી શકે. મોટાની 'જિજ્ઞાસા' વિશેનું લખાણ ઘણું જ માર્મિક અને ગહન હતું અને પૂરેપૂરું સમજાયું છે એમ પણ કહી શકાય

નહિ. તો પછી એની પ્રસ્તાવના તો લખાય જ કેમ ? આથી, મેં મોટાને કહ્યું, 'એના કરતાં કોઈ વિદ્વાન સાહિત્યકાર પાસે લખાવીએ તો કેવું ?'

મોટાએ તરત જ કહ્યું, 'તું જ મારો સાહિત્યકાર છે. મારે કોઈ વિદ્વાન-ફિદ્વાન કે કવિ સાહિત્યકાર પાસે નથી લખાવવું. તારી પાસે જ લખાવવું છે.' આવા મહાપુરુષના પ્રથમ શાસ્ત્રીય ગ્રંથની પ્રસ્તાવના લખવાનું મારું સૌભાગ્ય હું સમજેલો. મોટાનાં પ્રગટ થયેલાં પુસ્તકોમાં જે પ્રસ્તાવનાઓ છપાયેલી એ જાણીતા વિદ્વાનો, સાહિત્યકારો, સેવકોએ લખેલી હતી એ મારી જાણમાં હતું. આથી, એ બધાંની હરોળમાં મારાથી કેવી રીતે રહેવાય, એવો સંકોચ પણ થયેલો, પરંતુ મોટાના કહેવાથી મને પણ લખવાનો ઉમંગ થયો. આથી, મોટાના 'જિજ્ઞાસા' વિશેના આ પુસ્તકની પ્રસ્તાવના મેં લખી. મોટા, મારે માટે પ્રેમમૂર્તિ હતા. આનંદનો ઊછળતો સાગર હતા. 'જિજ્ઞાસા' માટે 'આનંદનું આચમન' એ મથાળે મેં પ્રસ્તાવના લખી.

આ પ્રસ્તાવના લખાયા પછી મોટાએ વાંચી. થોડાક દિવસ પછી મોટાનો પત્ર આવ્યો. સાથે સુરતની કૉલેજના ગુજરાતીના અધ્યાપક શ્રી કુંજવિહારી મહેતાએ 'જિજ્ઞાસા' વિશે લખેલી પ્રસ્તાવના હતી. મને થયું કે મારા કરતાં પ્રો. કુંજવિહારી મહેતા સિનિયર છે અને જાણીતા વિદ્વાન છે. આથી, એમની પ્રસ્તાવના આવી એ યોગ્ય થયું, પરંતુ મોટાએ પત્રમાં લખેલું કે 'શ્રી કુંજવિહારીની પ્રસ્તાવના તથા તમારી પ્રસ્તાવના-એમ બંને પ્રસ્તાવના 'જિજ્ઞાસા' પુસ્તકમાં સાથે છાપવાની છે. સાહિત્યનાં પુસ્તકોમાં આ રીતે બે પ્રસ્તાવનાઓ ભલે ના છપાતી હોય,

તોપણ આપણે નવો રિવાજ પાડીશું. માટે, તમે બેધડક તમારી લખેલી પ્રસ્તાવના પુસ્તકમાં છાપજો.'

૪૫૦ શ્લોકનું 'જિજ્ઞાસા' પુસ્તક જુલાઈ, ૧૯૭૦માં બંને પ્રસ્તાવનાઓ સાથે પ્રગટ થયું. પુસ્તક પ્રકાશનક્ષેત્રે આ પ્રકારનું પ્રકાશન મને ઘણું વિચિત્ર લાગેલું, પણ મને દૃઢ થઈ ગયેલું કે મોટા જે કરે-કરાવે છે એ બધું જ બરોબર હોય છે અને હેતુપૂર્વક હોય છે. આથી, મને બીજા આડાઅવળા વિચારો આવ્યા નહિ. મોટા જેવા સત્પુરુષના સર્વપ્રથમ શાસ્ત્રીય પુસ્તક સાથે મારા જેવાએ લખેલી પ્રસ્તાવના હોય એમાં મને ગૌરવ લાગે એ સ્વાભાવિક હતું, પણ ગર્વ ના વધે એની સાવધાની રાખવાની હતી. એ પહેલી જ પ્રસ્તાવના અહીં જરાય સુધારા વિના ઉતારું છું :

## આનંદનું આચમન

*પૂજ્ય શ્રીમોટાને 'શ્રીપ્રભુકૃપાથી પ્રથમ આપમેળે આશ્રય મળી ગયો' એ જિજ્ઞાસાનું સ્વરૂપ આ શ્લોકો દ્વારા અવતર્યું છે. આ 'જિજ્ઞાસા' અનોખા આત્મશિક્ષણ સ્વરૂપે કાર્યસાધક બને છે. આ લાક્ષણિક અવતરણને પૂજ્ય શ્રીમોટાના જિજ્ઞાસાના 'કેળવાયાપણા'નું તેમ જ એનાં 'કાર્યરૂપલક્ષણ'ને અનુભવાયાનું પ્રમાણ પ્રાપ્ત થયું છે. સહજપણે-'આપમેળે' પ્રભુકૃપાની પ્રાપ્તિનું અક્ષરસ્વરૂપ એ આ 'જિજ્ઞાસા' છે. જિજ્ઞાસા તત્ત્વરૂપે અમૂર્ત અને નિગૂઢ છે, તેમ છતાં 'લીલયા' સહજમેળે એનો જે આકાર અને એના પ્રભાવના જે વૈવિધ્યપૂર્ણ પરિમાણો પ્રગટ્યાં છે, એની ચમત્કૃતિયુક્ત અનુભૂતિ વાચકને થયા વિના રહેતી નથી.*

જિજ્ઞાસા અંગેની આત્મશિક્ષણની આ પ્રક્રિયા ક્યાંથી ઊતરી આવી છે ? શા માટે એનું અવતરણ થયું છે ? આનંદાનુભવના ઉચ્ચ શિખર ઉપરથી એનું અવતરણ થયું છે. જિજ્ઞાસા અંગેના આ શ્લોકો એના રચયિતાના પ્રેમના લીધે અવતર્યા છે. આ દૃશ્યમાન જગત અને એને અધિષ્ઠાનરૂપે રહેલ અનન્ય શક્તિલોક માનવબુદ્ધિને સાનંદાશ્ચર્યનો અનુભવ કરાવે છે. આ અનુભવ માનવજીવનની ઊર્ધ્વ-દિવ્ય જીવન માટે અનેક શક્યતાઓ પ્રતિ જિજ્ઞાસા જન્માવે છે. એ જિજ્ઞાસા માનવ પાસેની એક મહામૂલી શક્તિ છે અને જીવનના વિકાસની પ્રત્યેક કક્ષાએ જિજ્ઞાસા વિના પ્રગતિ થતી જ નથી. આ જિજ્ઞાસા માનવીને આનંદાશ્ચર્યના અધિષ્ઠાનરૂપ તત્ત્વની ખોજ કરવા પ્રેરે છે. આ શોધ માટેનો પુરુષાર્થ કેવળ બૌદ્ધિક ઉપક્રમ કે અભિગમ જ રહેતો નથી, પરંતુ હૃદયપ્રદેશની અલૌકિક અનુભૂતિનો આલોક બની રહે છે. આનંદલોક પ્રતિની અનંતયાત્રામાં આ જિજ્ઞાસા પોતાનું રૂપવૈવિધ્ય અને વિલક્ષણતાઓ પ્રગટાવે છે. આવી અનંતશક્તિસ્વરૂપા જિજ્ઞાસાનું પરંપરિત આવરણ ઊંચકીને એની રહસ્યલીલાનાં પૂજ્ય શ્રીમોટાએ દર્શન કરાવ્યાં છે.પૂજ્ય શ્રીમોટાએ અનુષ્ટુપ છંદ દ્વારા અને વિશદગામી શૈલીમાં જિજ્ઞાસા વિષયક રચના સાકાર કરી છે.

આનંદલોક પ્રતિની અનંતયાત્રામાં જિજ્ઞાસા અનિવાર્ય અને આવશ્યક છે. આ જિજ્ઞાસા ‘ઊંડી ગરજ, રસ, લગની’ જેવી આંતર શક્તિસામગ્રીને પોતાના આવિર્ભાવના છડીદાર તરીકે મોકલે છે. આ ‘જિજ્ઞાસા’માં આપણો પ્રવેશ થાય છે ત્યાં જ તદ્‌વિષયક આપણી કેટલીક ભ્રમણાઓનું લાક્ષણિક રીતે નિરસન

*થાય છે. વસ્તુ પરત્વેનું કૌતુક કે એ અંગેની ઉપલક અને બાહ્ય-લક્ષણ વિગત એકત્ર કરવાની હોંશ એ પરમાનંદ પ્રત્યે દોરી જવા સમર્થ એવી જિજ્ઞાસા નથી. વળી, એકનું એક જ જોવું, જાણવું, ઓળખવું અને એ વિશે વાગોળ્યા કરવું અને એ પ્રવૃત્તિને પોતે ચિંતનપ્રવૃત્તિ માન્યા કરવી-એ ઊર્ધ્વ જિજ્ઞાસાનું લક્ષણ નથી. પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિએ ચિંતનપ્રવૃત્તિ સ્થિતિસ્થાપક નથી, તેમ જ ગતિની ભ્રામકતામાં ઘુમાવે એવી નથી, એ તો માનવીને જીવનની ઉત્તરોત્તર ઉચ્ચ-ઊર્ધ્વ કક્ષાએ સક્રિય અને ગતિશીલ રખાવે છે. ચિંતવનલક્ષણની આવી વિશદ સમજૂતી જિજ્ઞાસા વિષયક અન્ય લખાણોમાં ભાગ્યે જ દૃષ્ટિગોચર થાય એવી વિરલ છે.*

*આનંદલોક પ્રતિના માત્ર માનસિક વલણથી કે એ વિશે જાણ્યા-સમજ્યાથી કશું જ વળે નહિ ! પૂજ્ય શ્રીમોટા એમ કહે છે, કે આથી માત્ર 'સંસ્કાર કેળવાય છે' એ સંસ્કાર કેળવણી જીવનનું રૂપાંતર કરતી નથી. આથી, પૂજ્ય શ્રીમોટા અનંત પ્રકારની જિજ્ઞાસામાં ઊર્ધ્વ ઉત્કૃષ્ટ જિજ્ઞાસાને જ પ્રાધાન્ય આપે છે. આ પ્રકારની જિજ્ઞાસા માનવીમાં મંથન, વિવેક, તાટસ્થ્ય અને અવિરત સંગ્રામ પ્રેરે છે. આ પ્રકારના ક્રિયા-પ્રક્રિયાના સાતત્ય દ્વારા જીવનું શિવ કક્ષામાં રૂપાંતર સધાય છે. આથી, પૂજ્ય શ્રીમોટાએ જિજ્ઞાસાને 'ભોમિયો, 'ગુરુ', 'મા' ઉપરાંત, 'અનંતપથગામિની' તરીકે પણ ઓળખી-ઓળખાવી છે.*

*પુસ્તકમાં આગળ વધતાં, જિજ્ઞાસાનું રહસ્યમય અને વિસ્મયકારી સ્વરૂપ આપણી મનોમય ચેતનાને સ્પર્શે છે. આ સ્પર્શ અનેક પ્રકારનાં જાળાંથી આવૃત્ત આપણાં મન-મતિને*

અજવાળે છે. જિજ્ઞાસા અમૂર્ત શક્તિતત્ત્વ છે. જિજ્ઞાસાના આ તત્ત્વભાવને પૂજ્ય શ્રીમોટાએ વૈચારિક તેમ જ બૌદ્ધિક ભૂમિકાએ જિજ્ઞાસુના આત્મશોધન કાજે મૂર્ત તો કર્યો જ છે, તદુપરાંત, કેટલેક સ્થળે તો એમના લાક્ષણિક સંસ્પર્શથી એ તત્ત્વભાવનું મૂર્તસ્વરૂપ ઇંદ્રિયગ્રાહ્ય અને ગતિશીલ ચિત્રવત્ પણ બન્યું છે !

**દીવાની કેવી જિજ્ઞાસા મસ્તીખોર પૂરેપૂરી,**
**આંધળી દોટ શી મૂકે, છતાં પોતે ન આંધળી.**
**જિજ્ઞાસા નિત્ય યુવાન, મસ્ત યૌવનમાં તરે,**
**નશે યૌવનના ડોલે છતાંયે ધાર્યું ના ચૂકે.**

આનંદલોક પ્રતિની અનંતયાત્રામાં ભિન્ન ભિન્ન કક્ષાએ જિજ્ઞાસા કેવાં કેવાં રૂપલક્ષણો પ્રગટાવે છે, કેવા કેવા સંગ્રામો ખેલાવે છે અને એમાં જિતાડે છે એનો પરિચય પૂજ્ય શ્રીમોટાએ જે ભાવે અને જે રીતે કરાવ્યો છે, એ તો શ્રેયાર્થીને આત્મશોધન માટેની એક ગુરુચાવી બને છે.

આ 'અનંતપથગામિની' જિજ્ઞાસા અનંતરૂપો પ્રગટાવ્યાં જ કરે ? જિજ્ઞાસુને એનું સાફલ્યટાણું જ ક્યારેય ના અનુભવાય ? જો અનુભવાય તો કેવી રીતે અનુભવાય ? જિજ્ઞાસાના સાફલ્યનું ક્યું લક્ષણ પ્રગટે ?

**અનુશીલન ને તેવા પરિશીલનથી ખરે,**
**જિજ્ઞાસાના ઊંડા ભાવે વર્તતાં તત્ત્વ તો મળે.**
**જિજ્ઞાસાતણું સંપૂર્ણ સાફલ્ય જીવને થતાં,**
**સામર્થ્ય, જ્ઞાન, આનંદ, ઊગે ત્યાં ત્રણ સામટાં.**

આ શ્લોકમાં એના રચયિતાની વિશદતા, ગાંભીર્ય અને લાઘવપૂર્ણ ઉક્તિ જેવી ત્રિવિધ સહજકલા પ્રગટતી દૃષ્ટિગોચર

થાય છે. જિજ્ઞાસાના સાફલ્યનું આ લક્ષણ અનુભવાતાં 'ઈતિસિદ્ધમ્' થતું નથી. આત્માનુભવના ઉચ્ચ પ્રદેશમાં જિજ્ઞાસાનું લક્ષણકાર્ય નિગૂઢ હોય છે. છતાં આત્માનુભવીને એ પ્રત્યક્ષ વર્તાતું હોય છે.

**સૃષ્ટા, દ્રષ્ટા અને ભોક્તા જિજ્ઞાસાના જ વર્તને,**
**આપ પોતે બને તેવો પ્રત્યક્ષ પલટાઈને.**

સાનંદાશ્ચર્યથી આરંભાયેલી યાત્રાને ક્યાંય વિસામો નથી. આનંદાશ્ચર્યનું અધિષ્ઠાનસત્ તો જે કાંઈ અનુભવાય છે એનાય અધિષ્ઠાનરૂપે નિગૂઢ જ રહ્યા કરે છે. એથી એય નિગૂઢની શોધપ્રાપ્તિ માટે પણ પરમ શક્તિસ્વરૂપા જિજ્ઞાસાનો આશ્રય સહજ મેળે જ રહ્યા કરે છે. એનાં રૂપ, કાર્યલીલા અને કાર્યરીતિ પણ એવાં જ નિગૂઢ રહે છે. જિજ્ઞાસાનું આવું રહસ્યગત રૂપ શબ્દના આશ્રયે કેટલું વ્યક્ત થઈ શકે ? સર્વત્ર પ્રવેશતી છતાં 'રૂપાતીત'ને જ વરતી, તેમ જ દ્વંદ્વાતીત, સ્થળાતીત અને કાળાતીતમાં પ્રવર્તતી આ મહાશક્તિનું રૂપ વાણી-શબ્દના શણગારથીય કેટલું પ્રગટી શકે ? આમ છતાં આ પુસ્તકના ઘણા બધા શ્લોકોમાં એના સર્જકની વિશિષ્ટ રીતિથી જિજ્ઞાસાના રહસ્યગર્ભના તેજબિંદુનો અણસાર અનુભવાય છે. જિજ્ઞાસાના આવા સ્વરૂપની ગૂઢ લીલાને 'શું' 'શા' 'શી' જેવા અક્ષરોના આશ્રયે ગોપાવી છે. આ અક્ષરો માત્ર આશ્ચર્યનું ઈંગિત નથી, પરંતુ આનંદના અવ્યક્તપણાની મૌનવાણીને આકાર આપતી શબ્દસંકેતલીલા છે. આ શ્લોકોના રચયિતાનું આ પ્રયોગદાસ્ય નથી, પરંતુ અનુભવપ્રદેશની આનંદલીલાનું અવતરણ કરવાની પ્રક્રિયાને લીધે સહજ પ્રગટતી શૈલીની વિશિષ્ટતા-વિચિત્રતા છે !

*આ સૃષ્ટિ ! આ સકલ દૃશ્યમાન જગત ! અને અગોચર ઈશ્વર ! આ બધાં માત્ર બૌદ્ધિક વિસ્મયમાં રાચતાં તત્ત્વો નથી. આથી, જિજ્ઞાસા માત્ર બુદ્ધિના આશ્રયે વિલસતી શક્તિ નથી, પરંતુ આનંદ પારાવારનાં તરંગો માણતાં, એમાં જ રમવા માટે દોટ મુકાવતી અને એમાં ઊંડે ઉતારતી એકમાત્ર મૂળગામી શક્તિ છે. આવી અમૂર્ત શક્તિનું પૂજ્ય શ્રીમોટાએ લક્ષણશાસ્ત્ર નિર્મ્યું છે. શ્રેયાર્થીને આનંદયાત્રા માટે એક પ્રમાણ પ્રાપ્ત થયું છે. આનંદાનુભવનું આ રીતે અવતરણ થયું છે. શ્રેયાર્થી પ્રતિના અકારણ અને અનર્ગળ પ્રેમ નિમિત્તે આનંદવિજ્ઞાનની આ પ્રવેશિકા મળી છે.*

*પ્રેમનિધિના આનંદાનુભવના ઝરણમાંથી આ પુસ્તકના સંપાદકે જે આચમન કર્યું છે. એનો પ્રતિભાવ વ્યક્ત કરવાની આટલી ચેષ્ટા કરી છે. સંપાદનકાર્ય કરતાં કરતાં શ્લોકોમાં રહેલા વિચારભાવનું સેવન કરવાની અને આ નિમિત્તે આ રીતે સેવા કરવાની મને મળેલી આ તક માટે લેશપણ અધિકાર નથી, પણ પૂજ્ય શ્રીમોટાની પ્રેમભરી કૃપાનો પ્રસાદ છે.*

*આ શ્લોકોમાં પ્રગટેલા વિચારભાવની અભિવ્યક્તિમાં જેટલી સરળતા અને વિશદતા છે એટલી જ ગહનતા અને ગંભીરતાય છે.*

*એ બધું તો અધિકારીઓનાં ભાષ્ય-વિવરણ ખમે એવું છે !*

OOO

આ પુસ્તક તા. ૧૧-૭-૧૯૭૦માં પ્રગટ થયું એ જ મહિનામાં મોટા, કુંભકોણમ્ આશ્રમમાં હતા. ત્યાં તેમને ‘જિજ્ઞાસા’નું આ પુસ્તક જોયા પછી લાગ્યું કે એ ઘણું અધૂરું છે.

આથી, એમણે 'જિજ્ઞાસા' વિશે વધુ કડીઓ સ્ફુરવા લાગી અને તા. ૨૫-૭-૧૯૭૦થી જેમ જેમ 'જિજ્ઞાસા' વિશે લખાતું ગયું તેમ તેમ એ મને મોકલતા જાય. તા. ૩-૯-૧૯૭૦ સુધીમાં ૯૦૦ જેટલી કડીઓ લખાઈ ગયેલી. નાનામોટા કાગળના ટુકડા ઉપર આ બધી કડીઓ લખાયેલી હતી. એ બધી કાપલીઓ મારી પાસે સચવાયેલી હતી અને 'જિજ્ઞાસા' ઉપરનું લખવાનું-લખાવવાનું પૂરું થાય પછી એને ગોઠવીને પ્રેસનકલ કરાવાશે, એમ વિચારી બધું સાચવી રાખેલું અને ડુમસમાં સમય મળશે તો કામ કરીશું એમ માની ડુમસ જતાં મેં 'જિજ્ઞાસા'ની સામગ્રી મારી સાથે લીધેલી.

•

# ૧૫. મોટા સાથે ડુમસમાં

'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય'ની હસ્તપ્રતને અંતિમરૂપ આપવા માટે મોટાએ ડુમસમાં આવેલા સુરતના ચૂનીભાઈ રેશમવાલાના બંગલામાં પાંચેક દિવસ રહેવાની વ્યવસ્થા કરી હતી. મોટા સાથે નંદુભાઈ, રામભાઈ પટેલ, દિલીપભાઈ મણિયાર, રતિલાલ મહેતા અને હું જવાના હતા.

નંદુભાઈએ અમારા જવાના દિવસો અગાઉ કહ્યું, 'મોટા પાસે આવવું એક વાત છે, પણ જ્યારે એમની સાથે જ રહેવું એ બીજી વાત છે. આથી, તમારે બધાએ માનસિક તૈયારી સાથે આવવું.'

મોટા સાથે મારે સહવાસ થયાને માત્ર અઢી વર્ષ થયાં હતાં. આમ છતાં એમની કૃપાથી એમના આંતરસ્વરૂપની ઝાંખી પામી શક્યો હતો અને એમની સાથેના કેટલાક પ્રસંગોને આધારે એમની કાર્યપદ્ધતિ થોડીક સમજી શક્યો હતો. નંદુભાઈની સૂચના બરાબર હતી. જેથી, સાવધાની રાખી શકાય. મોટા ક્યારે કેવી રીતે વર્તે એનું કશું જ ધોરણ નહિ.

મને એમ જાણવા મળેલું કે જેમણે ડુમસમાંનો પોતાનો બંગલો આપેલો એ સજ્જન સુરતના હરિઃૐ આશ્રમના ટ્રસ્ટી શ્રી હસમુખભાઈના કાકા હતા. ડુમસના અમારા નિવાસ દરમિયાન બંગલે મોટાને મળવા કોઈએ પણ ના આવવું એવું મોટાએ જાતે જ જણાવી દીધેલું. મોટાના આ ફરમાનથી મને પણ થોડુંક આશ્ચર્ય થયેલું અને તા. ૪-૯-૧૯૭૦ની સવારે ડુમસ પહોંચીને એક વિશાળ બંગલામાં ગોઠવાઈ ગયા. બંગલાની

પ્લીન્થ ઘણી ઊંચી હતી. આથી, બંગલાની ભવ્યતા પણ અનોખી લાગતી હતી. રામભાઈ અને દિલીપભાઈ મોટાની અંગત સેવામાં લાગેલા હતા.

અમે ડુમસના બંગલામાં જેવા ગોઠવાયા કે તરત જ હસ્તપ્રત વાંચી સંભળાવવાનું કામ શરૂ કર્યું. એ દિવસે સૂતાં પહેલાં મોટાએ કહ્યું, 'પ્રકાશકે આપણને છાપેલાં ૭૦૦ પાનાં જેટલું લખાણ તૈયાર કરવા કહ્યું છે અને એ પ્રમાણે એમની સાથે કરાર થયો છે. આપણે એમને હાથના લખેલાં જે પાનાં આપીએ એના શબ્દો અને છાપેલી ચોપડીનાં ૭૦૦ પાનાંમાં સમાતા હોય એટલા શબ્દો પ્રમાણસર હોવા જોઈએ. વધારે તો ના હોવા જોઈએ. માટે, કાગળ ઉપર જે લખ્યું છે એમાં કેટલા શબ્દો છે એ ગણી લો.' મોટાની આ વાત સાંભળીને હું તથા રતિલાલ મૂંઝાઈ ગયા, કેમ કે મેં પોતે પણ મોટાના પુસ્તકમાંથી જે લખાણનું સંકલન કરેલું એ જુદી જુદી સાઈઝના કાગળ ઉપર હતું. આથી, હસ્તપ્રતના લખાણમાંના શબ્દોની સંખ્યા ગણવા માટે કઈ પદ્ધતિ અપનાવવી એ અમને સૂઝતું ન હતું. એથી અમે બંને મૂંઝવણ અને ગડમથલ અનુભવતા હતા. એટલે નંદુભાઈ અમારી મદદે આવ્યા અને કહ્યું, 'ચોક્કસ શબ્દ સંખ્યા ના નીકળે તો વાંધો નથી. સો બસો શબ્દો આમ તેમ થાય. પહેલાં કાગળોને સાઈઝ પ્રમાણે અલગ કરો. એનો ક્રમ અવળસવળ ના થાય એ માટે પેજ ફીગર પેન્સિલથી લખી લો. એ પછી એક જ સરખી સાઈઝના પાનામાંના એક પાના ઉપર કેટલા શબ્દો છે એ ગણીને, પાનાંની સંખ્યાથી ગુણી લેજો. એટલે એટલાં પાનાં ઉપરના શબ્દોની સંખ્યા મળી જશે અને પછી જુદી જુદી સાઈઝનાં પાનાંની મળેલી સંખ્યાનો સરવાળો કરી લેજો.

ડેમી સાઈઝના કાગળ ઉપર ચૌદ પોઈન્ટના ટાઈપમાં કેટલા શબ્દો છપાય છે એ આપણે જોઈ લઈશું. એના આધારે આપણી હસ્તપ્રતમાંના શબ્દોના છાપેલાં કેટલાં પાનાં થશે એ અંદાજ મળી રહેશે.

નંદુભાઈએ દર્શાવેલી કાર્યપદ્ધતિથી અમે અમારું કામ શરૂ કર્યું. મારી હસ્તપ્રત જુદી જુદી ત્રણચાર સાઈઝના કાગળ ઉપર હતી. વળી, ક્યાંક ક્યાંક શબ્દો મોટા અને છૂટા પણ હતા. આથી, એ બધાંનો મેળ મેળવતાં ગુણાકાર-સરવાળામાં મારાથી જરૂર ભૂલ થઈ જાય એવો સંભવ હતો. છતાં અમે તો એ કામમાં લાગી ગયા. એમાં ખાસ્સો સમય થયો. આવતી કાલે સવારે ચાર વાગ્યે ઊઠી જવા માટે વહેલું સુવાય એવી શક્યતા ના જણાઈ. રાત્રે મોડું થયું એટલે નંદુભાઈએ અમારાં કામમાં મદદ કરાવી એથી શબ્દો ગણવાનું ઝડપથી બની શક્યું.

બીજે દિવસે હસ્તપ્રત ચકાસવાનું કામ પૂરું થવા આવ્યું ત્યારે મોટાએ પોતાની સાધનાના વિવિધ તબક્કાઓની વાત કરતાં કહ્યું, ‘એક ગાળો અત્યંત સૂકો આવતો હોય છે. કંટાળો, નિરાશા, નિરુત્સાહ જેવાં નકારાત્મક બળો એકદમ ઘેરી વળે છે. એ વખતે એવા વિચારો આવે છે, કે આપણે આ માર્ગે ક્યાં નીકળ્યા ? એના કરતાં જ્યાં હતા અને જેમ રહેતા હતા એ વધારે સારું હતું. અત્યાર સુધીનું બધું જ કર્યું કરાવ્યું નકામું ગયું. એમ ઘોર નિરાશાનો કાળ આવે છે. એ વખતે કંઠે શોષ પડે છે. એવી પળે ભગવાનની પ્રાર્થના કરવાનું પણ સૂઝે નહિ, પણ મારો પ્રાર્થનાનો અભ્યાસ હતો. આથી, પ્રભુને મેં મારી હકીકત ગાઈને જણાવી અને મેં પ્રાર્થના કરેલી કે ‘હરિ ! હું શું કરું રે? મુજને ચેન પડે નવ

ક્યાંયે…' એમ બોલીને મોટા સહેજ થોભ્યા. દિલીપભાઈ વચ્ચે બોલ્યા, 'મોટા, આખી પ્રાર્થના અત્યારે યાદ હોય તો ગાઓને !'

મોટાએ દિલીપભાઈની પ્રેમભરી માગણી સ્વીકારી એટલે અમે તો ખૂબ રાજી થયા.

મોટાએ આખીય પ્રાર્થના ભાવપૂર્વક ગાઈ. એ પ્રાર્થના ટૅપ ઉપર રૅકૉર્ડ થયેલી હજીય સચવાયેલી છે. મોટાએ ગાયેલી એ પ્રાર્થના નીચે ઉતારું છું.

હરિ ! હું શું કરું રે? મુજને ચેન પડે નવ ક્યાંયે !
ચિત્ત ચોંટે મુજ કોઈ વિશે ના, મનોમથામણ ભારે,
કાં હડસેલી મૂક્યો મુજને, વહેણ વમળમાં ભારે. હરિ…
સુંદર મેળ હતો જામેલો મુજ જીવનનો બાપુ,
કોણે મારું ઘર વણસાવ્યું હતું જે લીપ્યું ગૂપ્યું ? હરિ…
જીવનપથમાં ક્યાંથી આવ્યાં સૂકાં રણમેદાનો ?
રસકસ મારા ઊડી ગયા ક્યાં, ક્યાંથી આ તોફાનો ? હરિ…
ડામાડોળ થતી મુજ નૌકા, ચડ્યું મુજ મન વંટોળે,
નિવૃત્તિ-પ્રવૃત્તિ વચ્ચે કાં સપડાવી મારે ? હરિ…
જેમ સૂઝ્યું તેમ દીધે રાખ્યું, મદાર તુજ પર બાંધી,
હાવાં કાં લથડાવી મારે, આવી જ્યાં મને આંધી ? હરિ…

બે દિવસમાં તો 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય'નું લખાણ તપાસી જવાનું કામ પૂરું થયું. કેટલુંક લખાણ ફરીથી લખીને મઠારવાનું સૂચવાયું. સમાજ સમજી ના શકે અને એ અંગેની યોગ્ય સમજને અભાવે અનર્થ થાય એવી મોટાની લાક્ષણિકતાઓ પ્રગટ ના કરવી એવો વિવેક રાખવાનું સૂચવાયું.

મોટાની વર્તનરીતિનું કોઈ નિશ્ચિત ધોરણ હોય જ નહિ,

કેમ કે એ તો એમનાં જે તે નિમિત્તની સાથે, એના કલ્યાણની ભાવનાથી પોતાને ઠીક લાગે તેમ વર્તે. દેખીતું કારણ ના જણાતું હોય તોપણ રૌદ્રરૂપ પણ ધારણ કરે. ક્યારેક કશુંય બાહ્ય કારણ ના જણાય તોય ઊધડો લઈ નાખે. એમના પ્રેમભાવને લીધે નિમિત્તની સાથેના તાદાત્મ્યથી નિમિત્તનું આંતરિક કશું પણ આડુંઅવળું હોય તો એ રીતે સરખું પણ કરતા હોય, પરંતુ એવાં નિમિત્તને પોતામાં શું ચાલી રહ્યું છે એની જાણ જ ના હોય. આથી, મોટાના ઊધડાથી ક્યારેક એ લેવાઈ જાય. ઘવાઈ પણ જાય.

મોટા, ઘણી વાર કહેતા, 'એવી વખત જો રચનાત્મક અર્થ સ્વીકારીને ભક્તિભાવ વધે તો નિમિત્તનો જીવનવિકાસ જરૂર થાય.' આમ છતાંય મોટા, કરુણા કરીને નિમિત્ત સાથેના કહેવાતા વિચિત્ર વહેવારવર્તનથી એનું ઘણુંય કવાણું હઠાવી દેતા. એની ખબર પણ કોઈને ના પડે. મોટાના વહેવારવર્તનનો હેતુ પ્રીછવો અતિ દોહ્યલો. આથી, એમના વિશેના પુસ્તકમાં એમની એવી કેટલીક વર્તનરીતિ રજૂ કરવાનું ટાળવું પડતું. આથી, કેટલુંક રદ કરવું એમ નક્કી થયેલું.

મોટાનું વ્યક્ત થવું એટલે પરમાત્માનું વ્યક્ત થવું. તેઓશ્રીનાં વહેવારવર્તન, વાણી, લેખન, ચેષ્ટા વગેરે બધું જ આત્માના-ચેતનના-પ્રભુના જ નિરંતર અનુભવની ભૂમિકાથી જ વ્યક્ત થાય. આવું વ્યક્તત્વ નિમિત્તને આધારે જ હોય. મોટા જ્યારે સમૂહની સામે બોલતા હોય ત્યારે ઘણી વાર એમની વાણીનો પ્રવાહ એકધારો અટક્યા વિનાનો હોય. અનેક વાક્યો એકબીજા સાથે સંકળાતાં સંકળાતાં વહ્યાં જ કરે. બરાબર એ જ પ્રમાણે એવા જ ઉપક્રમમાં એ વાણી શબ્દોમાં ઉતારીએ તો જેણે

જેણે એ વાણી સાંભળી હોય એમને તો એ ખૂબ રુચે અને સમજાય, પરંતુ તદ્દન નવા જ વાચક સમક્ષ જ્યારે એ વાણીને રજૂ કરવી હોય ત્યારે તેઓશ્રીના એક પણ શબ્દને બદલ્યા વિના એનો અર્થબોધ થાય, ભાવવાહિતા જળવાય એ રીતે એને સંપાદિત કરવી જોઈએ.

આથી, મોટાએ ટૅપ કરાવેલી બધી જ વાણીનું મુદ્રણને યોગ્ય જે લખાણ તૈયાર કરેલું એ બધું ફરીથી લખવું એમ પણ નક્કી થયું.

મોટાની અનુભવદશાની ઝલકની ઝાંખી પામવી પણ દોહ્યલી. આમ છતાં એમના કેટલાક વહેવારમાંથી તેઓશ્રીની અનુભવદશાનો અણસાર પામી શકાય. સામાન્ય રીતે મોટાની એવી વહેવારરીતિ સમાજનો મોટો ભાગ સ્વીકારી ના શકે. મોટા પ્રત્યેનો વિધેયાત્મક ભાવ-આકર્ષણ રાખનાર એ જલદી શમજી શકે. આમ છતાં 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય'માં મોટાના જીવનની ખાસ પ્રેરક વિશિષ્ટતા દર્શાવી શકાય એવા પ્રસંગો હતા. મોટાએ ઘણા પ્રસંગો પોતાના પત્રસાહિત્યમાં લખેલા નહિ. મોટાના પત્રોમાં પ્રગટ થયેલા પ્રસંગો પણ જેમને સંબોધીને પત્રો લખાયેલા, એ નિમિત્તને અનુરૂપ કેટલીક હકીકતો એમણે વ્યક્ત કરેલી હતી.

હવે, આ એક નવા જ આકારમાં મોટાનું જીવન પ્રગટ થવાનું હતું. એમાં પ્રગટ કરવા બીજા પ્રસંગો લખાય એ જરૂરી હતું. આથી, નંદુભાઈના નામથી જ 'મોટા'એ મોટા વિશે ઘણું બધું ટૅપ ઉપર ઊતરાવ્યું. અલબત્ત, પુસ્તકમાં એ નંદુભાઈના નામ સાથે પ્રગટ થયું છે. મને તો મોટાએ આ રીતે ઊતરાવ્યું

એમાં સંપૂર્ણ યથાર્થતા જ લાગેલી. આજે જ્યારે આ હકીકત પ્રગટ કરું છું ત્યારે એની યથાર્થતા જાણવાથી મોટાની પરમ અનુભવદશાની વિશિષ્ટ અભિવ્યક્તિ સમજી શકાય.

નંદુભાઈ, મોટા વિશે જરૂર લખી-લખાવી શક્યા હોત, પરંતુ એ ગાળામાં નંદુભાઈ, મોટાપ્રેરિત સમાજોત્થાનની યોજનાના વહીવટીકાર્યમાં ખૂંપેલા રહ્યા કરતા હતા. એમને મોટા વિશે લખવા-લખાવવાનો સમય પણ ન હતો. આ એક બાહ્ય કારણ હતું.

મોટાએ પરમાત્માનુભવની દશાનું વર્ણન કરતાં સમજાવ્યું છે, કે પોતે એકસાથે એમનાં અનેક નિમિત્તો સાથે સંકળાયેલા હોય છે. અમારા સૌની સાથે બેઠા હોય અને અમારી સાથે વાતો કરતા હોય એમ છતાં એ જ પળે બીજાં અનેક નિમિત્તો સાથે પણ એ હોય. એવાં નિમિત્તો માત્ર વ્યક્તિરૂપે જ કે સ્થૂળ હોય એવું પણ નહિ. નિમિત્તો સૂક્ષ્મ પણ હોય. એથી જ મોટાએ પ્રેરેલાં કામમાં જોડાયેલ વ્યક્તિમાં પણ મોટાની જ ચેતનાશક્તિનો સહજ સંચાર હોય જ.

નંદુભાઈ જ્યારે વહીવટી કામમાં હોય ત્યારે પણ એ મોટાની શક્તિના વાહક બનેલા હોય. એમ જે કોઈ વ્યક્તિ એવી ભાવનાથી કામ કરતી હોય તે એમની જ શક્તિની વાહક બનેલી હોય છે. આ હકીકત વધારે સૂક્ષ્મ અને ગૂઢ પણ છે. આથી, પૂરેપૂરી સમજાવી શકાય એમ નથી. આ રીતે જોતાં મોટા, નંદુભાઈ સાથે તાદાત્મ્ય પણ હોય અને એ સાથે જ એમનામાં થતી સર્વ પ્રક્રિયામાં તથા પોતાના અનુભવમાં એ સાક્ષી પણ હોય. આથી, જ 'મોટા' પોતાના વિશે નંદુભાઈના નામથી જે કંઈ લખાવે કે

બોલે એમાં જરાય ઔચિત્યભંગ નથી.

ઊલટું એ રીતે લખાવે તો પોતાના વિશેના નિરૂપણમાં પૂરેપૂરી ભાવનિષ્ઠા ઊતરે. જેવું બન્યું તેવું જ સંપૂર્ણ સત્યરૂપે જ વ્યક્ત થાય. આથી, આ રીતે વ્યક્ત થયેલું વાચકને પણ હૃદયસ્પર્શી બની રહે અને વાચકના અંતરના ઊંડાણને સ્પર્શી ઉચ્ચ પ્રકારના ભાવના સંસ્કારનાં બીજ મૂકી શકે.

OOO

ડુમસમાં આ કામ પૂરું થયું. પછી મોટાએ 'જિજ્ઞાસા' વિશે લખેલી કડીઓનું વર્ગીકરણ કરવાનું કામ શરૂ કરાવ્યું. મોટાએ જે મસ્તીથી 'જિજ્ઞાસા'નું પઠન-ક્યારેક ગાન કર્યું એ સાંભળવાનો લહાવો અનેરો હતો.

મને અવારનવાર એમ થતું કે મોટા, ઘડીકની નવરાશ પણ આપતા નથી. ડુમસમાં ફરવા જવાનું પણ કહેતા નથી. સતત કામમાં જ રોકાયેલા રાખે છે ! મોટાની આ રીતનું તાત્પર્ય મને થોડુંક મોડું સમજાયેલું. મોટાની આ રીતથી એમની કૃપા આપણા ઉપર વરસે છે. આજ્ઞાપાલનથી જ આપણામાં કૃપાની પાત્રતા કેળવાય છે. આથી, તેઓશ્રીએ પ્રેરેલા કોઈ પણ કામમાં આપણે લાગીએ તે ક્ષણથી જ આ પ્રકારની પાત્રતા કેળવાતી જાય છે. એ ઉપરાંત, મન કામમાં પરોવાયેલું રહેતાં એ બીજા વિષયમાં ભટકતું બંધ થાય છે. થોડુંઘણું પણ એકાગ્ર થાય છે. આવી એકાગ્રતાની ક્ષણોમાં મોટાની શક્તિ એટલે પ્રભુની ગુણશક્તિ, આપણાં અંતઃકરણોમાં સક્રિય બનીને પ્રભુભાવનાં બીજ રોપે છે. આ રીતે રોપાયેલાં બીજાંકુર કાળક્રમે સંસ્કારરૂપે સ્ફુરીને આપણા જીવનને ઉન્નતિના માર્ગે ધકેલ્યા વિના રહેવાના નથી. આવી

રહસ્યમયતા સમજાયાથી મોટાની આપણા ઉપર અપાર કરુણા છે એ અનુભવાય છે. આવી પ્રક્રિયા જાણવાથી આપણું દિલ એમના પ્રત્યે આકર્ષણ અનુભવ્યા જ કરે છે અને દિલના એવા વારંવારના આકર્ષણથી નિરપેક્ષ ભાવની અનુભૂતિ પણ આપણે પામીએ છીએ.

મોટા, હંમેશાં આપણાથી અપાતા થોડા પણ સહકારથી ઘણો રાજીપો અનુભવે છે. એમના આવા કાર્ય અંગે 'જિજ્ઞાસા' પુસ્તકની બીજી આવૃત્તિના 'લેખકના બે બોલ'માં પાન નં. ૨૮ ઉપર નોંધ્યું છે કે 'ડુમસમાં બેત્રણ સ્નેહીઓએ 'જિજ્ઞાસા' વિશેની આટલી બધી ટૂકો પ્રેમથી સાંભળીને જરાપણ કંટાળો સેવ્યો નહિ. આથી, મને પણ પોરો ચડ્યો અને હૃદયમાં ઉત્સાહ વધ્યો. તાપી નદીનાં પૂરને કારણે અમારે બધાંને ડુમસમાં રોકાઈ જવું પડ્યું હતું. તેથી, આ કામમાં અમે બધાં ઠીક લાગી પડ્યા હતા. ડુમસમાં જ આ બધી કડીઓને અમે બધાંએ ક્રમબદ્ધ ગોઠવવાની ઠીક મહેનત લીધી. જોકે તે પછીથી ભાઈશ્રી રમેશભાઈ ભટ્ટે ક્રમબદ્ધ ગોઠવવામાં એની આખી કાયાપલટ કરી નાખી છે.'

આ પછી 'જિજ્ઞાસા' ઉપરની મોટાના હસ્તાક્ષરમાં લખાયેલી નવસો જેટલી ટૂકો ડુમસમાં મોટાએ મને સોંપી દીધી. ડુમસમાંના અમારા બે દિવસના વસવાટ પછી ભયંકર વરસાદ-વાવાઝોડું અને રેલ આવ્યાં. એ દરમિયાન અમે શરૂઆતનો આખો દિવસ 'જિજ્ઞાસા' વિશે કામ કર્યા કર્યું. રેલને લીધે બધો જ વાહનવહેવાર બંધ થઈ ગયો હતો. અમે પણ બે દિવસ બંગલાની બહાર પણ નીકળી શકીએ એવી શક્યતા ન હતી. બધું જ કામ પૂરું થઈ ગયું હતું.

ત્યારે મોટાએ કહ્યું, 'હવે આપણે નિરાંતે બેસો. કામ કર્યા

વિના બેસી રહેવાની સ્થિતિ ઊભી થાય ત્યારે આપણાથી અકળાવાય પણ નહિ અને કામ કરતાં મન જેટલું કામમાં રોકાયેલું સ્થિર રહે એમ કામ વિના પણ રહી શકે એની પણ ટેવ પાડવી જોઈએ !'

રેલને લીધે રસ્તાઓ તૂટી ગયા હતા. ભરૂચનો પુલ ઉપરનો વહેવાર બંધ હતો. સૌરાષ્ટ્રમાં પણ ભારે પૂર હતું. ગુજરાતમાં બધે જ હોનારતના સમાચાર મળતા હતા. ડુમસમાં કેટલા દિવસ રોકાવાશે-એવો વિચાર આવ્યા કરતો હતો. આવી બધી પરિસ્થિતિના સમાચારથી ઘરના લોકો પણ ચિંતા કરતા હશે. કૉલેજમાંથી લીધેલી રજાઓ પણ પૂરી થશે. રેલવે તથા માર્ગ વાહનવહેવાર શરૂ થતાં દસ દિવસ લાગશે, એવા સમાચારો મળતા હતા.

મારા મનમાં આવા વિચારો ચાલ્યા કરતા હતા ત્યારે મોટાએ મને કહ્યું, 'અહીં મારી સામે બેઠા છો છતાં ક્યાં ફરો છો ?'

મેં કહ્યું, 'મોટા, ઘરના લોકોના વિચાર આવે છે ! કૉલેજની રજાઓનો ખ્યાલ આવે છે ! ઘરમાં લોકો ચિંતા કરતા હશે !'

'સહેજ પણ વરસાદ બંધ થાય એટલે તાર ઑફિસમાં જઈને તાર કરી દો. બને તો કૉલથી સંદેશો આપી દો, પણ વિચારનો નિકાલ કરો. જ્યાં છીએ, જેની પાસે છીએ એનામાં મનાદિ રહે તો કામનું !'

મોટાની આ વાતનો મર્મ મને એ વખતે સમજાયો ન હતો.

પણ જેવો વરસાદ અટક્યો એટલે હું અને રતિલાલ મહેતા ડુમસની તાર-ટપાલ ઑફિસ ઉપર પહોંચ્યા અને અમદાવાદ તથા મુંબઈ સાથેના સંપર્ક બાબત પૂછ્યું તો જાણવા મળ્યું કે બધી

બાજુનો સંદેશાવહેવાર ખોરવાઈ ગયો છે. એટલે હાલ તો કશું જ થઈ શકશે નહિ. અમે બંને પાછા ફર્યા. મોટા, બંગલાની ઊંચી પ્લીન્થ ઉપરના ઓટલા ઉપર ખુરશીમાં બેઠા હતા. અમને ઝાંપામાં દાખલ થઈને કંપાઉંડમાંથી આવતા જોઈને રામભાઈ-નંદુભાઈને બૂમ પાડીને કહ્યું,

‘જુઓ, આ સાહેબો બધાંની અને પોતાની ચિંતા દૂર કરીને આવે છે !’

મોટાનો કહેવાનો મર્મ સ્પષ્ટ હતો. એમણે મને કહ્યું, ‘હવે કશું થઈ શકે એમ ના હોય એટલે શાંત બેસો. ઘરે પહોંચીને બધાંને પૂછીને ખાતરી કરી લેજો કે એ બધાં તમારી કેટલી ચિંતા કરતા હતા ?’

મેં ઘરે પહોંચીને તરત જ પૂછેલું કે ‘તમને મારા વિશે ચિંતા થતી હશે-ખરુંને ?’

અરુણાએ તરત કહ્યું, ‘બિલકુલ ચિંતા થતી ન હતી. મોટા તમારી પાસે હતા પછી અમને શા માટે ચિંતા થાય ?’

મારી આંખ ચમકી ગયેલી. જે મારા પ્રભુરૂપ છે અને એમની અત્યંત સમીપ હતો છતાં મારી સમીપતા કેવી ખસી ગઈ ! મારા કરતાં તો એમનાથી દૂર રહેનારની એમનામાંની શ્રદ્ધા ચડિયાતી ગણાય.

અમારે તા. ૬-૯-૧૯૭૦ના રોજ ડુમસ છોડવાનું હતું, પણ તા. ૮-૯-૧૯૭૦ના રોજ રસ્તો ખૂલતાં શ્રી હસમુખભાઈ રેશમવાળા મોટી ગાડી લઈને ડુમસ આવી પહોંચ્યા અને બધાં એ જ દિવસે બપોરે સુરત પાછા ફર્યા.

ડુમસમાં વધારાના બે દિવસમાંથી એક સાંજ મોટાએ અમારી

સાથે ડુમસમાં ફરીને ખૂબ આનંદ કરાવ્યો. ડુમસના વસવાટ દરમિયાન અમારાં અંતઃકરણોનો ઘાટ ઘડાયો એ ખરું કામ થયું.

મારી પાસે સામાનમાં ‘પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય’ની હસ્તપ્રતના કાગળો ઉપરાંત, મોટાના હસ્તાક્ષરમાં લખાયેલ ‘જિજ્ઞાસા’ની કાપલીઓ હતી. વરસાદમાં આ બધું સાચવવાનું હોવાથી મારું ધ્યાન એમાં જ હતું. એ બધું પ્લાસ્ટિક વીંટીને મજબૂત બાંધી રાખેલું હતું. ડુમસમાં ત્રણ દિવસનો મુકામ હોવાથી કપડાં પણ વધારે ન હતાં. સુરતમાં કેટલા દિવસ રોકાવું પડશે એ નિશ્ચિત ન હતું. રેલવે રસ્તા તો બંધ હતા, એનો રિપોર્ટ હસમુખભાઈએ પણ આપેલો.

અમે બધાં સુરત આશ્રમના ઝાંપે ઊતર્યા. મોટા, આશ્રમમાં પહોંચ્યા. અમે પણ એમની પાસે ગયા.

મોટા તો અમારી સામે જોઈને બોલ્યા, ‘હવે તમે બધાં વિદાય થાઓ. જલદી નીકળીને જતા રહો.’ મોટાના અવાજમાં તાપ હતો. મારી પાસેની હસ્તપ્રત મારે વરસાદથી જાળવવાની હતી. આશ્રમમાં એકાદ દિવસ રોકાઈ જવાય તો વધુ સરળતા રહે એમ મેં તો ધારેલું.

મોટા ફરીથી મારી સામે જોઈને ગર્જ્યા, ‘હવે શા માટે ઊભા રહ્યા છો ? ચાલતા થાઓ.’

મોટાનું આ રૌદ્ર દર્શન હતું. મારા આશ્ચર્યનો પાર ન હતો. મૂંઝવણ પણ ઘણી હતી. મારી પાસે છત્રી પણ ન હતી. મારો ચહેરો તો લેવાઈ ગયો હતો. નંદુભાઈ અને હસમુખભાઈ પરિસ્થિતિ કળી ગયા હતા. મોટા પાસે કશી જ દલીલ ના કરાય. એ તો કહે એમ જ કરવાનું. મોટાએ તો અમારી સાથે કશી જ

લેવાદેવા ના હોય એમ કર્યું.

હસમુખભાઈ અમને એમના ઘરે લઈ ગયા. ત્યાં અમે પરવારીને સ્વસ્થ થયા.

હું, અમદાવાદ પાછો જવા ભરૂચ સુધી બસમાં ગયો. ત્યાંથી નર્મદા નદી ઓળંગવાની વ્યવસ્થા છે એમ જાણેલું, પણ નર્મદાનાં પૂરનું ભયંકર રૂપ મેં પહેલી જ વાર જોયું. આવા પ્રચંડ વહેણમાં નદી ઓળંગવાનું જોખમ લેવાની મારામાં બિલકુલ હિંમત ન હતી. ઊલટું અનિષ્ટની કલ્પનાથી હું તો ધ્રૂજી ઊઠેલો અને તરત જ વળતી બસમાં હું સુરત આવ્યો અને હસમુખભાઈના ઘરે પહોંચ્યો. બીજે દિવસે બે ટ્રેન બદલીને હું મુંબઈ પહોંચ્યો. ત્યાંથી વિમાનમાર્ગે અમદાવાદ આવ્યો.

આ બધા જ સમય દરમિયાન મારી પાસેની હસ્તપ્રતને જાળવવાની સતત ચીવટ રહ્યા કરતી હતી અને એ સાથે મોટાએ આશ્રમમાં પ્રવેશતાં જ આશ્રમમાંથી નીકળી જવાનું કહેલું એ સતત યાદ આવ્યા કરતું હતું. આમ કેમ કર્યું હશે ? મારી શી ભૂલ થઈ હશે ? આવા વિચારો પણ આવ્યા કરતા હતા. અમદાવાદ પહોંચ્યો તેના ત્રીજા દિવસે મોટા, અમદાવાદ આવેલા. એમને મળવા ગયો ત્યારે મારા આશ્ચર્ય વચ્ચે મોટાએ ઉમળકાથી મને બોલાવ્યો અને કેવી રીતે અમદાવાદ પહોંચેલો એ પૂછ્યું. ‘જિજ્ઞાસા’ બરાબર જળવાઈ હતીને ?

મેં કહ્યું, ‘મોટા, ‘જિજ્ઞાસા’ તો ચીવટથી જાળવી હતી, પણ અત્યાર સુધી આપની યાદ રહ્યા કરેલી. આશ્રમમાં દાખલ થતાં આપે જતા રહેવાનું કહેલું. આથી, આપ યાદ આવ્યા

કરતા હતા.'

'સારું થયું, ભઈલા !'

મોટાએ આ કહ્યું એનો મર્મ સમજાયો. મોટાએ અમને લાડ-પ્રેમથી સાથે રાખેલા એનો વિચાર ઘરે પાછા ફરતાં સતત ના ટકત. ઊલટું ઘરની યાદ એટલી તીવ્ર બનેલી કે ચિત્ત-મન, પત્ની-પરિવારમાં જ ચોંટેલાં રહેત અને બધાંને આ બધી મજાની વાતો કરીશું એવા તરંગો જ ઉછાળ્યા કરત. મોટાએ જે રીતે અમને હડસેલ્યા એમાં તો અમારી આંતરિક સ્થગિતતાને તોડીને પ્રગતિ કરાવી હતી. તેઓશ્રીનું જ સ્મરણ રહ્યા કરે એ માટેનો એમનો કૃપાહેતુ હતો.

આમેય મનોવૈજ્ઞાનિક નિયમ પણ છે. આપણે જેને વિશેષ યાદ કરીએ એના ગુણધર્મોના સંસ્કાર આપણા ચિત્ત ઉપર પડે. મોટા તો પરમ પુરુષ ! આત્મનિષ્ઠ-ચેતનનિષ્ઠ ! એમની યાદ આપણા ચિત્ત ઉપર ચેતનના જ ગુણધર્મોના સંસ્કારો પ્રેરે. આપણે તો આપણા જીવદશાના સંસ્કારોના ધક્કે જ વહ્યા કરીએ છીએ. એ પ્રવાહ વચ્ચે આવો સ્મરણપટ પાડવાની મોટા ઘણી વાર ઘણા લોકો ઉપર કૃપા કરતા. આપણને એ જ ક્ષણે એ હેતુ સમજાતો નથી. આથી, જ્ઞાનપૂર્વકનો સ્વીકાર ન થતાં આપણને તત્કાળ થનારા લાભથી વંચિત રહી જવાય છે.

મોટાની યાદ, એમનું સ્મરણ-એની એક બીજી ખૂબી છે. 'મોટાને આપણે યાદ કરીએ છીએ' એમ નથી, પરંતુ મોટા આપણને યાદ આવે છે' એ વધારે સાચું છે. આપણે એમના નિમિત્ત હોવાને લીધે એ આપણને યાદ આવે છે. મોટાએ આ મતલબનું એમના એક પત્રમાં લખ્યું છે. મોટાની યાદમાં-એમના

સ્મરણમાં-સહજતા છે. આત્માનું એક લક્ષણ સાહજિકતા છે. એમના સ્મરણ માટે પ્રયત્ન ના હોય. એનું ખાસ કારણ એ કે તેઓશ્રીએ કૃપા કરીને આપણામાં એવી સૂક્ષ્મવિધિ મૂકી છે.

'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય'ની હસ્તપ્રતનું અંતિમરૂપ આપ્યા પછી શ્રી ઈશ્વર પેટલીકર એના ઉપર નજર ફેરવી ગયા અને એ હસ્તપ્રત આર. આર. શેઠની કંપનીના માલિક શ્રી ભગતભાઈ શેઠને ૧૯૭૦ના છેલ્લા માસમાં સોંપી દીધી.

'જિજ્ઞાસા'ની જેટલી કડીઓ મારી પાસે હતી એમાં બસો જેટલી બીજી કડીઓ ઉમેરાઈ. મોટાએ 'જિજ્ઞાસા'નું સંપાદિત રૂપ જોયું અને એ પ્રેસમાં અપાઈ. સંસ્કૃત ભાષાના પ્રખર વિદ્વાન શ્રી જયંતકૃષ્ણ હરિકૃષ્ણ દવેએ (એમ.એ., એલએલ.બી., ઍડ્વોકેટ, મુંબઈ) 'જિજ્ઞાસા'ની આ સંવર્ધિત આવૃત્તિની વિસ્તૃત પ્રસ્તાવના લખી. શાસ્ત્રીય ગ્રંથ તરીકે 'જિજ્ઞાસા'નું યોગ્ય મૂલ્યાંકન કર્યું. મોટાને 'જિજ્ઞાસા'ના આવિર્ભાવથી-સર્જનથી ખૂબ રાજીપો હતો. 'જિજ્ઞાસા'નાં રૂપલક્ષણોની આટલી સળંગસૂત્ર સ્પષ્ટતા સંસ્કૃત કે ગુજરાતી સાહિત્યમાં ક્યાંય નથી.

'જિજ્ઞાસા'ની ઘણી કડીઓ મોટાએ મને લખાવેલી. અમદાવાદમાં એક દિવસે ત્રણેક ઠેકાણે જ્યાં જ્યાં જવાનું થયું ત્યાં એમણે મને એમની સાથે લીધેલો અને બધાંને મળતાં-વાતો કરતાં વચ્ચે વચ્ચે એ મને લખાવ્યે જતા હતા. એક વખત તો ઍમ્બૅસેડર ગાડીમાં એમની બાજુમાં બેઠેલો ત્યારે લખાવેલું. કુંજરાવમાં પી. ટી. પટેલને ત્યાં ગયેલા ત્યારે. મારે તો પૅડ અને પેન તૈયાર રાખવાનાં. મોટા, ક્યારે કહે એની રાહ ના જોવાય. એ બોલે કે

તરત જ લખવાનું. ત્યારે રસ્તા ઉપર ચાલતાં ચાલતાં પણ પૅડ-પેન તૈયાર હતાં. મોટા, લખાવતા હોય ત્યારે 'હેં-પુછાય નહિ. કોઈ શબ્દ કદાચ ચુકાયો હોય તો મોટા એમની મેળે જ એ શ્લોક બીજી વખત બોલતા ત્યારે એ ખૂટતો શબ્દ ગોઠવાઈ જતો.

આ કામનો મને અપાર આનંદ રહેતો. આ કામ કરતાં મારું મન એમનામાં જ એકાગ્ર રહેતું. આ કામની ખૂબી એ હતી કે મારાથી એમના મોં સામું ના જોવાય, પણ એમના અવાજને મારે સાંભળવાનો.

મોટાએ વર્ષો સુધી મારા કાન દ્વારા મારા હૃદયમાં જે અમૃત વહાવ્યું છે, એનો આસ્વાદ લેવાથી ધન્ય બન્યો છું. આવા ધન્યતાના સ્મરણથી કૃતજ્ઞતાનો ભાવ અનુભવાય છે. એટલી ક્ષણો દિલ એમની સાથે અનુસંધાન પામે છે.

એક વખતે કોઈકને ઘરે મોટાને કલાક માટે પધારવા નિમંત્રણ મળેલું. એમણે મને સાથે રાખેલો. અમે જ્યાં ગયેલા ત્યાં લોકોનો ભારે કોલાહલ હતો. મોટાની હાજરીની અવહેલના થાય છે, એવું મારા મનમાં થતું. આથી, બધાંને શાંત રહેવા મેં કહ્યું. મારા અવાજથી એ સમૂહ એકાદ મિનિટ શાંત રહે. પછી પાછો વાતો કરવા લાગી જાય અને વાતાવરણમાં કલબલાટ થાય. ત્રણચાર વાર વિનંતી કરી અને કડકાઈથી કહ્યું. આમ છતાં પરિણામ ના આવ્યું. મેં મોટા સામે જોયું. એમની શાંત-ધીર મુદ્રાનાં મેં દર્શન કર્યાં. એમણે સ્મિત કર્યું. એમણે ઈશારાથી મને એમની બાજુમાં બોલાવ્યો અને પૂછ્યું, 'તમે લોકોને શાંત કરી રહ્યા ?'

મોટાના પ્રશ્નથી હું ચેત્યો. મેં ડોકું હલાવી ના કહી. મને

બાજુમાં બેસાડી કહ્યું, 'તમે બધો વખત કહ્યા કરશો તોય લોકો શાંત નહિ થાય. એ બધાં આપણા ગુરુ ગણાય. એ એમના રસમાં કેવા ગુલતાન છે ! એમની પાસેથી તમે શીખો અને તમે તમારા રસમાં ગુલતાન બનો. ચાલો, લખો.' એમ કહીને મોટાએ 'જિજ્ઞાસા' ઉપરની કડીઓ લખાવેલી. ભારે કોલાહલ વચ્ચે એમના શબ્દમાં એકાગ્ર કરીને મને કેવો ઉગાર્યો ! મારી આ લોકો ઉપરની ચીડ શમી ગઈ !

મોટા કહે, 'કોઈને કશી પડી નથી. આપણે તો રૂપિયા લેવા માટે કલાક બેસવાનું છે. સમય થાય એટલે દક્ષિણા એકઠી કરીને જવાનું.'

એટલામાં કંકુ-ચંદન-ચોખા-ફૂલ લઈને નિમંત્રક પરિવાર આવતો જણાયો. મોટાએ મને ખાનગીમાં કહ્યું, 'બધાંને જાણ કરી દે કે મોટાને કંકુથી એલર્જી થાય છે. માટે, કંકુ-ચંદન પગના અંગૂઠે લગાવજો.'

મોટાના કહેવા મુજબ કરવાનું સદ્ભાગ્ય માત્ર નિમંત્રક દંપતીએ મેળવ્યું, પણ બીજાઓ એક પછી એક ચાંલ્લો કરીને ચોખા ચોડવાના હતા, એમણે આ સૂચના સાંભળીને આવવાનું માંડી વાળેલું.

સમય થતાં અમે નજીકમાં રહેતા મુખ્ય યજમાનને ત્યાં પહોંચ્યા.

મોટાએ મને કહ્યું, 'સંસાર તો આપણો ગુરુ છે. આપણને ઘણું શીખવે છે. નજર ખુલ્લી રાખવી.'

•

# ૧૬. 'કૃપા'-કથા

મોટાએ 'જિજ્ઞાસા' વિશે શાસ્ત્રીય ગ્રંથ લખ્યો. એ ગ્રંથના સંપાદનકાર્યથી એ વિષયની કેટલીક સ્પષ્ટતા મને પહેલી જ વાર થયેલી. આમ છતાં જેમ જેમ એ ગ્રંથ પછીથી વાંચવાની તક મળેલી એમ એમ એમાંથી નવો નવો જ અર્થબોધ થયા કર્યો છે. વચગાળે એના પદ્યરૂપને વિના વિવરણે ગદ્યરૂપમાં ઉતારવાનો વિચાર થયો હતો અને એ પ્રમાણે કરવા માટે ત્રણ વખત એનું વાંચન થયેલું અને પછીથી એનું ગદ્યરૂપ તૈયાર કરેલું, પરંતુ એ ગદ્યરૂપથી મને બિલકુલ સંતોષ ના થયો, કેમ કે મોટાના પોતાના શબ્દોમાં 'જિજ્ઞાસા' પદ્યરૂપમાં અવતરેલી એ શબ્દોમાં તે જ ક્રમમાં જે ચેતનાત્મક સ્પર્શ અનુભવાય છે, એ વાણીમાંથી જે રણકાર સંભળાય છે, એવું કશું જ મારાથી તૈયાર થયેલા લખાણમાં આવતું ન હતું. આથી, મોટાના પદ્યગ્રંથોને ગદ્યરૂપ આપવાનો વિચાર કરવાનું જ મેં છોડી દીધું અને એમ નક્કી રાખ્યું કે મોટાના શાસ્ત્રીય ગ્રંથોનું અધ્યયન અને સ્વાધ્યાયને પરિણામે જે અર્થબોધ આપણને થયો હોય એને ભક્તિભાવે વિવરણાત્મકરૂપે વ્યક્ત થતો હોય તો કરવો. નહિતર એનો અન્વય (પેરાફ્રેસ) કરવાની ચેષ્ટા તો ક્યારેય ના કરવી.

મને ઘણા વખતથી 'કૃપા' શબ્દનો અર્થ પામવામાં મૂંઝવણ થતી હતી. આપણી સમજણ પ્રમાણે, આપણી માન્યતા પ્રમાણે આપણને અનુકૂળ-અનુરૂપ અને સુખદર્શી બન્યા કરે એને કૃપા સમજતો હતો. એ સમજણ પણ ઉપલક રહેતી હતી. માત્ર નમ્રતાના દેખાવ ખાતર જ એવું બોલાતું હતું.

મેં મોટાને કહ્યું, 'તમે 'કૃપા' વિશે સમજાવો. આપના પત્રોમાં વારંવાર 'પ્રભુકૃપાથી' શબ્દ આવે છે. આમ, આપ પુરુષાર્થને જ ભારે મહત્ત્વ આપો છો, તો કૃપાનો જીવનમાં ક્યાં સંબંધ છે, એનું શું કાર્ય છે એ બધું લખો, તો એને છપાવવાનું મારાથી બનશે.'

આમ તો પુસ્તક છપાવવાનું મારા માટે શક્ય ન હતું, પરંતુ એ જ વર્ષમાં (૧૯૭૨) અમદાવાદથી પ્રગટ થતા 'જનસત્તા' દૈનિકમાં 'બાવો બોલ્યો !' મથાળે હાસ્ય-કટાક્ષની કૉલમ લખવાનું કામ મળેલું. એ કામ મને પરોક્ષ રીતે મોટાના પરિચયથી મળેલું. મોટાની સાથે મને અનેક વખત જોનાર ગુજરાત રાજ્યના નિવૃત્ત માહિતી નિયામકશ્રી મણિભાઈ શાહના સૂચનથી આ કામ મળેલું. એટલે આ કામના પુરસ્કારની રકમ 'કૃપા' પુસ્તક છપાવવાના ઉપયોગમાં આવે એવી મારી ભાવના હતી.

મોટાએ 'કૃપા' પુસ્તકના 'લેખકના બે બોલ'માં મારી ઈચ્છાને પ્રગટ કરતાં લખ્યું છે કે,

'કૃપા' ઉપર ભાઈશ્રી રમેશભાઈ ભટ્ટે મને લખવા પ્રેર્યો. હરિનો તે કૃપા-હુકમ. લખાશે જ એવો ચેતનાત્મક આત્મવિશ્વાસ. ૧૯૭૨ની ગુરુપૂર્ણિમાને દિવસે મોટાએ પ્રાર્થના કરી અને બીજા દિવસથી જે સ્ફુર્યું, તે સાતસો ઉપરાંત કડીઓમાં માત્ર ચાર દિવસમાં વ્યક્ત થયું. મોટાએ 'જિજ્ઞાસા' અને 'કૃપા' જેવા વિષય ઉપર સરળ ગુજરાતીમાં અનુષ્ટુપ છંદમાં લખ્યું છે, એનું કારણ દર્શાવતાં એમણે 'લેખકના બે બોલ'માં લખ્યું છે, 'બી.એ.માં મારો મુખ્ય વિષય 'ગુજરાતી' હતો. ઈન્ટર સુધી સંસ્કૃતમાં સિત્તેર

ટકા ઉપરાંત ગુણ મેળવતો. શ્રીહરિકૃપાથી ધારું તો સારું વિદ્વત્તાવાળું ગુજરાતી લખી શકાય, પરંતુ મારી નજર સમક્ષ તો સમાજની સમગ્રતાનો ઘણો મોટો ભાગ છે. જેઓ તદ્દન સામાન્ય હોય, અભણ હોય તેવા પણ સમજી શકે, એવું લખવાનો મને મારા શ્રીસદ્‌ગુરુનો હુકમ હોય અને તેનું હું પ્રેમભક્તિપૂર્વક પાલન કરું છું.

'કૃપા' ઉપરના લખાણમાં કૃપાનું હૃદય હોય અને તેની સંપૂર્ણ યોગ્યતામાં બધાંને સમજાવવાની માથાકૂટમાં ઊતર્યા સિવાય, સહજમેળે સમજી શકાય, તેવું લખવાનો હંમેશાં મારો જીવતોજાગતો આશય રહેલો હોય છે !'

પુસ્તક લખવા અંગેની મોટાની વિશિષ્ટતા મારાથી મોડી સમજાયેલી. કૃપા લખવા માટે મેં પ્રેર્યા. એ દેખીતી હકીકત પાછળ ચેતનનિષ્ઠ, પૂર્ણપુરુષ, કશા પણ નિમિત્ત વિના હાલે નહિ એવા અનુભવવિજ્ઞાનનું પ્રમાણ છે. આ હકીકત સમજાયા પછી મોટા જાહેરમાં બધાંને પોતાને 'રોટલા ખાવા બોલાવીને દક્ષિણા આપવાનું' શા માટે કહેતા હતા એ સમજાયેલું. સાચી હકીકત એ હતી કે આપણે સૌ એમના નિમિત્ત હોવા છતાં, આપણાથી એમની આજ્ઞાનું પાલન ના થાય ત્યાં સુધી એમની કૃપા માટે આપણે પાત્ર થતા નથી. આપણને આ રીતે એમની નજીક લેવા માટે આડકતરી રીતે ગતિ પ્રેરવાનું એમનાથી બનતું હતું. સૂક્ષ્મ રીતની આપ-લેની પ્રક્રિયાનો મર્મ સમજવો મુશ્કેલ છે. આપણને ઉપલક રીતે એમ લાગ્યા કરે કે મોટા, આપણી પાસેથી લે છે. ઘણી વાર માગીને લે છે. એની પાછળનો હેતુ આપણા ઉપર કૃપા કરવાનો છે. આપણાથી બીજો કશો જ

ઊર્ધ્વકક્ષાનો પુરુષાર્થ ભલે ના થાય, પણ આપણે જ્યાં છીએ ત્યાંથી આપણને ખસેડવાનો પુરુષાર્થ એમની કૃપાથી પ્રેરાતો અને આપણાથી એમના કહ્યા પ્રમાણે થયા પછી થયેલી કૃપાનો અનુભવ થતો.

શ્રીમોટાએ 'કૃપા'ના 'લેખકના બે બોલ'માં આ પ્રકારની માર્મિક વાત કરી દીધી છે.

'કૃપા' ઉપરના લખાણમાં કૃપાનું હૃદય હોય, એમ કહ્યું છે. એનો અર્થ એમ સમજવાનો કે જે કંઈ મોટાથી શબ્દ દ્વારા વ્યક્ત થાય છે, એમાં પરમાત્મારૂપ અનુભવમાં પ્રગટેલું હૃદય છે. આથી, એ સીધી જ પરમાત્માની વાણી છે. એ વાણીનો-એ શબ્દોનો સીધો જ સ્પર્શ આપણા હૃદયને જ થવાનો. આથી, એમણે માર્મિક રીતે એમ લખ્યું કે હૃદયના એવા અનુભવને સંપૂર્ણ યોગ્યતામાં સમજાવવાનો બુદ્ધિથી, તર્કથી, દલીલથી પ્રયત્ન ના કરાય, કેમ કે એના કોઈ પણ પ્રકારના પ્રયત્નમાં આત્માના ગુણધર્મ પ્રગટ થાય એવી સાહજિકતા અનુભવાય નહિ. આથી, એમણે 'સમજાવવાની માથાકૂટ' જેવા શબ્દો વાપર્યા છે. આમ છતાં 'કૃપા' જેવી અત્યંત સૂક્ષ્મ બાબત 'સહજમેળે સમજી શકાય' એવો આશય વ્યક્ત કર્યો છે. મોટાના તમામ પ્રકારનાં લખાણનો આ જ આશય છે. આવા 'આશય'ને એમણે 'જીવતોજાગતો' શબ્દથી વધારે અસરકારક અને ચિરંજીવ સૂચવ્યો છે.

મોટાના લેખનના આવા 'જીવતાજાગતા' આશયને લીધે એમના શબ્દોમાં અર્થબોધ માટે સાહજિકતા છે. એનો અર્થબોધ માત્ર બુદ્ધિશક્તિથી નહિ ('માથાકૂટ'થી નહિ), પરંતુ હૃદયની પ્રતીતિની સહજ સ્ફુરણાથી પમાય છે. આ રીતે મોટાએ કહેલી

વાત સમજાયાથી આપણી બુદ્ધિમાં પ્રકાશ તો પમાય છે અને સાથે સાથે હૃદયમાં આહ્લાદ અનુભવાય છે.

મોટાએ કુંભકોણમ્‌ના (દક્ષિણ ભારત) આશ્રમમમાં આ ‘કૃપા’ ઉપરની લખેલી કડીઓ મોકલાવેલી. એમાં એમણે આ પુસ્તક સંપાદન માટેના સોંપાયેલાં કાર્ય પાછળના હેતુને સ્પષ્ટ સમજાવેલો. વળી, આ ‘કૃપા’ વિશેનું લેખન ‘કૃપાના આધાર’થી જ થયું છે એનું પ્રમાણ પણ તેઓશ્રીએ દર્શાવ્યું છે.

‘આ તો જોડકણાં માત્ર, એમાં કાવ્ય કશું ન છે,
મને સરળતા કેવી એમાં તો લખવા વિશે.
કાવ્યસૌંદર્યની ભવ્ય છટા શોધી જડે ન તે,
શો અનુષ્ટુપ તો છંદ થવા વ્યક્ત મને ફળે !
એકધારું લખાયું આ ગયું કેવી કૃપાથી જે,
કૃપા આધાર સંપૂર્ણ લીધો તો આ લખાયું છે.
ક્યાંય ના ખચકાયો છું, ક્યાંય ના અટકાયું છે, અ.:૧
ચાલ્યા કરેલી છે સ્પષ્ટ, લેખિની સોંસરી જ તે ! ૧૩-૧૬
વિચાર કરવા કૈંક થંભી છે ના કદી જરા,
સ્ફુર્યા જેમ ગયું તેમ, કૃપાથી તે લખાયું આ,
એને ફરી મઠાર્યું છે મેં તો જરાય ના જ તે,
જેમનું તેમ રહેવા દીધું છે જાણી જોઈને. ૧૭-૧૮
મને આદેશ તો ચોખ્ખો કૃપાને લખવાતણો-
કૃપાથી જે મળ્યો, તે માથે પ્રેમ ચઢાવિયો. ૧૯
શ્રીસદ્‌ગુરુપૂર્ણિમા દિને-‘કૃપા’ મંડાણ જે થયું.
ચોથા તે દિવસે કેવું ‘કૃપા’ સંપૂર્ણ તે થયું ! ૨૦

ભાવ અનુક્રમે એને સન્મિત્રો ગોઠવેલ છે,
એનો આભાર ના માનું મનમાં મનથીય તે.
એને જે કર્મ સોંપ્યું છે, એને જ્ઞાન થવા હૃદે,
તો ઉપકાર એ કાજે, સન્મિત્રો માનવો ઘટે.
એ મિત્રે ખર્ચ આપ્યું છે થવાને આ પ્રકાશન,
લોક આગળ મૂકીને ‘કૃપા’ને હું નમું પદે. ૨૧-૨૩
વિદ્વાનો, સાક્ષરો આને વિચારીને જ વાંચશો,
કૃપા તો શી ‘કૃપા’ થાશે ઊંડા ઊતરશો જ જો. ૨૪

આ ‘કૃપા’ વિચારીને ઊંડા ઊતરીને વાંચવાથી ‘કૃપા’ સમજવાની કૃપા થશે. આ દૃષ્ટિએ ‘કૃપા’ પણ ‘કૃપા’વિના સમજાય એવી નથી. ‘કૃપા’ના આધારે જ એ લખાઈ છે. આથી, કૃપાથી જ ‘કૃપા’ સમજાશે. એ માટે હૃદયમાં વિષયના હાર્દમાં ઊંડા ઊતરવું જ જોઈએ. ‘કૃપા’નું સંપાદન કરતાં મને માત્ર કૃપા અંશની ઝાંખી જ થયેલી. એ મેં સંપાદકીય લખાણમાં કબૂલ કરેલું.

‘કૃપા’નું સંપાદન કરીને એની પ્રેસનકલને માત્ર જોડણીની દૃષ્ટિએ જોઈ જવા માટે ગુજરાતી ભાષાની જોડણીના નિષ્ણાત મિત્રને વિનંતી કરેલી. એમણે એ હસ્તપ્રત વાંચતાં વાંચતાં જોડણી ઉપરાંત કેટલાક ‘શબ્દો’ બદલ્યા અને શબ્દોનો ક્રમ પણ બદલ્યો અને કહ્યું, ‘મેં ઘણી જગાએ આમ કર્યું છે, કેમ કે છંદશાસ્ત્રના સૌંદર્યની દૃષ્ટિએ, એના માપની દૃષ્ટિએ એ શબ્દો મને બરાબર ના લાગ્યા.’

‘કૃપા’ની પ્રેસનકલની વિકૃત હાલત જોઈને હું ખૂબ ખિન્ન થયેલો. મારી દૃષ્ટિએ વિદ્વાન મિત્રે મારા પરમ આરાધ્યની

અક્ષરમૂર્તિને કદરૂપી કરી દીધી. મારાથી એ સહન થયેલું નહિ, પરંતુ મેં એમને કશું જણાવ્યા વિના બધું જેમ હતું તેમ નવેસરથી ઉતારીને પ્રેસને આપ્યું. આવું ચિતરામણ કોઈ બીજી વાર ના કરે એટલા માટે એના પ્રૂફ સુધારવાનું મેં રાખેલું.

પ્રૂફ સુધારવાનો મારો અભ્યાસ નહિ. પ્રૂફ સુધારવા અક્ષરો ચીવટથી વાંચવા પડે. મને શબ્દો અને વાક્યો જ વાંચવાનો અભ્યાસ. આથી, 'જિજ્ઞાસા'ની પહેલી આવૃત્તિ વખતે પ્રૂફમાં મારી ઘણી ભૂલો રહેલી. મોટાએ એ જોયેલું એથી એમણે મને પત્રથી જણાવેલું કે 'પ્રૂફ સુધારવામાં ભલીવાર જણાતો નથી, તો એ કામ તમારે બંધ કરવું.' આ વાક્યથી મને લાગી આવેલું. તેથી ધ્યાન અને ચોકસાઈ વધારવાનો અભ્યાસ પાડેલો. આજેય આટલાં વર્ષોના અભ્યાસ પછી કેટલીક વાર નજરમાંથી ભૂલ છટકી જ જાય છે. પ્રૂફ સુધારવા માટેનું મારું અવધાન (ધ્યાન) એટલું કાચું. આમ છતાં એ વખતે 'કૃપા' માટે મેં બહુ કાળજી રાખી ઘણી વાર પ્રૂફ સુધાર્યાં.

'કૃપા' પુસ્તક મેં મારા કેટલાક અધ્યાપક મિત્રોને ભેટ આપેલું. એમનામાંથી કોઈકે જ વાંચેલું અને જેમણે વાંચેલું એમને ભાગ્યે જ સમજાયેલું. આથી, 'કૃપા'માં મોટાએ લખેલું એનો મર્મ સમજાયો કે વિદ્વાનો અને સાક્ષરો જો ઊંડા ઊતરીને-વિચારીને વાંચશે તો 'કૃપા' પામશે. વિદ્વત્તાની મર્યાદા મેં અનુભવેલી છે.- આપણી પોતાની જ જાણકારીનું સમજણનું ચોકઠું બંધાયેલું હોય છે. બુદ્ધિની દલીલ અને તર્કથી કોઈ પણ બાબત કે વિષય અંગેની માન્યતાઓમાં જડ ચોકઠાં જ હોય છે. આ ચોકઠાંની બહારનું-પરનું નથી સમજાતું ત્યારે પણ સમજાવનારનો જ દોષ બતાવવાનું થતું હોય છે.

'કૃપા' સંપાદન પૂરું થતાં જ, મેં જે ઉત્સાહ અનુભવેલો અને 'કૃપા'ની ઝાંખી પામેલો એ અંગેનો પ્રતિભાવ વ્યક્ત કરતો એક કાગળ અનુષ્ટુપ છંદમાં લખીને મેં મોટાને કુંભકોણમ્ મોકલ્યો હતો. તદ્દન જીવદશામાં તણાતો માણસ પરમાત્માનુભવી દેહધારી સાથેના વહેવારમાં કેટલા પોકળ અને લૂખા શબ્દો વાપરતો હોય છે, એનું ભાન મોટાએ મને આપેલા પ્રત્યુત્તર પછી થયેલું. મને એમ થયેલું કે 'કૃપા' લખવા પાછળનો મોટાનો આશય મારામાં ફળ્યો છે ! પરંતુ હું કેવળ ભ્રાંતદશામાં જ હતો અને ભાષાની સાહિત્યિક છટાથી મેં નર્યો દર્પ જ વ્યક્ત કરેલો. મોટાએ મને આપેલા જવાબમાં મોટાનું પ્રેમભર્યું દર્દ મેં અનુભવેલું અને મારાથી થયેલી ગંભીર ખોટી ચેષ્ટાનું ભાન જાગેલું. એને અંગે ક્ષમા માગવાના ઉપચારમાં પણ દંભ જ આવી જાય એવી પૂરી શક્યતા હતી. જ્યાં સુધી આપણાથી થયેલી ભૂલ સુધારવાનો જાગ્રત પુરુષાર્થ ના થાય અને એવી ભૂલમાં ફરીથી ના પ્રવેશાય એવી સમજ આવે ત્યારે જ આપણને જે લાગી આવ્યું હોય એ સાર્થક ગણાય. એવી સમજ મોટાએ જ પ્રેરેલી છે.

મેં લખેલો એ પત્ર તથા મોટાએ આપેલો ઉત્તર અહીં ઉતારું છું :-

અમદાવાદ,
તા. ૬-૮-૧૯૭૨

(૧)

(અનુષ્ટુપ)

'કૃપા'-જ્ઞાન, વળી ભક્તિ કૃપા કાજ જરૂરની,
દિલથી વહેવરાવ્યાં તે કૃપાશક્તિ જ આપની. ૧

કૃપાને સ્તવતાં આપે ભાવ શો વહેવરાવિયો !
વળી એ સમજાવાને શો અનુગ્રહ તો થયો ! ૨
રસની પ્રક્રિયા, આપે*-ભાવ જેને પ્રમાણવા,
સાથ શી સમજાવી છે ! માત્ર બાર જ પંક્તિમાં. ૩

* 'રસ, ભક્તિ વિના કેમે જીવને લાગી ના શકે,
સ્મરણ, પ્રાર્થના-ભાવ કીર્તનાદિ જરૂરી છે.
તે નિરંતરના ભાવે એકરૂપ થતાં હ્દે,
હરિમાં રસ લાગતાં કૃપા પ્રત્યક્ષ થાય છે. ૯/૪૨-૪૩
જાણવા, મા'લવા ભાવે જીવનમાં કૃપા હ્દે,
ભક્તિનો ભાવ સંપૂર્ણ જાગતાં, રસ સાંપડે,
હરિમાં રતિને લીધે રસ ઉત્પન્ન થાય જે,
નિષ્પન્ન રસથી થાય ભાવ તેને પ્રમાણજે. ૪૪-૪૫
આસક્તિમાંથી ઉત્પન્ન વ્યસન તો થઈ જતું,
રતિ વ્યસનને લીધે નિષ્પન્ન રસ થાય શું !
રસથી ઊપજે હૈયે ભાવ તે સત્ય પ્રીછજે,
ભાવમાંથી કૃપા પોતે ફૂટે છે આપમેળ તે, ૪૬-૪૭

વળી આપે ટપારી છે અમારી ભીતરે પડી
રહેલી વૃત્તિઓ ઊંધી-જેથી જગાય જો જરી. ૪
પ્રમાદે સૌ પડેલા ને વળી બુદ્ધિ થકી રૂડા
લડાવી કૈંક તુક્કાને ફાંકામાં શા ફરી રહ્યા !
એવા મારા સમા કૈંને જગાડવા કરી કૃપા. ૫
કૃપા-શ્રદ્ધાની વચ્ચેનો સંબંધ સ્પષ્ટ શો કર્યો !
પ્રકાશ એથી બુદ્ધિમાં અનેરો મેં અનુભવ્યો ! ૬

કર્મ આ સોંપીને આપે લખ્યું છે સ્પષ્ટ એમ કે,
'તો ઉપકાર એ કાજે સન્મિત્રે માનવો ઘટે !'
'માત્ર આ કાજ શું બોલું ? કોટિ ઉપકાર આપના,
કૃતજ્ઞતાતણો ભાવ રખાજો મુજ દિલમાં,
મથાજો પ્રેમભાવેથી ભળવા આપ સંગમાં,
ને વળી કરણો મારાં ગળાજો ભાવગંગમાં. ૮

**- રમેશ**

## મોટાનો ઉત્તર

### (અનુષ્ટુપ)

કૃપા, કૃપાની તો વાતો ઘણાંને કરતાં દીઠાં,
કિંતુ સભાનતા ઊંડી વર્તાતી ના કૃપાની કાં ? ૧
લોકને સાંભળ્યાં કેવાં ગાતાં કૃપાનું ગાન શા !
આધારે તેમનામાં તો કૃપાનું સ્થાન ક્યાંય ના. ૨
ઉપકાર કરેલો હો કોઈનો આપણા પરે,
તેની સભાનતા ઊંડી જાગેલી હોય છે હૃદે. ૩
લોકો વાતો કરે તોયે હૈયે ઊંડું કૃપાનું તે,
તેમને ના વસેલું છે- *ચીરી જોતાં જણાય તે. ૪
કૃપાનું કેટલું લોક મારતાં ઠોકી તાણીને,
કૃપા જો આવીને કે'કે, 'વખાણો છો તમે મને ?
મારે લીધે તમારું સૌ તો એવા ભાવને લીધે,
તમારા દિલમાં ઊંડું મારું કાં નવ ભાન છે ?
આધારમાં તમારા તે ક્યાંયે ડોકાતી છું ન કૈં,
પછી બોલવું મિથ્યા તે મારે વિશે તમારું તે. ૫-૬-૭

* પાઠાંતર : ચહી

માથે ઊંચે ચડાવો છો, અંતરે તો મને તમે,
કશામાં ગણતા ના છો, જીવતું ના મહત્ત્વ છે,
તમારા લોકનું ખાલી ખાલી તો બોલવાનું છે.
તેમાં ઊંડાણ ક્યાંયે ના સાચી વાત કરેલ છે. ૮-૯
જેના અસ્તિત્વને લીધે તમારું કાંઈ સર્વ જો,
છતાં ના ભાન તે વિશે, 'બોલવાનો જ અર્થ શો ?' ૧૦
ક્યાંયે જોડકણાંમાં તો વર્તાય ના પ્રસાદી તે,
પ્રસાદી તે વિના લૂખ્ખું વર્તાય સર્વ તે. ૧૧
કેટલો શ્રમ આપ્યો છે, જુદું તારવવા બધું,
મૂર્ખને ખ્યાલ ના આવ્યો, સાવ બોથડ, મૂર્ખ છું.
શો અણઘડ સંપૂર્ણ જાણીને મુજને ખરે,
તમારું કો'ક જાણીને જતું સૌ કરજો તમે. ૧૨-૧૩
'મને ઊંચે ચઢાવીને નાહક મૂર્ખને તમે,
મોટું માન જરા ના દો,' પ્રાર્થના એવી મારી છે. ૧૪
સીધી સાદી જ ભાષામાં કૃપાને લખવાતણું,
માહાત્મ્ય જો કશુંયે હો તે ત્યાં છે તે કૃપાતણું. ૧૫

**- શ્રીમોટા**

મોટાનો હેતુ જે તે વિષયની સૂઝ હૈયામાં ઊગે એ જ હતો. 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય' લખવાનો હેતુ પણ એમણે મૌનરૂમમાં આવીને મારી સમક્ષ સ્પષ્ટ કર્યો જ હતો, પરંતુ એ પ્રત્યેની સભાનતાનું સાતત્ય રહેતું નહિ. મોટા સાથેના ઘણા વહેવારોમાં બેભાનપણું જ રહેતું. એવું બેભાનપણું મને વર્તાતું પણ નહિ એ પણ એક જબરી આશ્ચર્યકારક બાબત હતી. એવો એક પ્રસંગ સ્મરણમાં આવે છે.

'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય'ની હસ્તપ્રતનું અંતિમ સ્વરૂપ અપાઈ ગયા પછી એ છાપવા માટે શ્રી ભગતભાઈ શેઠને સુપરત કરી દીધી. એ હકીકતને વર્ષ પૂરું થયેલું. એમણે એના પ્રકાશનના પ્રસારની ભૂમિકારૂપે ફોલ્ડર્સ પણ છપાવીને વહેંચેલા. છતાં પ્રકાશનમાં વિલંબ થતો હતો. એ પુસ્તકનું પ્રકાશન જલદી થાય એની મને ચટપટી થતી હતી. મોટાના જીવન વિશે આવડા મોટા દળદાર ગ્રંથ ઉપર છપાયેલું મારું નામ જોવાની ઇચ્છા પણ હતી. આથી, એ જલદીથી છપાય એવી તીવ્ર લાલસા રહ્યા કરતી હતી. એ માટે હું, ભગતભાઈને પૂછ્યા પણ કરતો ખરો.

ખાસ્સો સમય વીત્યો. એ ગ્રંથનું પ્રકાશન તરત જ કરવા મોટાના નરોડા નિવાસી કેટલાંક સ્વજનોએ તત્પરતા દર્શાવી. આ હકીકતની જાણ મેં મોટાને કરી.

પ્રકાશન જલદીથી થાય એવી મારી અંગત લાલસાને છુપાવીને મેં મોટાને કહ્યું, 'પ્રકાશન કામમાં આટલો બધો વિલંબ થાય એ યોગ્ય નહિ. એ ગ્રંથને છાપવાનો ખર્ચ કેટલાક ભાઈઓ આપવા તત્પર થયા છે, તો આપણે સ્વતંત્ર રીતે એ છપાવીએ તો સારું !'

મોટાએ મને કહ્યું, 'હવે, આપણે એ પુસ્તકને છપાવવા બાબત વિચારવાનું હોય જ નહિ, કેમ કે આપણે કરાર કરીને એ કામ એમને સોંપ્યું છે. એ હવે એમને ગમે ત્યારે છાપે.'

મેં યુક્તિપૂર્વકની દલીલ મૂકેલી, 'કાગળો મોંઘા થતા જાય છે, તો એ વખતના ભાવમાં તૈયાર થનારી ચોપડી મોંઘી થવાની. લોકોને ખરીદવાની ના પરવડેને ?'

આ દલીલથી મોટાએ સીધી જ મને જ વાત કહી કે ‘એ પુસ્તક તૈયાર કરી આપવાનું તમારું કામ પૂરું થયું છે. એ કર્મમાંથી આપણે મેળવવાનું મેળવી લીધા પછી એના વિશે આપણે બિલકુલ વિચારવું નહિ !’

મોટાની આ વાતથી મને સમજાયેલું કે મારામાં છૂપી રહેલી કીર્તિલાલસા બુદ્ધિની દલીલની મદદથી મને કેવી આડફંટે લઈ જતી હતી !

●

# ૧૭. મોટાની સાધનાકથા

ઈ.સ. ૧૯૭૧ થી ૧૯૭૫ દરમિયાન મોટાએ સંખ્યાબંધ ગ્રંથો રચ્યા. એમાં 'મોહ', 'પ્રેમ', 'નિમિત્ત' જેવા શાસ્ત્રીય તથા અધ્યાત્મ વિષયને સમજાવતા ગ્રંથો હતા, તેમ જ 'ભાવહર્ષા'ની શ્રેણીનાં પાંચ પુસ્તકોમાં ઉચ્ચ કક્ષાના સૂક્ષ્મ અનુભવોનું અનુષ્ટુપ છંદમાં ત્રણ ત્રણ કે ચાર કડીમાં સચોટ નિરૂપણ હતું. આ ઉપરાંત, 'જીવન અનુભવ ગીત' (૧૯૭૧)થી 'જીવન પ્રભાત' (૧૯૭૫) સુધીના ઓગણીસ ગ્રંથોમાં મોટાની સાધનાકથા આલેખાઈ છે. આમેય અન્ય ગ્રંથોમાં તેઓશ્રીએ પોતાના અનુભવમાં છે એ જ લખ્યું છે.

૧૯૭૧ના આરંભમાં ફાજલપુરથી મોટાએ મને સંદેશો મોકલીને બોલાવ્યો. નિશ્ચિત સમય ઉપર હું મોટા પાસે પહોંચ્યો. મોટાએ મને કહ્યું, 'હમણાંથી ગઝલો સ્ફુર્યા કરે છે, એ લખાય છે. એનું પુસ્તક કરવાનું છે અને તમારે જ એ બધું ગોઠવી આપવાનું છે !' દરેક ગઝલને શીર્ષક આપવાનું કામ પણ મને સોંપાયું. મારે માટે તો આનંદનો પાર ના રહ્યો.

આ શ્રેણીના ઓગણીસ ગ્રંથો પૈકીના થોડાક ગ્રંથોનું સંપાદન કરવાનું મારે આવેલું. એમાંના બીજા ગ્રંથોનું સંપાદનકાર્ય એ જ પદ્ધતિથી મોટાએ બીજાં સ્વજનો પાસે કરાવેલું. આ શ્રેણીના ગ્રંથના સંપાદનની શરૂઆત કરાવતાં પહેલાં મોટાએ કહ્યું,

'ભાઈ, આ કામ પણ આપણે 'મોટા'ની સાથે સંકળાઈ રહેવાય એવા ભાવથી કરવાનું છે. આથી, હવે પછીના ગ્રંથોમાં તમે મદદ કરજો, પણ હવે સંપાદક તરીકે તમારું નામ નહિ છપાય !'

મોટાના આ કથનથી આમ તો મને બઢતી મળી હતી. ઊંડી ઊંડી છુપાઈને રહેલી કીર્તિલાલસા મોટાના હૃદયમાંથી વહ્યે જતા પ્રેમઝરણથી શિથિલ થઈ. એ ઓગળવાની પ્રક્રિયામાં ક્યારેક ગમગીની આવી જતી હતી, પરંતુ પ્રક્રિયાનું આ પરિણામ છે એમ સમજાતું હતું. આ પાંચ વર્ષ દરમિયાન મોટાના પુસ્તકના સંપાદક તરીકે મારું નામ મુકાય એવી વૃત્તિ જાગી નથી. આ બધું મોટાના સામર્થ્યને લીધે હતું, કેમ કે એ પછીનાં વર્ષો દરમિયાન એવી લાલસા ક્યારેય જાગી નથી એવું બેધડક કહી શકાય એમ નથી. છતાં એવી લાલસા જાગતાં ચેતી જવાય છે, એ પણ હકીકત છે.

મોટાના આ ઓગણીસ ગ્રંથોના તથા આ વર્ષો દરમિયાન રચાયેલા અન્ય ગ્રંથોના સંપાદન-અભ્યાસમાંથી દરરોજ સમજમાં નવો જ પ્રકાશ અનુભવાતો હતો. આ બધાં પુસ્તકો પૈકી ‘જીવન સ્પંદન’ મોટાની સાધનાકથાનું અભૂતપૂર્વ પ્રકરણ છે. એમાં તેઓશ્રીએ સ્વજનોનાં મન, મતિ અને પ્રાણ સાથેના તાદાત્મ્યના અનુભવને આલેખ્યાં છે. એવા તાદાત્મ્ય દ્વારા હજારો સ્વજનોનાં મન, મતિ અને પ્રાણની કેટલી શુદ્ધિ થઈ હશે એ તો કલ્પી પણ ના શકાય. એ પુસ્તક મને અત્યંત રહસ્યમય લાગતું.

‘પુનિત પ્રેમગાથા’ એમણે લખેલા પદ્યપત્રોનો સંગ્રહ છે. જ્યારે ‘પ્રેમ’ વિષયને જ કેંદ્રમાં રાખીને પોતાનામાં પ્રગટેલા પ્રભુપ્રેમરૂપને પ્રગટ કર્યું છે-એ ‘પ્રેમ’ પુસ્તકનું સંપાદન કરવા હું મૌનએકાંતમાં બેઠેલો. મોટાના ‘શ્રદ્ધા’ પુસ્તકનું સંપાદન પણ મૌનમાં જ થયેલું.

'શ્રદ્ધા' અને 'પ્રેમ' પુસ્તકના સંપાદન દરમિયાન મને થયેલો અનુભવ રજૂ કરવો યોગ્ય લાગે છે. માટે આલેખું છું.

આધ્યાત્મિક માર્ગમાં તથા વહેવારમાં 'શ્રદ્ધા' વિશેની સમજ સ્પષ્ટ નથી. દરેક જણ પોતાને મન ફાવતો અર્થ કરે છે. મોટાએ આ વિષયનું વિસ્તૃત વિવરણ કર્યું છે. એ સાથે સાથે જ એમાં એમણે સાધના દરમિયાન શ્રદ્ધાની સૂક્ષ્મ બાબતો પણ રજૂ કરી છે. મોટાએ કરેલી સાધનાનાં અંગો તથા તેઓશ્રીના અનુભવો 'શ્રદ્ધા'માં વર્ણવ્યા છે. મૌનએકાંતમાં મને તાદૃશ્ય જણાતાં હતાં. એક બાજુ સંપાદનકાર્યમાં મશગૂલ હતો. શ્રદ્ધા વિશેના શ્લોકોનું વર્ગીકરણ કરતાં કરતાં શ્લોક વારંવાર વંચાતા હતા ત્યારે એ શ્લોકમાંનો ગૂઢ-સૂક્ષ્મ અનુભવ મારી નજર સમક્ષ તરવરતો હતો. એમાં મોટાની સાધનાના એવા તબક્કાઓ પણ સૂચવાયા છે કે જેનું તાદૃશ્યપણું મને ભયભીત બનાવતું હતું. મોટાએ પોતે જે અનુભવેલું એવો જ અનુભવ પણ મને ક્યારેક થતો હતો. આથી, ગભરાટનો પાર રહેતો ન હતો. આમ છતાં આ ગભરાટથી હું અકળાયો ન હતો. કાર્ય માટેનો ઉત્સાહ પણ મોળો પડ્યો ન હતો. વચ્ચેના ગાળામાં આનંદોલ્લાસ પણ પ્રગટ્યો હતો. પુસ્તકનું સંપાદન પૂરું થવા આવ્યું ત્યારે મોટાનો સંદેશો આવ્યો કે 'શ્રદ્ધા'ની પ્રસ્તાવના મારે લખવાની છે. સંકોચ, મૂંઝવણ, આનંદ અને ગૌરવ-એકસાથે અનુભવેલાં. આવા ગૂઢ પુસ્તકની પ્રસ્તાવના લખવાના અનધિકાર બદલ સંકોચ થતો હતો. કયા શબ્દોમાં એ વ્યક્ત કરાશે એની મૂંઝવણ હતી. છતાં મોટાએ સોંપેલું આ કામ મારે માટે ગૌરવ અને આનંદ આપનારું પણ અનુભવાતું હતું.

મૌનનો છેલ્લો દિવસ હતો. 'શ્રદ્ધા'ની પ્રસ્તાવના લખવા હું બેઠો, પણ એક શબ્દ લખાય નહિ. હાથમાં પેન પકડીને કેટલો બધો સમય બેસી રહ્યો. હું મૂંઝાયો. મેં મોટાને પ્રાર્થના કરી કે, 'પ્રભુ, મારું ગજું નથી. મારી પોતાની સમજણ પણ મર્યાદિત છે. આવા અમર્યાદ વિષયને હું પૂરો સમજ્યો છું એમ પણ કેવી રીતે કહી શકું ? તો આપ જ મારી મતિમાં પ્રકાશ પ્રેરો. મને ઉત્સાહ પ્રેરો. આપે સૂચવ્યું છે માટે લખાશે એવી શ્રદ્ધા છે, પણ લખાતું નથી એ પણ એટલી જ સાચી બાબત છે. કૃપા કરો. પ્રભુ !-આમ હું કહું અને ભગવાનનું નામ મોટેથી લીધા કરું પણ કશું જ ના લખાયું. એ ગાળામાં મોટા, નડિયાદ આશ્રમમાં જ હતા. રવિવારે વહેલી સવારે ઊઠીને ચાર વાગ્યે ઝડપથી પરવારીને લખવા બેઠો કે તરત જ સડસડાટ લખાવા લાગ્યું. પોણા કલાકમાં તો લખાણ પૂરું થવા આવ્યું, ત્યાં કોઈકે 'હરિઃૐ' બૂમ મારીને કહ્યું, 'મોટાએ કાગળો મોકલાવ્યા છે, એ લઈ લેજો.'

મેં, મોટાએ મોકલેલા કાગળો લીધા. એમાં મોટાએ લખેલું કે 'શ્રદ્ધા'ની પ્રસ્તાવના લખવામાં સરળતા ખાતર થોડુંક લખી મોકલું છું. તમને યોગ્ય લાગે તો ઉપયોગ કરજો.'

એ પછીનાં પાનાંઓમાં શું હતું ? 'શ્રદ્ધા' વિશેના મુખ્ય મુદ્દાનું વિવરણ મારાથી સડસડાટ લખાયેલું, એ જ ભાવનું લખાણ મોટાએ મોકલાવેલું ! મોટા, જે વખતે આ લખતા હતા એ જ સમયે મારાથી લખાતું હતું. ખરેખર આ પ્રસ્તાવના મોટાએ જ લખાવી હતી. આ અનુભવથી હું રોમાંચિત થયો હતો અને મારા હરખનો પાર રહ્યો ન હતો. હું ખરેખર નાચી ઊઠેલો.

આ અનુભવથી મારી શ્રદ્ધાનાં મૂળિયાં ઊંડાં ઊંડાં ઊતરી ગયાં કે બધું મોટાની શક્તિથી થાય છે. જો કશાયનો અહંકાર કે ગર્વ થાય તો મોટો દોષ છે. ગુનો છે. મોટાના લખેલા એ કાગળો આજેય મારી પાસે છે. મોટા, આપણી બધી જ મૂંઝવણો વખતે-જ્યારે પણ એમને યાદ કરીએ ત્યારે-આપણી પાસે જ હોય છે. જરાય દૂર નથી હોતા.

આવો જ એક બીજો પ્રસંગ બનેલો. મોટા, કુંભકોણમ્ હતા. હું ઘણી મૂંઝવણ અનુભવતો હતો. મોટાની પાસે જઈને વ્યક્ત થવાય એવું હતું નહિ. રાતભર ઊંઘાયું ન હતું. સવારે ૪-૩૦ વાગ્યે મેં મોટાને પત્ર લખ્યો અને ટપાલમાં નાખ્યો. ત્રીજે દિવસે મને જે કવર મળ્યું એમાં મેં જે તારીખે અને સમયે મોટાને પત્ર લખેલો એ તારીખે એ જ સમયે એમણે મને સંબોધીને એક ગઝલ લખી હતી. એ મને ટપાલમાં મળી.

મેં પત્ર લખીને પૂરો કર્યો કે તરત મારી મૂંઝવણનો ઉકેલ આવી ગયેલો અને સમાધાન થઈ ગયેલું. આથી, મારી શ્રદ્ધા એટલી દૃઢ બની કે મોટાનું સ્મરણ એ જ એમની સમીપતા ! અનુભવથી દૃઢ થયેલી આ શ્રદ્ધાનું બળ જીવનમાં સતત ખપમાં આવ્યું છે.

મોટાનું 'પ્રેમ' પુસ્તક (૧૯૭૩) તો અદ્ભુત ગ્રંથ છે. એનું સંપાદન પણ મૌનએકાંતમાં થયેલું ત્યારે પ્રેમ વિશે તદ્દન નવી જ સમજ અનુભવમાં આવી હતી અને મોટાનો પ્રેમ એટલે કે પ્રભુનો પ્રેમ કેવો છે એની પ્રતીતિ આ સંપાદન દ્વારા અનુભવાતી હતી. 'શ્રદ્ધા'ની પ્રસ્તાવના લખાયા પછી હું નાચી ઊઠેલો. પણ 'પ્રેમ'નું સંપાદન કરતાં કરતાં રોજ એટલો બધો પ્રેમપ્રકાશ અનુભવતો કે

હું આનંદથી ‘હરિઃૐ’ પોકારતો, નાચતો, કૂદતો હતો. સંપાદનકાર્ય પૂરું કરીને મોટાને હસ્તપ્રત આપી ત્યારે મોટાએ પૂછ્યું, ‘તમને આમાંનું જે સમજાયું એથી હું રાજી થયો. તો તમે એની પ્રસ્તાવના લખો.’

મેં કહ્યું, ‘મોટા, આવા પરમ પ્રેમના પ્રગટન વિશે કયા અધિકારથી લખું ?’

મોટાએ કહ્યું, ‘તમે જે કંઈ સમજ્યા છો એ લખો. એ લખવા પાછળનો હેતુ છે. આપણે જે સમજ્યા છીએ એ લખીએ એટલે આપણે સમજ્યાની કબૂલાત કરી કહેવાય-બરાબરને ?’

મેં ઉત્સાહથી ‘હા’ કહી.

‘અને આપણે સમજ્યાની કબૂલાત કરી એટલે એ પ્રમાણે જીવવાની જવાબદારી પણ આપણી બને છે-બરાબરને ?’

મોટાએ આબાદ રીતે એમના પ્રેમપાશમાં જકડી લીધો ! સમજણનો કાન ઝાલીને સંપાદનની નવી જ દિશા ઉઘાડી આપી હતી. આજ સુધી તો આ વિષયની સમજ પડે એવો હેતુ રખાતો હતો. હવે તો ભાવનાને દૃઢ આચરણમાં અવતારવાનો પુરુષાર્થ પ્રેર્યો.

‘જીવન અનુભવ ગીત’ની શ્રેણીનું છેલ્લું પુસ્તક ૧૯૭૫માં પ્રગટ થયું. એનું નામ ‘જીવન પ્રભાત’ મોટાનું આ છેલ્લું પુસ્તક હતું. છતાં એનું નામ ‘જીવનપ્રભાત’ અપાયું છે. આ કેટલું સૂચક છે ! એક વર્ષ પછી શરીરને છોડવાનું હતું. એ તો વારંવાર કહ્યા કરેલું છે. આપણા સૌનાં મનહૃદયમાં એ ઠસાવવા જ મોટા એ કહ્યા કરતા હતા. પોતે દેહરૂપ નથી, એના પ્રત્યક્ષ પુરાવા પણ

છે. ૧૯૭૧ થી ૧૯૭૫ દરમિયાન શરીરની કથળતી સ્થિતિમાં, પીડાકારી રોગગ્રસ્ત અવસ્થામાં, લોકકલ્યાણનાં કાર્યો યોજતાં યોજતાં, મોટાએ પોતાના અક્ષરદેહ દ્વારા ‘જીવન પ્રભાત’ પ્રગટાવ્યું છે.

•

# ૧૮. ‘હવે સંગે સંગે’

અમદાવાદ, ટાઉન હૉલમાં તા. ૨૦-૫-૧૯૭૫ના રોજ મોટાનો રામનવમીનો ઉત્સવ ઊજવાયો હતો. એ દિવસે મોટાને ખૂબ ભેટો-ઘરેણાં વગેરે મળેલાં. એ દિવસે સાત લાખ રૂપિયા ભેગા થયા હતા. મોટા, વારંવાર ગદ્ગદ થતા હતા. આ ઉત્સવનું વાતાવરણ અનુપમ હતું. મોટાએ પ્રવચનને અંતે કહ્યું કે ‘હવે, મને મળવા માટે કોઈએ આશ્રમમાં આવવું નહિ. એટલો સમય તમે ભગવાનનું સ્મરણ કરજો અથવા આવવા જવાના ખર્ચની રકમ પરમાર્થનાં કામમાં વાપરજો. તમારા સમય અને પૈસાનો આવો ઉપયોગ કરશો તો મને મળ્યાથી પણ વિશેષ છે.’

મોટાની આ વાત ઘણી માર્મિક હતી. મને એ જ વખતે એવો અણસાર આવ્યો કે ‘મોટા, આપણને હવે આપણે જ્યાં હોઈએ ત્યાં મળી શકે છે. ભગવાનનું સ્મરણ એ જ એમની સમીપતા છે.’ આથી, મોટાના આ આદેશનું કડક રીતે પાલન કરવાનો મેં નિશ્ચય કર્યો. થોડાક દિવસ પછી મોટાનાં બેત્રણ સ્વજનોએ મને નડિયાદ આશ્રમે મોટાને મળવા જવાનું સૂચવ્યું અને કારણમાં બોલ્યા, ‘મોટા તો કહે, પણ એમના આવા શરીરની સ્થિતિમાં આપણે જવું જોઈએ !’ એ ભાઈની આ વાત મને બિલકુલ યોગ્ય ના લાગી અને મેં નડિયાદ જવાની ચોખ્ખી ના પાડેલી.

મને એમ સ્પષ્ટ સમજાયું કે મોટાના શરીર વિશે આપણે વિચારનાર કોણ ? જેમાં પ્રગટેલ પરમાત્મા આપણા સૌનું સર્વ પ્રકારે રક્ષણ કરે છે એનું શરીર જોવા જવાનું હોય નહિ ! એ વખતે મને એક પ્રસંગ યાદ આવેલો.

એક વખત મોટાને ગળામાં સખત દુખાવો થતો હતો અને સોજો પણ હતો. એટલે ગળા ઉપર સુંવાળા કાપડનો પટો વીંટાળીને રાખતા હતા. છતાં બોલે ત્યારે જે નાદ નીકળતો એમાં ફરક ન હતો. મોટાએ કહ્યું, 'ગળામાં એવો દુખાવો થાય છે કે કહ્યે કસર નથી.' ત્યાં હાજર રહેલાં બહેનોમાંથી એક બહેને સાહજિકતાથી કહ્યું, 'મોટા, એ દર્દ અમારામાં થોડુંક થોડુંક વહેંચી દોને !' સંસારી જીવદશામાં રહેલાંઓ વચ્ચે બોલાયેલું આવું વાક્ય બીજાઓને કદાચ રુચે પણ મોટાએ ઊધડો લઈ લીધો-કહ્યું, 'શું મારાં હાળાં-ભાન વિનાનું ભરડ્યે રાખે છે ! ભાન ના હોય તો ચૂપ રહેવું જોઈએ !'

પેલા ભાઈઓ નડિયાદ આશ્રમથી પાછા ફર્યા અને મોટા સાથેની મુલકાતની સફળતા જણાવતા કહ્યું, 'મોટાએ તો અમને કશું જ કહ્યું નહિ, ઊલટા ઉમળકાથી અમને આવકારેલા.'-મેં કશો જ જવાબ નહિ આપેલો, પણ મને ખબર હતી કે એ જ તો મોટાનો પ્રેમ છે ! આપણે એમના શબ્દોની અવગણના કરીએ, એથી અવળાં ચાલીએ તો એકવાર કહ્યા પછી એનો આગ્રહ જ રાખે એવું હોય નહિ. એમનામાંથી તો સતત કરુણા અને ક્ષમાનો ભાવ જ વહ્યા કરે, પણ આપણે એમનું કહ્યું નહિ માનીને કૃપાની ભૂમિકા તૈયાર કરવાની એક તક ગુમાવી જ ગણાય. આવી મારી એ વખતની સમજ હતી.

ત્રણેક દિવસ પછી નંદુભાઈનો પત્ર મળેલો કે મારે 'મોટાને કોઈ મળવા ના આવે એવી પ્રેસનોટ પેપરમાં આપવી.' મેં એ પ્રમાણે કરેલું.

મોટાએ ‘જીવન પ્રભાત’ પુસ્તકના ‘લેખકના બે બોલ’માં લખ્યું છે, ‘અમદાવાદ, ટાઉન હૉલમાં રામનવમીના ઉત્સવ પ્રસંગે લોકોએ મારી ઉપર જે પ્રેમ વરસાવ્યો છે, તે મારી ઉપર નહિ, પણ મારા ભગવાન ઉપર વરસાવ્યો છે એમ ગણું છું. માનવીનું કશું મહત્ત્વ નથી, મહત્ત્વ તો એ સર્વશક્તિમાન ભગવાનનું જ છે. મારી આ વાત જ્યારે તમને ઠસી જશે ત્યારે ટાઉન હૉલમાં મેં તમને કહેલી વાત યાદ કરજો કે મોટાને મળવા આવો તે કરતાં તેટલો સમય જો તમે ભગવાનના સ્મરણમાં ગાળશો તો મને મળવા આવ્યાથી પણ તેને હું અધિક ગણીશ.’ (તા. ૯-૬-૧૯૭૫)

મોટાએ લખેલાં આ વાક્યો દેખીતાં સ્પષ્ટ છે. છતાં એમાં ગર્ભિત અર્થ છે. મોટાનાં સ્વજનોએ જે પ્રેમ વરસાવ્યો તે ‘ભગવાન ઉપર વરસાવ્યો છે !’ એમ જણાવીને પોતાનામાં પ્રગટેલા પ્રભુરૂપ પ્રત્યે આપણું ધ્યાન દોર્યું છે. મોટાનું જે દેહરૂપ છે, એના કરતાં સૂક્ષ્મ પ્રભુરૂપનું મહત્ત્વ સ્વીકારવા સૂચવ્યું છે, મોટામાં પ્રગટેલા પ્રભુરૂપ પ્રત્યે સ્વજનો લક્ષ રાખે એની કેળવણી આપવાની મોટાએ તૈયારી કરી હતી. કોઈનેય ખબર ના પડે એવી રીતે સ્થૂળ બાબતોનું સંકલન થયા કરતું હતું. મોટાએ પોતાના આ કથનમાં ભગવાનના સ્મરણમાં ગાળેલા સમયને ‘મોટાને મળવા આવ્યાથી પણ અધિક’ ગણાવ્યો. આ હકીકત પુરવાર કરે છે, કે સ્મરણમાત્ર મોટાને આપણી સાથે ને સાથે જ રાખ્યા કરે છે.

આ દિવસો દરમિયાન મોટાનાં બે નવાં પુસ્તકોનું સંકલન-સંપાદન કરેલું. મોટાનાં પુસ્તકો વિશે જે જે લેખકોએ પ્રસ્તાવના

લખેલી એનું સંકલન 'સંતવાણીનું સ્વાગત'ના નામે કરેલું અને સાહિત્ય મુદ્રણાલયવાળા વિષ્ણુભાઈને એ છાપવા પણ આપેલું. બીજું એક સંકલન મોટાએ પોતાના ગ્રંથોમાં 'લેખકના બે બોલ' લખેલા એનું સંકલન કરેલું. એનું નામ 'દીપશિખા' રાખેલું હતું. મને મોટાએ એકાએક જણાવ્યું કે 'પ્રેસમાં આપેલી હસ્તપ્રત પાછી લઈ લેજો. હમણાં થોડોક વખત થોભી જાવ.' મેં તરત જ પુસ્તકની પ્રેસનકલ પાછી મંગાવી લીધી. મોટાનાં સૂચનનો આશય હું બિલકુલ સમજી શકેલો નહિ.

૧૯૭૦માં ડુમસમાં મળેલા ત્યાર પછી તરત જ તૈયાર કરેલો ૭૫૦ પાનાંનો ગ્રંથ 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય' નવેમ્બર, ૧૯૭૫માં પ્રગટ થયો. ગ્રંથ અત્યંત આકર્ષક તથા એમાંની વાંચન સામગ્રીથી સમૃદ્ધ હતો. એની પ્રથમ નકલ મોટાને અર્પણ કરવા શ્રી ભગતભાઈ શેઠ તથા શ્રી ઈશ્વર પેટલીકર સાથે મારે પણ આશ્રમમાં મોટા પાસે જવાનું હતું. આશ્રમમાં કોઈક કામસર આગલા અઠવાડિયે તો હું ગયેલો. બીજા અઠવાડિયે આ નિમિત્તે મોટા પાસે જવાનો આનંદ હતો. નડિયાદથી પાછા ફરતી વખતે શ્રી ભગતભાઈ સાથે બીજી બે વ્યક્તિઓ જોડાવાની હતી. આથી, ગાડીમાંની ગિરદી ટાળવા માટે મેં જાતે જ ટ્રેન મારફત પાછા ફરવાનું વિચારેલું અને શ્રી ભગતભાઈ તથા શ્રી પેટલીકરને કહી પણ રાખેલું.

મોટા, ચોતરા ઉપર હતા. અમે એમની પાસે ગયા. શ્રી ભગતભાઈ અને શ્રી ઈશ્વર પેટલીકરે મોટાને પ્રણામ કરીને 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય'ની પ્રથમ નકલ આપી. મોટાએ ગ્રંથને જોયો અને ગ્રંથ કપાળે અડાડીને ગ્રંથને નમસ્કાર કર્યા.

મોટાએ **'હરિનું કર્મ સંસારે કરે, તે પાર પામશે.'** એમ એ નકલમાં લખીને પોતાની સહી પણ કર્યા વિના, મને એ ગ્રંથ આપ્યો. મેં નમસ્કાર કરી એનો સ્વીકાર કર્યો. પછી પેટલીકરે કહ્યું, 'અમને પણ લખી આપો મોટા.'

મોટાએ એમની તથા ભગતભાઈની નકલમાં લખી આપ્યું. અમે સૌએ ધન્યતાનો અનુભવ કર્યો. પછી અન્ય વધુ નકલો આપવાની, પહોંચાડવાની વાતો થઈ. ગ્રંથના પ્રકાશનમાં વિલંબ થયો, પણ ગ્રંથ સરસ બન્યો છે એમ પણ સૌએ કબૂલ કર્યું.

સમય થતાં સૌ ઊભા થયા અને વિદાય લીધી. હું રોકાયો. મોટાએ મને પૂછ્યું, 'તું કેમ ઊભો છે ?'

મેં કહ્યું, 'હું ટ્રેનમાં જવાનો છું.'

'શા માટે ?'

મેં કહ્યું, 'પાછા જતાં ગાડીમાં ભીડ થાય એમ છે એથી મેં જ આમ વિચાર્યું છે.'

આ સંવાદ બધા જ સાંભળતા હતા, ત્યાં જ મોટા તો ગરજ્યા. ભગતભાઈ અને પેટલીકર સામું જોઈને બોલ્યા, 'તમને લોકોને કશો વિવેક છે કે નહિ ? તમે આ છોકરાને તમારી સાથે લાવ્યા છો તો એને તમારી સાથે જ પાછા લઈ જવાની તમારી ફરજ છે.'

પેટલીકરે શાંતિથી કહ્યું, 'એમણે પોતે જ આ રીતે જવાનું સ્વીકારેલું છે !'

મોટા તો ઓર મોટેથી બોલ્યા, 'એ તો કહે, પણ તમારો વિવેક ક્યાં ગયો ? સાહેબ, કલમને ગોદે ગીતા ઉપર લેખો લખવાથી શું વળે ? આપણા આચરણમાં ઊતરવું જોઈએ ! એ

તો ગયા અઠવાડિયે આવેલો અને કામ હશે તો કાલે પણ આવશે, પણ તમારા આ ગ્રંથનો એ લેખક છે, એ નાતે તમારી સાથે આવ્યો છે.'

-આ બધું સાંભળતાં હું અવાક હતો. મારામાં વચ્ચે બોલવાની હિંમત જ ન હતી. મને થયું કે મોટા તો ખરા છે. સાધારણ રીતે તો પોતાનું જીવનચરિત્ર પ્રગટ કરનાર અને લખનાર માણસને વધારે સન્માને. ત્યારે મોટાએ તો આમનો ઊધડો લીધો.

પછી મોટાએ કહ્યું, 'ભલે ત્યારે તમારી ગાડીમાં જગા ઓછી રહેતી હોય તો એને રેલવે સ્ટેશન ઉપર ઉતારીને જજો.'

આટલું કહ્યા પછી મોટાએ સૌને અત્યંત પ્રેમભાવ વ્યક્ત કરીને વિદાય આપી, 'પધારજો સાહેબો !'

નાની ગાડીમાં અમે પૂરા કદના છ જણ ગોઠવાયા. પેટલીકરે તથા ભગતભાઈએ કહ્યું, 'મોટાની વાત તો તદ્દન સાચી છે હોં ! એમનો પ્રેમ જ ન્યારો છે !' મને તો એમ હતું કે મોટાના વચનથી આ લોકોને ખોટું લાગ્યું હશે ! પણ પેટલીકર અને ભગતભાઈએ આને તદ્દન યોગ્ય અર્થમાં સ્વીકાર્યું. ગાડી આગળ જતાં સ્ટેશન તરફ જવાને બદલે હાઈવે તરફ જવાના રસ્તે વળી. એટલે મેં ભગતભાઈનું ધ્યાન દોર્યું. ભગતભાઈએ હસતાં હસતાં કહ્યું, 'એકની એક ભૂલ ફરી વાર કરાય ? ગમે તેમ સંકડાતાં સંકડાતાં તમને તમારા ઘર આંગણે જ ઉતારીશું ! વિશેષમાં રસ્તામાં ઑર મજા આવશે.'

આખા રસ્તે મોટાની વર્તનકલા વિશે વાતો ચાલી. પ્રકાશિત થયેલા ગ્રંથમાં એવા કેટલાય પ્રસંગો પ્રગટ થયેલા હતા. સવા-

દોઢ કલાકનો રસ્તો મોટાના સ્મરણમાં ક્યારે પસાર થઈ ગયો એની ખબર ના પડી !

મોટાનો ધક્કો હંમેશાં ધક્કેલો હોય છે. આપણને એ આગળ જ લઈ જાય છે. દોઢેક કલાક લગી અમને બધાંને મોટાનું સ્મરણ રહ્યા કર્યું. આથી, અમારા ચિત્તનું કેવું શોધન થયું હશે એ હકીકત કેવી રીતે દેખાડી શકાય ? મોટાના ઠપકા પાછળ પ્રેમ કેવો હોય છે કે જેને એ કહે છે એને બીજી જ ક્ષણે તેનો યોગ્ય ભાવાર્થ સમજાવે છે. આશ્રમના વાતાવરણમાં મોટાનું રૂપ અને વહેવાર અત્યંત લાક્ષણિક રહ્યા કરે. વળી, પ્રત્યેક વ્યક્તિ સાથેનો એમનો વહેવાર પણ તદ્દન અનોખો જ હોય.

એ સાથે મને એક પ્રસંગ યાદ આવે છે. મોટાએ પ્રેરેલી દાનયોજના પછી એની ગતિવિધિની દેખભાળ પણ લેવાય જ. જ્યાં દાન અપાયું હોય એ અંગેનું કામ કેવું ચાલે છે, એની પૂછપરછ આશ્રમમાંથી નંદુબાઈ મારફત થયા જ કરે.

એક વખત એક જાણીતા વિવેચક મોટા પાસે આશ્રમમાં આવેલા અને વાતવાતમાં એમણે મોટાને સલાહ આપી, ‘મોટા, તમારે દાન આપ્યા પછી એ દાન પ્રત્યે તદ્દન નિઃસ્પૃહ રહેવું જોઈએ !’

આ એક જ વાક્ય સાંભળતાં મોટાએ મહાનુભાવને ઝાટકી કાઢતાં કહ્યું, ‘સાહેબ, તમે નિઃસ્પૃહાને શું સમજી શકો ? વાંસપૂર સ્પૃહામાં ડૂબેલાને નિઃસ્પૃહાનો શો ખ્યાલ આવે ? સાહેબ, માફ કરજો, પણ ‘નિઃસ્પૃહા’ તમારા ક્ષેત્રનો શબ્દ નથી. તમારા વિવેચનની પરિભાષાનો શબ્દ અમે ગમે તેમ વાપરીએ તો તમે ચલાવી લેશો ? ના બોલાય, સાહેબ.’

સાહેબ દલીલ ના કરી શક્યા. પછી મોટાએ હસતાં હસતાં કહ્યું, 'સાહેબ, અમે તમારા નિવાસે હોત અને તમે આ વાત કહી હોત તો અમે કશું ના કહેત, કેમ કે અમે તમારા મહેમાન કહેવાઈએ. તમારી વાત સાંભળવી એ અમારો ધર્મ કહેવાય, પણ આ અમારું ધામ છે. અહીં કોઈનું બેફામપણે બોલેલું અમે ચલાવી લઈએ તો અમે અમારો ધર્મ ચૂકીએ.'

પેલા વિદ્વાન મહાનુભાવે શું વિચાર્યું હશે એની મને ખબર નથી, પરંતુ ખાતરી છે કે એમણે જરૂર મોટાના કથનના તાત્પર્યને પ્રમાણ્યું હશે ! ધર્મ અને આચરણના સૂક્ષ્મ વિવેકનું કેટલું લાક્ષણિક આચરણ મોટાએ સિદ્ધ કરી બતાવ્યું હતું. આપણે સૌ ઘણી વાર આપણા મનમાં આવે એમ બોલી નાખીએ છીએ !

આ પ્રસંગની બિલકુલ વિરુદ્ધ રીતનું વર્તન દર્શાવતો બીજો પણ એક પ્રસંગ યાદ આવે છે. એક વખત ગુજરાત રાજ્યના એ વખતના મુખ્ય ઈજનેર શ્રી કાંટાવાળા સાહેબને ત્યાં મોટા પધારેલા ત્યારે 'હરે કૃષ્ણ હરે રામ'વાળા સંન્યાસીઓ આવેલા. એમણે મોટાને ગીતાના જ્ઞાનની સમજ આપવા માંડી. મોટા તો એક મુગ્ધ શ્રોતાની જેમ એમની બધી જ વાતો સાંભળ્યા કરતા હતા. ત્યાં બેઠેલા બધા જ આ વાતોથી કંટાળેલા પણ મોટાના ચહેરા ઉપર અદ્‌ભુત ભાવ હતો. જેને ત્યાં આપણે હોઈએ ત્યાં અન્ય કોઈ આવે એની વાતની અવગણના ના થાય એટલું જ નહિ, પણ પેલાની વાત ગમે તેવી હોય તોપણ વચ્ચે ના બોલાય. એવો સૂક્ષ્મ વિવેક મોટાએ દર્શાવેલો.

આપણે સૌ જાણીએ છીએ કે ૧૯૪૨માં મુંબઈમાં મોટા, ફાળો એકત્ર કરવા ફરતા હતા ત્યારે એક શેઠને ત્યાં ગયેલા. ત્યાં

સ્વામી આનંદ બેઠેલા હતા. એમણે આવા સમયે ફાળો ઉઘરાવવાના કાર્યને તદ્દન નકામું ગણીને, મોટાનો ઊધડો લઈ લીધો. મોટા કશું જ ના બોલ્યા. બધું જ પ્રેમથી સાંભળી લીધું. પછી સ્વામી આનંદને પત્રરૂપે એક કવિતા ટપાલમાં મોકલાવી.

**'એ શક્તિનાં સહુ રમકડાં આપણે તો બિચારાં !'**

સ્વામી આનંદે મોટાના કથનનું હાર્દ સ્વીકારેલું.

મોટાનો વહેવાર વિવેક ઘણો જ સૂક્ષ્મ હતો અને આપણા સૌને માટે પ્રેરક છે.

દિવસે દિવસે મોટાના શરીરની સ્થિતિ કથળતી હતી. છતાં ચહેરા ઉપર કે અવાજમાં કશી ખાસ અસર વરતાતી ન હતી. ઘણાને પ્રશ્નો થાય કે મુક્ત થયા પછી પણ શરીરને આટલા બધા રોગ શાથી થતા હશે ? પરંતુ આનો જવાબ અનુમાન કે કલ્પનાથી ના આપી શકાય. દિવ્ય જીવનની એક નક્કર હકીકત હોવા છતાં આપણી સમજની મર્યાદામાં ના આવે. આમ છતાં મોટાએ પોતાના શરીરના રોગોના હેતુ વિશે સ્પષ્ટ લખ્યું છે. ૧૯૩૯માં અદ્વૈત સાક્ષાત્કાર પછી શરીરની સ્થિતિનો અભ્યાસ તથા એનાં કારણોનાં તારણો કાઢી શકાય એટલી સામગ્રી મોટાના ગ્રંથોમાં છે. મોટાના શરીરમાં થતા ફેરફારો દરેક વખતે અન્યના શરીરના રોગનો ભોગવટો હોતો નથી. અનેક પ્રકારના સૂક્ષ્મ સંગ્રામના પ્રત્યાઘાતો પણ શરીર ઉપર અસર કરતા હોય છે. ૧૯૭૪-૧૯૭૫ દરમિયાન શ્રી રમણભાઈ અમીને મોટા સાથે સત્સંગ કરેલો. એ દરમિયાન આવા સૂક્ષ્મ સંગ્રામની હકીકત તેઓશ્રીએ સમજાવી છે. જૂન, ૧૯૭૫ પછી પ્રગટ થયેલી 'જીવન પ્રભાત'ના પૃષ્ઠ ૨૧૧ ઉપર છપાયેલી ગઝલમાં એનો અણસાર છે. એ ગઝલ નીચે પ્રમાણે છે :-

(ગઝલ)

*જીવનના સૂક્ષ્મતમ ક્ષેત્રો બધાં જે યુદ્ધક્ષેત્રો છે,*
*થતી તેની અસર સઘળી શરીર પર શી નિરાળી છે !*
*પચવવાને અસર તેવી શરીર લાયક થયું ના છે,*
*બધી તેની વિતક, જુદી જુદી રીતે થતી રહે છે.*
*છતાં પોતે સહી લે છે અસહ્ય વેદનાને તે,*
*છતાં તોયે કશી તેની નિશાની મુખ પરે ના છે !*
*તટસ્થ નિસ્પૃહી રહીને કૃપાથી સહી સહુ લે છે,*
*પરંતુ કોઈના જાણ્યા વિશે તે તો ન આવે છે.*

મોટાનું શરીર અંતિમ તબક્કામાં હતું. એમની પાસે સેવામાં રામભાઈ પટેલ હતા. નડિયાદ આશ્રમનો ચોતરો કાળા રંગના પ્લાસ્ટિકથી ઢાંકેલો હતો. મોટા, ત્યાં પલંગમાં સૂતા હતા. મારે કોઈક કારણસર આશ્રમે જવાનું થયેલું. નંદુભાઈ પાસે હું બેઠો હતો અને કામ પૂરું થાય કે તરત જ જતા રહેવાનું હતું. મોટા, કોઈને મળવા આવવા દેતા ન હતા છતાં એકાએક રામભાઈએ બહાર નીકળીને મને કહ્યું, ‘મોટા તમને બોલાવે છે !’ હું તરત જ એમની પાસે ગયો. મોટાનું શરીર સોજાવાળું હતું. પેટ તો એટલું બધું ફૂલી ગયું હતું કે એના ઉપર લીલી નસો તસતસતી હતી. હમણાં પેટ ફાટી જાય એટલું તંગ અને મોટું હતું. હું ગયો કે તરત જ મોટાએ કહ્યું, ‘મને પેશાબ કરવા લઈ જાઓ.’ હું અને રામભાઈ મોટાને ટેકો આપીને બાથરૂમમાં લઈ ગયા. ત્યાં મોટાએ શરીરની આ સ્થિતિનું કારણ વર્ણવ્યું અને કહ્યું કે ‘આ હકીકત કોઈનીય સમજમાં ના આવે એવી છે, માટે કોઈને આ વાત કહેવી નહિ.’

મોટાએ આ મતલબની એક ગઝલ પણ લખી છે, પણ હાલ હાથ વગી નથી. મોટાના શરીરના અંતિમ તબક્કાઓની હકીકત કેવળ 'હરિ' જ જાણે છે. એ મતલબનું લખેલું છે.

મોટાએ તા. ૧૯મી જુલાઈ, ૧૯૭૬ના રોજ કાગળ લખીને ચશ્માંના ખોખામાં રાખેલો અને તા. ૨૨મી જુલાઈએ શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસ 'હરિસ્મૃતિ'માં શરીર છોડતાં પૂર્વે જે કંઈ લખેલું એની વિગત અને તાત્પર્ય 'પદરજનો પ્રતાપ' નામના પુસ્તકમાં આલેખ્યાં છે. જિજ્ઞાસુઓને એ પુસ્તક વાંચવા વિનંતી કરું છું.

મને અત્યંત દઢ પ્રતીતિ રહ્યા કરી છે, કે શરીર છોડીને મોટાએ અશરીરી પરમાત્મારૂપથી સહુ કોઈ સાથે સખ્ય સાધ્યું છે. 'મોટા' એ શરીર નથી, એ તો કોઈ 'ઑર' છે. એની પ્રતીતિ જે કોઈ એમને દિલથી યાદ કરે એને અવશ્ય થાય છે. આથી, એ જ આપણા હંમેશના સાથી છે. આપણામાં ગૂઢ છુપાયેલા પ્રભુને પ્રગટ કરવા માટે આપણાં સૌનાં હૃદયમાં મોટા જીવે છે. આ હકીકત માત્ર અનુભવથી જ પ્રમાણી શકાય છે.

આપણે 'મોટા'નો અવાજ સાંભળીને અને એમાંની હકીકતને પ્રમાણીએ. 'જીવન અનુભવ ગીત' પુસ્તકના પૃષ્ઠ ૪૩૬ ઉપરની ગઝલમાં મોટા લખે છે :-

*'હરિ વહાલો અમારો શો ! છૂપો કેવો રહેલો છે !*
*અમોનેયે જીવન જીવવાતણી શી રીત શીખવી છે !*
*બધાં સાથે અમે જીવીએ, બધાં સાથે મળી ભળીએ,*
*અમારો જીવવાનો શો ન કોઈ હેતુ જાણે છે !*

*પ્રભુ શો ગૂઢ છૂપો જે બધાંનામાં વસેલો છે !*
*છુપાયેલા પ્રભુને તે છતો કરવા હૃદય જીવીએ.*
*જીવનમાં શી શી રીતોએ રમત માંડી પ્રભુએ છે !*
*અમારે રીતરસમથી તે રમ્યા કરવાનું જીવન છે.'*

'મોટા' એ ચેતનનો પર્યાય છે. આથી, એ અવિનાશી છે. દેહરૂપી મોટામાં જે ચેતનનું પ્રાગટ્ય હતું, દેહ દ્વારા થતાં કર્મોમાં ચેતનની જે પ્રતિષ્ઠા હતી, એ જ ચેતન સર્વત્ર પોતાના 'હોવાપણા'ની-'પોતે' વિદ્યમાન છે એની અવિરત ગર્જના કર્યા જ કરે છે.

આ અર્થમાં 'મોટા' આપણા હૃદયમાં જીવે છે. એ જ સચેતનતા પ્રત્યેની સભાનતામાં જ એમની સતત હાજરીનો સ્પર્શ છે. એમના સ્મરણમાત્રથી એ આપણી સાથે ને સાથે જ છે ! એ સ્મરણથી આપણી અત્યંત સમીપ છે. આકાશતત્ત્વના આશ્રયે એ આપણને હંમેશાં પોતાના બાહુમાં રાખે છે. વાયુતત્ત્વના આશ્રયથી એ આપણને હંમેશાં સ્પર્શ આપે છે. તેજતત્ત્વની સહાયથી આપણાં મન, મતિને અજવાળે છે. પોતાની ભાવશક્તિથી આપણા પ્રાણની ગતિને ઊર્ધ્વ તરફ દોરે છે અને આપણા જ અહમ્‌ના રણકારને એક તદ્દન અનોખો નાદ આપે છે કે 'હું મોટારૂપ થઈ જઉં !' તેઓશ્રીએ કહેલું કે 'તમે બધાં તો મારાં જ છો પણ હજી તમે મને તમારો નથી બનાવ્યો. આમ છતાં તમારાં સૌમાં હું 'એક' રૂપે છું.' આ રીતે એમની કરુણાનો પ્રવાહ વહ્યે જાય છે. આ કરુણા પણ કાળની અનંતતામાં પ્રસરતી હોય એવી વાણી એક પત્રમાં આપે છે, કે 'જ્યાં સુધી મારાં સ્વજન 'સ્વરૂપ' સાથે એકરૂપ નહિ થાય ત્યાં લગી મારે અનેક જન્મો લેવાં પડે

તોપણ તે ગનીમત છે !' દયા-કરુણાના સાગરની આ પ્રેમ છાલક આપણાં હૈયાંને ભીંજવે છે અને આવતી કાલ પ્રગટનારી દિવ્યતાની છડી પોકારે છે.

મોટાના આપણા હૃદયમાં જીવવાના હેતુને જાણીએ, નાણીએ અને માણીએ.

•

# ૧૯. સખા, સદ્ગુરુ અને પ્રભુ

'પ્રભુ, આપણો હંમેશનો મિત્ર છે.' એવા શ્રીમાતાજીનાં વચને મને જે વળાંક આપ્યો હતો એ હું ક્યારેય ભૂલ્યો નથી, પરંતુ જ્યારે મને દેહધારી પ્રભુ મિત્રરૂપે મળ્યા અને મોટા મળ્યા ત્યારથી મને સતત 'હાશ'ની લાગણી થયા કરી છે. હું કોઈ પણ દેહધારીને ગુરુ તરીકે સ્વીકારી શકું એવી વૃત્તિ જ ન હતી, કેમ કે એમાં મારી સમજણનો ફાંકો જ અંતરાયરૂપ હતો. આથી, મોટા સાથેનો મૈત્રીભાવ મને ફાવ્યો છે અને ફળ્યા કર્યો છે.

એમને પહેલી વાર મળ્યો ત્યારે એમણે મારી અકડાઈને ઓળખીને મારો હાથ સાહ્યો હતો. એમની સાથેનો એ હસ્તમેળાપ આહ્‌લાદ આપી ગયેલો, પણ એની એ વખતે સભાનતા ન હતી. અમારા ઘરે પધાર્યા ત્યારે 'દોસ્તી રાખજો.' એમ કહેલું ત્યારે અને એમની સાથે વાતો કરતો ત્યારે મૈત્રીભાવ જ રહેતો હતો, પણ એ સાથે આદર પણ હતો. એમના પ્રત્યે ઊંચો ભાવ રહેતો હતો, પરંતુ મારા ઘરેથી વિદાય થતાં મેં એમના પ્રત્યે પ્રભુભાવ અનુભવેલો. મને પ્રતીતિ થઈ ચૂકેલી કે આ જ પ્રભુ છે-મિત્રરૂપે છે.

મોટાની સાથે મૈત્રીભાવે વાતો કરી છે. મારા જીવનની એક પણ અંગત વાત એવી નથી કે જે મેં મોટા સમક્ષ ખુલ્લા દિલે ના કહી હોય ! આથી, મેં હળવાશ અનુભવેલી. એ હળવાશ શબ્દમાં વ્યક્ત થઈ શકે એમ નથી. કોઈકની સાથે મોટા વિશે વાત કરતાં પણ એમના 'સખા' સંબંધને જ હું જાહેર કરતો. ગુરુ કે પ્રભુ, તરીકે ક્યારેય કોઈને પરિચય આપેલો નથી. 'આનંદશંકર ધ્રુવની

ધર્મભાવના' વિશેનો મહાનિબંધ પ્રગટ કરવાનો હતો. એ ગ્રંથ મોટાને અર્પણ કરવાનો હતો. એ વખતે પણ મારાથી માત્ર 'પરમ સખા પૂજ્યશ્રીને' એવું જ લખાયેલું.

અમારી શરૂઆતની મુલાકાતમાં મોટા સાથે હું ખૂબ વાતો કરતો. મારી બધી મૂંઝવણો વ્યક્ત કરતો. મારે માટે યોગ્ય હોય એટલું મને કહે. મેં મોટાને ક્યારેય કૌતુક ખાતર પ્રશ્ન પૂછ્યો નથી. ક્યારેક રહસ્યમયતા જાણવા માટે મેં પૂછ્યું હોય તો જણાવા જેટલું કહે. મોટા મને જે કંઈ કહે અથવા તો અન્યની સાથે વાતચીત કરતાં જે કંઈ બોલતા હોય એ મારાથી સમજાય નહિ ત્યારે, 'મારી સમજ આ વાત સમજવા જેટલી પક્વ થઈ નથી' એમ સ્વીકારીને ચૂપ રહું. મારા મનથી ક્યારેય વિરોધ થયો નહિ. એમના વિચિત્ર પ્રકારના વર્તનનો કે ક્યારેક ના સમજાય તેવાં વચનનો મેં ભાવનાત્મક અર્થ જ ઘટાવ્યો છે.

મોટાનો સખ્યભાવ તો અનોખો હતો. એને સમજાવી શકતો નથી. મોટાએ 'પોતા' પ્રત્યે 'દોસ્તી' રાખવાનું કહ્યું છે. એનો મર્મ પણ મને સમજાયો છે. એ સાથે મોટાએ એમનાં સ્વજનો સાથે 'લગ્ન' કર્યાં છે. મતલબ કે, પરમાત્માનું જીવાત્મા સાથેનું લગ્ન છે, પણ એવાં લગ્નનો અનુભવ-એવું આકર્ષણ-દિલનું ખેંચાણ, જીવાત્મા સતત અનુભવતો નથી. એ જીવાત્માની લાચારી જાણવા છતાં એ ડંખતી નથી એય કેવી કરમકથની છે. એનો વિચાર પણ મને આવ્યા કરે છે. મોટાએ મને વારંવાર કહેલું કે 'આપણાં લગ્ન થયાં છે, એ ફળે એવી અનુકૂળતા આપતા રહેજો !'

વાત તદ્દન સાચી છે. આપણે વહાલ કરીએ કે ના કરીએ

પણ મોટા તો આપણને વહાલ કર્યા જ કરે છે. એના વહાલપની રીત ન્યારી છે. મારી બાબતમાં આ હકીકતને વ્યક્ત કરવા નિરંજન ભગતના ગીતની પંક્તિઓનું સ્મરણ થાય છે :-

*'હરિવર મુજને હરી ગયો !*
*મેં તો વહાલી નહોતું કીધું,*
*તોયે મુજને વરી ગયો !'*

મોટા, આપણને વરી ગયા છે. આપણે એમને વર્યા નથી. આપણા ચિત્તમાં એમણે અકળ રીતે બીજારોપણ કર્યું છે. જેથી, આપણામાં એમની યાદ અનાયાસે ઝબકી જાય છે. એમનું સ્મરણ આપણા હૃદયને ભીંજવે છે. મને ઘણી વાર થાય છે, કે મારાથી હજી વરાયું નથી !

એક વખત મોટાએ મને કંઈક ચીજ હાથમાં આપી. મેં વિવેકના ડોળ ખાતર એ લેવાની 'ના' પાડી. એટલે મોટા બોલ્યા, 'ગુરુ નરક આપે તો શું લેવાના હતા ?' આ વચન મેં પહેલી વાર સાંભળ્યું. હું વિચારમાં પડી ગયેલો. આપેલી વસ્તુ લઈને ચૂપચાપ બેસી ગયો. 'મોટા, મારા ગુરુ છે !' એમણે જ કહ્યું, મને એમના પ્રત્યે ગુરુભાવ કેમ ઊગતો નથી ? મારાથી સતત એમનામય કેમ રહેવાતું નથી ? એમનો પ્રત્યેક બોલ મારા માટે પ્રેમભરી આજ્ઞારૂપ કેમ બનતો નથી ? મેં જ પૂછેલું એથી એમણે બતાવેલું. છતાં મારાથી એ મુજબ આચરાતું કેમ નથી ? હું એમનો શિષ્ય બની શક્યો નથી. આમ છતાં એ મારા 'ગુરુ' છે ! મને ઘણું મોડું સમજાયું છે-મોટા 'શ્રીસદ્‌ગુરુ' પદે છે. તેઓ ગુરુ છે. 'ગુરુ' એ શિષ્યનો સાપેક્ષ શબ્દ નથી. તદ્દન નિરપેક્ષ શબ્દ છે. શિષ્યત્વ આપણે કેળવવાનું છે. એ કેળવવાથી આપણે

ગુરુની સમીપતાને પામીએ છીએ. શરણાગત થયા વિના શિષ્યત્વ પમાતું નથી. અહંકાર મોળો પડે ત્યારે શરણાગતિ કેળવાય છે. અહંકાર આજ્ઞાધીનતાથી મોળો પડે છે. આથી, ગુરુના કૃપાપાત્ર બનાય છે. એટલે મોટાએ આપણા સૌના ઉપર કૃપા કરીને આપણાથી બની શકે એવું જ સૂચવ્યું છે. આપણાથી જે બન્યું છે, બને છે એ પણ એમની જ ભાવનાનું પરિણામ છે. આપણે આચરણ વખતે આવી સભાનતા નથી રાખી શકતા. આથી, આપણા જ ખાતામાં જમા થયેલ કમાણીને વાંચી, આંકી શકતા નથી. મોટા, સખા છે અને સદ્‌ગુરુ છે. 'પોતે' જ્યાં સુધી શરીરધારી હતા ત્યાં સુધી ચેતનની સમગ્રતા અને સળંગતાના નિરંતર અનુભવી હતા. આમ છતાં તેઓશ્રી કહેતા હતા કે ચેતનનિષ્ઠ અનુભવીને શરીર છે ત્યાં સુધી એ 'ભગવાન' નથી, કેમ કે અનુભવીને નિમિત્ત છે. નિમિત્ત વિના એમનાથી કશું જ થઈ શકતું નથી, પરંતુ એનેય અનેક પ્રકારનાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ નિમિત્તો હોય છે. તેથી, એ અનુભવમાં પ્રભુરૂપે હોવા છતાં સ્વયં પ્રભુ નથી.

પરંતુ શરીર છૂટી જાય છે ત્યારે એ પ્રભુ છે. આપણામાંના છુપાયેલા પ્રભુને તેઓશ્રી પ્રત્યક્ષ જોતા હતા. મૌનએકાંતમાં બેસનારને 'પ્રભુ' કહીને સંબોધવાનો રિવાજ છે, કેમ કે અંદર બેસનારમાં 'પ્રભુ'ની જાગૃતિ થાય છે. એ જાગૃત થતાં પ્રભુ પોતાનાં પ્રકૃતિ-સ્વભાવ અને થયેલાં કર્મોને જુએ છે અને પ્રભુના નામસ્મરણથી એને પસાર થવા દે છે. આ અર્થમાં 'મોટા'ની ગુરુશક્તિથી જે પ્રભુરૂપ જાગૃત થાય છે એને 'પ્રભુ'નું સંબોધન કરાય છે.

આજે મોટા અશરીરી છે. અગોચર છે. છતાં સ્મરણમાત્રથી થતા ભાવાનુભવરૂપે પ્રત્યક્ષ છે. દેખાતા ના હોવા છતાં, ઇંદ્રિયથી અસ્પૃશ્ય હોવા છતાં ચિત્ત ઉપર એમની છબી ઊપસે છે અને ઇંદ્રિય એને નીરખી રહેવા તત્પર બને છે. આ અર્થમાં મોટા ‘પ્રભુ’ છે. મોટા આપણા સૌના ‘સખા’, ‘સદ્‌ગુરુ’ અને ‘પ્રભુ’ છે. જ્યારે જેવા ભાવથી એમને પોકારીએ છીએ એવા ભાવનું જ સ્પંદન આપણે અનુભવીએ છીએ.

આવા મોટા મને મળ્યા છે !

આવા સખા મને સાંપડ્યા છે !

આવા સદ્‌ગુરુ મારી સમીપ રહ્યા છે !

છતાં એવી લાગણી રહ્યા કરે છે, કે હું હજી માર્ગે ચડ્યો નથી !

નડિયાદના હરિઃૐ આશ્રમમાં એક સાંજે જમી રહ્યા પછી મોટાએ કહેલું કે ‘કશી સાધના ના થાય તો વાંધો નહિ. માત્ર હળી, મળી, ભળી અને ગળી જવું. એટલે વાત પૂરી થઈ જાય !’

મોટા સાથે હળાયું-મતલબ કે સાથે રહેવાયું, મોટાને મળાયું, વારંવાર મળાયું, પણ મારે સચ્ચાઈથી કબૂલ કરવું જોઈએ કે મારાથી ભળાયું નથી. ભળી જવામાં ‘પોતાપણા’નો ખ્યાલ સુધ્ધાં ના રહે. દહીં-દૂધ મેળવાય છે ત્યારે એ બંને સાથે હોવા છતાં છૂટા જ લાગે છે, પણ જ્યારે દહીં જામી જાય છે ત્યારે દૂધ પોતાના ગુણધર્મને દહીંમાં ભેળવી દે છે-એ રીતે ભળાયું નથી. તો ગળાવાની તો વાત જ ક્યાં ? ગળી જવું એટલે તો મોટારૂપ બની રહેવું.

વળી, ખૂબી પણ એ છે, કે આમ ભળાયું નથી, એનું ઊંડું દર્દ પણ સાલતું નથી.

આમ છતાં અનેક પ્રકારના અનુભવોની પરંપરાને આધારે ઊભી રહેલી શ્રદ્ધા ‘કાલ’ તે ઊજળી જુએ છે. મારામાંની શ્રદ્ધા જ્ઞાનશીલ છે, પણ એ જ્ઞાન-વિચારરૂપે-આછી-અધૂરી સમજરૂપે મર્યાદિત છે. આથી, એ ગતિપ્રેરક નથી. છેલ્લા સાડા ત્રણ દાયકાના સમાગમ પછી જીવનનાં વિચ્છિન્ન રસકેંદ્રો કેવળ મોટામાં કેંદ્રિત થતાં અનુભવું છું. છતાં જાણે હજી કશું જ બન્યું નથી.

આ એક અંગતકથા છે, પણ એમાં જ્યાં મોટાનું કીર્તન છે એ જ અંશનું મહત્ત્વ છે. મોટા સાથેના અનેક પ્રસંગો, વાતો, અનુભવો બધું સ્મરણપટમાં પડ્યું છે.

એ ઉપરાંત, મોટાના અક્ષરદેહની ઉપાસનાનું એક અલગ પુસ્તક બને એટલી સામગ્રી છે. એમાં મોટા કેવી રીતે કેવા અનુભવરૂપે પમાયા એનીય વાતો છે, પણ અહીં તો આટલું જ બસ !

॥ હરિઃૐ ॥

# પરિશિષ્ટ - ૧

## પરમ ચેતનાનો સ્પર્શ

જીવનવિકાસના માર્ગે પા પા પગલી કરનારા મિત્રોની સાથે જ પત્રવહેવાર થયો અને તે શ્રીપ્રભુકૃપાથી તેવું તેવું નિમિત્ત જાગતાં, તે બધું પ્રકાશન પામ્યું. આમ તે પ્રવૃત્તિ સાકારદર્શન પામી.

મારા શરીરનાં સિત્તેર વર્ષ પૂરાં થતાં, એક સ્મૃતિગ્રંથની યોજના વિચારાઈ. આ નિમિત્ત પ્રસંગે ભાઈશ્રી રમેશભાઈ ભટ્ટની મને શ્રીપ્રભુની કૃપાપ્રસાદી મળી. એ ભેટ એ તો મારા જીવનનો એક શણગાર બની. મારા જીવનના હાર્દ અને ભાવના, જીવનનો હેતુ અને જે ચેતન જીવનમાં તાણાવાણાની પેઠે એકધારું જીવંત વણાયેલું અને સંકળાયેલું છે, તેની લીલા, કળા, જે મારા પત્રના લખાણમાં છે, તે બધું ભાઈશ્રી રમેશભાઈના હૃદયમાં તે જ પરમ ચેતનાએ સ્ફોટ કર્યું. મારા પત્રસાહિત્યમાં જે સ્પષ્ટ રીતે સ્ફોટ થયેલું ન હતું, તે પત્રસાહિત્યના મર્મ, અર્થ અને એનાં યોગ્ય મૂલ્યાંકનને તેમણે એવી ભાવનાથી પ્રગટ કર્યાં છે.

કળાનું હાર્દ તેમ જ તે સાથે સાથે તેનો હેતુ-એ બંને સાથોસાથ કળવાં એક મુશ્કેલ કર્મ છે. તેમ છતાં ભાઈશ્રી રમેશભાઈએ મારા જીવનસાહિત્યના તત્ત્વભાવાર્થને જે રીતે વ્યક્ત કર્યો છે, તે વાંચી હું તો મારા ભગવાન ઉપર વારી વારી ગયો. શ્રીહરિકૃપાથી કોઈક તો આ જીવને યોગ્ય રીતે સમજનાર મળી શક્યું. તેથી, જે કૃતાર્થતાનો ભાવ જાગ્યો, તે ભાવને પ્રાર્થનાભાવે ઉપયોગની રીતે વાપરતાં હૃદયમાં હૃદયથી એ પ્રાર્થના ઉદ્‌ગાર પ્રગટે છે કે,

'હે પ્રભો ! જેઓ તને, તારી લીલાકળાને અને તારી ભાવનાને હૃદયમાં હૃદયથી સક્રિય ભાવે સમજવા માગે છે, તેમના તેમનામાં તું વ્યક્ત થતો રહેજો.'

તા. ૧૭-૮૧૯૬૮ -મોટા

## ૧. જીવનદ્રષ્ટાનો અનુભવયોગ
## (પૂજ્ય શ્રીમોટાના પત્રસાહિત્યની સારસમીક્ષા)

શ્રીમોટાનો પરિચય બહુજન સમાજને એક સંત અને લોકકાર્યકર તરીકે છે. શ્રીમોટા એક વિલક્ષણ ચિંતક અને લેખક છે, એ હકીકતની જાણ બહુ ઓછાને છે. એમની વિવિધ લેખનસામગ્રી નાનામોટા ૨૮ ગ્રંથો દ્વારા પ્રકાશિત થયેલી છે. એ પુસ્તકો એના કર્તાના નામ સાથે પ્રગટ થયાં નથી. એ પુસ્તકોના લેખક શ્રીમોટાએ (શ્રી ચૂનીલાલ ભગતે) કીર્તિથી ઊફરા રહીને અજ્ઞાત રહેવાનું પસંદ કરેલું છે. એમનાં પુસ્તકોને પ્રસિદ્ધ વિદ્વાનો, લેખકો, સંતો અને લોકસેવકોની પ્રસ્તાવનાઓ મળેલી છે. તેમ છતાં વર્તમાનપત્રો કે સામયિકોમાં એ પુસ્તકોની સ્વીકારનોંધ કે સમાલોચના થઈ નથી, કેમ કે એ પુસ્તકના કર્તા કે પ્રકાશકે વિના મૂલ્યે પુસ્તક આપવાની નીતિ સ્વીકારેલી નથી. આથી, શ્રીમોટાની પ્રકાશિત વિપુલ અક્ષરસામગ્રીની માહિતી તત્ત્વજિજ્ઞાસુ સુધી પણ પહોંચી શકી નહિ હોય.

શ્રીમોટાની ગદ્ય અને પદ્યમાં વિલસતી અક્ષરપ્રવૃત્તિમાં નોંધપાત્ર વૈવિધ્ય છે. ઊર્ધ્વજીવનની સાધના માટે પ્રેરતી ઉદ્‌બોધક પદ્યરચનાઓ, મનોમંથન-આત્મમંથન પ્રગટાવતી પત્રધારા અને પ્રાર્થના, પોકાર દ્વારા પોતાના ભાવ અને ભક્તિ પ્રગટ કરતાં ભજનો પદો-૧૩ પુસ્તકો દ્વારા પ્રગટ થયાં છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના પ્રત્યેક અધ્યાયના સારરૂપ છતાં અર્થોની મૌલિક

દૃષ્ટિ દાખવતી સરસ પદ્યરચના ‘જીવનગીતા’માં પ્રગટ થયેલી છે. શ્રીમોટાના ગદ્યગ્રંથો પૈકી ગીતાની ભૂમિકાને સ્પર્શતો ચિંતનાત્મક નિબંધ ‘જીવન સંગ્રામ’ એમના મૌલિક દૃષ્ટિબિંદુને પ્રગટ કરે છે.* ‘હરિજન સંતો’ એ નામથી ત્રણ સંતોના ભાવનાત્મક ચરિત્રને આલેખતી નાનકડી પુસ્તિકા એમની વિશિષ્ટ રજૂઆતકળાનો પરિચય કરાવે છે. ‘જીવન પરાગ’ એ ગદ્યગ્રંથમાં શ્રીમોટાના સર્વ ગદ્યપદ્યગ્રંથોમાંથી સૂત્રસંચય કરેલો છે. આ પ્રકારની વિપુલ અને વૈવિધ્યસભર અક્ષરપ્રવૃત્તિના કર્તા શ્રીમોટા એક સાક્ષાત્કારી સંત હોવા ઉપરાંત વિરલ ચિંતક અને લેખક છે. એમની મુખ્ય વિચારધારાનું વિહંગાવલોકન કરીને, લેખક-ચિંતક તરીકેના એમના વ્યક્તિત્વને પામવાનો આ લેખમાં પ્રયાસ છે.

શ્રીમોટાના ગદ્યગ્રંથો ૧૯૪૮ થી ૧૯૬૩ દરમિયાન પ્રગટ થતા રહ્યા છે. ૧૯૩૯ થી ૧૯૫૪ દરમિયાન એમણે જિજ્ઞાસુ સાધકોને જીવનવિકાસ માટે માર્ગદર્શન આપવાના હેતુથી જે પત્રો લખેલા એનું સંપાદન શ્રી હેમંતકુમાર નીલકંઠે અને શ્રી નંદલાલ શાહે કર્યું છે. સંપાદકોએ પત્રોના પરિચ્છેદને વિષય નિર્દેશક શીર્ષક આપ્યાં છે. તદ્દુપરાંત પ્રત્યેક પુસ્તકને અંતે વિષયસૂચિ મૂકેલી છે. સંપાદકોની આ કાર્યરીતિ એમની સંપાદનદૃષ્ટિની દ્યોતક છે. શ્રીમોટાના સંપાદિત પત્રગ્રંથોનો

---

* શ્રીમોટા રચિત કાવ્યપુસ્તિકા ‘મનને’ અને ‘કેશવચરણ કમળે’ તેમ જ ગદ્યગ્રંથ ‘જીવનસંગ્રામ’ અંગ્રેજીમાં અનુવાદ પામ્યા છે. ગુજરાતી ભાષા નહિ જાણનાર પંજાબ યુનિવર્સિટીના અંગ્રેજીના એક પ્રોફેસરે ગુજરાતી ભાષા શીખીને શ્રીમોટાના ગ્રંથોનું અંગ્રેજીમાં ભાષાંતર કરવાની તત્પરતા દર્શાવી છે.

પ્રકાશનક્રમ આ રીતનો છે.

૧. જીવન સંદેશ, ૨. જીવન પાથેય, ૩. જીવન પ્રેરણા, ૪. જીવન પગથી, ૫. જીવન પગરણ, ૬. જીવન સોપાન, ૭. જીવન પ્રવેશ, ૮. જીવન પોકાર, ૯. જીવન મંડાણ, ૧૦. જીવન સંશોધન, ૧૧. જીવન મંથન, ૧૨. જીવન દર્શન.

પુસ્તકોના પ્રકાશનક્રમ સાથે પત્રલેખનનો કાળક્રમ સમરેખ બનતો નથી. શ્રીમોટા જીવનવિકાસક સાધનાનો ઉપક્રમ કેવી રીતે યોજે છે, એનો સહજ ખ્યાલ સુજ્ઞ વાચકને આવે એથી પુસ્તકોનો આ ક્રમ રજૂ કર્યો છે. પ્રત્યેક પુસ્તકના નામકરણમાં 'જીવન' શબ્દ સર્વ સામાન્ય છે. એમાં એના કર્તાને અભિપ્રેત 'ઊર્ધ્વ જીવન', 'દિવ્ય જીવન' એવો વ્યંજક અને વિશિષ્ટ અર્થ જ રહેલો છે અને 'જીવન' શબ્દ સાથે જોડાયેલા શબ્દો દિવ્ય જીવનને અપેક્ષિત ભાવનાપ્રેરક છે અને એ શબ્દ એના ક્રિયમાણ સાંકેતિક અર્થમાં જીવનની સાધનાના ઉપક્રમને નિર્દેશે છે.

**જીવનયોગ :** શ્રીમોટા મનુષ્યને મળેલા જીવન અને સંસારનો સાધનાના એક સાધન તરીકે સ્વીકાર કરે છે. સંસારનો સ્વીકાર સામાન્ય સંસારીના જીવભાવથી કરવાનો નથી, પણ આ સકલ દૃશ્યમાન પદાર્થોનો સૃષ્ટા ભગવાન છે એવો ભાવ હૃદયમાં ધારણ કરીને પ્રભુમય જીવનના એક સાધન તરીકે સ્વીકાર કરવાનો છે. આમ કરવા માટે વિવેકદૃષ્ટિ આવશ્યક છે. સંસારમાં વહેવાર યોજવા માટે પ્રાપ્ત થતાં સાધનોને પણ એવી જ વિવેકદૃષ્ટિથી પ્રયોજવાનાં છે. માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની, મિત્ર તથા સગાંસંબંધીઓ પ્રત્યેનો ભાવ ઉત્કટ કર્તવ્યબુદ્ધિવાળો હોવો જ જોઈએ. આમ આચરવા જતાં

હૃદયભાવાનુસંધાન વ્યક્તિની સંબંધક સંકુચિતતા સાથે કરવાનું નથી તેમ જ આપણા કે એના અંગત રાગ સાથે પણ રાખવાનું નથી. આ બધા સંબંધક સ્નેહભાવને નિમિત્ત ગણવાનો છે. એ નિમિત્ત દ્વારા સર્વના હૃદયભાવને પરમ પ્રભુના ભાવને પ્રગટાવવાનું લક્ષ્ય રાખવાનું છે તેમ જ સંસારનાં ફરજ કે વહેવારલક્ષી પ્રાપ્ત કર્મો બજાવવામાં હૃદયનો ભાવ રેડવાનો છે. આમ આચરવાથી આ જીવન દ્વારા જ દિવ્ય જીવન પ્રાપ્ત થાય છે. પ્રત્યેક વહેવારગત કાર્યના અને સંબંધક લાગણીને કેંદ્રમાં ઊર્ધ્વ જીવનના પ્રાપ્ત હેતુને 'જ્ઞાનભક્તિપૂર્વક જીવતોજાગતો' રાખ્યા જ કરવાનો છે. આ રીતના જીવનસ્વીકાર દ્વારા જ વ્યક્તિ પોતાના પ્રત્યે તેમ જ બીજાઓ પ્રત્યે ધર્મ આચરી શકે છે.'

આ જીવનમાં મળતાં અનુકૂળતા, પ્રતિકૂળતા, અવરોધો, મુશ્કેલીઓ, સુખ-દુઃખ આદિ જે અનુભવ કરાવે છે એને અવગણવાનાં નથી. એ બધાંને હૃદયની શક્તિ બઢાવવા સમજપૂર્વક ઉપયોગમાં લેવાનાં છે. આ અનુભવો પ્રતિપળે થતા રહે છે. સુખ, દુઃખ, આનંદ, ક્લેશ આદિ ભોગવીને માનવી એ અનુભવને વહી જવા દે છે. આથી, એ દ્વંદ્વની પેલે પાર રહેલા ચિરંતન આનંદને પામી શકતો નથી. સંસારમાં સંજોગોની વિપરીતતામાંથી જન્મતાં દુઃખોમાંથી, લાગણીમાંથી જન્મતી વેદનાઓમાંથી અને ક્યારેક તો પ્રાપ્ત થયેલ કર્મોની પરંપરામાંથી છૂટી જવાના-છટકી જવાના હેતુથી 'પ્રભુ'ના નામનું ઓઠું એ સ્વીકારી લેતો હોય છે. વળી, એવી પળોમાં યોગમાર્ગ માટે સૂચિત સાધનો પણ સાધવા લાગી જાય છે અને ધર્માચરણની ભ્રમણામાં ફસાય છે. સંસારજીવનમાં અનુકૂળ થઈ જીવભાવથી

જ રચ્યા રહેવાની મનોવૃત્તિનો-આ બંને આત્યંતિક દૃષ્ટિબિંદુઓનો શ્રીમોટા વિલક્ષણ રીતે સમન્વય કરે છે. ઊર્ધ્વ જીવનની સાધના કરતી વ્યક્તિએ 'જુદા જુદા પ્રકારના સાધનના અભ્યાસમાં જેટલું મહત્ત્વનું લક્ષ આપવાનું છે, તેનાથીય વિશેષ લક્ષ અને વિશેષ ચેતનવંતું લક્ષ રોજબરોજનાં થતાં રહેતાં વર્તન વહેવારમાં રાખ્યા કરવાનું છે, અને એના પરત્વેનો એનો વિશેષ જ્ઞાનભક્તિપૂર્વકનો ઝોક પૂરેપૂરો વળી ગયેલો હોવો જોઈએ. જો આવું બનવાનું ના થયા કરતું હોય તો ધ્યાન કે એવા બીજા કોઈ સાધનના અભ્યાસનો કશો અર્થ નથી.' આ રીતે મોટાની દૃષ્ટિએ દિવ્ય જીવનની પ્રાપ્તિ માટેનો આધ્યાત્મિક માર્ગ એ પ્રત્યક્ષ જીવનસાધનાનો માર્ગ છે. એથી આ માર્ગને એમણે 'જીવનયોગ' એવા નામથી ઓળખાવ્યો છે.* પ્રાપ્ત જીવનનો સ્વીકાર ઊર્ધ્વ જીવનના લક્ષના સાધન તરીકે કરવાનો છે.

આ હેતુને દૃષ્ટિ સમક્ષ રાખીને કર્મ કરવાથી જીવન ઉજમાળું બને છે. અથવા તો એમ કહી શકાય કે પ્રાપ્ત જીવનનો જ્ઞાનભક્તિપૂર્વકની વિવેકદૃષ્ટિથી કરેલો સ્વીકાર એ જ જીવનને દિવ્ય જીવનમાં રૂપાંતર કરી આપે છે. જીવનમાં જે અનુભવો થાય છે એમાંથી નવા જીવનનો ઘાટ અપાય છે. નૂતન ઘાટ પામતી જીવનદૃષ્ટિ સંજોગોને અને અનુભવોને આત્મવિકાસના સર્જનાત્મક પ્રકાશક બળ તરીકે મૂલવે છે. આ રીતે એક વિશિષ્ટ પ્રકારનો યજ્ઞ પ્રત્યેક ક્ષણે ચલાવવાનો છે.

**જાગ્રતિયોગ :** દિવ્ય જીવનની-ઊર્ધ્વ જીવનની પ્રાપ્તિ માટેની સમજપૂર્વકની સાધના પ્રત્યે અભિમુખ થવું અને એ

* 'જીવન દર્શન', પહેલી આ., પૃ. ૧૧૬

દિશામાં ક્રિયાશીલ બનવા માટે જીવનના હેતુનું ભાન અને એ પ્રાપ્ત કરવાની તીવ્રતમ અભીપ્સા-ઝંખના, તમન્ના-તાલાવેલી હોવી જોઈએ. તો જ એ હેતુ માટે પુરુષાર્થ થાય. એ પ્રકારનો પુરુષાર્થ હેતુની પ્રાપ્તિ માટે ભાવથી પ્રેરાયેલો ક્રિયમાણ ગુણ છે. શ્રીમોટા ભાવ અને ગુણને જ પ્રાધાન્ય આપે છે, કેમ કે ભાવ અને ગુણના પરસ્પર પૂરક કાર્ય વિના જીવનનો વિકાસ શક્ય નથી. જીવનમાં અનુભવ અને આચારનો સંવાદ પ્રગટાવવા પળેપળની જાગૃતિ આવશ્યક છે. 'એક બાજુથી ભાવને મહત્ત્વ આપીને ગુણ કેળવ્યા કરવાના છે. તે સાથે સાથે ભાવ પ્રગટી શકે એવા સાધનના અભ્યાસમાં આપણું દિલ એકધારું એકતાનતાથી પરોવાયેલું રહે તેવા પ્રકારની જાગૃતિની પણ ઘણી ઘણી જરૂર છે. આને હું 'જાગૃતિયોગ' એવું નામ પણ આપી શકું.'* શ્રીમોટા આ જીવનયોગને શુષ્ક, જડ અને નીરસ માર્ગ નથી માનતા. હૃદય હંમેશાં ભાવભર્યું રહ્યા કરે એવા સાધનની જાગૃતિ માટે ધ્યાન ખેંચે છે. ઉપરાંત, જે ઘટનાઓ, મનની તરંગલીલાથી અને પ્રાણના રંગભર્યા આવેગોથી અનુભવાય છે, એ બધાંની સામે પણ જાગૃત રહેવાનું છે. શ્રીમોટા પ્રબોધ્યા જીવનવિકાસના આ સાધનામાર્ગમાં સૂક્ષ્મ દિવ્ય અનુભવો સામે પણ જાગૃત રહેવાનું છે એટલું જ નહિ, પણ અનુભવોને જન્મ આપતી મન અને પ્રાણની ગૂઢ શક્તિઓને જીવનવિકાસ કાજે સમજપૂર્વક જોતરવાની છે. સાધકે જીવનના લક્ષ્ય પ્રત્યે, લક્ષ્યને પામવાના સાધન પરત્વે અને વિકાસયાત્રામાં પ્રગટતા આંતરબાહ્ય અવરોધો સામે-એમ ત્રિવિધ પ્રકારની જાગૃતિ કેળવવાની છે. શ્રીમોટાએ

* 'જીવન સંશોધન' પહેલી આ., પૃ. ૩૩૬

આ જાગૃતિ કેળવવાની વિસ્તૃત સમજૂતી સરળ ભાષામાં આપી છે.*

**ભાવ, ભાવના અને ગુણ :** ભાવ એ મનુષ્યની હૃદય-સંપત્તિ છે. માનવજીવનની મોટી મિરાત છે. ભાવ એ શ્રીમોટાની તત્ત્વવિચારમાળાનો મેર છે. એને ગણતરીનો અંક આપી શકાય નહિ. તેમ છતાં તે (માળાનો મેર) અનાદિ છે અને અનંત છે, એ રીતે ભાવ આદિ પણ નથી અને અંત પણ નથી. એથી ભાવ અનંત છે. એનાં અનેક વિવર્તો છે. એ તો અનુભવની કક્ષામાં જ સમજી શકાય. શબ્દની શક્તિ એને યથાતથ રજૂ કરી શકે નહિ. મનુષ્યનું અંતર વૈયક્તિક લાગણીને જે રીતે અનુભવે છે એ પણ ભાવ છે. ભિન્ન ભિન્ન સંબંધોમાં ભાવની વિવર્તલીલાનો જે અનુભવ થાય છે એને શ્રીમોટા ઉપેક્ષતા નથી એટલું જ નહિ, પણ ભાવલીલાના આધારમાં રહેલા પરમ ભાવને પામવાના એક મહત્ત્વના સાધન તરીકે સ્વીકારવાનું કહે છે. ભાવ અનુભવગમ્ય પરમ શક્તિ છે.

ભાવના એ ભાવ દ્વારા જન્મતી પ્રેરક શક્તિ છે. ઘણું ખરું હેતુશૂન્ય જીવનમાં સંબંધક લાગણીને નિમિત્તે જન્મતા ભાવ કે તત્ક્ષણે જન્મતી ભાવના નિયોજાયા વિના વહી જાય છે. આવું ના બને તે માટે શ્રીમોટા, વિશુદ્ધ પરિસ્થિતિમાંથી જન્મેલી લાગણીને સંયમિત કરીને પ્રાર્થનાના બળ માટે વાપરવાનું સૂચવે છે. પરિસ્થિતિજન્ય ભાવ કે લાગણીનો ઉદ્રેક ભોગવી ના લેતાં એનો ‘હેતુપૂર્વકનો, જ્ઞાનભાનવિવેકશક્તિપૂર્વકનો’ ઉપયોગ કરવાનું શ્રીમોટા સૂચવે છે. હૃદયના ભાવ સાથે જે પ્રેરક ભાવનાઓ જન્મે

* ‘જીવન પગરણ’, પહેલી આ., પૃ. ૧૯૧ થી ૧૯૮

છે એને વિશાળ અને વ્યાપક બનાવવી પડે છે. તત્ત્વની ભાવના વિકસાવવામાં સંસારી ભાવનાઓને જોગવવાની કળા પ્રાપ્ત થયા પછી બુદ્ધિનો દ્વંદ્વમાં જે વિલાસ થાય છે એ દૂર થઈ જાય છે. આ અવસ્થા પછી હૃદય જે ભાવાનુભવ કરે છે એનો વેગ જીવનના કચરાને સાફ કરવામાં સહાયકારી બને છે અને જીવનને રસાળ બનાવે છે. પછી જીવન ઊર્ધ્વગતિ પામે છે.

ભાવ, કર્મને આનંદભર્યું બનાવે છે. શ્રીમોટા, કર્મ આચરવા માટેના ભાવને પરમ તત્ત્વ સાથે જોડવાનું સૂચવે છે. સર્વને કામ કરવા પ્રેરતી ભાવાત્મક ચેતના પ્રત્યેક કર્મમાં અનુસ્યૂત થયેલી છે. આ ભાવ કોઈ પણ કક્ષાના કે ગમે તે પ્રકારના કાર્યને આચરવામાં અનોખી ભાવના જન્માવે છે. આથી, કાર્યને પૂર્ણ કરવા ખંત, ઉત્સાહ અને શક્તિ જન્મે છે. આવી ભાવનાનો આકાર જીવનના વિકાસ માટે ખૂબ સમજપૂર્વક ઉપસાવવો પડે છે. આથી, બધા જ પ્રકારનાં કર્મો આચરતાં પરમ ચેતનભાવનું રટણ હૃદયમાં જાગૃતિપૂર્વક રાખ્યા કરવાનું શ્રીમોટા સૂચવે છે. આ જીવનના વૈયક્તિક સંબંધોમાં તેમ જ કાર્યના મૂળમાં આવો ભાવ જન્માવવા માટે, સંકુચિત, સ્વાર્થમય લાગણીમાં તણાઈ જવાનું નથી તેમ જ કર્મ કરતાં કરતાં નક્કી કરેલ પરિણામની આશામાં પરોવાઈ જવાનું નથી. ભાવ ધારવા છતાં, આસક્તિ રાખ્યા વિના ઊફરા બની વિકસવાની ક્રિયામાં જીવતા રહેવાનું છે. વૈરાગ્ય કેળવવા સંબંધો ત્યજવાના નથી, સાથે સાથે ભાવાનુભવના નિમિત્તના વિચારમાં સંકળાવવાનું નથી. પણ એ ભાવાનુભવને પરમના ભાવાનુભવ માટે ઉપયોગમાં લેવાનો જાગૃત અભ્યાસ કર્યા જ કરવાનો છે. આ રીતે બધું અનુભવતાં અને કરતાં વૈરાગ્ય અને અનાસક્તિ કેળવવાનાં છે.

આ કેળવણી જીવનના પ્રત્યક્ષ વહેવારમાં પ્રગટ થવી જોઈએ. શ્રીમોટા કહે છે કે ગુણ અને ભાવનાથી કર્મ રસાયેલું હોવું જોઈએ. એમ કરતાં માનવનું હૈયું ખુમારી અને ખંત અનુભવતું હોય છે. એના જીવનના વહેવારમાં પ્રેમ, ઉદારતા, વિશાળતા પ્રગટેલાં જોવા મળે છે અને એનાં કાર્યો પાછળ ખંત, ઉત્સાહ, વિશ્વાસ, એકાગ્રતા જેવા ગુણો પ્રગટેલા હોય છે. વિકસેલા જીવનનો આ નિષ્કર્ષ છે. જો વહેવારમાં અને કાર્યમાં ગુણ અને ભાવના પ્રગટે નહિ તો એ સાધના નથી.પરિસ્થિતિ અથવા સંજોગોને પડકારી ના શકવાની નિર્બળતા કે લાચારી, પ્રભુના નામથી પોષાતી ભાગેડુવૃત્તિ અને ધાર્મિકતાના અવગૂંઠન પાછળની મોહક ઘેલછા-ચેષ્ટાને અને માનવનિર્બળતાને, હિંમતપૂર્વક નિર્ભય બનીને ફગાવી દેવાનું શ્રીમોટા અનેકવાર આદેશે છે. આધ્યાત્મિક જીવન પામવા માટે વિવેકયુક્ત સતત સભાન પુરુષાર્થ આચરવાનું તેઓ જણાવે છે. ધ્યાન, પ્રાર્થના, જપ પણ ભાવસાતત્ય અને ભાગવત ચેતના અનુભવવા માટેનાં જાગૃતિપૂર્વક નિયમિત પ્રયોજવાનાં સાધનમાત્ર છે.

**શ્રદ્ધા :** ધ્યાન, પ્રાર્થના અને જપ એ સાધનો છે. એ 'મરમી' મોટાના અનુભવ દ્વારા શક્તિશાળી બનેલાં સાધનો છે. એ સાધનો ક્રિયાશીલ છે. એના પ્રત્યે શ્રદ્ધા હોવી જોઈએ. શ્રદ્ધા એ માનવનો પ્રગટ-અપ્રગટ ગુણ છે. શ્રીમોટાની દૃષ્ટિએ શ્રદ્ધા ક્રિયાશીલ, જ્ઞાનશીલ અને ગુણપ્રેરક શક્તિ છે. એનાથી અખૂટ કાર્યશક્તિ અને તેજસ્વી બુદ્ધિની ઉત્તમ પ્રકારની પ્રેરણા મળે છે. પ્રેમપૂર્વક અથાગ શ્રમ કર્યા વિના પરમ ભાવના અનુભવની ઈચ્છા સેવવી એ શ્રદ્ધા નથી. 'હૃદયપૂર્વકની ભાવનાથી થતા જતા પુરુષાર્થમાં

કાળે કરીને એવા પ્રકારની સમજણ અને અનુભવ પ્રગટવા માંડે છે. એવા પ્રકારની સમજણથી અનુભવની પરંપરામાંથી પ્રગટતી શ્રદ્ધાના બળથી તેના જીવનધ્યેયમાં એક પ્રકારનું આત્મબળ પ્રગટે છે અને એવા આત્મબળના આધાર વડે અનુભવની શ્રેષ્ઠતામાં પ્રવેશીને, શ્રદ્ધાને ભાવમાં પરિણત કરાવીને, તેવા ભાવથી હૃદયમાં તત્ત્વને પણ પ્રીછી શકે છે. શ્રદ્ધા એટલે આંતરદૃષ્ટિ, શ્રદ્ધા સત્ત્વગુણની શક્તિ છે. તમસ, રજસ અને સત્ત્વગુણની શ્રદ્ધાનો પ્રકાર નોખો નોખો હોય છે.'* શ્રીમોટા વ્યક્તિમાંની ગુણલક્ષી શ્રદ્ધાનો વિરોધ કરતા નથી, પણ ગુણને બાજુ ઉપર મૂકી વ્યક્તિપૂજામાં સ્થિર થતી શ્રદ્ધાનો વિરોધ કરે છે. વ્યક્તિપૂજાને લીધે લોકોમાં વૈચારિક શિથિલતા અને કર્મ પરત્વે નિષ્ક્રિયતા વ્યાપે છે. આવી શ્રદ્ધા માનવીને અંધ બનાવે છે. શ્રીમોટાએ આવી પ્રવૃત્તિ સામે આકરી ચેતવણી આપી છે. ચમત્કારોમાં રસ લેતી મનોવૃત્તિને શ્રીમોટા લેશ પણ પ્રોત્સાહિત કરતા નથી. ભાવથી અને ગુણથી પ્રેરાઈને કર્મ દ્વારા શુદ્ધ બનતા જીવનમાં સૂક્ષ્મ અને ગૂઢ અનુભવો થાય એની શક્યતાનો શ્રીમોટા સ્વીકાર કરે છે. તેઓ આવા અનુભવોના 'મરમી' છે, જ્ઞાતા છે અને દ્રષ્ટા છે, પણ એ જ અનુભવને અંતિમ માની ત્યાં અટકી જવાના વલણને વખોડી નાખે છે અને ચમત્કારમાં વિચારની શક્તિને ક્ષણ માટે પણ ના રોકી રાખવાનો આદેશ આપ્યા કરે છે. 'જ્યાં સુધી આપણને હૃદયથી સામા દિલનો ભાવ પ્રત્યક્ષ વરતાય નહિ, એની અસર યોગ્ય સમજાય કે અનુભવાય નહિ ત્યાં સુધી કોઈનામાં વિશ્વાસ મૂકવો નહિ. ચમત્કાર તો આપણે

* 'જીવન મંથન', પહેલી આ., પૃ. ૩૫૩

જીવનમાં આંખ ઉઘાડી રાખીએ તો ઘણાય જોઈ શકીએ છીએ.* ચમત્કારને મહત્ત્વ આપવામાં શ્રીમોટા શ્રદ્ધાનું 'કાચાપણું' સૂચવે છે.

અનુભવપૂત સમજદારી પછી પરમ માટેની શ્રદ્ધાનું નિર્માણ થાય છે. તે વેગીલી ક્રિયાશીલ શક્તિ બની જાય છે. પૂજન, અર્ચન, પ્રાર્થના, તીર્થયાત્રા અને સત્સંગ વગેરે આ હેતુને દૃષ્ટિ સમક્ષ રાખીને આચરવાં જોઈએ. પૂજન-અર્ચન ભાવને દૃઢ કરવાનું સાધન છે. જો આ હેતુ ના સધાતો હોય તો એનો ત્યાગ કરવો જોઈએ. પ્રાર્થના ઉત્કટ ભાવથી રાગદ્વેષ, કામક્રોધ, મદમત્સર આદિ વૃત્તિવલણોને મોળાં પાડવા માટે નેકદિલીથી થવી જોઈએ. પોતાની લાલસાઓને, કામનાઓને પૂર્ણ કરવાના હેતુથી એક 'ભ્રમજાળ' ગણાવે છે. સત્પુરુષોને ઓળખવાની દુર્લભતા શ્રીમોટા જાણે છે. એથી દરેકે પોતાને સમજવાનું અને અનુભવોને વિવેકદૃષ્ટિથી ઓળખવાનું તેઓશ્રી કહે છે અને જો ચેતનમાં જીવતો સંત મળી જાય તો એના 'ભાવને ધારણ કરતાં કરતાં આંતરિક શક્તિઓને ઊર્ધ્વના યાત્રી થવામાં ઉપયોગમાં લેવાની કલા માટે જે જાગતો થયો છે* એવાને માટે સત્સંગ એક વિજ્ઞાન બની જાય છે. પ્રયોગવીર જીવનસાધકે એ વિજ્ઞાનને જીવનની પ્રયોગશાળામાં અનુભવકોશના રસાયણમાં પામવાનું છે.

**નામસ્મરણ :** પ્રભુનું નામસ્મરણ અખંડ નામસ્મરણ-જપયજ્ઞ એ શ્રીમોટાની સાધનસિદ્ધિની અનુભવપ્રસાદી છે. મનમાં

---

* 'જીવન પરાગ', પહેલી આ., પૃ. ૮૬ થી ૮૮
'જીવન પ્રેરણા', પહેલી આ., પૃ. ૧૮

ઊઠતા તરંગોને વહી જવા ના દેવાના હેતુથી થયેલું નામસ્મરણ કામયાબ સાધન છે. મતાગ્રહ, મહત્ત્વાકાંક્ષા, લાલસા, લોભ, મોહ, કામના, કામવૃત્તિ વગેરે પ્રાણની શક્તિઓને પરમ ચેતનના અનુભવ માટે રૂપાંતરિત કરવાના હેતુથી નામસ્મરણ અને પ્રાર્થનાના ભાવનો ઉપયોગ કરવાનો છે. 'નામસ્મરણ દ્વારા મનની શક્તિનો ઉપયોગ કરવાનો હોય છે. જીવનવિકાસના હેતુને ધ્યાનમાં રાખીને સંસારના વહેવારમાં મનને જેટલું રોકવાનું હોય તેટલું જ રોકવું જોઈએ અને તે પણ ગૌણપણે જ રોકવાનું અને વહેવારનું કામ ભગવાનના કામ તરીકે જ સ્વીકારવાનું. પોતાનો આગ્રહ કે વૃત્તિ મારી મચડીને ઠોકી બેસાડવાની નથી.* આ પ્રકારના અભ્યાસથી ઉદારતા, મતાંતરસહિષ્ણુતા અને આંતરિક શાંતિ અનુભવાય છે. એ ગુણો જીવનના વહેવારને મધુર, સંવાદી અને આનંદજનક બનાવે છે.

વિચારોની પકડ અને વૃત્તિઓના આક્રમણનો જાગૃત ખ્યાલ સાધકે રાખવો રહ્યો. આ માટે સતત આત્મનિરીક્ષણ કરવું જોઈએ. શ્રીમોટા આ હેતુ માટે મૌનએકાંતની હિમાયત કરે છે. શ્રીમોટાએ પ્રયોજેલી સાધનાપદ્ધતિમાં સાધક માટે મૌનએકાંતને જ મહત્ત્વ આપ્યું છે. નામસ્મરણ એ સાધન બની રહે છે. એકાંતમાં વ્યક્તિને પોતાના આંતરસ્વરૂપ સાથે મુકાબલો કરવાનો હોય છે. મૌન એ તો મહાશક્તિ છે. એ દ્વારા પણ વાણીની શક્તિનો પરિચય થાય છે. મૌનએકાંતથી ભાવના અને આંતરમંથનને વેગ મળે છે. અભય જેવો સત્ત્વગુણ એકાંતને લીધે કેળવાય છે. એકાંતના સેવનથી યોગ્ય વાતાવરણની નિર્મિત

* 'જીવન પગરણ', પહેલી આ., પૃ. ૫૩

તેમ જ એના ઉપયોગની શક્યતા શ્રીમોટા દર્શાવે છે. આ બધું પણ જ્ઞાનભક્તિપૂર્વક થાય તો જ મૌનએકાંતનાં રહસ્યનાં દર્શન થઈ શકે.

નમ્રતા, નિરાગ્રહ, અનાસક્તિ, તાટસ્થ્ય, વિવેકશક્તિ જેવા ગુણોનો વિકાસ કેવી રીતે સાધી શકાય એનું વિવરણ 'જીવન સંદેશ'માંના લેખો દ્વારા કર્યું છે. નિષ્ક્રિયતા અને આલસ્ય જેવા તમોગુણ, કાર્યને પ્રેરતા રજોગુણ સત્, ચિત્ અને આનંદનો અનુભવ કેવી રીતે કરાવી શકે એની વિસ્તૃત અને પદ્ધતિસરની સમજૂતી શ્રીમોટાએ આપી છે.* પ્રકૃતિના ગુણોને જ મહત્ત્વ આપી એની મર્યાદાને સ્વીકારવાના વલણને શ્રીમોટા ઈન્કારે છે. ભાવનાથી થયેલો હેતુપૂર્વકનો પુરુષાર્થ પ્રકૃતિના ગુણની ભૂમિકા બદલી નાખે છે. પુરુષાર્થથી બદલાયેલા ગુણની શક્તિને વહેવારમાં ચરિતાર્થ કરી બતાવતા કર્મ ઉપર જ એમના ઉપદેશનો ઝોક રહ્યા કરે છે, એ હકીકત ધ્યાન ખેંચે એવી છે.

**ગુરુ :** જીવનસાધનાના આ કઠણ માર્ગે દોરનાર ગુરુની આવશ્યકતાનો શ્રીમોટા સ્વીકાર કરે છે. શ્રીમોટા, ગુરુને જ્ઞાનશક્તિ તરીકે ઓળખાવે છે. વિશ્વની પ્રત્યેક વસ્તુ પરમ ચેતના સાથે કેવી રીતે સંકળાયેલી છે. એ જ્ઞાનશક્તિ દ્વારા સમજાય છે. એ જ્ઞાનશક્તિને અધ્યાત્મમાર્ગનાં સાધનોથી વ્યક્તિએ અંતરતમમાં અનુભવવાની છે. ગુરુ ભાવસ્વરૂપ છે એમ શ્રીમોટા કહે છે. જ્ઞાનશક્તિ અને ભાવને સતત ધારણ કરનાર કોઈ વ્યક્તિ ગુરુસ્થાને હોઈ શકે. આવા ગુરુના ફોટાની જ માત્ર પૂજા કરવી, એને પગે લાગ્યા કરવું અને એના પ્રત્યે સતત અહોભાવમાં

* 'જીવન પ્રેરણા', પહેલી આ., પૃ. ૧ થી ૧૧

રાચ્યા કરવું એને શ્રીમોટા ગુરુભક્તિ ગણતા નથી. ગુરુપદને યોગ્ય જે તે વ્યક્તિના 'જીવન દ્વારા ગતિમાન થઈ રહેલું જીવંત દૈવત' અને 'એમના સર્જનાત્મક ભાવને જ્ઞાનભક્તિથી સ્વીકારવાં એટલું જ નહિ, પણ કામે લગાડવાની કળા શીખવી એમાં જ ગુરુનો મહિમા છે.'* જે હેતુ ખાતર ગુરુનું આલંબન સ્વીકાર્યું હોય એ હેતુને બાજુ ઉપર રાખી ગુરુની વ્યક્તિમત્તા પ્રત્યે આત્યંતિક લાગણી દર્શાવવી અને એના ફોટાને જ મહત્ત્વ આપવું–એને શ્રીમોટા એક પ્રકારની બીમારી ગણે છે. 'વ્યક્તિ જ જો આશા, તૃષ્ણા, લોભ, મોહ, મદ, અહંકાર, કામના, વાસના, રાગદ્વેષ આદિને મોળાં પાડવાનું અને ચાહીને દૂર કરવાનું તીવ્ર રીતે ઝંખે નહિ તો એને ગુરુમંત્ર તો શું પણ સાક્ષાત્ ભગવાન પણ ઊંચે ચડાવી શકવા સમર્થ નથી.'* આ વિચારણા દ્વારા શ્રીમોટામાં એક વિશિષ્ટ વાસ્તવદર્શી સંતની પ્રતિભાનું દર્શન થાય છે.

જીવનની આ સાધનાનો પંથ દુર્ગમ છે, પણ ધગધગતી તમન્નાથી, પ્રચંડ પુરુષાર્થથી અને પ્રભુની કૃપાથી એ માર્ગે પળી શકાય છે. જીવન વિકાસશીલ છે. માટે, એની સાધના ક્યાંય અટકતી નથી. આ તો અનંત માટેની અનંત સાધના છે. સાધનાના પ્રત્યેક તબક્કે સૂક્ષ્મ અવરોધો તો આવ્યા જ કરવાના. શ્રીમોટા પોતાનાં પુસ્તકોમાં પ્રકૃતિની અનેકવિધ લીલાની રાગદ્વેષયુક્ત અપરા પ્રકૃતિ અને દ્વંદ્વ વિનાની પરા પ્રકૃતિની સમજ આપે છે. 'દૈવી પ્રકૃતિમાં આપણું જીવન સ્થિર થતાં અનુભવની જે કક્ષાઓ આવે છે, એમાં એકતાનો અનુભવ થાય છે ત્યારે ભગવાનનો

---

* 'જીવન પાથેય', પહેલી આ., પૃ. ૧૩

* 'જીવન મંથન', પહેલી આ., પૃ. ૨૨૫

ભાવરૂપ અનુભવ થાય છે. વ્યક્તિમાં અંતરતમ રહેલી ચેતનશક્તિને અનુભવવા માટે આગ્રહો, મંતવ્યો, લાગણીઓ, વિચારો અને સ્થૂળ વહેવાર સંબંધોને પ્રકૃતિની સહાયથી, એના ક્રિયાત્મક રૂપાંતરથી સાચા અર્થમાં લય સાધવો પડે છે. અંદરની ભાવાવસ્થા બહાર પણ સર્વત્ર અનુભવાય છે. 'શ્રીભગવાનના અસ્તિત્વનો હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વકનો નિશ્ચય, 'સ્વરૂપ ભગવાન એ મારો આત્મા છે' એવી ઊંડી અંતરની જ્ઞાનપૂર્વકની સમજ, સર્વરૂપ ભગવાન જ છે એવો હૃદયમાં હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વકનો સ્વીકાર, પોતાની જાતની સંપૂર્ણપણે ઓળખ, એને સ્વકર્મથી સંતોષવા એ જ એની પાકી સમજ-આવું આપણે રોજ ને રોજ નિશ્ચયાત્મક બુદ્ધિથી હૃદયમાં હૃદયથી તે બધું કેળવતા રહીએ અને તે બધું ઊંડું ને ઊંડું સમજથી ઉતારીને તેનો અનુભવ કર્યા કરીએ તો આપણે ભગવાનના છીએ અને તે આપણો છે એવા તત્ત્વનો અનુભવ થશે જ થશે.'* આવા તત્ત્વના અનુભવને જીવનમાં પ્રત્યક્ષ કામ કરતો અનુભવવો એને શ્રીમોટા સાક્ષાત્કાર ગણાવે છે.

આ રીતે, પ્રાપ્ત જીવનના આલંબનથી અને એના હેતુના ભાનથી તેમ જ જીવનના પરમ હેતુને પામવાની જાગૃતિથી અને તીવ્ર અભીપ્સાની આવશ્યકતાના આગ્રહથી આરંભાતી અને પરમના સાક્ષાત્કાર સુધી વિસ્તરતી શ્રીમોટાની જીવનવિચાર-યાત્રાના મુખ્ય તીર્થોનો આ આલેખ છે. શ્રીમોટાએ અનંતની સાધનાના અનેક ગૂઢ અને રહસ્યમય પ્રદેશોની શક્યતાઓનો અને અનુભવલીલાનો પરિચય કરાવ્યો છે. એમાં એમના ગૂઢ જીવનના અનેક પરિમાણો માણી શકાય છે.

---

* 'જીવન મંથન', પહેલી આ., પૃ. ૪૫

શ્રીમોટાએ પત્રલેખન દ્વારા ગદ્ય અને પદ્ય પ્રયોજ્યાં છે. એમનામાં ચેતનભાવ પ્રગટ્યા પછી માનવએકતાના ઉચ્ચ અનુભવની સ્થિર અવસ્થામાં જ આ પત્રો લખાયા છે. આથી, દરેક પુસ્તકમાં એક જ વ્યક્તિને આ પત્રો લખાયેલા હોવા છતાં એમાં વૈયક્તિક અનુબંધ અવરોધક બનતો નથી. શ્રીમોટાના પ્રત્યક્ષ સંપર્કમાં ના આવનાર વ્યક્તિ પણ, આ પત્રસાહિત્ય વાંચતાં અકળ આત્મીયતાનો સંસ્પર્શ અનુભવે છે. પત્રલેખકનો આત્મભાવ એટલો બધો વ્યાપક છે, કે સ્થળ અને કાળનાં બંધનોને અતિક્રમીને વાચકના કાનમાં વાતનો સ્પર્શ કરાવતો હોય એવો એક વિશિષ્ટ અનુભવ આ પત્રસાહિત્ય વાંચતાં થયા કરે છે. આ પત્રો એ શ્રીમોટાનું ચિંતનાત્મક સાહિત્ય છે. એમાં તત્ત્વવિચારના નિરૂપણનો બૌદ્ધિક અભિગમ હોવા ઉપરાંત, એ તત્ત્વવિચાર ભાવથી રસાઈને અધિક હૃદયસ્પર્શી બન્યો છે. આથી, એ પત્રોની સાહિત્યિક ગુણવત્તા અનેકગણી વધી જાય છે.પત્રો વાંચનાર એક વિરાટ વ્યક્તિત્વને માણે છે અને સાથે સાથે એનું અંતરતમ કશીક અકળ વિશાળતા અને ભાવમયતા તત્ક્ષણે સાધે છે. આવું ભાવસંક્રમણ તત્ત્વવિચાર સમજાવતાં સમજાવતાં આ પત્રો દ્વારા થાય છે. એ પણ એના લેખકની અજોડ સિદ્ધિ છે. શ્રીમોટાની આ પત્રોમાંની વાણી શુષ્ક ઉપદેશકની નથી, પણ ચૈતન્યસભર ઉદ્‌ગાતાનો જાગૃતિ પ્રેરતો બલવંતો રણકાર છે. આ પત્રો વાંચતાં વાંચતાં સ્નેહસાગરનાં મોજાં હૈયાને અને ચિત્તને અકળ સ્નેહવારિથી ભીંજવે છે. વાચકના આવા વિરલ પ્રેમાનુભવમાં આ પત્રોના લેખક વત્સલ પિતા, સ્નેહથી હૈયે ચાંપતી માતા અને પરમ ઉદાર નિત્યસાથી એવા વિવિધ સંબંધરૂપો પ્રગટ

કરતા હોય એવું લાગે છે. શ્રીમોટાના ગૂઢ વ્યક્તિત્વનો પરિચય 'જીવન પોકાર'માં સવિશેષ થાય છે.

શ્રીમોટાની વિષયનિરૂપણ કલા આકર્ષક છે એટલું જ નહિ, પણ વિસ્મયજનક છે. શ્રીમોટા કહે છે, કે પોતે અધ્યાત્મશાસ્ત્ર કે ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી. આથી, પોતે બરાબર સમજાવી શકતા નથી, પણ એમનો તત્ત્વવિચાર એમના અનુભવકોશનું રસાયણ છે. પુરુષ, પ્રકૃતિ, ધ્યાન, ધારણા, ત્રાટક વગેરેની લેખકે આપેલી સમજ અત્યંત સ્પષ્ટ છે. પારિભાષિક શબ્દો વિના, સરળ ગુજરાતી ભાષામાં અધ્યાત્મશાસ્ત્રની સમજ આપવી અત્યંત મુશ્કેલ છે. જોકે ભાવ અને ભાવના સમજવાની મુશ્કેલી વાચક ક્યારેક અનુભવે છે ખરો, કેમ કે પરમ ભાવની અભિવ્યક્તિ ભાષાની મર્યાદિત શક્તિમાં થવી મુશ્કેલ છે. શ્રીમોટાના આ પત્રો એક વિશિષ્ટ પ્રદાન બની રહે છે, કેમ કે તત્ત્વજિજ્ઞાસુને આ પત્રોનું વાંચન આવા ગહન વિષયમાં ઘણી સરળતાથી પ્રવેશ કરાવી આપે છે.

શ્રીમોટાના પત્રોમાં નિરૂપાયેલા તત્ત્વવિચારની નોંધપાત્ર લાક્ષણિકતા એમાં આવતાં દૃષ્ટાંતો છે. તત્ત્વવિચાર દૃષ્ટાંત દ્વારા સ્ફુટ થતો હોય છે અથવા તો સમર્થન પામતો હોય છે. શ્રીમોટાએ તત્ત્વવિચારને આચારમાં પ્રગટ કરવા માટે યોજેલાં દૃષ્ટાંત અથવા તો ઉપમા (આ બંને અલંકારોનો અભેદ ઘણી જગાએ લાગે છે.) વેપારને ઉપમાન બનાવે છે. ગુજરાતના આ સંતવિચારકને પોતાના વિચારો વેપારના દૃષ્ટાંતથી સમજાવવાનું સારું ફાવ્યું છે. આસક્તિ અને વૈરાગ્ય સમજાવવા લેખક વેપારનું દૃષ્ટાંત આપે છે ! 'જીવન મંથન' અને 'જીવન સંશોધન'માં આવા અલંકારો

વિપુલ પ્રમાણમાં છે. લેખકની આ રીતિ ગહનવિચારને સમજાવવા ખૂબ ઉપકારક થઈ પડે છે અને વિષયને અધિક રોચક બનાવે છે. શ્રીમોટા, શંકરાચાર્યનો અદ્વૈત સિદ્ધાંત સમજાવવા ભૌતિકશાસ્ત્રના પ્રયોગને દૃષ્ટાંત તરીકે પ્રયોજે છે.* લેખક પોતાના જીવનના પ્રસંગોને દૃષ્ટાંત તરીકે ટાંકી સાધનાની શક્તિને સ્વાનુભવથી સમર્થન આપે છે. શ્રીમોટાની આ રીત પણ વધુ આકર્ષક અને પ્રેરક બની રહે છે.

શ્રીમોટાનાં આ ત્રીસ પુસ્તકોમાં પ્રસંગચિત્રો અને વ્યક્તિચિત્રો આલેખાયેલાં છે. 'જીવન દર્શન'માં શ્રીમોટાએ પોતાના જીવનના પ્રસંગો આલેખ્યા છે. એમાં સત્ય, તાટસ્થ્ય, પ્રમાણભાન, મંથનનું યથાતથ નિરૂપણ વગેરે આત્મચરિત્રની લાક્ષણિકતાઓ સિદ્ધ થયેલી જોવા મળે છે. અન્ય વ્યક્તિચિત્રોમાં સાધુસંતોનાં ચિત્રો ભાવપૂર્ણ આલેખાયાં છે. 'જીવન પોકાર'માં આવા પ્રસંગો તેમ જ રેખાચિત્રો વિપુલ પ્રમાણમાં છે.

શ્રીમોટાની ભાષાશૈલી નોંધ માગી લે છે. ભાષા સાદી અને સરળ છે. છતાં બલવતી અને પ્રાસાદિક છે. વિચારનું નિરૂપણ એ પ્રકારની સંકુલ વાક્યરચનામાં એની વેધકતા-અસરકારકતા ગુમાવે છે અને ઘણી વખત અર્થબોધ થવામાં એ વાક્યરચના અવરોધક બની રહે છે. લેખકના શબ્દપ્રયોગો ધ્યાન ખેંચે છે. 'દિલથી દિલમાં દિલને'-'હૃદયથી હૃદયમાં હૃદયને' વગેરે. ઉપલક નજરે જોનારને આમાં લેખકનું પ્રયોગદાસ્ય લાગે, પણ મને આ પ્રયોગમાં સૂચક વિશિષ્ટતા જણાઈ છે. ત્રીજી, સાતમી અને બીજી વિભક્તિના પ્રત્યયથી રચાતા અર્થસંદર્ભો સમગ્ર ક્રિયાનો એક

---

* 'જીવન મંડાણ', પહેલી આ., પૃ. ૧૨૫

સંકેત રચે છે. લેખક ‘ને લીધે’ અને ‘તેથી કરીને’ જેવા શબ્દ પ્રયોગ કરે છે. તેમ જ ‘નમારમૂંડા’, ‘ગોદાટવું’ જેવા તળપદા શબ્દપ્રયોગો એમની શૈલીને વિશિષ્ટ વ્યક્તિત્વની છાપવાળી બનાવે છે.

શ્રીમોટાના આ પત્રોમાં ઊર્ધ્વ જીવનની સાધનાનો માર્ગ દર્શાવાયો છે. દિવ્ય જીવનનું શ્રીમોટાનું દર્શન અત્યંત સ્પષ્ટ છે. આ પત્રોની વિશેષતા એ છે, કે શ્રીમોટાનું આ જીવનદર્શન એમના અનુભવકોશમાંથી પસાર થઈ સ્થિર બનેલું છે. દિવ્ય જીવન માટેનો એમણે દર્શાવેલો યોગ અથવા તો આ જીવનમાં જ પ્રભુ સાથેના યોગની શક્યતા એવી રીતે નિરૂપાયાં છે, કે વાચકને એ જીવનમાં પ્રવેશવા માટેની તમન્નાનું દ્વાર ઉઘાડે છે. આ માર્ગમાંની કસોટીઓ અને અનંતતાનો પૂરતો ખ્યાલ લેખકે આપ્યો છે. જીવનમાં ભાવના અને ગુણની ભૂમિકા બંધાય એવી શક્યતાનો અનુભવ વાચકને સહેજે થાય છે. આથી, શ્રીમોટાના ચિંતનાત્મક પત્રસાહિત્યને હું જીવનદ્રષ્ટાનો અનુભવયોગ કહું છું.

શ્રીઅરવિંદના પૂર્ણયોગના પાયાના લગભગ બધા જ સિદ્ધાંતો સાથે શ્રીમોટાની વિચારણાનું આશ્ચર્યકારક સામ્ય જોઈ શકાય છે. જોકે શ્રીઅરવિંદના પત્રો ૧૯૪૪ પછી પ્રગટ થયેલા છે, જ્યારે શ્રીમોટાએ મોટા ભાગના પત્રો ૧૯૩૯ થી ૧૯૪૩ દરમિયાન લખેલા છે, જેમાં એમનો મુખ્ય વિચાર આવી જાય છે. આ સામ્ય યોગીની અનુભવકક્ષાની સમતાને અંગે આવતું સ્વાભાવિક પરિણામ છે. બાઈબલમાંના સંત પાઉલના પત્રો, શ્રીરામકૃષ્ણ પરમહંસનું કથામૃત અને શ્રીઅરવિંદના પત્રોનું સહજ સ્મરણ શ્રીમોટાના પત્રોને વાંચતા થયા કરે છે.

ગુજરાતી પત્રસાહિત્ય સારા પ્રમાણમાં છે, પરંતુ યોગાનુભવને નિરૂપતા શ્રીમદ્ રાજચંદ્રના પત્રો ઈતિહાસક્રમમાં પ્રથમ યાદ આવે છે, પણ પરંપરાથી તદ્દન બહાર આવીને નવા જ દૃષ્ટિબિંદુથી ઊર્ધ્વ જીવનની શિક્ષા શ્રીમોટાના પત્રસાહિત્ય દ્વારા મળે છે, એ ગુજરાતી સાહિત્યમાં વિરલ ઘટના છે. ગુજરાતી ભાષા મૌલિક ચિંતનાત્મક પત્રસાહિત્યમાં શ્રીમોટાના પત્રસાહિત્યનું સ્થાન મોખરે છે. શ્રીમોટાની નિરૂપણ રીતિ અને ભાષાશૈલીની દૃષ્ટિએ પણ એક લેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં શ્રીમોટાનું વિશિષ્ટ સ્થાન છે. એ વિધાન આત્યંતિક નથી. ધીમે ધીમે એક લોકસંત તરીકે શ્રીમોટાનું નામ લોકસમુદાય સમક્ષ જાણીતું બની રહ્યું છે, જ્યારે એમનાં આ પુસ્તકો અપ્રાપ્ય બનતાં જાય છે. ગુજરાતી ભાષામાં અનુપમ કહી શકાય એવો વિચારરાશિ નવી આવૃત્તિઓ દ્વારા શ્રીમોટાના વ્યક્તિત્વના જે પાસાનો સ્પર્શ વિચારશીલ પ્રજાને થવો જોઈએ એ કરાવે એમ જરૂર ઇચ્છીએ. શ્રીમોટાએ પોતાનાં કાર્યોથી ગુજરાતી પ્રજાને ધન્ય કરી છે તેમ જ એમનાં લખાણો દ્વારા એમનો અક્ષરદેહ આપણી સમક્ષ પ્રગટ કર્યો છે, એ ગુજરાતી પ્રજા ઉપરનો નિત્યનો ઉપકાર સહેજે વીસરાય એમ નથી. ગુજરાતનું વ્યક્તિત્વ અને એનું સાહિત્ય શ્રીમોટાના આ જીવન દરમિયાન થયેલા અક્ષરકાર્યથી સમૃદ્ધ બન્યું છે.

●

## ૨. સ્નેહસિંધુનું આમંત્રણ
## (શ્રીમોટાની કાર્યપદ્ધતિની મીમાંસા)

૧૯૩૯ પછી શ્રીમોટાએ હરિજન સેવક સંઘની પ્રવૃત્તિનો ત્યાગ કર્યો અને જીવનસાધના અંગે જિજ્ઞાસુઓને માર્ગદર્શન આપવાનું કામ આરંભ્યું હતું. ૧૯૪૨માં દેશમાં સ્વાતંત્ર્ય-મુક્તિનો ઉગ્ર સંગ્રામ આરંભાયો. દેશના નેતાઓને જેલમાં પૂરવામાં આવ્યા. હરિજન સેવક સંઘ આર્થિક મુશ્કેલી વેઠવા લાગ્યો. હરિજન શાળાનાં બાળકોને અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી થઈ. શ્રીમોટાને થયું કે આ સમય બેસી રહેવાનો નથી. હરિજન સેવક સંઘને આજ પર્યંત સેવા આપી છે. આવે સમયે એને સહાય કરવી જોઈએ. એ માટે નાણાં ઉઘરાવવા શ્રીમોટા મુંબઈ ગયા. સપ્ટેમ્બર, ૧૯૪૨ના બીજા સપ્તાહથી આ કાર્યનો આરંભ થયો.

એક મંડળની કાર્યવાહક સમિતિની સભાની કાર્યવાહી પૂરી થઈ. મંડળના મંત્રીએ શ્રીમોટાનો પરિચય સભ્યોને આપ્યો. શ્રીમોટાએ પ્રેમભરી હૃદયવાણી વહાવી. હરિજન સેવક સંઘની, શાળાની, બાળકોની પરિસ્થિતિ સમજાવી. એ માટે નાણાં માગ્યાં. સૌના અંતરને પોતાની ફરજ સમજાઈ. સભાના પ્રમુખશ્રીથી દાનની નોંધણીનો આરંભ થયો. પ્રમુખશ્રી મુંબઈની એક પેઢીના માલિક હતા. એમણે દાનમાં રૂ. ૫૦૧/- આપવાનું જાહેર કર્યું. અન્ય સભ્યોએ યથાશક્તિ રકમ નોંધાવી. શ્રીમોટાએ બીજા દિવસથી નોંધ પ્રમાણે રકમ ઉઘરાવવાનું આરંભ્યું.

૨૦ નવેમ્બર, ૧૯૪૨. શ્રીમોટા, પ્રમુખશ્રી પાસે એમની પેઢી ઉપર ગયા. એમણે રૂ. ૧૦૧/-નો ચેક ધર્યો. શ્રીમોટા, ચેકમાંની

રકમ વાંચીને આશ્ચર્ય પામ્યા. શેઠની સામે વિસ્મયથી જોયું, પણ દાતાના ચહેરા ઉપર આ કર્મ આચર્યાનો છોછ ન હતો. શ્રીમોટાનું આશ્ચર્ય આથી અનેકગણું વધી ગયું. શ્રીમોટાએ રૂ. ૧૦૧/-નો ચેક સ્વીકારવાનો ઈન્કાર કર્યો અને દાનમાં નોંધાવ્યા મુજબ રૂ. ૫૦૧/- જ લેવાનો પોતાનો આગ્રહ વ્યક્ત કર્યો.

પેલા સજ્જને વહેવાર સમજાવ્યો. 'મારી ઈચ્છા પહેલેથી જ રૂ. ૧૦૧/- આપવાની હતી, પરંતુ તમને ફાળામાં વધુ સારી રકમ બીજા સભ્યો આપે એ હેતુથી મેં રૂ. ૫૦૧/- ભરેલા. મારો હેતુ સર્યો પણ ખરો. હું આપું એ તમારે સ્વીકારી લેવું જોઈએ.

એમના આ ઉપકારવચન સાંભળી શ્રીમોટા દિગ્મૂઢ બની ગયા. શ્રીમોટાએ આ વહેવારનો સ્વીકાર કરી લેવો જોઈએ. હવે, પોતે હરિજન સેવક સંઘના પગારદાર કાર્યકર ન હતા. ફાળામાં તો જે કંઈ મળે એ લઈને કામ આગળ ધપાવવું. ખૂટતી રૂ. ૪૦૦/-ની રકમ બીજે વધુ મહેનત કરવાથી મળી રહેશે. આવી દલીલ અન્ય કોઈ પણ કાર્યકરના મનમાં જન્મે એ સ્વાભાવિક છે, પણ શ્રીમોટાએ નમ્રભાવે જણાવ્યું, 'હું તો આપે નોંધાયેલી જ રકમ લેવા આવ્યો છું. આ પ્રકારના સમાધાનથી મારું પતે જ નહિ. આપ જ્યાં સુધી આપે ભરેલી રકમ ના આપો ત્યાં સુધી હું રોજ આપની પાસે આવીને બેસીશ.'

એ જ દિવસથી શ્રીમોટાનો મીઠો સત્યાગ્રહ આરંભાયો. પેઢી ખૂલે તે જ સમયે શ્રીમોટા નિયમિત આવી જતા. પ્રેમાદરભર્યો વહેવાર કરી ત્યાં મૌન સેવતા બેસતા. આખો દિવસ જિજ્ઞાસુ સાધકમિત્રોના પત્રોના વિગતવાર જવાબો લખ્યા કરતા. પેઢીના માલિક ઘણી વાર બબડતા, તિરસ્કારતા પણ એ કશું લક્ષમાં કે

દિલમાં લાવતા નહિ. સાંજ થતાં પેઢીને તાળું વસાય ત્યાર પછી શ્રીમોટા પોતાના નિયત સ્થાને જતા.

આ સત્યાગ્રહનું સપ્તાહ ઉજવાયું. તા. ૨૬મી નવેમ્બર, ૧૯૪૨નો દિવસ. પેઢીના માલિક-પેલા મંડળના પ્રમુખના આશ્ચર્યનો પાર નથી. આ રીતે કેમ વર્તે ? કેવી ધૃતિ, વિનય અને સહિષ્ણુતા ! પણ આ માણસ આખો દિવસ બેસી શું લખ્યા કરે છે ? આ પેઢી ઉપર આ માણસનો કયો વેપાર ચાલતો હશે ? એના શેના હિસાબો હશે ? શ્રીમોટાની જીવનમૂડીનો જિજ્ઞાસુ સાથે ચાલતો આ એક પ્રકારનો વેપાર જ હતોને !

પેલા સજ્જને શ્રીમોટાને પૂછ્યું, 'તમે શું લખ લખ કરો છો ?' શ્રીમોટાએ વિગત જણાવી અને વાંચવાની ઇચ્છા હોય તો એ પત્રો વાંચવા આપવાની તત્પરતા દર્શાવી. શેઠે એ દિવસના પત્રો લીધા અને વાંચ્યા. શેઠની પેઢી ઉપર 'સપ્તાહ' માંડી બેઠેલા પ્રભુની પેઢીના આ મુનીમના ચોપડાનાં પાનાંને વાંચતા તો વેપારી પેઢીના શેઠના હૃદય'ભાવ' બદલાઈ ગયા ! 'ભાવ' ઊછળ્યા !

એમણે કહ્યું, 'તમે તો જ્ઞાની લાગો છો. આટલી સરળ અને સહેલી ભાષામાં તમે કેવું સમજાવ્યું છે !' શ્રીમોટાની છેલ્લા સાત દિવસની નિયમિત પ્રવૃત્તિથી અને વર્તનથી એ શેઠના અંતરમાં કેવા ભાવ જાગ્યા એ દર્શાવ્યું અને પોતે એમની ઉપેક્ષા કરી, જે શબ્દો કહ્યા અને એમનો સમય બગાડ્યો એથી દિલગીરી અને દુઃખ વ્યક્ત કર્યાં. પોતે નક્કી નહિ કરેલું હોવા છતાં રૂ. ૫૦૧/-ની રકમ એમણે હરિજન સેવક સંઘના ફાળામાં આપી.

આ લાક્ષણિક 'ભાગવત સપ્તાહ'ની પૂર્ણાહુતિની કૃપા-પ્રસાદી માણતાં શ્રીમોટાનું હૈયું એમના વિશ્વપ્રેમસ્વરૂપ પ્રભુની કરુણાના સ્મરણથી ગદ્ગદ થઈ ગયું. આંખોમાંથી અશ્રુધારા વહી રહી. શ્રીપ્રભુની કરુણા અને કૃપાનું જે ભાવદર્શન શ્રીમોટાએ કર્યું એને પ્રાર્થનાભાવથી પ્રભુનાં ચરણે સમર્પિત કર્યું. શેઠને પ્રણામ કરી શ્રીમોટા, પેઢી ઉપરથી વિદાય થયા.

આ ઘટનામાં દાન દેનારે જે આપ્યું એ કરતાં કેટલું પામ્યો એ સુજ્ઞ વાચક કળી શકશે અને એ દાન ઉઘરાવનારની અનુભવદશા કેવી થઈ એ એના અનુભવનાર ઉપરાંત कोहि विज्ञातुं अर्हसि ।

આ ઘટનાને અઢી દાયકા વીત્યા. બે તપનો ગાળો પસાર થઈ ગયો. ૧૯૬૭ના સપ્ટેમ્બર માસમાં અમદાવાદના ટાઉન હૉલમાં શ્રીમોટાનો ૭૦મો જન્મદિવસ ઉજવાયેલો. શ્રીમોટાએ સમુદ્રતરણ સ્પર્ધા યોજવા માટે ગુજરાત સરકારને સવા લાખ રૂપિયા આપવાનું ઠરાવેલું. એના સંદર્ભમાં એમણે દર્દભરી વાણીથી ટહેલ નાખી.

શ્રીમોટાને આમ ઉઘરાણું કરવામાં રસ શા માટે છે ? આમાં કઈ ધાર્મિક પ્રવૃત્તિ છે ? આ દ્વારા કઈ રીતે આધ્યાત્મિક વિકાસ સાધી શકાય ? આવા પ્રશ્નો ઘણાના મનમાં જાગે છે. જ્યારથી કામ કરતા હતા ત્યારથી એમણે પોતે ફાળો આપવાનું અને ઉઘરાવવાનું જ કામ કર્યાં કર્યું છે. આથી, એ પ્રકારનું કામ એમને માફક આવી ગયું છે. કોઈ સંતપુરુષની આવી કાર્યરીતિ હોઈ શકે ? વળી પાછું દાનનું લક્ષ્ય પણ વિસ્તરતું જ જાય છે. જ્ઞાનગંગોત્રી માટે બે લાખ અને પાંત્રીસ હજાર, કૉલેજ કક્ષાના

યુવકોના જીવનવિકાસ માટે ચાર લાખ રૂપિયા. હજી બીજી કેટલીય યોજનાઓ શ્રીમોટાના ભાવિદર્શનમાં રાહ જોતી બેઠી હશે !

શ્રીમોટાની દાન માગવાની રીત તો જુઓ ! તેઓશ્રી કહે છે, ‘અલ્યા ભઈ, હું કહું છું કે તમારી પાસે જે કંઈ છે એમાંથી આપો. તમારું બધું જ રળેલું તમારા બાપનું નથી. માટે મને આપો. દિલથી આપો. મારા ખાતર નહિ, પણ તમારાં છોકરાં ખાતર આપો. મને તમારું છોકરું માનો. આ તો હું તમારી પાસે વિનંતી કરીને પ્રેમથી માગું છું. સીધી રીતે ના આપતા હોત તો હું ડંડા મારીને પડાવી લેત ! શું સમજ્યા ?’ શ્રીમોટાનો આ ડારો નથી, પણ એમના પ્રેમની લાક્ષણિક અભિવ્યક્તિ છે. આવું કહીને શ્રીમોટા, લાખો રોકડા રૂપિયા, સોનાનાં ઘરેણાં, કીમતી વસ્તુઓ, વસ્ત્રો અને અલંકારો મેળવી શકે છે. એ આપવા માટે એમનાં સ્વજનો હારમાં ઊભા રહી જાય છે. એ ભેટનો સ્વીકાર કરતાં શ્રીમોટાના અંતરમાં છલકાતો સ્નેહનો સાગર દાતાના હૈયાને ભીંજવવા જાણે એક છાલક લગાવી દે છે ! એમનાં સ્વજન જે કંઈ બની શક્યું એ અર્પણ કર્યાનો આનંદ અનુભવે છે. અને અનોખા ભાવાનુભવથી એમની આંખો પણ ભીંજાઈ છે. આવાં દશ્યો આ લખનારે જોયાં છે.

શ્રીમોટા આ રીતે ઉઘરાવેલાં નાણાંનો ઉપયોગ લાક્ષણિક રીતે કરે છે. પોતાની અંગત સ્વલ્પ જરૂરિયાત માટે કે પોતાના હરિઃૐ આશ્રમોના સંચાલન માટે એ નાણાંમાંથી એક પૈસો પણ લેવાતો નથી. ૧૯૪૨માં શ્રીમોટા ઉઘરાણું કરતા ત્યારે પણ ફંડફાળા ખાતેથી પોતાનો વાહનખર્ચ પણ લેતા નહિ. આશ્રમનો

વહીવટ તો વિરલ છે. શ્રીમોટાનાં વસ્ત્ર કે દવાનું ખર્ચ પણ એક પૈસાનું વાઉચર ખર્ચ ખાતે બનતું નથી. આશ્રમ માટે જરૂરિયાતની વસ્તુઓ ભેટનું સ્વરૂપ લઈને આવી મળે છે. અહીં નાણું જાણે 'વિનિમયનું માધ્યમ' મટીને, કશીક વિરાટ શક્તિના પ્રાગટ્યના યજ્ઞકુંડમાં જ સમાયા કરે છે. હરિઃૐ આશ્રમની આ વહીવટ-પદ્ધતિ જેટલી લાક્ષણિક છે એટલી જ અજોડ હોવાનો પણ સંભવ છે.

શ્રીમોટા, દાનની રકમ મેળવવા ઉદ્યોગપતિઓ કે ધનપતિઓ પાસે જઈ વૈયક્તિક કીર્તિપતાકાનું પ્રલોભન આપતા નથી. વેપારીઓને બીજા 'લાભો'નું ઇંગિત કરતા નથી. એમને ગમે તે પ્રકારે દાનની રકમ એકઠી કરી દેવી નથી. ધનપતિ-માલેતુજારોનાં શરતી દાનની મોટી રકમ એમને જોઈતી નથી. એમને તો અનુસરવું છે માત્ર એમના અંતરતમમાંના પરમ ગુરુએ આપેલા આદેશને. દાન લેવાની પ્રક્રિયા દ્વારા દાતાના અંતરમાં ભાવના અને ગુણનું પ્રાગટ્ય થવા દેવું છે. શ્રીમોટાની ઝોળી પ્રેમ અને પૈસાથી છલકાવી દેનાર મધ્યમવર્ગના ભિન્ન ભિન્ન કક્ષાની નોકરી કરનારાઓ અને વેપારીઓ છે. શ્રીમોટાને જે કોઈ આપે છે એ બિનશરતી આપે છે. આ બિનશરતી ભેટના નિમિત્તથી આપનાર વ્યક્તિ શ્રીમોટાને સહજમાં વીસરી શકતી નથી. એટલે કે જે ચેતનભાવમાં અને ગુણસમૃદ્ધિમાં શ્રીમોટાનું જીવન પ્રગટી રહેલું છે એનું સ્મરણ દાતાને સ્વાભાવિક રહ્યા કરે છે. આ સ્મરણ કંઈક નિમિત્ત પ્રાપ્ત થતાં જીવનવિકાસક ગુણના પ્રાગટ્યમાં પરિણમે છે.

નાણાં આ રીતે ઉઘરાવવા પાછળ સામૂહિક ભાવનાના પ્રાગટ્યની શ્રીમોટાની દૃષ્ટિ જોઈ સમજી શકાય છે. જે વ્યક્તિ પાસે અધિક ધનસંપત્તિ હોય એ જ કલ્યાણક પ્રવૃત્તિને ટેકો આપી શક, એવો વિચાર સામાન્ય માણસમાં એક ગ્રંથિને જન્મ આપે છે. આ પ્રકારની સામાન્ય જનસમાજની સુષુપ્ત ભાવનાને જાગ્રત કરી શ્રીમોટા એ ભાવનાને ક્રિયાશીલ બનાવી આપે છે. આથી, સામાન્ય વ્યક્તિની ભાવના વ્યાપક આકાર પામે છે. આ રીતે સમૂહની ભાવનાશક્તિનું પ્રાગટ્ય શ્રીમોટાની પ્રવૃત્તિ દ્વારા ક્રિયાશીલ બન્યું છે.

શ્રીમોટાએ ગોવર્ધન ઊંચક્યો છે, પણ એનો યશ તો ગોવાળિયાઓના પ્રેમોત્સાહભર્યા ટેકાને આપે છે. શ્રીમોટા, છુપાયેલા જ રહે છે. આ રીતે છૂપા રહેવામાં જ એમનું મોટાપણું છે. કોઈ પણ કાર્ય સાથે પોતાનું નામ કદી જોડતા નથી. પોતે જ લખેલાં પુસ્તકોમાં પણ એમનું નામ એમણે પ્રગટ કર્યું નથી ! શ્રીમોટા તો સામૂહિક શક્તિને એકત્ર કરે છે. એ શક્તિ દ્વારા સમૂહને પ્રેરતાં કાર્યો યોજતા હોય છે. એ કર્મ પર્વતોનાં શિખરોને સર કરવાનું હોય કે સાગરના અતલ ઊંડાણમાં અને અમાપ પટમાં ઝંપલાવવાનું હોય, જ્ઞાનસમૃદ્ધિનું હોય કે ઉત્તમ ભાવનાપ્રેરક કૃતિને પુરસ્કારવાનું હોય, શ્રીમોટા એ દ્વારા માનવસમાજની આંતરબાહ્ય સમૃદ્ધિને નવી જ સર્જનાત્મક દિશા આપવા માગે છે. કોઈ પણ દાનયોજના સાથે નામ જોડવાનું અનિવાર્ય જણાય ત્યારે ભાવના અને ગુણ દ્વારા જેમનું વિશિષ્ટ અર્પણ માનવસમાજને થયું હોય એમનું નામ એ જોડે છે. શ્રીઅરવિંદ સુવર્ણચંદ્રક અને ભગિની નિવેદિતા પારિતોષિક આ

વિધાનનું સમર્થન કરે છે. આથી, જે વ્યક્તિ આ ચંદ્રક કે પારિતોષિક દ્વારા કદર પામે છે, એ વ્યક્તિનું કાર્ય પણ માનવસમાજને અર્પણ થયેલું જ કાર્ય હોય છે. એ વ્યક્તિનો સૂક્ષ્મ સંબંધ અસંપ્રજ્ઞાત રીતે પણ પારિતોષિક સાથે જોડેલ નામધારી વિભૂતિના ગુણ-ભાવના સાથે બંધાય છે.

આ પ્રકારનાં દાનોની યોજનામાં એક વિશેષતા છે. શ્રીમોટા, યોજનાને આકાર આપી એને માટે જોઈતાં નાણાંનો અંદાજ કાઢે છે. શ્રીમોટાની કોઈ યોજના નાની હોતી જ નથી. એ અંદાજેલી રકમ હવે તો છ આંકડાથી ઓછી હોતી જ નથી અને એ દાનયોજના આપવાનો શ્રીમોટા ઠરાવ કરી દે છે. એક પૈસાના પણ ભંડોળ વિના કોઈ ટ્રસ્ટ લાખો રૂપિયાના દાનની યોજનાનો ઠરાવ કરે એ વિપરીત વહેવારગતિ જેવું લાગે ! શ્રીમોટા, ત્યાર પછી એ રકમ એકઠી કરવા કાર્ય આરંભે છે. શ્રીમોટાની યોજનાઓ પૂરી થાય છે. એમાં તો શ્રીમોટા ‘હજાર હાથવાળા પરમ કૃપાળુ ભગવાન’ની કરુણાનાં દર્શન કરે છે. શ્રીમોટા, દાનની કુલ રકમનું એક ટ્રસ્ટ બનાવીને મૂળ રકમ બને ત્યાં સુધી અનામત-સલામત રાખીને એના વ્યાજમાંથી એની યોજનાને ગતિ આપવાનું સૂચવે છે. આ એક બીજી વિશેષતા છે અને ત્રીજી નોંધપાત્ર ઘટના તો એ છે, કે શ્રીમોટા પોતે જ કરેલી ગુણ-ભાવનાવર્ધક યોજનામાં વહીવટી વ્યક્તિ તરીકે પ્રવેશતા નથી. એ તો પ્રજાનાં જાહેર હિતોને સંરક્ષતી અને સંવર્ધતી સંસ્થાઓને એ રકમ સોંપી દે છે. યોજનાને આર્થિક શક્તિથી વેગભર્યો ધક્કો આપી શ્રીમોટા નવી જ પ્રવૃત્તિ કરવા લાગી જાય છે.

મંદિરો, વિદ્યાલયો અને અન્ય ભવનો બાંધવાની અને એ દ્વારા યશપતાકા ફરકાવવાની પરંપરિત દાનયોજના કરતાં શ્રીમોટાની યોજના વિલક્ષણ છે. ધર્મમંદિરો, ભવનો, કેળવણીધામો-એમાં પ્રવેશનારમાં સદ્‌ગુણો હશે, એમની ભાવના વિસ્તાર પામી હશે તો જ ટકી શકવાનાં છે. આથી, શ્રીમોટા, ગુણવાન અને ભાવનાશાળી વ્યક્તિઓની જાહેર કદર દ્વારા એનો ચેપ સમાજમાં પ્રસારે છે. સામૂહિક ગુણવિકાસ થાય એવી પ્રવૃત્તિઓ યોજાવે છે. શ્રીમોટાને તો વ્યક્તિની ભાવસમૃદ્ધિમાં, ભરતી આણવી છે, પણ વેવલાશને છાવરવી નથી. મતાંતર-સહિષ્ણુતા, ઉદારતા, શાંતિ, પ્રસન્નતા, અભય, સાહસ, પરાક્રમ જેવા ગુણોનો પ્રકર્ષ સાધવો છે. માનસિક નિર્બળતા, વૃત્તિની ચંચળતા અને શારીરિક શિથિલતાને પોષતી આધુનિક મનોરંજક પ્રવૃત્તિનો વિરોધ કરવા કરતાં શ્રીમોટાનાં આવાં રચનાત્મક કાર્યોથી નિર્બળ જીવનના પ્રતિકારને પ્રગટ કરતો જવાબ છે.

શ્રીમોટાની નજરમાં સમગ્ર રાષ્ટ્ર છે, પરંતુ તેઓશ્રી ગુજરાતની ધરતીનું સંતાન છે. ગુજરાતની પ્રજાની વિશેષતા જાણીતી છે. ગુજરાતીનું સંધાન જગતના ખૂણે ખૂણે છે. શ્રીમોટાની ગુણભાવના સંવર્ધક પ્રવૃત્તિઓ ગુજરાતના બધી કક્ષાના માનવીઓ માટે છે. માનવમાત્રમાં રહેલા ગુણની કદર કરી સમૂહને એ ગુણ પ્રત્યે આકર્ષતી શ્રીમોટાની પ્રવૃત્તિ જાતિ-કોમ કે વયની મર્યાદાને અતિક્રમીને વિકસી રહી છે. આ એક વિશિષ્ટ દૃષ્ટિબિંદુ છે. શ્રીમોટા, આવી યોજના-પ્રવૃત્તિ દ્વારા માનવએકતાના આદર્શના-એક આધ્યાત્મિક સમાજની રચનાની સિદ્ધિની શક્યતાના પાયા

ખોદી રહ્યા છે. જો પ્રજાનું હૃદય ભાવભર્યું નહિ હોય, કાર્ય એકતાની ભાવનાથી પ્રેરાયેલું નહિ હોય અને સદ્ગુણો, વાણી પૂરતા મર્યાદિત ના રહેતાં, પ્રત્યક્ષ જીવનવહેવારમાં ક્રિયાશીલ બનેલા ના હોય તો સ્વાતંત્ર, સામાજિક તંદુરસ્તી કે જીવનવિકાસ- એકેએક છદ્મવેશી પ્રદર્શન બની રહેશે ! વિજ્ઞાને બક્ષેલી સિદ્ધિ, યંત્રોએ જન્માવેલી શક્તિ અને સંજોગોએ નિર્મેલી શક્યતાઓ ભૂતાવળ બનીને માનવની આ સમૃદ્ધિને છિન્નભિન્ન કરી નાખશે. પશ્ચિમનાં રાષ્ટ્રો ભૌતિક સમૃદ્ધિથી છલકાતા હોવા છતાં જે માનસિક અશાંતિ, વિષમતા, કંટાળો, ધિક્કાર અને નિરાશાની લાગણી અનુભવે છે, એવી સ્થિતિમાં માનવસમાજ ફેરવાઈ જાય. શ્રીમોટા, સ્વયંસ્ફુરિત આ યોજના-પ્રવૃત્તિ દ્વારા ‘સમાજને બેઠો કરવાની’ વાત કરે છે એનું આ કારણ છે. માનવએકતાનો આ ખ્યાલ શ્રીમોટા પ્રવૃત્તિનો પ્રેરક છે. શ્રીમોટાના અંતરમાં જાણે વિશ્વક્રમ સ્પષ્ટરૂપે સ્થિર હોય એવું આ યોજનાની કલ્પના અને સૂઝ ઉપરથી સમજી શકાય છે.

શ્રીમોટાનો સમાજ એ માનવસમાજ છે. એમણે જે ભૂમિ ઉપર દેહ ધારણ કર્યો છે અને જે પ્રદેશની ભાષા દ્વારા એ કામ કરે છે એટલા પૂરતી એ સામાજિક સેવાની લીલા છે, પણ એમની જીવનસિદ્ધિ તો વ્યાપક પ્રેમભાવમાં પ્રગટ થયેલી છે. એ જીવનસિદ્ધિ વહેવારમાં ક્રિયમાણ શક્તિ સ્વરૂપે સાક્ષાત્ થઈ રહી છે. વ્યાપક એકતાના અનુભવમાં એમની ચેતના સ્થિર બની પોતાની રીતે કાર્ય કરી રહી છે. અમેરિકાના માઈકેલ રિગ્ગસ, કેનેડાના રોબીન, કરાંચીના મુસ્લિમ ફકીરો, નડિયાદનિવાસી મુસલમાન સદ્ગૃહસ્થ અને નડિયાદના ચર્ચના ખ્રિસ્તી મિશનરી

ધર્મગુરુ આ વિવિધ કોમના, ભિન્ન ભિન્ન ભાષા પ્રયોજનારા અને જુદા જુદા ધર્મ આચરનારા શ્રીમોટાના અંતરમાં છલકાતા સ્નેહસાગરના સેતુ ઉપર વિહરી ગયેલા જીવનયાત્રીઓ છે.

વિશાળ જનસમુદાયની નજરે શ્રીમોટા ફાળો ઉઘરાવનાર અને સામાજિક ઉન્નતિ ઝંખતા એક કાર્યકર જણાય છે, પણ શ્રીમોટા તો હૈયાનાં દાન માગે છે. એમની પાસે જનારને એ દિલ આપવાનું કહે છે. પૈસાને તો એ નિમિત્ત ગણતા હોય એમ લાગે છે. તેઓશ્રી કહે છે, 'તમારા પૈસાને ચાહો છો, તમારી સ્ત્રીને કે તમારાં પતિને પ્રેમ કરો છો અને તમારાં બાળકોને વહાલ કરો છો-એવું દિલ મને પણ આપો.' શ્રીમોટાની આ સનાતન ટહેલ છે, જાણે અનંત કાળથી છલકાતા રહેલા સ્નેહસાગરનું આ ગર્જન છે. શ્રીમોટા, એ સ્નેહસાગરમાં સ્થિર બનેલું વ્યક્તિરૂપ છે. એ સ્થિર બનેલ વ્યક્તિરૂપના વિશાળ હૃદયનો આ પોકાર છે. એ સ્નેહસિંધુનું આમંત્રણ છે. એ સ્નેહસિંધુ-આનંદસિંધુ અનંત કાળથી માનવજાતિને પોતાના હાથ ઊંચા કરીને, રંગબેરંગી મોતીઓનો પ્રકાશ ઝબકાવતો, પોકારી રહ્યો છે, 'અહીં આવો. અભિમુખ થાઓ.' પતિતને, કલુષિત થયેલાને, ગરીબને, તવંગરને, કલાકારને, કવિને, ફિલસૂફને, સ્ત્રીપુરુષ-બાળકોને, નાનાંમોટાં સૌને એ બોલાવે છે. એકતા અનુભવવાનો એ જ આરો છે. પણ...

**જવાશે જઈશું ત્યારે, કહી કોઈ પ્રમાદથી ગયું ના.'*

એવી આ સંસારી જીવોની ધરપત એ જોયા કરે છે. તેમ છતાં એ સ્નેહસિંધુએ ઈજન મોકલવાનું મુલતવી રાખ્યું નથી.

---

* રામનારાયણ વિ. પાઠક રચિત 'સિંધુનું નિમંત્રણ'

ક્યારેક ક્યારેક એ સ્નેહસાગરનાં મોજાં પ્રેમભર્યું દર્દ સંભળાવી પણ દે છે. 'મારું કોઈ નથી.. મારો કોઈ શિષ્ય નથી. હું કોઈનો ગુરુ નથી. જે બતાવું છું એ રીતે કોઈ વર્તતું નથી.' ૧૯૬૭ના સપ્ટેમ્બરમાં ટાઉન હૉલ, અમદાવાદમાં શ્રીમોટાની પ્રેમદર્દભરી વાણી જેમણે સાંભળી હશે એના અંતરે શું અનુભવ્યું હશે ? વેદવ્યાસે પોતાના 'મહાભારત' કર્મ પછી હાથ ઊંચા કરીને 'મારું કોઈ સાંભળતું નથી.' એ ગીર્વાણગિરામાં ઉદ્ગારેલું. તેનું જાણે ગૂર્જરગિરામાં સંસ્કરણ થતું આ લખનારે તત્ક્ષણે અનુભવેલું. શ્રીમોટાના એ ઉદ્ગારોનો સંદર્ભ રકમ દ્વારા દાન માગવાનો ના જ હોય. એ તો એમનામાં પ્રગટેલા ચેતનભાવનો સ્ફુલ્લિંગ હતો. શ્રીમોટા ફાળો એકઠો કરવાના નિમિત્તે માનવહૈયાને પોતાની સમીપ આણે છે. દાન સાથે ભૂલેચૂકે પણ દિલ ખોલી દે એને એ વિશાળ હૈયાની ઉપચારકલાનો અનુભવ થયા વિના રહેતો નથી. શ્રીમોટાની આ જ મોટી દેણગી છે. એ દેણગીનો જેણે ઉપયોગ સાધ્યો, એ આ પોતાની જાતને 'ગરીબ' જણાવતા પાસેથી ભીતરનો તાલેવર બનતો જાય છે.

પણ આ સ્નેહસિંધુનું આમંત્રણ જેણે વાંચી લીધું છે, એણે ક્યાં જવું ? આ અમારી વચ્ચે આવી અવારનવાર ગર્જી જતા. ઘૂઘવી જતા પ્રેમસાગરને કેવી રીતે પામવો ? એની હૃદયગુહામાંનું સત્ત્વ ક્યાં જઈને, કેવી રીતે માણવું ? એના અતલ ઊંડાણનો તાગ મેળવી રંગબેરંગી મોતીઓનો પ્રકાશ શી રીતે પમાય ? શ્રીમોટા તો 'ગુરુડમ'નો સખત વિરોધ કરે છે. તેમ છતાં શ્રીમોટા, શિક્ષક છે. પ્રેમદંડથી હૃદયની કેળવણી આપે છે. મૌન દ્વારા જ સાચું શિક્ષણ આપી શકાય એવી ઉપનિષદના ઋષિની

શિક્ષણપદ્ધતિ એમણે અપનાવી છે. પરમનું જ્ઞાન ગુપ્ત રીતે એકાંતમાં જ આપી શકાય એ રીત એમણે સિદ્ધ કરી છે. કાવેરી, તાપી અને શેઢી જેવી ભારતીય સંસ્કૃતિને પ્રસારતી અને એનું ગીત ગાતી સરિતાને કિનારે એમની આ શાળાઓ ચાલે છે. ફિરોઝપુરમાં (પંજાબ રાજ્ય) અને નરોડામાં (અમદાવાદ) પણ આવી શાળાઓ છે.* આ હરિઃૐ મૌનમંદિરોમાં હૃદયની કેળવણી અપાય છે અને ખુદને પામીને ખુદાને માણવાનો અભ્યાસક્રમ યોજાય છે. આને માટે કશા જ પ્રમાણપત્રો અપાતાં નથી. આ અનંત માટેની અનંત કેળવણી છે. બુદ્ધિને કેળવીને સાક્ષરતા સિદ્ધ કરેલા મન અને વૃત્તિઓના કેટલાય દર્દીઓએ પોતાનાં દર્દને આ મૌનંમદિરમાં બેસીને વ્યક્ત કર્યાં છે. કદી નહિ કહેવાયેલી વાતોથી અહીં આવાં કેટલાંય હૈયાં હળવાં બનેલાં છે અને આ બધું સંચાલિત કરતી ચેતનાએ એક જ ઝપાટે એ દર્દો મટાડ્યાં છે. આ શાળામાં પ્રવેશવાની શરત છે. લગની અને ખુલ્લાપણું. ઉપચાર કરનાર ધન્વંતરિ એનો અમલ કર્યા જ કરે છે. એ રોગને દાબતો નથી. એ શરીરમાંની અન્ય નિર્બળતાઓને શક્તિશાળી બનાવી, એ રોગી રહે નહિ અને બને નહિ એવી સમૃદ્ધ અને પ્રતિકાર કરી શકતી દૃઢ-મજબૂત બનાવે છે. ભારતના મહત્ત્વનાં કેંદ્રો ઉપરથી શ્રીમોટાના વિદ્યાપીઠના જે પાટીધર-વિદ્યાર્થી બન્યા છે, પ્રયોગ કરવા ખાતર પણ જેઓ ત્યાં આંટો દઈ આવ્યા છે, એમને શ્રીમોટાના સ્નેહસ્પર્શનો કદી ના ભુલાય એવો અનુભવ થયા વિના રહ્યો નથી. જેની હૃદયપાટી શ્રીમોટાના સ્નેહવારિથી એક વખત પણ ભીંજાઈ છે,

* આજે ફક્ત નડિયાદ, સુરત અને કુંભકોણમ્‌માં જ છે.

એ સહેજવારમાં કોરી થઈ જતી નથી. જેણે જેણે એ સ્નેહસરિતામાંથી માત્ર આચમન પણ કર્યું છે, એમને એનો અમલ ચડેલો છે.

નાણાંના ઉઘરાણા મારફત, બીજી મોટી દાનયોજના દ્વારા, હરિઃૐ આશ્રમોનાં મૌનભવનોમાં અને ‘રોટલા ખાવાના’ નિમિત્તે જેને ઘેર જાય એણે કશુંક આપવાની શરતે એમને ઘેર પરોણા બનીને શ્રીમોટા જે કંઈક લે છે અને એટલું બધું દે છે એનો હિસાબ તો શ્રીપ્રભુની પ્રેમપેઢી ઉપર મૂંગા રહેલા આ વહીવંચાના ચોપડાનાં પાનાં જ આપી શકે !

શ્રીમોટા, આશ્રમોમાં જનોઈ આપે છે. લગ્ન કરાવી આપે છે. ખાતમુહૂર્ત કરાવે છે અને વાસ્તુ કરાવી આપી છે. એમ કરાવી આપતા આ પુરોહિત પરંપરિત કર્મકાંડમાં પરોવાતા નથી, પણ કર્મ પાછળ રહેલા ભાવ અને ભાવનાને કેંદ્રમાં રાખીને યજમાનનું ગુણસંવર્ધન કરે છે. બધી જ વિધિ શ્રીમોટા જાતે જ ગુજરાતી પદ્ય દ્વારા કરે છે અને કાર્યપદ્ધતિ સરલ, ટૂંકી અને સાદી રાખે છે. એ કેટલી અસરકારક બનતી હશે !

આટલું વૈવિધ્યસભર કર્મ યોજતી અને આચરતી શક્તિ જે શરીરમાં વસે છે, એ શરીરનો શણગાર જોવા જેવો છે. પગમાં બૂટ, મોજડીઓ કે સ્લીપર, કમર ઉપર ખાદીની લુંગી, ડાબા ખભે ખેસ, આંખો ઉપર કાળાં ચશ્માં અને માથા ઉપર ફેંટો. ગુર્જરભૂમિના આ માનવશરીરનાં આ ઉપવસ્ત્રો છે અને એ પોશાકમાં અખંડ ભારતની મુખ્ય વસ્તીનું પ્રતિનિધિત્વ જળવાયું છે. શ્રીઅરવિંદે માનવએકતાની સંભાવના અને શક્યતાના પાયાનો જે વિચાર કરેલો છે, એ શ્રીમોટાના વેશ અને વર્તન

દ્વારા પ્રગટ થઈ રહ્યો છે. જોકે શ્રીમોટાની પોશાકપસંદગી પાછળનો આ હેતુ નથી, પણ સહજ ઘટનાનું આ એક ઉપજાવેલું અર્થઘટન છે.

શ્રીમોટાને ઝામરનો રોગ છે. આથી, માથામાં સતત સણકા માર્યા જ કરે છે. તેઓશ્રીને રાતદિવસ ફેંટો બાંધી રાખવો પડે છે, તેનું કારણ આ દર્દ છે. રાતના સૂતી વખતે પણ ફેંટો બાંધવો પડે છે. Prostate Gland-નું પેશાબનું દર્દ તેમ જ હરસ-મસા છે. કમરમાં Spondilitisનું દર્દ છે. કરોડરજ્જુના બે મણકા ગંભીર રીતે ઈજા પામેલા છે. ચાર વર્ષથી બેસવાની તકલીફ છે. આથી, સતત પથારીમાં પડ્યા રહેવું પડે છે. મુસાફરી પણ સૂતાં સૂતાં કરવી પડે છે. બંને થાપા ઉપર ભારે કળતર થયા કરે છે. આથી, પથારીમાં પડ્યા રહેવા છતાં શરીરને આરામ મળી શકતો નથી. સતત પડ્યા રહેવાને લીધે શ્રીમોટાના પગની નસો નિર્બળ થઈ ગઈ છે. આથી, ચાલતાં ચાલતાં ઘણી વાર પગ અસ્થિર થઈ જાય છે. આ ઉપરાંત, દમનો વ્યાધિ છે. કોઈ પણ પ્રકારની વાસ શ્રીમોટાના શરીરને દમથી હંફાવે છે. અગરબત્તીની સૌમ્ય વાસથી પણ દમ થાય છે. દમનો હુમલો થાય ત્યારે પથારીમાં સુવાય નહિ અને બેસી રહેવાથી થાપામાં તથા કમરમાં અસહ્ય પીડા થાય. આંખમાં ઉગ્ર ખીલ છે. એ મટાડવા માટે સિલ્વર નાઈટ્રેડ જેવી અગન બળે એવી દવાનાં ટીપાં આંખમાં નાખવા છતાં ખીલ મટતા નથી. સર્પદંશને કારણે આખા શરીરે બળતરા થયા કરે છે. આથી, શ્રીમોટા, ખુલ્લા શરીરે રહે છે અને દિવસમાં ત્રણેક વખત સ્નાન કરે છે. આ ઉપરાંત, અનિદ્રાનો વ્યાધિ છે. આટલા ગંભીર અને અસહ્ય વેદનાજનક વ્યાધિવાળું શ્રીમોટાનું

શરીર નિયમિત રીતે પરોઢિયે ચારથી રાતના આઠ સુધી જુદાં જુદાં કાર્યો યોજે છે અને કરે છે. તેમ છતાં વેદનાનો એક ઉંહકાર કે અણસાર કોઈને પણ સંભળાતો કે જણાતો નથી. આમ છતાં આ સ્નેહસિંધુની સપાટી ઉપર આનંદનાં મોજાં અવિરત દેખાયાં કરે છે. પ્રસન્નવદન, પ્રેમભરી વાણી, ઉમળકાભર્યો સત્કાર અને વહાલભર્યો વહેવાર-એવા શ્રીમોટાનાં દર્શન આપણું ભાગ્ય છે. આપણે આપણા ભાગ્યનો નાદ સાંભળીએ.

એ સ્નેહસાગરનું નિત્યનું નિમંત્રણ ધ્યાન દઈને વાંચીએ-સમજીએ. એ સાંભળ્યા પછી હવે વિલંબ શાને ? પ્રમાદ કેમ ? કોની પ્રતીક્ષા ? દંભનાં ઉપરણાં ફગાવીને મરજીવાની જેમ એ સ્નેહસાગરમાં ઝંપલાવીએ.

કેમ કે આયુષ્યના અવશેષે ઊભીને પશ્ચાત્તાપ કરવાનો વારો ના આવે કે ‘ખરેખર અમારા સૌની વચ્ચે આ શરીરમાં વસેલા-પ્રગટેલા ‘મોટા’ને સમયસર ના ઓળખી શકાયા - ના પામી શક્યા !’

ooo

# પરિશિષ્ટ-૨
# પૂજ્ય શ્રીમોટાના કેટલાક પત્રો

॥ હરિઃૐ ॥

સુરત, તા. ૮-૫-૧૯૬૮

વહાલા રમેશભાઈ,

તમારો કાગળ મળ્યો છે. છાપવાના કાગળ નંદુભાઈએ વેચાતા લઈને પ્રેસમાં મોકલ્યા છે. નંદુભાઈને ઓચિંતું ટ્રિચિ જવું પડ્યું છે. હવે તો હું તા. ૧૨-૫-૧૯૬૮ના રોજ શ્રી શશિકાંતભાઈને ત્યાં હોઈશ ત્યારે મળશોજી. જે નિર્ણય કર્યા વિના ચાલે એવું જ ના હોય તે વિચારાય. બાકી તો નંદુભાઈ આવે ત્યારે ઠીક ફાવશે.

●

સુરત, તા. ૯-૫-૧૯૬૮

જત, તમારો તા. ૮-૫-૧૯૬૮નો કાગળ મળ્યો છે. નંદુભાઈ તો ટ્રિચિ ગયા છે. શ્રી પેટલીકર તા. ૧૦ થી ૨૨ સુધી બહારગામ છે તે જાણ્યું. તમે મને અમદાવાદમાં મળશો ત્યારે વાત કરશોજી. નંદુભાઈ જ આવી બાબતમાં વધારે જાણકાર. હું તો માત્ર સાક્ષી જ રહ્યો હતો. તમે જેમ જે રીતે યોગ્ય થાય તેમ હવે તો કરવાનું

●

સુરત, તા. ૨૦-૫-૧૯૬૮

તમારો તા. ૧૮-૫-૧૯૬૮નો કાગળ મળ્યો છે. 'જીવન મંથન' પાન-૩૬, ૩૭, ૩૮માં મેં તે પ્રસંગ આલેખેલા છે. તો તે જ લઈ લેશો તે જાણ્યું છે. શ્રી વિષ્ણુભાઈને પ્રેસમાં મૅટર આપી

દીધું હશે. બાની ઉત્તરક્રિયામાં તમે રોકાયેલા હશો તે જાણ્યું. આપણે તો જે કંઈ કરીએ તે દિલનો ભાવ રેડીને તે તે પ્રભુપ્રીત્યર્થે કરવાનું હોય.

ભગવાને જ આપણને ભેટાવ્યા છે. અરુણાબહેનને સપ્રેમ વહાલ.

•

સુરત, તા. ૮-૭-૧૯૭૦

'જિજ્ઞાસા'ના બે ફર્મા મળ્યા છે. શુદ્ધિપત્રક મૂકવું પડશે ખરું. મને યોગ્ય લાગશે ત્યારે તે વાંચી કરી તમને લખી મોકલવાનો પ્રયાસ કરીશ, પરંતુ તે સુધારેલું તમને ક્યારે મળે ? માટે, તમે પોતે સ્વતંત્ર પ્રયાસ કરી બને એટલું સુધારવા-સુધરાવવાને મથશોજી.

તમને મહેનત ઉપર મહેનત પડ્યા કરે તેવું સોંપ્યા કરું છું, પરંતુ દિલનાને જ કહેવાયને !

•

સુરત, તા. ૨૯-૭-૧૯૭૦

મોટાના નિવેદનમાં નીચેનું ઉમેરી લેશોજી. 'મેં ભાઈશ્રી રમેશભાઈને વિનંતી કરી કે તેમણે મારા 'જિજ્ઞાસા' ઉપરના લખાણ પર વિવેચન લખવું અને તે વિવેચન છપાવવું પણ ખરું. આ પુસ્તકમાં જ. ભલે એવો રિવાજ ના હોય, પરંતુ આપણે નવો રિવાજ પાડીશું. ભલે એ ઠીક ના જણાતો હોય, પરંતુ મને તેમ કરવું જ યોગ્ય લાગે છે. માટે, ભાઈ રમેશભાઈએ જરાય ખચકાયા વિના 'જિજ્ઞાસા'ના લખાણ ઉપર નિઃસંકોચપણે જે યોગ્ય લાગે તે વિવેચન લખવાનું કરવું જ કરવું.'

સુરત, તા. ૩-૬-૧૯૭૦

જત મારા ઉપર કંટાળશો નહિ. મનમાં મનથી અકળામણ સેવશો નહિ, કારણ કે વારંવાર 'જિજ્ઞાસા' ઉપરનું લખાણ લખીને અગવડમાં મૂકી દેવાનું કરતો હોઉં, પરંતુ અહીં તો ઊંટનાં અઢારેય વાંકાં જેવું છે.

'જિજ્ઞાસા' ઉપરના મારા નિવેદનમાં જેનો જેનો આભાર માનવાપણું કરવાનું હોય તે ના લખાયું હોય તો તમારે બધું કરી લેવાનું છે. કંઈ જ કશું બાકી ના રહી જાય તે જોવા વિનંતી.

વાગોળવું અને ચિંતવન-એ બંનેનો તફાવત દર્શાવવો યોગ્ય. ભાગ્યે જ કોઈ આવો તફાવત સમજી શકતું હશે. જિજ્ઞાસામાંથી તો ચિંતવન જ પ્રગટે એ તફાવત પ્રભુકૃપાથી આમાં સ્પષ્ટ થયો છે, તે સારું લાગ્યું. તમે કદર કરી શકશો.

●

સુરત, તા. ૫-૬-૧૯૭૦

'જિજ્ઞાસા'ના સંપાદક તરીકે તમારું નામ રાખવાનું છે. 'જિજ્ઞાસા' છપાવીને મારા હાથમાં મૂકશો ત્યારે તેના સર્જનના પ્રત્યક્ષ સાકાર થવાપણાનો આનંદ કોઈ ઑર હશે. છેલ્લો હપતો જે લખાયો છે, તે મને ઉત્તમ લાગ્યો છે. વિવેચક તરીકે તમારું નામ છપાવવામાં મુદ્દલે સંકોચ સેવવાનો હોય જ નહિ અને કેટલુંક આડુંઅવળું પણ જિજ્ઞાસાના લખાણ પરત્વે જરૂર લખજો જ. અને એવું તો મળવાનું જ. અને તો જ વિવેચકનું કામ કર્યું ગણાય.

ગુજરાતી સાહિત્યમાં 'વાગોળવું' અને 'ચિંતવવું' એવો સૂક્ષ્મ તફાવત ભાગ્યે જ કોઈક જાણતું હશે.

વલ્લભવિદ્યાનગર, તા. ૨૨-૬-૧૯૭૦

ભાઈ રમાકાંત દ્વારા દૈવાસુર સંગ્રામ વિશેની એક ટૂક મોકલી છે, તે ટૂકની બીજી લીટીમાં એમ છે.

'જિજ્ઞાસા બળ પ્રેરે છે જીતવાને ખરેખરું' એમાં 'જીતવાનું' એમ જ છે, તેને બદલે 'ઝઝૂમવા' શબ્દ સુધારવાનો છે. જિજ્ઞાસામાં દૈવાસુર સંગ્રામની હકીકત આવી જવી જોઈતી હતી, તે ન હતી એવું યાદ છે. જો દૈવાસુર સંગ્રામની હકીકત આવી જતી હોય તો ના ઉમેરશો. નહિતર તે ઉમેરશોજી.

●

પેટલાદ, તા. ૧૯-૬-૧૯૭૦

આજે હેમંતભાઈ કને ફર્મો સુધરાવીને મોકલ્યો છે. તે પ્રમાણે કરી જે ભૂલો ફર્મામાં છે તે સુધરાવવામાં તેની પાકી કાળજી રાખશો. તમે પણ પ્રૂફ એવી રીતે જોશો કે ભૂલ ના રહી જાય.

તમારે 'જિજ્ઞાસા'નું કામ માથે છે, પરંતુ તે ઉત્તમોત્તમ ભાવે અને રીતે થાય તો જ તે કંઈ યોગ્ય થયું ગણાય અને તે પણ શ્રીપ્રભુપ્રીત્યર્થની ભાવના અને તેવી પાકી સમજણથી થાય તો જ આપણા માટે ખપનું. આપણા પરસ્પરના ભાવને વિકસાવવા જ આ કર્મ છે, અને હવે પછીથી પણ જે કર્મ મળ્યાં કરે તેને તે રીતે અને તેવા ભાવે અને તેવા હેતુના જ્ઞાનભાન સાથે આપણે અપનાવવાનાં છે.

●

તા. ૧-૭-૧૯૭૦

'જિજ્ઞાસા' ઉપરનું તમારું વિવેચન વાંચ્યું. મને તો ગમ્યું.

છપાવી નાખજો. તેની જુદી જુદી નકલો કોઈ જો માસિકને મોકલવા કઢાવવી હોય તો તેમ પણ કરાય.

નીચેનું ઉમેરાય તો ઉમેરશો. નહિતર કશો વાંધો નહિ.

હાર્દ ગર્ભમાં ઊંડે અંતરીક્ષે પ્રવેશીને,
જિજ્ઞાસા કેવું દર્શાવે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મયે ॥
જિજ્ઞાસા રૂપ લે પોતે એક એકથી શાં જુદાં
છતાં એકબીજા સાથે સરખાવાય ના કદા. ॥

તમારી મહેનત ઘણી. મારે માટે તમે હૃદયથી જહેમત ઉઠાવી છે. બદલો તો એને હાથ.

અરુણાનું સ્વરૂપ તો વિવિધ અને કળા વિવિધ અને નિત્ય નવીન છતાં પાછું એક !

•

ચલથાણ, તા. ૨૨-૯-૧૯૭૦

જત અમે સુરત જિલ્લાના ચલથાણ ગામે છીએ. આ સાંજે તો નડિયાદ પહોંચી જવાના જ.

અમદાવાદ તા. ૨૬-૨-૧૯૭૦ હોવાના. તે દરમિયાન 'જિજ્ઞાસા'ના બેત્રણ ભાગની કડીઓ મળી જાય તો તે તા. ૩-૧૦-૧૯૭૦ના રોજ અમે સુરત આશ્રમે હોવાના, ત્યારે તે છાપખાનામાં આપી દેવાય.

ઉતાવળ કરવાની જરૂર તો નથી. તમે કૃપા કરી રોજ થોડોક સમય આપી શકો તો તેટલું તો થાય ખરું. શક્ય તેટલો યત્ન કરશો.

•

કુંભકોણમ્, તા. ૧૯-૭-૧૯૭૧

'શ્રદ્ધા' ઉપરનું લખાણ લગભગ લખાઈ ગયું છે. સળંગ નોટબુકોમાં લખાયેલું હોવાથી તેને ક્રમબદ્ધ ગોઠવવા માટે પ્રત્યેક કડીને કાપી કાપીને તેને બીજા કાગળ ઉપર ત્રણેક દિવસમાં ચોડાઈ જશે. તે પછી તે બધું હમણાં તો ના મોકલાય, પરંતુ સુરતથી આંગડિયા મારફત મોકલાવવાનું છે અને પ્રેસમાં આપી શકાય તેવી રીતે, જેમ 'જિજ્ઞાસા'ની ફાઇલ તૈયાર કરી હતી તેમ કરી આપવાનું છે. ઝટ છપાઈ જાય એવી મારી મરજી છે. સારા કાગળ, સારું પૂંઠું, પૂંઠાનો સારો કાગળ, જેકેટ માટે સારો આર્ટ પેપર-આ બધું 'શ્રદ્ધા'ને શોભે એવું કરવું છે. તમારા હૃદયના સહકારની જરૂર.

અહીંથી તમને વહેલું મોકલી શકાય એવી તરકીબ મને જડતી નથી. નહિતર તો તુરંત તમને મોકલી આપત.

●

નડિયાદ, તા. ૩-૯-૧૯૭૧

જત મોટા, જ્યારે કોઈને પ્રાર્થના કરવા કહે છે ત્યારે તે કહેવામાં તે પોતે સંપૂર્ણ ઑનેસ્ટ અને સિન્સીઅર છે તેનો પાકો પુરાવો તમને આપવા જ શ્રી વિષ્ણુભાઈ પરત્વેની પ્રાર્થના બરાબર કહેલા સમયે જે કરી હતી તે મારી પ્રત્યક્ષ તે પ્રાર્થના લખીને-તમે એવી પ્રાર્થનાના જીવતા સાક્ષી બની શકો અને તમને પણ ખાતરી થાય. મોટા જ્યારે પ્રાર્થના કરવાનું કહેતા હોય છે ત્યારે તે હકીકત સાચી હોય છે. તે પ્રાર્થનાની કડીઓ તમે શ્રી વિષ્ણુભાઈને આપી દીધી તે જાણ્યું છે. એવું જ ધર્મિષ્ઠાબહેનની હકીકતમાં તમને માત્ર મારામાં સાચો ટકોરાબંધ

વિશ્વાસ પ્રભુકૃપાથી જાગી શકે તો જાગી શકે, તેવા હેતુથી જ તે બહેનની હકીકત કહી હતી, પરંતુ માત્ર સાબિતી અને પુરાવા ગમે તેટલા પાકા અને સાચા હોય છતાં જો તેના પરત્વે ભક્તિ ન પ્રગટી હોય તો પેલા સાચા પુરાવા ગમે તેટલા સાચા હોય તોપણ પેલાને સંશય અને શંકા નિર્મૂળ જ થઈ જાય એવું નથી બનતું. એ તો પૂર્ણ ભક્તિ જાગે તો જ બની શકે.

'પ્રજ્ઞાનધન-જિજ્ઞાસા' એની જો મૈત્રી સાંપડે,
સમગ્ર જ્ઞાનનો કેવો ભંડાર પછી તો મળે.

અહીં 'પ્રજ્ઞાનધન' શબ્દ મેં મૂક્યો છે તે 'શબ્દ' મેં ક્યાંક વાંચ્યો છે ખરો, ક્યાં-તે અત્યારે યાદ નથી આવતો. જોકે વિદ્યાપીઠના શબ્દકોશમાં તે શબ્દ નથી. તો મારી તમને વિનંતી કે શ્રી ભટ્ટ સાહેબને (શ્રી અનુપરામ જી. ભટ્ટ) પૂછીને, અહીં આવો ત્યાર સુધીમાં જાણકારને પૂછીગાછીને-એ શબ્દ સંસ્કૃતમાં પણ છે કે કેમ તેની પાકી ખાતરી કરતા આવશોજી. તે શબ્દ મેં વાંચ્યો છે એની પાકી ખાતરી છે. માટે જ તમને લખ્યું છે.

અરુણાનું શરીર કેમ છે ? કૃપા કરી મોટાને યાદ કરી તે ટટ્ટાર થઈ જાય એટલી દક્ષિણા તે મને આપે.

●

સુરત, તા. ૨-૧૧-૧૯૭૧

જત તમે જે ચોપડી છપાવવાનું કર્યું, પરંતુ તેનું ખર્ચ સાડા ત્રણ હજાર જેટલું થઈ જાય. તમે દોઢેક હજાર ખર્ચો એટલું બશ થઈ જશે. બાકીની રકમ કોઈક ને કોઈક કનેથી મળી રહેશે. એ બધી રકમોનો ઉલ્લેખ નિવેદનમાં પણ કરીશું. તમે તો બધો જ ખર્ચ માથે ઉપાડી લેવાનું સહર્ષ સ્વીકારેલું હતું જ, પરંતુ મારે

થોડુંક તો વિચારવું ઘટેને ? હવે એને માટેના કાગળો સારા લેવાના. વિષ્ણુભાઈ સાથે પાકે પાયે વાત કરી લેજો. ફર્માના ૪૫ જેટલા થાય તેમ ગોઠવાય તો ઉત્તમ.

●

તા. ૪-૮-૧૯૭૨

આ સાથે 'કૃપા' વિશેનું થોડુંક લખાયેલું મોકલ્યું છે. હવે કૃપાનો ભાવ પ્રમાણે ક્રમાંક ગોઠવવામાં મશગૂલ થજો. તે બધું હૃદયમાં હૃદયથી સમજજો. અરુણાને પણ પાસે બેસાડજો. મારી એવી અરુણાને વિનંતી છે કે તે પણ કૃપા વિશે સમજે તો ઉત્તમ.

...ભાઈને જીવનમાં ઉત્સાહ, પ્રેરણા પ્રગટે તેવું લખ્યા કરજો. તમારી પાસે એવી કલમ છે જ. ભલે જીવનનો અનુભવ ના થયો હોય, પણ તેના આદર્શની તેજસ્વી છાયા તો છે જ. તો તેને તમારા કાગળમાં ઉતારશોજી.

●

નડિયાદ, તા. ૧૫-૧૨-૧૯૭૨

જત 'સદ્‌ગુરુ' ઉપરના લેખકના બે બોલ આજે ભાઈ સોમાભાઈ પાસે લખાવ્યા અને તે બધું લખાણ રજિસ્ટર્ડ બુક પોસ્ટથી મોકલી દીધું છે. જે મળ્યે તમે શ્રી ભટ્ટ સાહેબને, ઇંદુકુમારને પણ વંચાવશોજી. પ્રેસ મૅટર તૈયાર થયે લેખકના બે બોલ પણ શ્રી પ્રતાપભાઈને મોકલી આપશોજી. લેખકના બે બોલની નકલ મારી પાસે નથી, માટે સાચવશોજી. ધારો કે ગેરવલ્લે પડી જાય તો ફરીથી કંઈ હું લખવાનો નથી તે પણ ચોક્કસ.

તા. ૨૬-૧૨-૧૯૭૨ના રોજ સંત સાહેબને ત્યાં મળશો.

●

કુંભકોણમ્, તા. ૧૭-૮-૧૯૭૨

આજે આ આશ્રમમાં રહેવાનો છેલ્લો દિવસ. શ્રીભગવાનની અલબત્ત કૃપા છે કે આ આશ્રમ-જ્યાં 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ગીતા', 'કૃપા', 'કર્મઉપાસના' અને ભજનો લખાયે જાય છે.

કોઈને દિલમાં કર્મ પરત્વે ભાવ કેળવાય તેવા આંતરિક હેતુથી આ 'કર્મઉપાસના' લખાઈ છે. ત્રીજો ભાગ જૂની 'કર્મગાથા'માંથી છે. બાકીનું તો મોઢેથી બોલ્યા જ ગયેલો છું. 'કૃપા' ઉપર પણ એવું જ છે. શ્રી હસમુખભાઈના હસ્તાક્ષરમાં છે. તેવું ઉપાસનામાં. તમારે કર્મઉપાસના ભાવ-ક્રમબદ્ધ તૈયાર કરવાની છે. એ વધુ સારા અક્ષરે ઊતરાવવું પડશે. તે પછીથી તમારે એ બધું હરિને મોકલાવવું. સારી પેઠેનો શ્રમ, પરંતુ જો ચાહવાની ભાવના હોય તો તેમાંથી પાથેય જરૂર મળી રહેશે.

●

ટ્રિચિ, તા. ૧૮-૮-૧૯૭૨

કેટલીક હકીકત ગૂઢ હોય તે જ ઈષ્ટ. કેટલીક અનુભવ પ્રદેશની ગૂઢ-સૂક્ષ્મ હકીકત તદ્દન નગ્ન થવા નહિ દેવાનો હુકમ છે. તે વિશે એક ભજન 'જીવન તપ'માં છપાયું છે. તે હાથવગે હશે તો મોકલીશ.

સોનલ, હિરેન સમજ્યાં તેથી રાજી થયો. મારા ગુરુ મહારાજનો હુકમ છે, કે એવું લખવું કે અભણ માણસ પણ સમજી શકે. મારે કાવ્ય સાથે સંબંધ નથી.

'ઉત્તમ કૈં કૃપામાં હો, તો કૃપા-માનું સર્વ તે,
દોષ, દોષ બધો મારો, ફેંકી દેવો જ યોગ્ય તે.

કૃપા કરી એને (કૃપાને) મઠારવાની ધાંધલમાં ના પડવા પ્રાર્થના છે. અલબત્ત, છંદમાં દોષ હોય તો સુધારાય. જોડણીમાં દોષ હોય તો સુધારાય. કોઈક જોડણીનો નિષ્ણાત તપાસી લે તો ઘણું ઉત્તમ.

અરુણાશંકરને જો તે સમજાયું હોય તો ઘણો રાજી.

મારી નજર સમક્ષ તો સામાન્ય અભણ તદ્દન ગામડાનો માણસ છે. તે સમજી શકે તો રાજી. કૃપા કરી પ્રયોગ થાય તો ઉત્તમ.

શરીરને ઍસિડિટી થઈ છે. પેટમાં બળતરા બળે. તેમાં વળી ઍલર્જી થઈ એટલે વલૂરનો પાર ના મળે.

●

**॥ હરિઃૐ ॥**

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી;
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી;
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી....૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવન અંધારમાં;
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં;
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં;
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં;
રગરગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં;
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું;
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં....૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં;
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં....૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં;
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશા માંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ- સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો;
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવન-પટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા;
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથેસાથે હૃદય પ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે.પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો, ફળની આસક્તિ છોડો, પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો, તાટસ્થ્ય, સમતા અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

- **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

૧૩. આર્તપોકાર ૧૯૫૪
૧૪. અભ્યાસીને ૧૯૬૭
૧૫. જિજ્ઞાસા ૧૯૭૦
૧૬. ભાવ ૧૯૭૧
૧૭. જીવનઝલક ૧૯૭૧
૧૮. જીવનસૌરભ ૧૯૭૧
૧૯. જીવનઅનુભવગીત ૧૯૭૧
૨૦. જીવનસ્મરણ ૧૯૭૧
૨૧. શ્રદ્ધા ૧૯૭૧
૨૨. જીવનલહરી ૧૯૭૧
૨૩. જીવનતપ ૧૯૭૨
૨૪. જીવનરસાયણ ૧૯૭૨
૨૫. જીવનઆહ્‌લાદ ૧૯૭૨
૨૬. રાગદ્વેષ ૧૯૭૨
૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્‌ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवानकेअनुभवकास्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિ:ૐ ॥



કિંમત : રૂ. ૨૫/-